# *Awards Won by NIOS*

Several projects have been implemented by the NIOS to tap the potential of Information and Communication Technology (ICT) for promoting of Open and Distance Learning (ODL) system. The Ni-On project of NIOS won the National Award for e-governance and Department of Information and Technology, Govt. of India. In further recognition of its On-line initiatives and best ICT practices, the NIOS received the following awards:



## NIOS WINS National Award for e-Governance 2008-09

Silver icon for Excellence in Government Process Re-engineering, Instituted by Government of India Department of Administrative Reforms and Public Grievances & Department of Information Technology.

## NIOS receives NCPEDP MPHASIS Universal Design Awards 2012



National Institute of Open Schooling (NIOS) has been awarded THE NCPEDP - MPHASIS UNIVERSAL DESIGN AWARDS 2012 instituted by National Centre for Promotion of Employment for Disabled People. The award was given by **Sh. Mukul Wasnik, Hon'ble Minister for Social Justice and Empowerment, Govt. of India** on 14th August, 2012. NIOS has been selected for its remarkable work done for the learners with disabilities through ICT by making its web portal www.nios.ac.in completely accessible for such learners.

## The Manthan Award South Asia & Asia Pacific 2012




The Manthan Award South Asia & Asia Pacific 2012 to recognize the best ICT practices in e-Content and Creativity instituted by Digital Empowerment Foundation in partnership with World Summit Award, Department of Information Technology, Govt. of India, and various other stakeholders like civil society members, media and other similar organisations engaged in promoting digital content inclusiveness in the whole of South Asian & Asia Pacific nation states for development. The award was conferred during **9th Manthan Award Gala South Asia & Asia Pacific 2012 at India Habitat Centre on 1st Dec. 2012.**

# 17

## (ક) છપ્પા

**- અખો**

### 17-ક-1 પ્રાસ્તાવિક

આપણે જાણીએ છીએ કે કોઈ ને કોઈ કારણસર લોકો ઈશ્વરને પૂજે છે. કોઈ મંદિરમાં, કોઈ મસ્જિદમાં, કોઈ દેવળમાં, કોઈ પારસી અગિયારીમાં તો કોઈ ઘરમાં. દરેકની પૂજા કરવાની રીત પણ જુદી જોવા મળે છે. પોતાના ધર્મ પ્રમાણે એ રીત જુદી હોય એ માની શકાય,પરંતુ એક બાબત સર્વસામાન્ય છે કે એમાં સાચી શ્રદ્ધા, ભક્તિભાવ હોવાં જોઈએ. ભાવ વિનાનું બધુ નકામું એમ કહીએ ત્યારે એમાં ભક્તિ પણ આવી જાય છે. સાચી શ્રદ્ધા અને ભક્તિભાવ વિનાની ક્રિયાઓ, કર્મ અને પ્રવૃત્તિઓ કે આચરણો ધર્મને નામે ઢોંગ તરીકે ઓળખાય છે. એવી મહેનત નકામી છે કારણ કે સાચી શ્રદ્ધા અને ભાવના વિના ઈશ્વરનું જ્ઞાન સમજાતું નથી અને ઈશ્વરદર્શન પણ થતું નથી. આ વિષય પર અનેક કવિઓએ કટાક્ષ, વ્યંગ અને પ્રહાર કરતી કૃતિઓ લખી છે. આપણે એક એવું કાવ્ય જોઈએ.

### 17-ક-2 હેતુઓ

આ કાવ્ય વાંચી તમે આટલું કરી શકશો :

- કવિએ વર્ણવેલા દંભનાં આચરણ જણાવી શકશો.
- કવિએ આપેલા દંભનાં દૃષ્ટાંતો વર્ણવી શકશો.
- છપ્પામાં કવિએ કરેલો કટાક્ષ સમજાવી શકશો.
- છપ્પાને આધારે સમાજમાં વ્યાપેલી અંધશ્રદ્ધાનું વર્ણન કરી શકશો.
- ધર્મને નામે ચાલતી અર્થહીન પ્રવૃત્તિઓ તારવી શકશો.

### 17-ક-3 પ્રવૃત્તિ

સજીવાએ નજીવાને ઘડ્યો અને
સજીવો નજીવાને કહે છે કે
મને કાંક દે.

—અખો

આ કાવ્યપંક્તિઓ અને તેનો ભાવાર્થ સમજી આપેલા પ્રશ્નોના જવાબ આપો.

કવિ કહે છે કે સજીવ માણસ નિર્જીવ પથ્થરમાંથી મૂર્તિ ઘડે છે. અને પછી, જ્યારે એ મૂર્તિ પાસે 'મને કાંક દે' કરી જાતજાતની માગણી કરે છે ત્યારે એ ભૂલી જાય છે કે પથ્થરની મૂર્તિ કરતાં તે સજીવ છે. આવો વિચાર આવતાં જ આપણને મનમાં થાય છે કે આ તો એક જાતનો ઢોંગ (બાહ્યાચાર) છે.

(i) આ પ્રશ્નોના જવાબ આપો.

(ક) સજીવ કોણ અને નિર્જીવ કોણ ?

(ખ) મૂર્તિ પાસે માંગતા માણસને જોઈ કવિને મનમાં શો વિચાર આવે છે?

ધર્મને નામે ચાલતા આવા જ બાહ્યાચારનું વર્ણન કરતા અખાના છપ્પા આપણે વાંચીએ.

## 17-ક-4 મૂળ પાઠ

ત્રેપન - જીવનનાં ત્રેપન વર્ષ

પોહોતો - પહોંચ્યો
ચરણ - પગ, સુણી - સાંભળી
બ્રહ્મજ્ઞાન - ઈશ્વરનું જ્ઞાન
ઉતપાત - ખોટી ધાંધલ

સરંગટ વહુ - ઘૂમટો તાણેલી વહુ
બોખ - ડોલ
ફોક - નકામું

તિલક કરતાં ત્રેપન થયાં, જપમાળાનાં નાકાં ગયાં
તીરથ ફરી ફરી થાક્યા ચરણ, તોય ન પોહોતો હરિને શરણ
કથા સુણી સુણી ફૂટ્યા કાન, અખા તોય ન આવ્યું બ્રહ્મજ્ઞાન.

એક મૂરખને એવી ટેવ, પથ્થર એટલા પૂજે દેવ
પાણી દેખી કરે સ્નાન, તુલસી દેખી તોડે પાન
એ અખા બહુ ઉતપાત, ઘણા પરમેશ્વર એ ક્યાંની વાત ?

આંધળો સસરો ને સરંગટ વહુ, કથા સાંભળવા ચાલ્યુ સહુ
કહ્યું કાંઈ ને સમજ્યા કશું, આંખનું કાજળ ગાલે ઘસ્યું
ઊંડો કૂવો ને ફાટી બોખ, શીખ્યું, સાંભળ્યું સર્વે ફોક

## 17-ક-5 પ્રવૃત્તિ :

**નીચેની કાવ્યપંક્તિ વાંચી તેનો ભાવાર્થ સમજો.**

ઘંટના નાદે કાન ફૂટે મારા, ધૂપથી શ્વાસ રૂંધાય
ફૂલમાળા દૂર રાખ પૂજારી, અંગ મારું અભડાય
પૂજારી, પાછો જા.
- કૃષ્ણલાલ શ્રીધરાણી

આ કાવ્યપંક્તિમાં સાચી ભક્તિ અને શ્રદ્ધા વિનાના બાહ્યાચારોનું વર્ણન છે. તે ઈશ્વરને ગમતું નથી તેનો તિરસ્કાર બતાવ્યો છે અને તેવો માણસ પણ ઈશ્વરને ગમતો નથી તેમ બતાવવા માટે 'પૂજારી પાછો જા' એમ કહ્યું છે. કારણ કે તેમાં માત્ર દંભ છે.

એવા જ ભાવને વર્ણવતા કેટલાક છપ્પા આપણે વાંચીએ.

## 17-ક-6 સમજૂતી :

આ કાવ્યકૃતિના અંશોને હવે આપણે ક્રમે ક્રમે સમજીએ.

## 17-ક-6 એકમ - 1

તિલક કરતાં ત્રેપન થયાં
જપમાળાનાં નાકાં ગયાં
તીરથ ફરી ફરી થાક્યા ચરણ
તોય ન પોહોતો હરિને શરણ
કથા સુણી સુણી ફૂટ્યા કાન
તોય ન આવ્યું બ્રહ્મજ્ઞાન

આ છપ્પામાં અખાએ શ્રદ્ધા અને ભક્તિના નામે ઘેર ઘેર જોવા મળતાં દંભ, બાહ્યાચાર (આચરણો) ની વાત કરી છે. કવિ કહે છે કે તિલક કરવું, માળા ફેરવવી, તીર્થયાત્રા કરવી, કથા સાંભળવી એ બધા ધર્મના આચારો છે, પણ તેમાં સાચા હૃદયની ભક્તિ ભળે તો જ તે સાર્થક છે. એ વિના એવાં આચરણો માત્ર દંભ લાગે છે. તિલક કરતાં ત્રેપન વર્ષ પૂરાં થઈ જાય, માળા ફેરવતાં મણકાનાં નાકાં ઘસાઈ જાય, તીર્થ કરી કરીને પગ થાકી જાય અને કથા સાંભળી સાંભળીને કાન ફૂટી જાય તોપણ ઈશ્વરનું શરણું કે હરિદર્શન કે ઈશ્વરનું જ્ઞાન મળે નહીં કારણ કે સાચી શ્રદ્ધા અને ભક્તિભાવ વિનાના એ બધા ધર્મને નામે ચાલતા દંભના આચરણો છે.

## ટિપ્પણ

આ પંક્તિઓમાં નીચેની વિગતો વિશેષ મહત્ત્વની છે.

(1) ગુસ્સો અને અર્થની વેધકતા માટે કવિ દંભની પ્રવૃત્તિમાં અતિશયોક્તિ કરી જણાવે છે. દા.ત.,તીરથ ફરીફરી થાક્યા ચરણ, જપમાળાનાં નાકાં ગયાં. કથા સાંભળીને કાન ફૂટી જવા.

(2) ક્રિયાને બે વખત સૂચવી ક્રિયાપદમાંથી સતત ચાલતી પ્રવૃત્તિનો અર્થ આપે છે. દા.ત., કથા સુણી સુણી ફૂટ્યા કાન .

### પાઠ્ય પ્રશ્નો - 17-ક-1

(i) આ પ્રશ્નોના જવાબ આપો.

ક. કવિએ કયાં કયાં દાંભિક આચરણો ગણાવ્યાં છે ?

ખ. શું ના હોય તો આચરણ દંભ બને છે ?

ગ. કથા સાંભળવા છતાં કયો હેતુ સિદ્ધ થતો નથી ?

## 17-ક-6 એકમ - 2

એક મૂરખને એવી ટેવ,
પથ્થર એટલા પૂજે દેવ
પાણી દેખી કરે સ્નાન
તુલસી દેખી તોડે પાન
એ અખા બહુ ઉતપાત
ઘણા પરમેશ્વર એ ક્યાંની વાત

આ છપ્પામાં અખાએ ધર્મના નામે ચાલતા ઢોંગ અને અંધશ્રદ્ધાનાં જુદાં જુદાં દૃષ્ટાંત આપ્યાં છે. કેટલાક લોકો ભગવાન માનીને દરેક પથ્થરને પૂજે છે. દરેક નદી-નાળે સ્નાન કરી શુદ્ધ થયા હોવાનો ખોટો સંતોષ અનુભવે છે. કેટલાક લોકો તુલસીનું પાન તોડી તેનો મહિમા બતાવે છે. આ ત્રણેય દૃષ્ટાંતોમાંથી ખરેખર તો માણસની અંધશ્રદ્ધા અને મૂર્ખતા જ પ્રગટ થાય છે. સાચી ભક્તિ અને શ્રદ્ધા વિનાના આવા પ્રયત્નો વ્યર્થ છે. એમાંથી કોઈ પણ હેતુ સિદ્ધ થતો નથી માટે તેવી ખોટી ધાંધલને કવિ 'બહુ ઉતપાત' કહે છે. તુલસીમાં ભગવાન, પથ્થરમાં ભગવાન, નદી-નાળે સ્નાન કરીને ભગવાન મેળવવાના પ્રયત્નો માણસના ખોટાં વલખાં છે. પરમેશ્વર તો એકજ છે અને તે સર્વત્ર છે પછી આ જુદાં જુદાં વ્યર્થ વલખાં શા માટે ? તેથી જ કવિને આશ્ચર્ય થાય છે કે 'ઘણા પરમેશ્વર એ ક્યાંની વાત ?' એમ કહી કવિ લોકોની ઘણા પરમેશ્વરની માન્યતા ખોટી ઠેરવે છે.

### ટિપ્પણ :

ઉપરની પંક્તિઓમાં કવિ પોતાના વિચારને અસરકારક રીતે કહેવા માટે કટાક્ષ કરે છે. પરંતુ કવિની વિશેષતા એ છે કે પોતાની વાત અસરકારક બનાવવા માટે તે ધીમે ધીમે વિગતો ઉમેરે છે તેથી કટાક્ષ વેધક બને છે. જુદાં જુદાં દૃષ્ટાંતો આપીને કવિ કટાક્ષને અસરકારક રીતે રજૂ કરે છે.

## પાઠ્ય પ્રશ્નો - 17-ક-2

(i) આ પ્રશ્નોના જવાબ આપો.

ક. મૂરખને કઈ કઈ ટેવ છે ?

ખ. કવિ કોને ઉત્પાત કહે છે ? કેમ ?

ગ. કવિએ અંધશ્રદ્ધાના કેટલાં દૃષ્ટાંતો આપ્યાં છે ? કયાં ? કયાં ?

(ii) 'ક' અને 'ખ' વિભાગમાંથી છપ્પાને આધારે યોગ્ય જોડકાં જોડો.

| ક | | ખ |
|---|---|---|
| 1. તુલસી દેખી | ☐ | 1. પૂજે દેવ |
| 2. પથ્થર એટલા | ☐ | 2. કરે સ્નાન |
| 3. પાણી દેખી | ☐ | 3. તોડે પાન |

## 17 - ક - એકમ - 3

આંધળો સસરો ને સરંગટ વહુ,
કથા સાંભળવા ચાલ્યું સહુ
કહ્યું કાંઈ ને સમજ્યા કશું.
આંખનું કાજળ ગાલે ઘસ્યું

આ છપ્પામાં અખો કહે છે કે સાચી સમજણ વિનાની ભક્તિકથા સાંભળવાની ઘેલછા નકામી છે. દેખાદેખી કથા સાંભળવા જવું એ આંધળું અનુકરણ છે. એનું કશું ફળ મળતું નથી. એ સમજાવવા માટે કવિ આંધળો સસરો ને સરંગટ વહુનું દૃષ્ટાંત આપે છે. કવિ કહે છે કે સસરો તો આંધળો છે પણ વહુ ઘૂમટો તાણેલી હોવાથી છતી આંખે આંધળી છે. એવાં બે સસરો-વહુ, દેખાદેખીથી કથા સાંભળવા જાય અને કથામાં આવતી વિગતને સાચા અર્થમાં સમજે નહીં અને તેવી જો ગેરસમજ ઊભી કરે તો આંખનું કાજળ ગાલે ઘસવાથી જેવી હાસ્યાસ્પદ સ્થિતિ થાય તેવી સ્થિતિ કથા સમજ્યા વગર તેના ખોટા અર્થઘટનથી થાય. છેલ્લી પંક્તિમાં કવિ વિશેષ ધ્યાન દોરે છે કે કૂવો ઊંડો હોય, ડોલ તળિયેથી કાણાવાળી કે ફાટેલી હોય તો, પાણી ભરેલી ડોલ ઉપર આવતાં સુધીમાં પાછી ખાલી જ થઈ જાય. ડોલ ઉપર આવે ત્યારે કૂવાનું પાણી પાછું કૂવામાં જ પડી ગયું હોય. જેમ પાણી પીનાર સુધી પહોંચે નહીં અને બધી મહેનત નકામી જાય તેમ સાચી સમજણ વગર કથાકારે કરેલી વાત કે આપેલું જ્ઞાન સાંભળનારના સુધી પહોંચે નહીં. કથામાં જઈ સાંભળેલું નકામું જાય. અને કથાકારે શીખવાડ્યું હોય તે પણ નકામું જાય માટે કવિ કહે છે કે 'શીખ્યું સાંભળ્યું સર્વે ફોક' આ જ રીતે સાચી સમજણ વિનાની, દેખાદેખીથી કરેલી ... ભક્તિઓ નકામી છે.

**ટિપ્પણ :**

આ પંક્તિઓમાં ... વિશેષતાઓ ... કવિ ધ્યાન દોરે છે.

(1) રૂઢપ્રયોગો - ... કવિ કહે છે કે 'આંખનું કાજળ ગાલે ઘસ્યું'

(2) એ જ પ્રમાણે 'શીખ્યું સાંભળ્યું સર્વે ફોક' લોકોક્તિ છે તેનો અર્થ બધી જ મહેનત નકામી જાય તેવો ભાવ છે.

(3) પંક્તિને અંતે આવતા સરખા ઉચ્ચારવાળા શબ્દોથી કાવ્યમાં પ્રાસ રચાય છે. આ પંક્તિઓ વાંચો.

''આંધળો સસરો ને સરંગટ વહુ, કથા સાંભળવા ચાલ્યું સહુ

કહ્યું કાંઈને સમજ્યા કશું, આંખનું કાજળ ગાલે ઘસ્યું.''

## પાઠ્ય પ્રશ્નો - 17-ક-3

(i) યોગ્ય વિકલ્પ શોધી કારણની પૂર્તિ કરો.

(ક) અખો કહે છે તીરથ કરવા છતાં હરિનું શરણ મળતું નથી. કારણ કે

________________________________

- લોકો ખોટી દિશામાં તીર્થ કરવા જાય છે.
- તીર્થ કરતાં કરતાં લોકો થાકી જાય છે.
- સાચા ભક્તિભાવને બદલે લોકો દેખાદેખી તીર્થયાત્રા કરવા જાય છે.

(ખ) અખો કહે છે કે 'તોય ન આવ્યું બ્રહ્મજ્ઞાન' કારણ કે

________________________________

- કથાકાર બરાબર કથા કહેતા નહોતા.
- કાન ફૂટી જવાથી કશું સંભળાતું નહોતું.
- સાચી સમજણ વગર, દેખાદેખી કથા સાંભળવા જતા હતા.

(ગ) મૂરખની જુદી જુદી ટેવોને અખો ઉતપાત કહે છે. કારણ કે

________________________________

- એ યાંત્રિક રીતે વર્તે છે.
- એ એનો રોજનો ક્રમ છે.
- એમ કરવાથી ઈશ્વર મળતા નથી.

(ઘ) અખો કહે છે 'શીખ્યું, સાંભળ્યું સર્વે ફોક' કારણ કે

________________________________

- એ માહિતી ખોટી હતી.
- એ જ્ઞાનની જરૂર નથી.
- સમજ્યા વગર શરૂ કરેલી પ્રવૃત્તિ નકામી છે.

(ii) આપેલા ઉદાહરણને સમજી સરખા ઉચ્ચારવાળા શબ્દોની 'ક' અને 'ખ' વિભાગોમાંથી યોગ્ય જોડ બતાવો.

| ક | | | ખ |
|---|---|---|---|
| 1. | ટેવ | | 1. સહુ |
| 2. | કાન | | 2. શરણ |
| 3. | ચરણ | | 3. સ્નાન |
| 4. | પાન | | 4. દેવ |
| 5. | વહુ | | 5. જ્ઞાન |

## 17-ક-7 કાવ્યનો ભાવાર્થ

ધર્મના નામે સમાજમાં જોવા મળતા જુદા જુદા દંભ અને આચરણોનું વેધક વર્ણન અખાએ અહીં ત્રણ છપ્પામાં કર્યું છે. એ છપ્પા વાંચતા કવિનો ગુસ્સો અને લોકોને કરેલા પ્રહારો તેમ જ સચોટ રીતે કહી દેવાની રીત છપ્પાની વિશેષતા છે.

પહેલા છપ્પામાં કવિ શ્રદ્ધા અને ભક્તિ વિનાના, ધર્મના નામે, ઘેરઘેર જોવા મળતાં દંભ અને બાહ્યાચારોમાંથી કેટલીક ખાસ નજરે ચડી જાય તેવી પ્રવૃત્તિઓ ગણાવી છે. કવિ કહે છે તિલક કરતાં કરતાં ત્રેપન વર્ષ ગયાં, માળા કરતાં કરતાં મણકાનાં નાકાં ઘસાઈ ગયાં. શ્રદ્ધા અને ભક્તિ વિનાની દેખાદેખી ઘણી જાત્રા કરી થાક્યા. કથા સાંભળી સાંભળી કાન ફૂટ્યા પણ તેમાંથી ઈશ્વરજ્ઞાન કે ઈશ્વરદર્શન થયાં નહીં માટે બધું નકામું ગણાય.

બીજા છપ્પામાં એક મૂરખનું દૃષ્ટાંત આપી તેની જુદી જુદી ઘેલછાભરી પ્રવૃત્તિઓ હસવાપાત્ર છે એમ સાબિત કરે છે. પથ્થર જોઈ પૂજા કરવી, પાણી જોઈ પવિત્ર થવા માટે સ્નાન કરતા ફરવું, તુલસીનાં પાન તોડવાં, એ સર્વ બાહ્યાચારો છે. એવી ટેવ મૂર્ખાઈ બતાવે છે. ઈશ્વર માટેનો એ સાચો ઉપાય નથી.

ત્રીજા છપ્પામાં કવિ આંધળો સસરો અને સરંગટ વહુ તેમજ ઊંડો કૂવો અને ફાટી બોખ - એમ બે દૃષ્ટાંત આપે છે. પહેલા દૃષ્ટાંત પરથી દેખાદેખી આદરેલી પ્રવૃત્તિમાં પોતાની સાચી સમજ ના હોય તો ગેરસમજો વધવાથી હસવા જેવી સ્થિતિ સર્જાય છે. એમ સમજાવવા કવિ આંખનું કાજળ ગાલે ઘસ્યું કહે છે. ઊંડો કૂવો અને ફાટી બોખ ના દૃષ્ટાંત પરથી કવિ સમજાવે છે કે સમજ વિનાની પ્રવૃત્તિનું પરિણામ શૂન્ય આવે છે. એ વાત સમજાવવા માટે કવિ કહે છે શીખ્યું, સાંભળ્યું સર્વે ફોક.

## 17-ક-8 કલાસ્વરૂપ

**(ક) કાવ્યપ્રકાર :** છપ્પા એટલે ષટ્પદી કાવ્યરચના. મધ્યકાળમાં તે છપ્પા નામે ઓળખાઈ. છપ્પામાં ચોપાઈ છંદ હોય છે. એટલે એમ પણ કહી શકાય કે છ ચરણવાળી ચોપાઈ એટલે છપ્પો. પાઈ નો એક અર્થ થાય છે પાય, પગ, ચરણ,

પંક્તિ - કોઈ એક ભાવ કે વિચારની સાદી છતાં સચોટ ભાષામાં અસરકારક રજૂઆત પણ છપ્પામાં મળે છે. ઘરગથ્થુ દૃષ્ટાંતો દ્વારા, સરળ, બોલચાલની ભાષામાં ભાવ કે વિચારને રજૂ કરવાનું કૌશલ છપ્પામાં છે. અખાના છપ્પા ગુજરાતી સાહિત્યમાં પ્રસિદ્ધ છે.

**(ખ) ભાષાશૈલી :** ભાવ કે વિચારને વેધક રીતે રજૂ કરી દેતી છપ્પા ટૂંકી કાવ્યરચના છે. ભાવ અને અર્થની સચોટ રજૂઆત માટે કવિ જુદી જુદી રીત અજમાવે છે. ક્યારેક વેધકતા માટે અતિશયોક્તિને ઉપયોગમાં લે છે તો ક્યારેક લોકોક્તિ, કહેવતો, રૂઢિપ્રયોગો પાસેથી પણ અસરકારક રજૂઆતનો હેતુ સિદ્ધ કરે છે. તિલક કરતાં... કહી કવિ અતિશયોક્તિથી ગુસ્સા સાથે ટકોર કરે છે. એક મૂરખની જુદી જુદી ટેવો ગણાવી તે નિમિત્તે કવિ અસરકારકતા માટે વિગતોને ધીમે ધીમે ઉમેરતા જાય છે. તેથી કટાક્ષ ઘેરો બને છે. સરખા ઉચ્ચારોથી સધાતો પ્રાસ છપ્પાની શૈલીનું નોંધપાત્ર અંગ છે. પોતાની વાત અસરકારક રીતે કહેવા માટે કવિ કટાક્ષ, મર્મ, પ્રહાર, દૃષ્ટાંત, અલંકાર ઉપયોગમાં લે છે.

**પાઠ્ય પ્રશ્નો - 17-ક-4**

આ પ્રશ્નોના જવાબ આપો :

ક. છપ્પાની ટૂંકમાં ઓળખ આપો.

ખ. કોના છપ્પા ગુજરાતીમાં પ્રસિદ્ધ છે ?

ગ. અસરકારકતા અને વેધક રીતે રજૂઆત માટે કવિ શું ઉપયોગમાં લે છે ?

## 17-ક-9 તમે શું શીખ્યા

1. ધર્મને નામે ચાલતાં, કવિએ ગણાવેલાં ખોટાં આચરણો
2. અખાએ આપેલાં અંધશ્રદ્ધાનાં વિવિધ દૃષ્ટાંતો
3. સમાજ અને ધર્મ માટે ચાલતી અર્થહીન પ્રવૃત્તિઓ
4. સમાજમાં આવા કલંકો માટે કરેલા કટાક્ષમાં કવિએ બતાવેલો તિરસ્કાર
5. અનુભવ અને સમાજદર્શનમાંથી કવિની રજૂઆતમાં જોવા મળતી નક્કર સચોટતા અને સચ્ચાઈનો રણકો

## 17-ક-10 વિશેષ પ્રવૃત્તિ

**(ક) કવિ પરિચય :** સત્તરમા શતકમાં થઈ ગયેલો અખો સોનીનો વ્યવસાય કરતો હતો. પરંતુ તેને સંસારમાં ઘણા કડવા અનુભવ થયા હતા. તેથી તેના મનમાં સંસાર

પ્રત્યે વૈરાગ્ય જાગ્યો હતો. તેથી તેણે સંસારનો ત્યાગ કરી સાચા જ્ઞાનની શોધ શરૂ કરી. ધર્મસ્થાનોમાં તેણે દંભ અને પાખંડ જોયાં. સમાજમાં પણ તેણે એવી જ અંધશ્રદ્ધા અને ભક્તિને નામે દેખાદેખી ચાલતા ખોટા આચરણોમાં ડોળ જોયા. તેથી તેણે રોજબરોજના જીવનવ્યવહારનાં જ દૃષ્ટાંતો લઈ ચાબખો વાગે અને ચમચમે એવી તીખી ભાષામાં વેધક કટાક્ષ કરતા છપ્પા લખ્યા. તેના સાહિત્યસર્જનમાં પંચીકરણ, ગુરુશિષ્ય સંવાદ, ચિત્ત-વિચાર સંવાદ, અનુભવ બિન્દુ અને અખેગીતા મુખ્ય કૃતિઓ છે પરંતુ અખો પ્રસિદ્ધ છે એના છપ્પાથી.

**(ખ) પૂરક વાચન/લેખન**

ક. અંધશ્રદ્ધા અને ધાર્મિક દંભ વિશેના અખાના બીજા છપ્પા મેળવીને વાંચો.

ખ. અખાના છપ્પામાંથી કહેવતો, લોકોક્તિ અને પ્રસિદ્ધ રૂઢિપ્રયોગો તારવો.

ગ. અખાએ આપેલાં દૃષ્ટાંતો તારવો.

## 17-ક-11 અંતિમ સ્વાધ્યાય

(i) આ પ્રશ્નોના જવાબ આપો.

ક. છપ્પામાં અખાએ કુલ કેટલાં દૃષ્ટાંતો આપ્યાં છે ? કયાં ? કયાં ?

ખ. આંધળો સસરો અને સરંગટવહુનું દૃષ્ટાંત શું સૂચવે છે ?

ગ. ઊંડો કૂવો ને ફાટી બોખનું દૃષ્ટાંત સમજાવો.

ઘ. સસરો અને વહુ કઈ રીતે સરખાં છે ?

(ii) એક વાક્યમાં જવાબ આપો.

ક. સમજ્યા વગરની કથાથી શું ફોક થાય છે ?

ખ. મૂરખ પાણી દેખીને શું કરે છે ?

ગ. કોણ કોણ કથા સાંભળવા જાય છે ?

## પાઠ્ય પ્રશ્નોના જવાબો

### પાઠ્ય પ્રશ્નો - 1

(i) આ પ્રશ્નોના જવાબ આપો.

(ક) ત્રેપન વર્ષ સુધી તિલક કરવું, જપમાળાનાં નાકાં ઘસાઈ જાય ત્યાં સુધી માળા કરવી, થાકી જવાય તેટલાં દેખાદેખી તીરથ કરવાં, જેવાં ત્રણ દાંભિક આચરણો અખાએ ગણાવ્યાં છે.

(ખ) સાચી સમજણ અને ભક્તિભાવ તેમ જ શ્રદ્ધા ન હોય તો દંભી આચરણ બને છે.

(ગ) કથા સાંભળવા છતાં બ્રહ્મજ્ઞાનની પ્રાપ્તિનો હેતુ સિદ્ધ થતો નથી. કારણ કે એમાં આંધળું અનુકરણ હોય છે.

## પાઠગત પ્રશ્નો - 2

(i) આ પ્રશ્નોના જવાબ આપો.

(ક) જેટલા પથ્થર મળે એ બધાની દેવ તરીકે પૂજા કરવી, તુલસી જોઈને પાન તોડવાં અને પાણી જોઈને સ્નાન કરવાની ટેવ મૂરખને છે.

(ખ) સાચી સમજ, શ્રદ્ધા અને ભક્તિભાવ, નિષ્ઠા વિનાની દરેક ક્રિયા અને પ્રવૃત્તિને અખો ઉત્પાત કહે છે. કારણ કે એથી હેતુ સિધ્ધ થતો નથી.

(ગ) કવિ અંધશ્રદ્ધાનાં ત્રણ દૃષ્ટાંતો આપે છે. દરેક પથ્થરની દેવ માની પૂજા કરવી, તુલસી જોઈને પાન તોડવું અને નદી જોઈને સ્નાન કરવું

(ii) જોડકાં જોડો :

| ક | ખ |
|---|---|
| તુલસી દેખી | તોડે પાન |
| પથ્થર એટલા | પૂજે દેવ |
| પાણી દેખી | કરે સ્નાન |

## પાઠ્ય પ્રશ્નો - 3

(i) સાચા વિકલ્પ શોધી કારણની પૂર્તિ કરો.

(ક) અખો કહે છે કે તીરથ કરવા છતાં હરિનું શરણ મળતું નથી કારણ કે સાચો ભક્તિભાવ અને શ્રદ્ધાને બદલે લોકો દેખાદેખી તીર્થયાત્રા કરે છે.

(ખ) અખો કહે છે કે તોય ન આવ્યું બ્રહ્મજ્ઞાન કારણ કે સાચી સમજણ વિના દેખાદેખી આંધળું અનુકરણ કરી કથા સાંભળવા જતા હતા.

(ગ) અખો કહે છે શીખ્યું, સાંભળ્યું સર્વે ફોક કારણ કે સમજ્યા વગર શરૂ કરેલી પ્રવૃત્તિ નકામી બને છે.

(ii) સરખા ઉચ્ચારવાળા શબ્દોની જોડ બનાવો.

| ક | | ખ |
|---|---|---|
| ટેવ | 1 - 4 | દેવ |
| કાન | 2 - 5 | જ્ઞાન |
| ચરણ | 3 - 2 | શરણ |
| પાન | 4 - 3 | સ્નાન |
| વહુ | 5 - 1 | સહુ |

## પાઠ્ય પ્રશ્નો - 4

(i) આ પ્રશ્નોના જવાબ આપો.

(ક) છ પંક્તિવાળી ચોપાઈ છંદમાં લખાયેલી રચના છપ્પા કહેવાય.

(ખ) અખાના છપ્પા ગુજરાતી કવિતામાં પ્રસિદ્ધ છે.

(ગ) છપ્પામાં અસરકારક વેધક રજૂઆત માટે કવિ કટાક્ષ, મર્મ, દૃષ્ટાંત, પ્રહાર, અતિશયોક્તિ, રૂઢિપ્રયોગ, લોકોક્તિ, કહેવત ઉપયોગમાં લે છે.

# 17
# (ખ) મુક્તક

## 17-ખ-1 પ્રાસ્તાવિક

તમે અત્યાર સુધી જુદાં જુદાં નવેક કાવ્યો શીખ્યાં. એમાં તમને કાવ્યે કાવ્યે જુદી જ ભાષાનો અનુભવ થયો હશે. દરેક કવિની વાત જુદી અને કહેવાની રીત પણ જુદી. કાપડ જેમ તેના પોતથી જુદું પડે તેમ કાવ્ય તેની ભાષાના પોતથી જુદું પડે છે. અહીં આપેલાં બધાં કાવ્યો ગુજરાતી ભાષામાં જ હોવાં છતાં, ભાષાના પોતથી દરેક કાવ્ય એકબીજાથી જુદું પડે છે. વાચકને કે સાંભળનારને તેનો અર્થ તરત સમજાય તેવી સીધી, સાદી, સરળ ભાષામાં લખાયેલાં કાવ્યો આપમેળે યાદ રહી જાય છે. તેથી જ તે લોકપ્રિય પણ બને છે. વ્યવહારની રોજે રોજની ભાષામાં આવતા રૂઢિપ્રયોગો, કહેવતો, લોકોક્તિઓ, વાતચીત કે બોલચાલની ભાષાના પ્રયોગોવાળાં કાવ્યો પ્રમાણમાં ટૂંકાં હોય છે. એવાં કેટલાંક ટૂંકાં કાવ્યો તરીકે આપણે છપ્પા, મુક્તક અને હાઈકુ વાંચીશું. અહીં આપણે મુક્તક જોઈશું.

## 17-ખ-2 હેતુઓ

આ મુક્તકો વાંચી તમે આટલું કરી શકશો.

- મુક્તકના ભાવનું વર્ણન કરી શકશો.
- કવિએ કરેલો કટાક્ષ સમજાવી શકશો.
- ફકીરના સ્વભાવનું વર્ણન કરી શકશો.
- મુક્તકમાં આપેલાં દૃષ્ટાંત સમજાવી શકશો.
- કવિએ આપેલો સંદેશ લખી શકશો.
- મુક્તકનાં દૃશ્યનું વર્ણન કરી શકશો.

## 17-ખ-3 પ્રવૃત્તિ





અહીં આપેલાં બન્ને ચિત્રોને સમજી આ પ્રશ્નોનાં જવાબ આપો.

ક. શું પરોવેલી માળા છે ?

ખ. બીજા ચિત્રમાં તમે કેવાં મોતી જુઓ છો ?

ગ. બન્ને ચિત્રમાં તમને શું કીમતી લાગે છે ?

હવે તમે કહી શકશો કે છૂટાં મોતી પણ કીમતી હોય છે અને છૂટાં, સ્વતંત્ર મોતીની માળા પણ બની શકે છે. મોતી પાણીદાર હોય છે એ જ એની કીમત સૂચવે છે. પાણીદાર મોતી કીમતી ગણાય છે. અર્થની દૃષ્ટિએ પાણીદાર કહી શકાય તેવું દરેક મુક્તક સ્વતંત્ર હોય છે. એમાંથી જાણવા મળતો ઊંડો અર્થ તેનો પરિચય આપે છે કે તે કીમતી અને પાણીદાર મુક્તક છે. અહીં આપેલાં એવાં ત્રણ મુક્તકો આપણે વાંચીએ.

## 17-ખ-4 મૂળ પાઠ

નીચેનાં મુક્તક બે-ત્રણ વાર મોટેથી વાંચો.

(1) તન તરકટ તન તીર છે
મન મરકટ મન મીર
તન-મનને ફેંકી ફરે
તેનું નામ ફકીર

- મકરંદ દવે

તન-શરીર
મરકટ-માંકડું
મીર-સમદ્ર

(2) આ આટલાં ફૂલો નીચે
ને આટલો લાંબો સમય
ગાંધી કદી સૂતો ન'તો.

- હસમુખ પાઠક

આટલાં - આટલાં બધાં

ઈમારત - મોટું મકાન
બેફામ - કવિનું ઉપનામ

(3) સફળતા જિંદગીની
હસ્તરેખામાં નથી હોતી
ચણાયેલી ઈમારત
એના નકશામાં નથી હોતી

'બેફામ' - બરકત વીરાણી

## 17-ખ-5 પ્રવૃત્તિ

આ મુક્તક વાંચી તેનો ભાવાર્થ સમજો.

હૈયે વડવાનલ જલે, તો યે સાગર ગાય
હસી જાણે જગ ઝેર પી, સંતન તે કહેવાય.

- સ્નેહરશ્મિ

આ પંક્તિઓમાં સંતના સ્વભાવનું એક ઉત્તમ લક્ષણ ખૂબ જ ઓછા શબ્દોમાં જણાવ્યું છે. મુક્તકની આ એક વિશેષતા છે કે ભાવ કે વિચાર સચોટ પણે ઓછા શબ્દોમાં અસરકારક રીતે કહી દે છે.

એવાં ત્રણેક મુક્તકો આપણે હવે વાંચીએ.

## 17-ખ-6 સમજૂતી :

આ કાવ્યકૃતિના અંશોને હવે ક્રમે ક્રમે સમજીએ.

## 17-ખ-6- એકમ - 1

તન તરકટ તન તીર છે.
મન મરકટ મન મીર
તન-મનને ફેંકી ફરે
તેનું નામ ફકીર

આ મુક્તકમાં કવિ શરીર અને મનના સ્વભાવનું લક્ષણ જણાવે છે. બન્નેની ગતિ સતત બદલાતી રહે છે. જાત-જાતના તરકટ કરનારું તન ક્યારેક તીરની માફક વર્તે છે. તન કરતાં મન વધારે ફરતું રહે છે. માટે તેને ચંચળ કહ્યું છે. મરકટ એટલે માંકડું ક્ષણવાર સ્થિર ના હોય. માટે એક માંકડાની ચંચળતા સાથે મનની ગતિ અને સ્થિતિ તેમજ ચંચળતાને સરખાવી છે. ક્યારેક મન માંકડાની માફક વર્તે છે, તો ક્યારેક મીરની જેમ સમૃદ્ધ અને ધીરગંભીર બની જાય છે. એને અનુસરનાર માણસ માટે કવિ કહે છે કે તન અને મન, બેમાંથી એક્કેયને વશ થવા જેવું નથી, તન-મનથી અજાણપણે પણ બંધાઈ ના જવાય. બન્નેને વશમાં રાખી જે જીવી જાણે, તન-મન ગૌણ ગણે તે માણસ ફકીર જેવો છે. કવિ એ માટે જણાવે છે કે તન-મનને ફેંકી ફરે તેનું નામ ફકીર. એક એવો અર્થ પણ લઈ શકાય કે આમ કહીને કવિએ ફકીરના સ્વભાવનું લક્ષણ આપ્યું છે. સામાન્ય માણસ તન-મનના મરકટવેડાથી બંધાઈ જાય પણ તન-મનને ફેંકીને ફરનાર ફકીર તેને વશ થતો નથી.

**ટિપ્પણ :**

અહીં બે કાવ્યતત્ત્વો વિશે ધ્યાન ખેંચાય છે.

1. કાવ્યમાં ભાવ માટે પ્રાસ મહત્ત્વનું અંગ છે. અહીં કવિ સરખા ઉચ્ચારવાળા શબ્દો પસંદ કરી પ્રાસ ગૂંથે છે. એ શબ્દોમાં તીર, મીર, શરીર, ફકીરથી પ્રાસ ગૂંથાય છે.
2. ખૂબ જ ટૂંકમાં સાચા સાધુની ઓળખ આપે છે કે 'તન-મનને ફેંકી ફરે, તેનું નામ ફકીર'.

**પાઠ્ય પ્રશ્નો - 17-ખ-1**

(i) આ પ્રશ્નોના જવાબ આપો.

ક. કવિ તન (શરીર) માટે શું કહે છે ?

ખ. મન માટે કવિ શું કહે છે ?

ગ. ફકીર કેવો હોય છે ?

(ii) ખાલી જગ્યામાં યોગ્ય શબ્દ મૂકો.

ક. મન ........... છે. (તરકટ, મરકટ)

ખ. તન ........... છે. (તીર, મીર)

ગ. ફકીર ........... ને ફેંકીને ફરે છે (તન, મન, માયા)

(iii) સરખા ઉચ્ચારવાળા શબ્દોની જોડ બનાવો.

| ક | | | ખ |
|---|---|---|---|
| 1. તરકટ | [ ] | | 1. મીર |
| 2. તીર | [ ] | | 2. મન |
| 3. તન | [ ] | | 3. મરકટ |

## 17-ખ-6 એકમ - 2

દિલ્હીમાં ગાંધીજીની સમાધિ છે. એ રાજઘાટ તરીકે ઓળખાય છે. કવિ રાજઘાટની મુલાકાત લે છે. ત્યાં તે જુએ છે કે ગાંધીજીની સમાધિ અઢળક ફૂલોથી ઢંકાયેલી છે અને એ ફૂલોની નીચે ગાંધીજી જાણે કે નિરાંતે સૂતા છે. આ દૃશ્ય ઘણા લાંબા સમયથી આવું જ છે. માટે કવિને નવાઈ લાગે છે. ખરેખર કોઈ દિવસ ગાંધી આટલો લાંબો સમય ક્યારેય આવું નિરાંતે સૂતા નથી અને આટલાં બધાં ફૂલો નીચે તો નથી જ સૂતા. ગાંધીજી જીવતા હતા ત્યારે અનેક પ્રશ્નોનો અજંપો તેમના મનમાં હતો. ઊઘાડે પગે ચાલનાર ગાંધીને આટલાં ફૂલો અને આટલી નિરાંતે

આ આટલાં ફૂલો નીચે
ને આટલો લાંબો સમય
ગાંધી કદી સૂતો ન'તો

ઊંઘ ક્યારેય મળી નહોતી. ભારતવાસીઓની ચિંતામાં એમની ઊંઘ તો હરામ થઈ ગઈ હતી. એ ગાંધી આટલાં ફૂલો નીચે આટલા લાંબા સમયથી સૂતા છે ? કવિને ત્રણ બાબતનું વિસ્મય થાય છે. આટલાં ફૂલો નીચે ? આટલો લાંબો સમય ?? અને આટલી નિરાંતે ??? એમાંથી એવો કટાક્ષ પ્રગટ થાય છે કે આટલાં સુખ-ચેનથી નિરાંતે સૂવા દીધા નથી. નર્યો અજંપો અને અશાંતિ આપનાર પ્રજાએ ચણેલી એમની સમાધિ અને આટલાં બધાં ફૂલોમાં સૂવા દેવામાં, કવિને લોકાચારમાં ગાંધીના આદરનો ડોળ (દંભ) દેખાય છે. સાચી ભાવના દેખાતી નથી.

**ટિપ્પણ :**

(1) પહેલી પંક્તિમાં 'આ આટલાં ફૂલો નીચે' કવિ કહે છે ત્યાં આટલાંનો અર્થ થોડાં ફૂલનો અર્થ નથી મળતો પણ સીધું જ સ્પષ્ટ કરી દે છે કે 'આટલાં બધાં ફૂલો' એ કવિની રજૂ કરવાની વિશેષતા બતાવે છે.

(2) ત્રણ જ પંક્તિમાં ગાંધીના વ્યક્તિત્વનો આબેહૂબ ખ્યાલ આપી દીધો તે ટૂંકા કાવ્યની વિશેષતા છે કે ઓછામાં ઘણું કહી દેવાની સૂઝનો પરિચય આપે છે.

## પાઠ્ય પ્રશ્નો 17-ખ-2

(i) આ પ્રશ્નોના જવાબ આપો.

ક. ગાંધીજીની સમાધિનું નામ શું ?

ખ. એ જોઈ ગાંધીજી માટે કવિને શો વિચાર આવે છે ?

ગ. સમાધિ શેનાથી ઢંકાયેલી છે ?

## 17-ખ-6- એકમ - 3

ગઝલ એક એવો કાવ્યપ્રકાર છે કે તેનો દરેક શેર (કડી) એક મુક્તક હોય છે. કોઈ એક ભાવની કે વિચારની સચોટ સંપૂર્ણ રજૂઆત માત્ર બે પંક્તિમાં મુક્તકની જેમ શેર પણ આપી જાય છે.

સફળતા જિંદગીની
હસ્તરેખામાં નથી હોતી
ચણાયેલી ઇમારત એના
નકશામાં નથી હોતી

જિંદગીની સફળતા પરિશ્રમથી ભાગ્ય ઘડવાથી મળે છે. એમ કવિ દૃઢપણે માનતા જણાય છે. માત્ર ભાગ્યના આધારે નિષ્ક્રિય રહેનાર વ્યક્તિને આ મુક્તક ઉત્તમ માર્ગદર્શન આપે છે. પહેલી પંક્તિમાં કવિ એક સિદ્ધાંત આપે છે કે હસ્તરેખા જોઈ જ્યોતિષી સફળ જિંદગીની આગાહી કરે તેના પર આંધળો વિશ્વાસ ન રખાય. સાધનાથી સિદ્ધિ મળે છે. કર્મ કરવાથી ફળ મળે છે. ઘડવાથી ભાગ્ય સર્જાય છે. ભાગ્યમાં હોય તેને પ્રાપ્ત કરવા માટે પણ મહેનત કરવી પડે છે. એની સમજ માટે બીજી પંક્તિમાં સચોટ ઉદાહરણ આપે છે કે કાગળ પર મકાનનો નકશો ચીતર્યો હોય એ પ્રમાણે ચણતર કરવામાં આવે તો મકાન બંધાય. નકશાને જોઈ બેસી

રહેવાથી મકાન બંધાવાનું નથી કે મળવાનું નથી. કારણ કે નકશામાં ચણેલી ઇમારત નથી હોતી એ રીતે હસ્તરેખામાં દેખાતી સફળતા પુરુષાર્થ વિના પ્રાપ્ત થતી નથી.

આ મુક્તક ભાગ્યનિર્માણ માટે પુરુષાર્થ કરવાનો સંદેશ આપે છે.

**ટિપ્પણ :** કવિએ હસ્તરેખા શબ્દ આપ્યો છે. જ્યારે બે જુદા શબ્દો ભેગા થઈ એક નવો શબ્દ બનાવે છે ત્યારે સમાસ બને છે. હસ્ત અને રેખા શબ્દો ભેગા થવાથી હસ્તરેખા પણ સમાસ બને છે. હાથમાં (હથેળીમાં) દેખાતી રેખા માટે એક શબ્દ હસ્તરેખા મધ્યમપદ લોપી સમાસ બને છે. એ સમાસમાં વચ્ચેનું પદ હોતું નથી. દા.ત., હસ્તરેખા.

---

**પાઠગત પ્રશ્નો -17-ખ-3**

---

(i) આ પ્રશ્નોના જવાબ આપો.

ક. આ મુક્તકના કવિ કોણ ?

______________________

ખ. એમનું ઉપનામ શું ?

______________________

ગ. મુક્તક દ્વારા કવિ કયો સંદેશ આપે છે ?

______________________

ઘ. એ માટે શેનું દૃષ્ટાંત આપે છે ?

______________________

---

## 17-ખ-7 કાવ્યનો ભાવાર્થ

જુદાં જુદાં ત્રણ મુક્તકોના કવિ પણ જુદા જ છે. ત્રણેય મુક્તકમાં ખૂબ જ ધારદાર રીતે કવિ પોતાનો ભાવ સ્પષ્ટ કરે છે.

મકરંદ દવે સામાન્ય માણસથી ફકીરને એ રીતે જુદો પાડે છે કે તન-મનના વશમાં સામાન્ય માણસ આવે છે. ફકીર તન-મનને વશ કરી ફરે છે. એમ કહી સાચા ફકીરના સ્વભાવનું લક્ષણ જણાવે છે.

બીજા મુક્તકમાં ઓછા શબ્દોમાં રાજઘાટની ઓળખ આપી તેના દૃશ્ય અને વાસ્તવિકતાના વિરોધાભાસ દ્વારા તીખો, મર્માળો કટાક્ષ કરી દે છે કે પ્રજાના હિતચિંતકને ગાંધીને આટલું નિરાંતે સૂવાનું શક્ય લાગતું નથી. છતાં સૂતા છે તે સ્થિતિમાંથી વેધક કટાક્ષ રચાય છે.

ત્રીજું મુક્તક 'બેફામ' બરકત વીરાણીનું છે. શેરની બે પંક્તિમાં એક સ્વતંત્ર વિચાર સરસ મૂક્યો છે. નકશામાં દેખાતી ઇમારત ચણતર વિના મળતી નથી એમ ભાગ્યની પ્રાપ્તિ પુરુષાર્થ - મહેનત વગર મળતી નથી. કવિએ હસ્તરેખા અને ઇમારતના દૃષ્ટાંતથી મહેનત કરીને ભાગ્યનિર્માણ કરવાનો સંદેશ આપ્યો છે.

## 17-ખ-8 કલાસ્વરૂપ

**(ક) કાવ્યપ્રકાર :** મુક્તક એટલે મોતી. મોતી નાનું હોવા છતાં તેની કિંમત ઊંચી હોય છે. એ એની ગુણવત્તા સાબિત કરે છે. તેથી આવી નાની છતાં કીમતી વસ્તુ 'મોતી જેવી કીમતી' ગણાય છે. કવિતા માટે પણ આ એટલું જ સાચું છે. ઘણા ઊંચા અને ઉત્તમ અર્થ આપતા નાના કાવ્યને તેથી જ મુક્તક કહ્યું છે. 'કદ નાનું ને કિંમત ભારે' એ મુક્તકની વિશેષતા છે. બે કે ચાર પંક્તિના મુક્તકમાં કવિ ભાવ કે અર્થને ઓછા શબ્દોમાં રજૂ કરી દે છે. મુક્તકની આ મહત્ત્વની વિશેષતા છે. મુક્તકો પ્રાચીન સાહિત્યમાં હતાં મધ્યકાલીન સાહિત્યમાંથી પણ મળે છે અને અર્વાચીન ગુજરાતી સાહિત્યમાં પણ લખાયાં છે. અહીં આપેલાં દરેક અર્વાચીન મુક્તકનાં કવિ જુદા જ છે.

**(ખ) ભાષાશૈલી :** મુક્તકની શૈલી સચોટ, અર્થગંભીર અને સાદી છતાં અસરકારક હોય છે. કવિ જરૂર જણાય ત્યાં અલંકારો, દૃશ્યો, સંવાદ, તુલના (સરખામણી), દૃષ્ટાંતો ઉપયોગમાં લે છે. મર્મ, કટાક્ષ, વ્યંગ અને અર્થની સબળ રજૂઆતનો હેતુ કવિ ધારદાર રજૂઆતથી પાર પાડે છે. મુક્તકમાં પણ લય, પ્રાસ અને અલંકાર જોવા મળે છે. મકરંદ દવેએ સરખામણી કરી સાધુનો મહિમા બતાવ્યો છે તો હસમુખ પાઠકે વ્યંગ અને કટાક્ષથી ગાંધીનું મૂલ્ય બતાવ્યું છે. 'બેફામ' બરકત વીરાણી દૃષ્ટાંત દ્વારા અર્થને સ્પષ્ટ કરે છે.

---

### પાઠગત પ્રશ્નો -17-ખ-4

(i) આ પ્રશ્નોનાં જવાબ આપો.

ક. મુક્તકની વિશેષતા કઈ છે ?

ખ. મુક્તકની શૈલીમાં કયાં કયાં તત્ત્વો મહત્ત્વનાં છે ?

---

## 17-ખ-9. તમે શું શીખ્યા ?

- મુક્તકમાંથી વ્યક્ત થતા ભાવનું વર્ણન
- મુક્તક દ્વારા કવિએ કરેલો કટાક્ષ
- મુક્તકના આધારે ફકીરના સ્વભાવનું વર્ણન
- મુક્તકમાં આવેલાં દૃષ્ટાંતોનો અર્થ
- કવિએ આપેલો સંદેશ
- મુક્તકના દૃશ્યનું વર્ણન

## 17-ખ-10. વિશેષ પ્રવૃત્તિ

(ક) કવિપરિચય : અહીં ત્રણ જુદા જ કવિઓનાં મુક્તકો આપ્યાં છે. પ્રથમ મુક્તકના કવિ મકરંદ દવેનો જન્મ 13-11-1922નાં દિવસે થયો હતો. તળપદાં રૂપકો, સરળ શબ્દોવાળાં, ગાઈ શકાય તેવાં તેમનાં ગીતો ઉત્તમ છે. 'ગોરજ', 'સંજ્ઞા' અને 'સંગતિ' તેમના કાવ્યસંગ્રહો છે.

બીજા મુક્તકના કવિ હસમુખ પાઠક છે. તેમનો જન્મ 12-1-1930ના દિવસે થયો હતો. આધુનિક કવિતાની પ્રારંભિક પેઢીના મહત્ત્વના કવિ છે. છાન્દસ અને અછાન્દસ બન્ને પ્રકારનાં કાવ્યો તેમણે લખ્યાં છે. વ્યંગ અને કટાક્ષવાળી રજૂઆત તેમનાં કાવ્યોની વિશેષતા છે. તેમના 'સાયુજય' કાવ્યસંગ્રહમાંથી આ મુક્તક લીધું છે.

ત્રીજા મુક્તકના કવિ બરકતઅલી હુસેનઅલી વિરાણીનો જન્મ 25-11-1923ના દિવસે થયો હતો. 'બેફામ' તેમનું ઉપનામ છે. ગુજરાતી ગઝલમાં તેમનું વિશેષ પ્રદાન છે. 'માનસસર' 'પ્યાસ' અને 'ઘટ' તેમના ગઝલ-મુક્તક સંગ્રહો છે. અહીં આપેલું મુક્તક 'માનસસર' માંથી લીધું છે.

પૂરકવાચન/લેખન

આ જ અર્થનાં ત્રણ અર્વાચીન મુક્તકો મેળવીને વાંચો.

## 17-ખ-11- અંતિમ સ્વાધ્યાય

આ પ્રશ્નોના જવાબ આપો.

1. ફકીરના સ્વભાવનું વર્ણન લખો.
2. ગાંધીજીની સમાધિ જોઈ કવિને આવેલો વિચાર સમજાવો.
3. રાજઘાટ પર ફૂલો જોઈ કવિ કેવો કટાક્ષ કરે છે ?
4. જિંદગીની સફળતા માટે શું કરવું જોઈએ ?
5. ઈમારત અને નકશા - દૃષ્ટાંત સમજાવો.

## પાઠ્ય પ્રશ્નોના જવાબો

### પાઠ્ય પ્રશ્નો - 1

(i) આ પ્રશ્નોનાં જવાબ આપો.

ક. ઘડીકમાં તન તરકટ કરે છે તો ઘડીકમાં તીર જેવું વર્તે છે .

ખ. મન ઘડીકમાં મરકટ જેવું ચંચળ તો ઘડીકમાં મીર જેવું સમૃદ્ધ અને ગંભીર બની જાય છે.

ગ. તન-મનને ફેંકીને ફરે, તેના વશમાં ન રહે પણ તેને વશમાં રાખે તેનું નામ ફક..

(ii) ખાલી જગ્યામાં યોગ્ય શબ્દ મૂકો.

1. મરકટ 2. તીર 3. તન-મન

(iii) સરખા ઉચ્ચારવાળા શબ્દો

| ક | | ખ |
|---|---|---|
| 1. તરકટ | | 1. મરકટ |
| 2. તીર | | 2. મીર |
| 3. તન | | 3. મન |

## પાઠ્ય પ્રશ્નો - 2

(i) આ પ્રશ્નોના જવાબ આપો :

ક. રાજઘાટ

ખ. કવિના મનમાં વિચાર આવે છે કે આટલાં ફૂલો નીચે, આટલો લાંબો સમય ગાંધી કદી સૂતા નથી.

ગ. સમાધિ ફૂલોથી ઢંકાયેલી છે.

## પાઠ્ય પ્રશ્નો - 3

(i) આ પ્રશ્નોનાં જવાબ આપો.

ક. આ મુક્તકના કવિ બરકત વિરાણી છે.

ખ. 'બેફામ' એમનું ઉપનામ છે.

ગ. મુક્તક દ્વારા ભાગ્યનિર્માણ માટે પુરુષાર્થ કરવાનો સંદેશ આપે છે.

ઘ. એ માટે તે નકશો અને ઇમારતનું દૃષ્ટાંત આપે છે.

## પાઠ્ય પ્રશ્નો - 4

(i) આ પ્રશ્નોનાં જવાબ આપો.

ક. નાનું છતાં ઘણા ઉત્તમ અર્થો સચોટ રીતે રજૂ કરતું મુક્તક ઓછા શબ્દોમાં લખાતું ટૂંકું કાવ્ય છે. તે સ્વતંત્ર કાવ્ય છે.

ખ. લય, પ્રાસ, અલંકાર, કટાક્ષ, મર્મ અને વ્યંગથી અર્થને સચોટ રીતે રજૂ કરી દે છે.

# 17
# (ગ) હાઈકુ

## 17-ગ-1. પ્રાસ્તાવિક

આપણે કોઈ પણ ચિત્ર જોઈએ ત્યારે તેમાં સૌથી પહેલાં આંખો પ્રવૃત્ત બને છે. પહેલી નજરે ચિત્રમાં શું-શું દેખાય છે, તેનાથી માહિતગાર થવાનો આપણે પ્રયત્ન કરીએ છીએ. તેમ કરતાં આપણું ધ્યાન ચિત્ર પર વધુ કેન્દ્રિત થાય છે. તેના પ્રભાવે આપણું મન પણ તેમાં પ્રવૃત્ત થાય છે. ચિત્રમાં દેખાતાં વૈવિધ્ય (જુદી જુદી સામગ્રી) ને કોઈ એક અર્થમાં સાંધવામાં મન લાગી જાય છે અને અર્થ મળી આવતાં આપણા ચિત્ત પર એ ચિત્ર એની અસર મૂકી જાય છે. દોરેલા ચિત્રનું શબ્દોમાં વર્ણન થાય તેને શબ્દચિત્ર કહીએ છીએ.

અહીં આપેલા હાઈકુમાં એવાં કેટલાંક શબ્દચિત્રો છે. એ પ્રકૃતિને લગતાં હોવાથી આપણે એમને પ્રકૃતિચિત્રો પણ કહીએ છીએ. પરંતુ એ ચિત્રો આપણને કંઈક ઊંડો અર્થ પણ સૂચવી જાય એવાં છે. આપણે એ હાઈકુ વાંચીએ.

## 17-ગ-2 હેતુઓ

આ હાઈકુ વાંચી તમે આટલું કરી શકશો.

- તમે હાઈકુમાં મૂકેલો ભાવ વર્ણવી શકશો.
- કવિએ પ્રગટ કરેલું આશ્ચર્ય તમે વર્ણવી શકશો..
- હાઈકુ દ્વારા કવિએ કરેલો કટાક્ષ સમજાવી શકશો.
- કવિએ આપેલો સંદેશ લખી શકશો.
- હાઈકુમાં કવિએ મૂકેલો મર્મ તમે સમજાવી શકશો.
- આ કાવ્યપ્રકારની વિશેષતાઓ લખી શકશો.
- હાઈકુમાં વર્ણવેલાં પ્રકૃતિચિત્રો નોંધી શકશો.

## 17-ગ-3 પ્રવૃત્તિ

 

અહીં બે ચિત્રો આપ્યાં છે. એક ચિત્રમાં ચારે બાજુ અંધકાર છે. માત્ર દીવો પ્રકાશિત છે અને દીવાની જ્યોતની ચારે બાજુ તેજનું વર્તુળ છે. બીજું ચિત્ર શ્રીરામનું છે. તેમના ચહેરાની ચારે બાજુ પણ તેજનું વર્તુળ છે. બંને ચિત્રોમાં તેજના વર્તુળની સમાનતા છે. પણ આ વર્તુળ બંને ચિત્રોમાં અર્થ જુદો આપે છે. દીવાની પાછળ તેજનું વર્તુળ હોય પણ શ્રીરામની ચારેબાજુ દેખાતું વર્તુળ તેમની તેજસ્વી પ્રતિભાનો અર્થ આપે છે. તેજસ્વી પ્રતિભાના અર્થને આપણે વ્યંજનાર્થ કહીશું. આપણે અહીં એવાં ત્રણ હાઈકુ વાંચીશું જેમાં શબ્દાર્થથી વ્યંજનાર્થ જુદો છે.

## 17-ગ-4. મૂળ પાઠ

**શબ્દાર્થ**
ઓસબિંદુ - ઝાકળબિંદુ
નિજ - પોતાનું
વ્યોમ - આકાશ
વિરાટ - વિશાળ
દીપ - દીવો

હાઈકુ

1. ઓસબિંદુએ
   સમાવ્યું છે, નિજમાં
   વ્યોમ વિરાટ
   -સ્નેહરશ્મિ

2. ફરતી પીંછી
   અંધકારની : દીપ
   નહીં રંગાય
   - સ્નેહરશ્મિ

3. આસોપાલવ
   કપાય ત્યાં : તોરણ
   અહીં બંધાય
   - ધીરુ પરીખ

## 17-ગ-5

સ્નેહરશ્મિએ પ્રકૃતિ વિષય પર લખેલાં આ હાઈકુ વાંચો.

ઝાકળ બિંદુ
ચંદરમાનું આંસુ
લૂછે સૂરજ.

ઝંઝામાં ગયો
દીપ હોલાઈ : ઊઠી
ભભૂકી આગ

## 17-ગ-6 સમજૂતી

આ મુક્તકોને ક્રમે ક્રમે હવે આપણે વાંચીએ.

## 17-ગ-6 એકમ - 1

ઓસબિંદુએ
સમાવ્યું છે, નિજમાં
વ્યોમ વિરાટ

કવિએ ઝાકળના એક બિંદુને જોઈ એક કલ્પના આ હાઈકુમાં મૂકી છે કે આકાશ વિરાટ છે અને તેની સરખામણીમાં ઓસબિંદુ સાવ નાનું છે. અહીં આકાશ વ્યાપક છે અને ઓસબિંદુ લઘુતમ છે. વામન અને વિરાટના ભેદમાંથી અહીં કવિ એક નવો વિચાર આપે છે કે ઓસબિંદુ નાનું હોવા છતાં પ્રતિબિંબરૂપે તે આખા આકાશને પોતાનામાં સમાવી લે છે. અહીં નાના હોવા છતાં પોતાનામાં વિરાટને સમાવી લેવાની વાચનની ગુંજાશ, લાયકાત અને શક્તિની ચમત્કૃતિજન્ય રજૂઆત જ હાઈકુનું કાવ્યત્વ બની જાય છે.

**ટિપ્પણ :**

- ઓસબિંદુ એટલે ઝાકળ - એક શબ્દને બદલે જે બીજો શબ્દ ઉપયોગમાં લઈ શકાય તેને પર્યાય શબ્દ કહેવાય છે. અહીં ઝાકળ પર્યાય છે.
- વ્યોમ શબ્દનો પર્યાય છે - આકાશ, ગગન.

---

### પાઠ્ય પ્રશ્નો : એકમ 17-ગ-1

---

આ પ્રશ્નોના જવાબ આપો.

1. ઓસબિંદુ પોતાનામાં કોને સમાવી લે છે ?
______________________________

2. ઓસબિંદુ અને વ્યોમની સરખામણી કોની સાથે કરી શકાય ?
______________________________

3. કવિ એ બાબત પરથી શેનું ધ્યાન દોરે છે ?
______________________________

ફરતી પીંછી
અંધકારની ; દીપ
નહીં રંગાય

2. આ હાઈકુમાં કવિએ રોજ બનતી એક પ્રાકૃતિક ઘટનાને કાવ્યાત્મક રીતે વર્ણવી છે. અહીં એક વિશાળ ગતિશીલ ચિત્ર છે. સાંજ પડતાં જ અંધારું ફેલાવા માંડે છે. એને માટે કવિએ એક કલ્પના કરી છે : જાણે કે અંધકારની પીંછી ફરે છે ને બધું જોઈ શકાય તેવું (દશ્યમાન) જગત ભૂંસાતું જાય છે. કાળા રંગે રંગાતું જાય છે. પણ દીવો અને એની આસપાસની આભા (તેજવલય) રંગાતી નથી.

એક બીજો અર્થ એવો પણ થઈ શકે કે અંધકાર બધું ગ્રસ્ત કરે છે (ગળી જાય છે) પણ દીવો અજેય રહે છે. અંધકાર એને પરાજિત કરી શકતો નથી. અંધકારના શરણે આખું જગત પણ દીવાને એ સ્પર્શી પણ શકતું નથી. આ અર્થને આપણે હાઈકુનો વ્યંજનાર્થ કહી શકીએ.

**ટિપ્પણ :** કવિતાના જુદા જુદા કાવ્યગુણો હોય છે એવો એક ગુણ વ્યંજનાર્થ તરીકે ઓળખાય છે. એમ પણ કહી શકાય કે કાવ્યમાં ક્યારેક એકથી વધારે અર્થો પણ મળે એવા મુખ્ય ત્રણ અર્થો છે. અભિધાર્થ, વ્યંજનાર્થ, લક્ષણાર્થ. વ્યંજનાર્થ શબ્દાર્થથી જુદો પડે છે. કાવ્યમાંથી મળતો વિશિષ્ટ અર્થ, કાવ્યાર્થ - વ્યંજનાર્થ છે.

### પાઠ્ય પ્રશ્નો - 17-ગ- 2

(i) આ પ્રશ્નોના જવાબ આપો.

ક. શેની પીંછી ફરી વળી ?

ખ. એની શું અસર થઈ ?

ગ. કોના પર એની અસર ના થઈ ? કેવી રીતે ?

## 17-ગ-6 એકમ - 3

આસોપાલવ
કપાય ત્યાં ; તોરણ
અહીં બંધાય

આ હાઈકુમાં કવિ વૃક્ષની સાથેના વ્યવહાર પર આધારિત બે ક્રિયાઓને એક સાથે સાંકળીને મૂકે છે. માણસ વૃક્ષની સાથે વ્યવહાર કરે છે તેમાં તેની સંવેદનહીન સ્વાર્થવૃત્તિ છૂપાયેલી છે. પોતાના માંગલ્યના સંતોષ માટે વૃક્ષને વિનાશની સ્થિતિમાં મૂકી દેતો માણસ કેટલો સ્વાર્થી છે, એવો કટાક્ષ પણ આ હાઈકુમાંથી પ્રગટ થાય છે. આમ તો આસોપાલવ માંગલ્યનું પ્રતીક છે. તોરણ બાંધી મંગલપર્વ ઉજવતો આજનો માણસ આસોપાલવનાં પાન તોડતાં કે થડ કાપતાં, એના અમંગળ કે વિનાશનો સહેજ પણ વિચાર કરતો નથી. એવી ટકોર કરી આ હાઈકુ દ્વારા કવિ પર્યાવરણ અને વૃક્ષપ્રેમનો સંદેશ પણ આપે છે.

**ટિપ્પણ :** એકબીજાથી વિરુદ્ધ થતી ક્રિયાનું વર્ણન વિરોધાભાસ ઊભો કરે છે. આ વિરોધાભાસ અલંકાર પણ છે. અહીં એક જ સ્થળે તોરણ બંધાવું અને પાન તોડવાં કે થડ કાપવાના ઉલ્લેખમાં માંગલ્ય અને અમંગળનો વિરોધાભાસ કવિએ મૂક્યો છે.

## પાઠ્ય પ્રશ્નો - 17-ગ- 3

(i) આ પ્રશ્નોનાં જવાબ આપો.

ક. આસોપાલવ શેનું પ્રતીક છે ?

ખ. કઈ બે ક્રિયાઓ કવિ આ હાઈકુમાં સાથે બનતી બતાવે છે ?

ગ. કવિ આ હાઈકુ દ્વારા કયો સંદેશ આપે છે ?

## 17-ગ-7 કાવ્યનો ભાવાર્થ

અહીં આપેલાં હાઈકુ પ્રકૃતિના વિષય પર લખાયેલાં છે. પહેલાં બે હાઈકુ સ્નેહરશ્મિનાં છે. પહેલા હાઈકુમાં ઓસબિંદુ પર કવિ વર્ણન કરે છે. પ્રકૃતિના સૌંદર્યનું ઓસબિંદુને આધારે કવિએ કરેલું વર્ણન સચોટ છે. બીજા હાઈકુમાં અંધકારની પીંછી દીવાના પ્રકાશને પોતાના રંગે રંગી શકતી નથી.એક નાના દીવાનું સામર્થ્ય કવિ બતાવતાં કહે છે કે દીપ નહીં રંગાય. ધીરુ પરીખ પર્યાવરણ અને પ્રદૂષણ તેમજ વૃક્ષપ્રેમ પર હાઈકુ આપે છે. એકસાથે બે વિરોધાભાસી ક્રિયાઓનું વિસ્મય આ હાઈકુમાં છે કે એક તરફ મંગલકાર્યમાં આસોપાલવ બંધાય છે અને બીજી બાજુ થડ વહેરાય છે. ત્રણેય હાઈકુ પ્રકૃતિનાં તત્ત્વો પર આધારિત છે.

## 17-ગ-8 કલાસ્વરૂપ

### (ક) કાવ્યપ્રકાર

હાઈકુમાં શબ્દસંખ્યા નિશ્ચિત છે. હાઈકુમાં માત્ર સત્તર અક્ષરની કવિતા છે. પરંતુ સત્તર અક્ષરનું નિશ્ચિત રીતે ગોઠવાયેલું વિભાજન, તેના બંધારણની વિશેષતા છે. તેનું પહેલું ચરણ કે પંક્તિ માત્ર પાંચ અક્ષરની, બીજું ચરણ કે પંક્તિ માત્ર સાત અક્ષરની અને ત્રીજું ચરણ કે પંક્તિ માત્ર પાંચ અક્ષરની હોય છે. તેથી તેનાં કુલ ચરણ, પદ કે પંક્તિ ત્રણ છે. આ કાવ્યપ્રકાર જાપાનમાં વિકસેલો.આપણી ગુજરાતીમાં તેને લાવવાનું શ્રેય (ગૌરવ) સ્નેહરશ્મિને મળે છે.

### (ખ) ભાષાશૈલી

હાઈકુ ઓછા શબ્દોમાં અસરકારક ભાવની રજૂઆત કરી દેતું કાવ્ય છે. ભાવ, વિચાર કે અર્થની (ચમત્કૃતિજન્ય) નવાઈ પમાડે તેવી રીતે વર્ણન કરવાની હાઈકુની વિશેષતા છે. સ્નેહરશ્મિના હાઈકુમાં દશ્ય આંખ સામે ઊભું કરી દેવાની કળા છે. છવાયેલા અંધકારમાં પ્રકાશિત દીપનું દશ્ય તેમજ નાનું અમથું ઝાકળબિન્દુ પોતાનામાં આખા આકાશને સમાવી પ્રતિબિંબિત કરે છે. વામનનું વિરાટ સામે અસ્તિત્વ અને શક્તિનો પરિચય કરાવતાં બન્ને હાઈકુમાં બે સુંદર શબ્દચિત્રો

સ્નેહરશ્મિના હાઈકુમાં છે. 'ફરતી પીંછી'ના હાઈકુમાં ગતિશીલ શબ્દચિત્ર છે. ઓસબિન્દુમાં પ્રકૃતિનું સૌંદર્ય કવિ વર્ણવે છે. શબ્દોમાં ચિત્રાંકન કરવાની વિશેષતા ઉપરાંત એક વ્યંજનાર્થ પણ તેમાંથી મળે છે. બધાને ગળી જનાર અંધકાર પ્રકાશને કે તેજની આભાને ગળી શકતો નથી એ 'ફરતી પીંછી' નામના હાઈકુમાંથી મળતો વ્યંજનાર્થ છે. માંગલ્ય અને અમંગળની વચ્ચે બોલી ના શકાય તેવી લાચાર સ્થિતિમાં વૃક્ષને મૂકી કવિ કટાક્ષ કરે છે તે પણ ધીરુ પરીખના હાઈકુની વિશેષતા છે. ત્રણેય હાઈકુમાં વર્ણનશૈલી છે. તેમાં કટાક્ષ, શબ્દચિત્ર, અર્થચમત્કૃતિ અને વ્યંજનાર્થ તત્ત્વ વિશેષ નોંધપાત્ર છે.

## પાઠ્ય પ્રશ્નો - 17-ગ- 4

(i) આ પ્રશ્નોનાં જવાબ આપો.

ક. ત્રણેય હાઈકુ કેવી શૈલીનાં દૃષ્ટાંત છે ?

ખ. હાઈકુમાં કુલ કેટલા અક્ષર હોય છે ?

## 17-ગ-9 તમે શું શીખ્યા

1. દરેક હાઈકુમાં કવિએ વ્યક્ત કરેલો ભાવ
2. દરેક હાઈકુમાં કવિએ પ્રગટાવેલું આશ્ચર્ય
3. હાઈકુમાંથી પ્રગટ થતો કટાક્ષ
4. હાઈકુમાં કવિએ મૂકેલો મર્મ
5. હાઈકુનાં પ્રકૃતિચિત્રો

## 17-ગ-10 વિશેષ પ્રવૃત્તિ

**કવિ પરિચય :** 'સ્નેહરશ્મિ' એવું ઉપનામ ધરાવતા આ કવિનું નામ ઝીણાભાઈ રતનજી દેસાઈ છે. તેમનો જન્મ વલસાડ જિલ્લાના ચિખલી ગામમાં 16-4-1903ના દિવસે થયો હતો. તેઓ હાઈકુ માટે પ્રસિદ્ધ છે. ગુજરાતી કવિતામાં હાઈકુ લાવનાર સ્નેહરશ્મિ છે. 'અર્ધ્ય' અને 'પનઘટ' તેમના કાવ્યસંગ્રહો છે. તેમના હાઈકુસંગ્રહનું નામ 'સોનેરી ચાંદ રૂપેરી સૂરજ' છે. આ હાઈકુ એમાંથી લીધાં છે. તેમનું અવસાન 1990માં થયું.

ધીરુ પરીખનું આધુનિક ગુજરાતી કવિતામાં વિશેષ પ્રદાન છે. તેમનો જન્મ 31-8-1933ના દિવસે થયો હતો. 'ઉઘાડ' તેમનો કાવ્યસંગ્રહ છે. તેમના હાઈકુસંગ્રહનું નામ 'આગિયા' છે. આ હાઈકુ એમાંથી લીધું છે.

**પૂરક વાચન/લેખન**

'સોનેરી ચાંદ અને રૂપેરી સૂરજ' તેમજ 'આગિયા' હાઈકુસંગ્રહમાંથી પ્રકૃતિવર્ણનનાં હાઈકુ મેળવી વાંચો.

## 17-ગ-11 અંતિમ સ્વાધ્યાય

(i) આ પ્રશ્નોનાં જવાબ આપો.

ક. હાઈકુને આધારે પ્રકૃતિવર્ણન કરો.

ખ. ત્રણેય હાઈકુની મહત્ત્વની વિશેષતાઓ લખો.

ગ. કયા કયા હાઈકુમાં આશ્ચર્યજનક ભાવ કેવી રીતે વળાંક લે છે ?

ઘ. ત્રણેય હાઈકુમાં દેખાતી સમાનતાઓ અને અસમાનતાઓ લખો.

ચ. ધીરુ પરીખના હાઈકુનો વિચાર સમજાવો.

## પાઠ્યપ્રશ્નોના જવાબો

### પાઠ્ય પ્રશ્નો - 1

(i) આ પ્રશ્નોના જવાબ આપો.

ક. ઓસબિન્દુ પોતાનામાં વિરાટ વ્યોમને સમાવી લે છે.

ખ. ઓસબિન્દુ અને વ્યોમની સરખામણી વામન અને વિરાટ સાથે કરવામાં આવી છે.

ગ. વામનમાં વિરાટને સમાવી લેવાની શક્તિ છે.

### પાઠ્ય પ્રશ્નો - 2

(i) આ પ્રશ્નોના જવાબ આપો.

ક. સંધ્યાકાળે અંધકારની પીંછી ફરી વળી.

ખ. અંધકારના રંગે આખું જગત રંગાઈ ગયું.

ગ. દીપક અને તેની આભા પર એની અસર ના થઈ.
દીવો પોતાના તેજથી પ્રકાશતો રહ્યો.

### પાઠ્ય પ્રશ્નો - 3

(i) આ પ્રશ્નોનાં જવાબ આપો.

ક. આસોપાલવ માંગલ્યનું પ્રતીક છે.

ખ. એક તરફ તોરણ બંધાય છે અને બીજી તરફ થડ કપાય છે.

ગ. આ હાઈકુ દ્વારા કવિ સંદેશ આપે છે કે સંવેદનહીન સ્વાર્થવૃતિ છોડી દઈ માણસે પોતાના સ્વાર્થ કે હિત ખાતર બીજાને નુકસાન ન પહોંચાડવું જોઈએ.

### પાઠ્ય પ્રશ્નો - 3

(i) આ પ્રશ્નોનાં જવાબ આપો.

ક. ત્રણેય હાઈકુ વર્ણનશૈલનાં દૃષ્ટાંત છે.

ખ. હાઈકુનાં 5 + 7 + 5 એમ કુલ 17 અક્ષર હોય.

# 18

# પતંગિયું ને ચંબેલી

\- કૃષ્ણલાલ શ્રીધરાણી

## 18.1 પ્રાસ્તાવિક

તમે જાણો છો કે વાર્તાઓમાં પરીકથાઓ પણ ઘણી મઝેદાર હોય છે. પરીકથાઓ વિવિધ કલ્પનાઓ અને ભિન્ન-ભિન્ન માન્યતાઓની આસપાસ ગૂંથાયેલી હોય છે. તમે જે કાવ્યનો અભ્યાસ કરવાના છો, તે કાવ્યમાં પરીની વાત સીધી રીતે આવતી નથી. એમાં પતંગિયું અને ચંબેલીનાં સમન્વયથી પરી સર્જાય છે. આવી સરસ વાત, કૃષ્ણલાલ શ્રીધરાણીનું કાવ્ય લઈને આવે છે, તેથી તમને એ જરૂર ગમશે.

## 18.2 હેતુઓ

આ કાવ્યનું ધ્યાનથી વાચન કર્યા પછી તમે આટલું કરી શકશો.

- પતંગિયું અને ચંબેલી એક થઈને પરી કેવી રીતે બને છે - તેની કલ્પના કરી શકશો.
- બાળસૃષ્ટિની આબોહવા અનુભવી શકશો.

## 18.3 પ્રવૃત્તિ



હવે, ચિત્ર જોઈને આ પ્રશ્નોના જવાબ આપો.

1. આ ચિત્રમાં તમે કોને જુઓ છો ?
2. એને કોની પાંખો મળેલી છે ?
3. એનો દેહ શેમાંથી બનેલો છે ?

તમે બરાબર સમજ્યા છો. પરીને પતંગિયાની પાંખો મળેલી છે અને ચંબેલીના ફૂલમાંથી એનો દેહ બનેલો છે. આ વાત તમને જાદુઈ લાગે છે ને ? તો, આવી જાદુઈ વાત લઈને આવતા કૃષ્ણલાલ શ્રીધરાણીના કાવ્ય 'પતંગિયું ને ચંબેલી' નો અભ્યાસ કરીશું.

## 18.4 મૂળ પાઠ

### પતંગિયું ને ચંબેલી

"મળું મળું વ્હાલાને ક્યારે ?
વીંટળાઉં ક્યારે ?" ઘેલી,
કોડભરી આવા ઉરમાં કૈં
લળતી આશભરી વેલી.

મુખ પર પુષ્પ કરે કેલી !
ફૂલરાણી શી ચંબેલી !

શબ્દાર્થ :

ઘેલી - પ્રેમાળ, મુગ્ધ
કોડભરી - ઇચ્છાઓથી ભરેલી
ઉર - હૃદય
લળતી - નમતી
કેલી - ક્રીડા, રમત
ચંબેલી - ચમેલીનું ફૂલ

આરસનો યે અર્ક કરીને
બ્રહ્માએ આલેખ્યું રૂપ.
સરસ્વતીની વેણીમાંથી,
ફૂલમાં પૂર્યા ગંધ અનુપ.

ફૂલડાંને ઊડવા આકાશ !
પાંખ વિના પૂરે શે આશ ?

મેઘધનુષી પાંખોવાળા
પતંગિયાને ભાળી પાસ,
ચંબેલી મલકંતી પૂછે,
"એક જ મારી પૂરશો આશ ?
મારો દેહ તમારી પાંખ-
એક બનીને ઊડશું આભ ?"

ચંબેલીનો દેહ રૂડો, ને
પતંગિયાની પાંખ ધરી,
અવની, આભ, અનંતે ઊડે,
મલકંતી મ્હેકંતી પરી.
પતંગિયું ને ચંબેલી !
એક થયાં ને બની પરી !

આરસ - પથ્થરનો પ્રકાર
અર્ક - ઘટ્ટ પ્રવાહી રૂપ, સત્ત્વ
બ્રહ્મા - સૃષ્ટિનો સર્જક
આલેખ્યું - ચીતર્યું, સરજ્યું
સરસ્વતી - વિદ્યાની દેવી (બ્રહ્માની પુત્રી)
અનુપ - અનુપમ, જેની ઉપમા ન આપી શકાય
શે - કેવી રીતે, શા માટે
મેઘધનુષી - સાત રંગની
ભાળી - જોઈ
મલકંતી - મલકાઈને, સ્મિત કરીને
આશ - આશા, ઇચ્છા, ઉમેદ
દેહ - શરીર
આભ - આકાશ
રૂડો - સુંદર
ધરી - ધારણ કરી
અવની - પૃથ્વી, ધરતી
આભ - આકાશ, નભ
મ્હેકંતી - મ્હેકતી, સુગંધભરી
એક થયાં - [(અહીં) બેમાંથી એક થયાં]

## 18.5 પ્રવૃત્તિ

'ક' વિભાગમાં શબ્દો આપ્યા છે. 'ખ' વિભાગમાં પ્રશ્નો આપ્યા છે. 'ક' વિભાગમાંથી યોગ્ય શબ્દ લઈ 'ખ' વિભાગના પ્રશ્નોના જવાબ 'ક' વિભાગમાંથી શોધીને તેનો ક્રમાંક 'ખ' વિભાગની સામે આપેલા કૌંસમાં લખો.

| 'ક' વિભાગ (શબ્દો) | 'ખ' વિભાગ (પ્રશ્નો) | કૌંસ (ક્રમાંક) |
|---|---|---|
| 1. આકાશમાં | (ક) વ્હાલાને મળવા કોણ ઘેલી થઈ હતી ? | (   ) |
| 2. ચંબેલી | (ખ) તે પોતાની પાસે કોને જુએ છે ? | (   ) |
| 3. પાંખો | (ગ) ચંબેલી પતંગિયા પાસે શું માગે છે ? | (   ) |
| 4. પતંગિયાને | (ઘ) બંને ઊડીને ક્યાં જવા ઇચ્છે છે ? | (   ) |
| 5. પરી | (ઙ) પતંગિયું અને ચંબેલી બંને એક થતાં શું બની જાય છે ? | (   ) |

## 18.6 સમજૂતી

આ કાવ્યકૃતિના અંશોને હવે ક્રમે ક્રમે સમજીએ.

## 18.6 એકમ 1

પ્રેમઘેલી ચંબેલી કાવ્યના પ્રારંભમાં જ પ્રશ્ન પૂછે છે. તે પૂછે છે કે હું ક્યારે મારા વ્હાલાને વીંટળાઈને મળીશ ?

તેના ઉરમાં (હૃદયમા) અવનવા કોડ હોવાથી કવિ તેને કોડભરી કહે છે. અનેક આશાઓથી તેનું હૃદય લળેલું છે. (નીચું નમેલું છે.) ચંબેલીના મુખ પર પુષ્પો ક્રીડા કરે છે. (રમત કરે છે).

તેના આવા રાણી જેવા ઠસ્સાને કારણે કવિ તેને ફૂલરાણી સાથે સરખાવે છે.

ટિપ્પણ : 'મળું મળું' દ્વિરુક્તિ મળવાની ઉત્કટતા દર્શાવે છે.

"મળું મળું વ્હાલાને ક્યારે ?
વીંટળાઉં ક્યારે ?" ઘેલી,
કોડભરી આવા ઉરમાં રે
લળતી આશભરી વેલી

મુખ પર પુષ્પ કરે કેલી !
ફૂલરાણી શી ચંબેલી !

### પાઠ્ય પ્રશ્નો : 18.1

દરેક પ્રશ્નની સામે આપેલા કૌંસમાં માત્ર એક જ શબ્દમાં જવાબ લખો.

| પ્રશ્નો | કૌંસ (જવાબ માટે) |
|---|---|
| 1. કવિ કોને 'ઘેલી' કહે છે ? | (............. ) |
| 2. તેના ઉરમાં શું ભરેલું છે ? | (............. ) |
| 3. તેના મુખ પર કોણ ક્રીડા કરે છે ? | (............. ) |
| 4. કવિ તેને કોની સાથે સરખાવે છે ? | (............. ) |

## 18.6 એકમ 2

ચંબેલીને બ્રહ્માએ સંગેમરમરના અર્કમાંથી ઘડી. વધારામાં પોતાની કન્યા સરસ્વતીની વેણીમાંના ફૂલની સુવાસનો તેનો શ્વાસોચ્છ્‌વાસ કર્યો. આટલું થયું છતાં ચંબેલી તૃપ્ત થતી નથી. એ અતૃપ્તિનો નિશ્વાસ આપણને સંભળાય છે.

ચંબેલીને તો વિશાળ આભલે ઊડવું છે. પણ પાંખો વિના તે કેવી રીતે ઊડી શકે ? તેનાં મનમાં પ્રશ્ન થાય છે કે તેની પાંખોની અધૂરપને કોણ પૂરી કરશે ? વળી પાંખો વિના તેની ઊડવાની આશા કેવી રીતે પૂરી થાય ?

ટિપ્પણ : આ અધૂરપ ન હોત તો ચંબેલીમાંથી પરી ન થઈ હોત.

આરસનો યે અર્ક કરીને
બ્રહ્માએ આલેખ્યું રૂપ.
સરસ્વતીની વેણીમાંથી
ફૂલમાં પૂર્યા ગંધ અનુપ.
ફૂલડાંને ઊડવા આકાશ !
પાંખ વિના પૂરે શે આશ ?

### પાઠ્ય પ્રશ્નો 18.2

આપેલા દરેક પ્રશ્નનો જવાબ માત્ર એક જ શબ્દમાં આપેલા કૌંસમાં લખો.

| પ્રશ્નો | કૌંસ(જવાબ માટે) |
|---|---|
| 1. ચંબેલીને કોણે ઘડી ? | (............. ) |
| 2. તેને કોની વેણીમાંથી સુવાસ પ્રાપ્ત થઈ ? | (............. ) |
| 3. તેને ક્યાં ઊડવું હતું ? | (............. ) |
| 4. શાના વિના તેની આશા અધૂરી હતી ? | (............. ) |

## 18.6 એકમ 3

મેઘધનુષી પાંખોવાળા
પતંગિયાને ભાળી પાસ,
ચંબેલી મલકંતી પૂછે,
''એક જ મારી પૂરશો આશ ?
મારો દેહ તમારી પાંખ -
એક બનીને ઊડશું આભ ? ''

એટલામાં એક પતંગિયું ઊડતું-ઊડતું ચંબેલીની પાસે આવ્યું. એની મેઘધનુષી પાંખો હતી. એને પાસે જોઈને મલકાઈને, બોલી, ''મારી એક આશા છે. શું તમે મારી એ આશા પૂરશો ? મને સુંદર દેહ છે. મારે આકાશે ઊડવું છે, પણ આ સુંદર દેહને પાંખો નથી. મારો દેહ અને તમારી પાંખો જો એક થઈ જાય તો આપણે મળીને આભલે ઊડીશું ?''

**ટિપ્પણ :** મેઘધનુષી પાંખોવાળા પતંગિયાને ભાળી પાસ...

...ઊડશું આભ ?"

મેઘધનુષી પાંખોવાળું પતંગિયું એ બીજું કોઈ નહીં પણ સૂર્યનાં કિરણો છે. સૂર્યના કિરણમાં સાત રંગો રહેલા છે. આ સૂર્ય કિરણોરૂપી પતંગિયું ગતિશીલ છે. પણ એને દેહ નથી. ચંબેલીની ગતિ તે તેની સુગંધ છે. ચંબેલી આ સૂર્યકિરણનો સાથ ઝંખે છે. સૂર્યનાં કિરણોનો સ્પર્શ થતાં જ ચંબેલી ખીલે છે, સ્મિત વેરે છે. તેથી જ ચંબેલી પતંગિયા પાસે પાંખોની ઇચ્છા રજૂ કરે છે.

### પાઠ્ય પ્રશ્નો 18.3

આપેલા દરેક પ્રશ્નનો જવાબ માત્ર એક જ શબ્દમાં આપેલા કૌંસમાં લખો.

| પ્રશ્નો | કૌંસ (જવાબ માટે ) |
|---|---|
| 1. ચંબેલી પોતાની પાસે કોને જુએ છે ? | (................) |
| 2. એની પાંખો કેવી હતી ? | (................) |
| 3. ચંબેલી પતંગિયા પાસે શું માગે છે ? | (................) |
| 4. તે એ શા માટે માગે છે ? | (................) |

## 18.6 એકમ - 4

ચંબેલીનો દેહ રૂડો, ને
પતંગિયાની પાંખ ધરી,
અવની, આભ, અનંતે ઊડે,
મલકંતી મ્હેકંતી પરી.

હવે જાદૂ થાય છે. રૂપાળી ચંબેલીને પતંગિયાની પાંખો મળી જાય છે. હવે તો ધરતી પર દૂર દૂર, ઊંચે-ઊંચે આકાશે અનંત માર્ગે મલકાતી મ્હેકંતી પરી ઊડતી દેખાય છે.

કવિ કહે છે કે પતંગિયું અને ચંબેલી એક થઈ જતાં પરી બની ગઈ. તે પરી ઊડતી દેખાઈ.

**ટિપ્પણ :**

પતંગિયું ને ચંબેલી !
એક થયાં ને બની પરી !

(i) પતંગિયું ને ચંબેલી !
એક થયાં ને બની પરી !

ચંબેલીએ પતંગિયા પાસે પાંખોની માગણી અવશ્ય કરી છે. પણ એ યાદ રાખવાનું છે કે એ પાંખોનાં બદલામાં પોતાનો દેહ આપી દીધો છે. આ લેવડ-દેવડ નથી પરંતુ સમન્વય છે. આ સમન્વય જ પરીના સર્જનના મૂળમાં છે.

પરી બની જતાં જ સીમ અસીમ બની જાય છે. અનંત તેમને માટે ખુલી જાય છે.

**(ii) વિશિષ્ટ વાત :**

ખરું જોતાં આ કાવ્ય બાળસૃષ્ટિનું કાવ્ય બની રહે છે. આ કાવ્યમાં રવીન્દ્રનાથના 'શિશુ' માંનાં કાવ્યોની આબોહવા છે. 'પતંગિયું ને ચંબેલી' જેવું નાજુક છતાં ભાવજગતમાં લઈ જનારું કાવ્ય સાચવવા જેવું છે.

### પાઠગ્ય પ્રશ્નો 18.4

નીચે આપેલા દરેક પ્રશ્નનો જવાબ માત્ર એક જ શબ્દમાં લખો .

| પ્રશ્નો | (કૌંસ) જવાબ માટે |
|---|---|
| 1. કોનો દેહ સુંદર હતો ? | (.............) |
| 2. ચંબેલી સાથે કોના એક થવાથી પરી બની ? | (.............) |
| 3. કવિએ પરી માટે વાપરેલું વિશેષણ લખો. | (.............) |

## 18.7 કાવ્યનો ભાવાર્થ

નાજુક ભાવ ધરાવતું આ કાવ્ય બાળસૃષ્ટિની આબોહવા ભરીને આવે છે.

ચંબેલી અત્યંત સુંદર છે. તેને આસમાનમાં ઊડવું છે. પણ ઊડે કેવી રીતે ? તેને પાંખો તો નથી. એક દિવસ ભમતું-ભમતું એક પતંગિયું ચંબેલી પાસે આવ્યું. મેઘધનુષી પાંખોવાળા પતંગિયાને પાસે જોઈ ચંબેલીએ કહ્યું ,'' મારે આકાશમાં ઊડવું છે પણ મારી પાસે પાંખો નથી. મારો સુંદર દેહ અને તારી સુંદર પાંખો - જો એક થઈ જાય તો આપણે આકાશમાં ઊડીશું .''

ચંબેલીએ પોતાનો સુંદર દેહ દીધો અને પતંગિયાની રૂડી પાંખો લીધી. બેના સમન્વયથી એક પરી બની. દૂર દૂર ધરતી પર, ઊંચે આકાશમાં, અનંત માર્ગે ઊડતી પરી દેખાઈ.

## 18.8 કલાસ્વરૂપ

**(ક) કાવ્યપ્રકાર :** આ કાવ્ય **'ગીત'** છે. ગીત ઊર્મિકાવ્યનો જ એક પ્રકાર છે. બાળકો માટેનાં કાવ્યોની આબોહવા આ ગીતમાં જરૂર છે પણ બાળકાવ્ય નથી.

**(ખ) ભાષાશૈલી :** કાવ્યની ભાષા સુગમ હોવા છતાંય ઊંડો અર્થ ધરાવે તેવી છે. કવિએ કાવ્યરચના માટે સાર્થક શબ્દોની પસંદગી કરી છે.

| | | | | |
|---|---|---|---|---|
| કાવ્યમાં | કેલી | ઘેલી | રૂપ | ધરી |
| | ચમેલી | વેલી | અનુપ | પરી |

**જેવી પ્રાસયુક્ત શબ્દરચના વડે કાવ્યને મધુર બનાવ્યું છે. કાવ્યમાં થતો કલ્પના, કથા અને રહસ્યનો સમન્વય રચનાને વિશિષ્ટ અર્થ આપે છે. કાવ્યનો ભાવ ક્રમશઃ વિકાસ પામી છેક છેલ્લી પંક્તિઓમાં ચમત્કૃતિ સર્જે છે.**

## પાઠ્ય પ્રશ્નો 18.5

વિભાગ 'ક' માં આપેલા દરેક શબ્દનાં પર્યાય શબ્દ વિભાગ 'ખ' માંથી શોધી, વિભાગ 'ખ' નો ક્રમાંક વિભાગ 'ક'ની સામે આપેલા કૌંસમાં લખો.

| | વિભાગ 'ક' | વિભાગ 'ખ' નો ક્રમાંક (જવાબ) | ક્રમાંક | વિભાગ 'ખ' |
|---|---|---|---|---|
| 1 | ક્રીડા | (.............) | 1 | સત્વ |
| 2 | અર્ક | (.............) | 2 | ધરતી |
| 3 | અવની | (.............) | 3 | આકાશ |
| 4 | આભ | (.............) | 4 | રમત |

## 18.9 તમે શું શીખ્યા

1. પતંગિયું અને ચંબેલીના સમન્વયથી પરીનું સર્જન કેવી રીતે થયું - તેની સમજ મળી છે.
2. બાળસૃષ્ટિની આબોહવા માણવા મળી છે.

## 18.10 વિશેષ પ્રવૃત્તિ

### (ક) કવિ પરિચય

કૃષ્ણલાલ શ્રીધરાણીનો જન્મ તા.16-9-1911માં અને મૃત્યુ તા. 23-7-1960માં થયું હતું. તે ભાવનગરના વતની હતા. તેમનાં કાવ્યો પર રવીન્દ્રનાથ ટાગોરની કવિતાનો પ્રભાવ જોવા મળે છે. 'કોડિયાં', 'પુનરપિ' એમના કાવ્યસંગ્રહો છે. તેમણે બાળનાટકો અને અન્ય નાટકો પણ લખ્યાં છે.

### (ખ) પૂરકવાચન / લેખન

(i) યોસેફ મેકવાનનું કાવ્ય 'પતંગિયું' મેળવીને વાંચો.
(ii) ફૂલપરીની આત્મકથા તમારા મિત્રને કહો.

## 18.11 અંતિમ સ્વાધ્યાય

1. આપેલી પંક્તિઓનું ભાવસૌંદર્ય સ્પષ્ટ કરો.

(i) ચંબેલીનો દેહ રૂડો, ને
પતંગિયાની પાંખ ધરી,
અવની, આભ, અનંતે ઊડે
મલકંતી મ્હેકંતી પરી.

2. પતંગિયું અને ચંબેલીના સમન્વયથી પરી કેવી રીતે બની - તે વાત ટૂંકમાં લખો.
3. આ દરેક શબ્દના બબ્બે પર્યાયવાચી શબ્દો આપો.

(i) આભ (ii) પુષ્પ (iii) દેહ (iv) પૃથ્વી

## પાઠ્ય પ્રશ્નોના જવાબો

### પાઠ્ય પ્રશ્નો 1

1. ચંબેલીને
2. કોડ
3. ફૂલ
4. ફૂલરાણી

### પાઠ્ય પ્રશ્નો 2

1. બ્રહ્માએ
2. સરસ્વતીની
3. આભમાં
4. પાંખો

### પાઠ્ય પ્રશ્નો 3

1. પતંગિયાને
2. મેઘધનુષી
3. પાંખો
4. ઊડવા માટે

### પાઠ્ય પ્રશ્નો 4

1. ચંબેલીનો
2. પતંગિયા
3. , મલકંતી

### પાઠ્ય પ્રશ્નો 5

1. (4)
2. (1)
3. (2)
4. (3)

# 19

# રસ્તા વસંતના

—મનોજ ખંડેરિયા

## 19.1 પ્રાસ્તાવિક

તમે જાણો છો કે બીજી બધી ઋતુઓ કરતાં વસંત વિશિષ્ટ ઋતુ છે. આ ઋતુમાં ફૂલો નવા રંગોથી શોભી ઊઠે છે. આંબા પર મ્હોર ફૂટે છે. સૂરજનો સોનેરી તડકો માણવા જેવો હોય છે. આવા જ મધુર ભાવો સાથે કલ્પનાના રંગો ભરીને મનોજ ખંડેરિયાએ 'રસ્તા વસંતના' કાવ્યમાં વસંતના રંગબેરંગી સૌંદર્યનું ભાવસભર શબ્દચિત્ર દોર્યું છે.

## 19.2 હેતુઓ

આ કાવ્ય ધ્યાનથી વાંચ્યા પછી તમે આટલું કરી શકશો.

- વસંતઋતુના કુદરતી સૌંદર્યનો ભાવ જાણી શકશો.
- વસંતઋતુ વિશેની કવિ-કલ્પના માણી શકશો.
- પ્રાસ વિશેષતા જોઈ શકશો.

## 19.3 પ્રવૃત્તિ



આ ચિત્ર જુઓ.

હવે, ચિત્ર જોઈને આ પ્રશ્નોના જવાબો આપો.

1. બાળકોના હાથમાં કઈ વસ્તુ છે ?

2. તે એનાથી શું કરે છે ?

3. તેમની રમત ક્યો તહેવાર સૂચવે છે ?

4. એ તહેવાર કઈ ઋતુમાં આવે છે ?

5. એ ઋતુમાં ખીલતા એક ફૂલનું નામ અને એનો આકાર કહો.

## 19.4 મૂળ પાઠ

હવે નીચેનું કાવ્ય મોટેથી બે-ત્રણવાર વાંચો.

### રસ્તા વસંતના

આ ડાળ ડાળ જાણે કે રસ્તા વસંતના
ફૂલો એ બીજું કૈં નથી, પગલાં વસંતનાં.

મલયાનિલોની પીંછી ને રંગો ફૂલોનાં લૈ
દોરી રહ્યું છે કોણ આ નકશા વસંતના.

આ એક તારા અંગે ને બીજો ચમન મહીં
જાણે કે બે પડી ગયા ફાંટા વસંતના.

મ્હેકી રહી છે મંજરી એકેક આંસુમાં
મ્હોર્યા છે આજ આંખમાં આંબા વસંતના.

ઊડી રહ્યાં છે યાદનાં અબીલ ને ગુલાલ
હૈયે થયા છે આજ તો છાંટા વસંતના.

ફાંટું ભરીને સોનું સૂરજનું ભરો હવે
પાછા ફરીને આવશે તડકા વસંતના !

**શબ્દાર્થ**

કૈં - કશું જ
મલયાનિલ - મલય પર્વતમાંથી આવતો શીતળ અને સુગંધી પવન
અંગ - શરીર
ચમન - બાગ
ફાંટા - શાખ, ભાગ
મ્હેક-મ્હેક - સુગંધી
મંજરી - મ્હોર, કૂંપળ
મ્હોરવું - ખીલવું , વિકસવું
છાંટા - ફરફર
ફાંટું - પોટકું, ફાંટ

## 19.5 પ્રવૃત્તિ

નીચે 'ક' વિભાગની પ્રકૃતિનો 'ખ' વિભાગમાંથી વસંતની વિશેષતા દર્શાવતા ભાવનો ક્રમાંક શોધી, 'ક' વિભાગની સામે આપેલા કૌંસમાં લખો :

| 'ક' વિભાગ (પ્રકૃતિ) | જવાબ | 'ખ' વિભાગ વસંતની વિશેષતાનો ભાવ |
|---|---|---|
| દરેક ડાળ | (............) | 1. પીંછી |
| ફૂલો | (............) | 2. રસ્તા |
| મલયાનિલ | (............) | 3. પગલાં |
| તડકો | (............) | 4. નકશા |
| ફૂલોના રંગો | (............) | 5. સોનું |

## 19.6 સમજૂતી

આ કાવ્યકૃતિના અંશોને હવે ક્રમેક્રમે સમજીએ.

## 19.6 એકમ 1

આ ડાળ ડાળ જાણે કે
રસ્તા વસંતના
ફૂલો એ બીજું કૈં નથી
પગલાં વસંતના.
મલયાનિલોની પીંછી
ને રંગો ફૂલોના લૈ
દોરી રહ્યું છે કોણ
આ નકશા વસંતના.

કવિ કહે છે કે વૃક્ષની દરેક ડાળ વસંતને આવવાનો માર્ગ છે. કવિ ફૂલોને વસંતનાં પગલાં કહે છે. મલય પર્વતમાંથી વાતો પવન શીતળ અને સુગંધી હોય છે.

કવિ આ પવનને વસંતનાં ચિત્રો દોરવાની પીંછી કહે છે; પરંતુ આ ચિત્રો દોરવા માટે રંગો તો જોઈએ જ ને ? કવિ કહે છે કે ફૂલોના રંગો વડે વસંતનું પ્રકૃતિચિત્ર અંકિત થઈ રહ્યું છે. કવિ પૂછે છે કે આ નકશા વસંતના કોણ દોરી રહ્યું છે ? પ્રકૃતિનો ચિત્રકાર તો પરમાત્મા સિવાય બીજો કોઈ હોઈ જ ન શકે.

**ટિપ્પણ**

કવિએ વસંતની પ્રકૃતિની આ વિશેષતાઓ દર્શાવવા માટે કેટલીક સંભાવનાઓ રજૂ કરી છે.

આ સંભાવનાઓ દર્શાવવા માટે 'જાણે' શબ્દનો ઉપયોગ કર્યો છે. ગુજરાતીમાં આ પ્રકારની રચનાને 'ઉત્પ્રેક્ષા અલંકાર' કહે છે .

જેમ કે - 'આ ડાળડાળ જાણે કે રસ્તા વસંતના'.

## પાઠગત પ્રશ્નો 19.1

નીચે 'ક' વિભાગમાં પ્રકૃતિ છે. 'ખ' વિભાગમાં સંભાવનાઓ છે. 'ક' વિભાગની પ્રકૃતિ સામે 'ખ'વિભાગની સંભાવનાઓનો ક્રમાંક 'ક' વિભાગની સામે આપેલા કૌંસમાં લખો.

દા.ત., ડાળ ડાળ (2)

| 'ક' વિભાગ (પ્રકૃતિ) | કૌંસ | 'ખ' વિભાગ (સંભાવનાઓ) |
|---|---|---|
| 1. ડાળ ડાળ | (....૨ ....) | 1. જાણે કે ચિત્રકારની પીંછી |
| 2. ફૂલો | ( ........) | 2. જાણે કે રસ્તા વસંતના |
| 3. મલયાનિલ | ( ........) | 3. જાણે કે વસંતનાં પગલાં |

## 19.6 એકમ 2

એક તારા અંગે ને બીજો ચમન<br>મહીં જાણે કે બે પડી ગયા<br>ફાંટા વસંતના.<br>મ્હેકી રહી છે મંજરી એકેક<br>આંસુમાં મ્હોર્યા છે આજ<br>આંખમાં આંબા વસંતના.

વસંત બે ભાગમાં વહેંચાઈ જાય છે. એક ભાગ ચમન તરફ જાય છે. બીજો ભાગ કવિના પ્રિયજનના અંગ તરફ જાય છે. પ્રિયજનના સ્મરણ કે વિયોગથી કવિની આંખો આંસુથી છલકાઈ જાય છે. કવિ એની રમ્ય કલ્પના કરતા કહે છે કે દરેક આંસુમાં આંબાની મંજરીઓ મ્હેકી રહી છે. આંખમાં આંબા મ્હોર્યા હોય એમ લાગે છે.

**ટિપ્પણ**

વસંતઋતુના આગમન સાથે જ પ્રકૃતિ નવા રંગ અન રૂપ ધારણ કરે છે. એનો સ્પર્શ માત્ર પ્રકૃતિ અંગોને ખીલવી દે છે. કવિ પ્રકૃતિની આ વાતને દર્શાવવા માટે વસંતના બે ફાંટા પડી જાય છે, એમ વિશિષ્ટ વાત કરે છે. વસંતનો સ્પર્શ ચમન(બાગ)ને થતાં આખો બાગ ખીલી ઊઠે છે. એનો મધુર સ્પર્શ કવિના પ્રિયજનને થતાં એનાં અંગો પણ ખીલી ઊઠે છે.

## પાઠગત પ્રશ્નો 19.2

કૌંસમાં આપેલા શબ્દોમાંથી યોગ્ય શબ્દ પસંદ કરી આપેલી ખાલી જગ્યા પૂરો.

શબ્દો : (પ્રિયજન, ખીલી, બે, આંબા, મંજરી, ચમન)

(i) વસંતનો માર્ગ_________ફાંટામાં વહેંચાઈ જાય છે.

(ii) એકભાગ કવિના ________ ના અંગ તરફ છે.

(iii) બીજો ભાગ ________ તરફ વળે છે.

(iv) વસંત જે માર્ગેથી પસાર થાય છે, તે માર્ગ વસંતના સૌંદર્યથી ________ ઊઠે છે.

(vi) કવિ દરેક આંસુને ________ કહે છે.

(vii) કવિ આંખોમાં ________ ઊગ્યાની સંભાવના રજૂ કરે છે.

## 19.6 એકમ 3

ઊડી રહ્યાં છે યાદનાં
અબીલ ને ગુલાલ
હૈયે થયા છે આજ તો
છાંટા વસંતના.
ફાંટું ભરીને સોનું
સૂરજનું ભરો હવે
પાછા ફરી ન આવશે
તડકા વસંતના.

કવિને પ્રિયજનની યાદ આવે છે. કવિ આ યાદને અબીલ અને ગુલાલ કહે છે. એ યાદનાં અબીલ-ગુલાલનો છંટકાવ કવિના હૈયે પણ થયો છે.

કવિ સૂરજના કૂણા અને સુવર્ણરંગી તડકાને (સૂરજનું) સોનું કહે છે. વસંતઋતુનો તડકો માણવા યોગ્ય હોય છે. કવિ કહે છે એ સમય વીતી જાય તે પહેલાં એ સૂરજના સોનાને માણી લો. પછીથી એ દિવસો ફરીથી આવશે નહીં.

### ટિપ્પણ

એકરૂપતા દર્શાવીને ભાષામાં અર્થ ચમત્કૃતિ લાવી શકાય છે. કવિએ **યાદનાં અબીલ અને ગુલાલ** કહ્યાં છે. કવિ વસંતના **સૂર્યપ્રકાશને સોનું** કહે છે. આવા એકરૂપતાદર્શક અલંકારને **'રૂપક અલંકાર'** કહે છે.

### પાઠ્ય પ્રશ્નો 19.3

આપેલા પ્રશ્નોના વિકલ્પોમાંથી સાચો વિકલ્પ શોધી આપેલી જગ્યામાં લખો.

(i) કવિ વસંતના તડકાનાં પોટકાં-ફાંટ ભરી લેવા કહે છે, કારણ કે ________________

વિકલ્પો : (ક) એ તડકો બજારમાં વેચાતો મળતો નથી.
(ખ) પોટકાં કે ફાંટ ભરી મૂક્યાં હોય તો જ્યારે જોઈએ ત્યારે વાપરી શકાય.
(ગ) એ તડકો ફરી મળશે નહીં.

## 19.7 કાવ્યનો ભાવાર્થ

આપણે એમ બોલીએ છીએ કે વસંતઋતુ આવી; પણ ક્યાં થઈને આવી ? કવિ કહે છે કે વૃક્ષોની ડાળીએ-ડાળીએ થઈને આવી. તેથી દરેક ડાળ ફળ-ફૂલોથી ભરપૂર બની જાય છે. આ વસંતઋતુના નકશા કોણ દોરે છે ? મલય પર્વતમાંથી પસાર થતા શીતલ-સુગંધી પવનરૂપી પીંછીથી અને ફૂલોમાંથી રંગો લઈ પરમાત્મા એ નકશા દોરી રહ્યા છે. બાગને વસંતનો સ્પર્શ થતાં બાગ ખીલી ઊઠે છે. કવિના પ્રિયજનને વસંતનો સ્પર્શ થતાં પ્રિયજનનું પ્રત્યેક અંગ ખીલી ઊઠે છે.

પ્રિયજનનું સ્મરણ થતાં આંખો આંસુથી ભીંજાઈ જાય છે. કવિ આવા આંસુને આંબાની મ્હોરેલી મંજરીઓ કહે છે. આવી આંખોમાં આંબા મ્હોર્યા હોય - એવો વિશિષ્ટ ભાવ કવિ અનુભવે છે. કવિ આ યાદને અબીલ અને ગુલાલ કહે છે. આ અબીલ અને ગુલાલનો છંટકાવ કવિના હૈયામાં પણ થયો છે.

સૂરજનો તડકો સોનેરી હોય છે. એમાંય વસંતઋતુનો તડકો કૂણો અને સોનેરી હોય છે. આવો હૂંફાળો તડકો માણવા જેવો હોય છે. કવિ સૌને એનાં પોટકાં કે ફાંટ ભરી લેવા કહે છે. કેમ કે આવો તડકો ફરીથી મળશે નહીં.

## 19.8 કલાસ્વરૂપ

**(ક) કાવ્યપ્રકાર :** આ કાવ્ય ગઝલ સ્વરૂપમાં લખાયેલું છે. તે મૂળ ઉર્દૂમાંથી ગુજરાતીમાં ઊતરી આવેલું કાવ્ય સ્વરૂપ છે. એમાં દરેક કડી (પંક્તિ જોડકું)ને શેર કહેવામાં આવે છે. પહેલા શેરની બંને પંક્તિઓને છેડે પ્રાસ હોય છે. પછીના દરેક શેરની બીજી પંક્તિ, પહેલી કડીના પ્રાસ સાચવે છે.

**(ખ) ભાષાશૈલી :** આ કાવ્યમાં ગઝલ સ્વરૂપમાં હોવાથી એમાં દરેક શેરની બીજી પંક્તિમાં પ્રાસ ચમત્કૃતિ જોવા મળે છે.

પ્રથમ શેર : પગલાં વસંતનાં

બીજો શેર : નકશા વસંતના

ત્રીજો શેર : ફાંટા વસંતના

ચોથો શેર : આંબા વસંતના

પાંચમો શેર : છાંટા વસંતના

છઠ્ઠો શેર : તડકા વસંતના

કવિએ સરળ ભાષામાં અને સૌને સમજાય તેવા શબ્દોમાં અત્યંત મધુર અર્થવાળી ગઝલરચના કરી છે. વસંત જે રસ્તે થઈને આવે છે તે રસ્તે-રસ્તે પ્રકૃતિ સર્વાંગે ખીલી ઊઠે છે. પ્રકૃતિ અંગો સાથે-સાથે માનવમન પણ મલકી ઊઠે છે - એવો સુંદર કલ્પનાભાવ કવિએ આ કાવ્યમાં રજૂ કર્યો છે. રૂપક અલંકારના પ્રયોગથી કાવ્યનો અર્થ વધારે અર્થપૂર્ણ બન્યો છે. 'ડાળ' શબ્દની દ્વિરુક્તિ પણ કવિએ સાર્થક રીતે કરી છે.

---

### પાઠગત પ્રશ્નો 19.4

---

(i) આપેલા દરેક શબ્દના બબ્બે પર્યાય શબ્દ આપો.

પવન, સુગંધ, શરીર, બાગ

(ii) અંગ, રંગ ............ પ્રાસ દર્શાવતા બીજા બે શબ્દ પ્રાસ લખો .

## 19.9 તમે શું શીખ્યા

(1) મનોજ ખંડેરિયાએ દર્શાવેલી વસંતની વિશિષ્ટતાઓની સમજ મળી છે.

(2) ગઝલ સ્વરૂપનો સામાન્ય ખ્યાલ આવ્યો છે.

(3) કાવ્યની પ્રાસ રચનાની સમજ મળી છે.

## 19.10 વિશેષપ્રવૃત્તિ

**(ક) કવિ પરિચય :** મનોજ વ્રજલાલ ખંડેરિયાનો જન્મ તા. 6-7-1943ના દિવસે જૂનાગઢમાં થયો હતો. વિજ્ઞાન અને કાયદાશાસ્ત્રના સ્નાતક છે. વ્યવસાયે વકીલ છે. કાવ્યરચના એમનો મુખ્ય રસ છે. 'અચાનક' અને 'અટકળ' એમના પ્રસિદ્ધ કાવ્યસંગ્રહો છે. તેમણે થોડાંક ગીતો તેમજ છંદોબદ્ધ કાવ્યો પણ લખેલાં છે. પરંતુ ગુજરાતી સાહિત્યમાં તે ગઝલકાર તરીકે જ ખૂબ જાણીતા છે.

**(ખ) પૂરકવાચન/લેખન**

(i) વસંતઋતુ વિશેનું સુરેશ દલાલનું 'તમને ખબર છે !' કાવ્ય મેળવીને વાંચો.

(ii) ઉપરના કાવ્યમાંની વિગતો ઉપરાંતની બાબતો લઈને વસંતઋતુ વિશે બે ફકરા લખો.

## 19.11 અંતિમ સ્વાધ્યાય

1. નીચે આપેલી પંક્તિઓનું ભાવસૌંદર્ય સ્પષ્ટ કરો.

   (i) ફાંટું ભરીને સોનું સૂરજનું ભરો હવે
   પાછા ફરી ન આવશે તડકા વસંતના.

2. 'રસ્તા વસંતના' કાવ્યમાં રજૂ થતી વસંતની વિશેષતાઓ તમારા શબ્દોમાં લખો.

3. આ શબ્દોના વિરોધાર્થી શબ્દો આપો. દુર્ગંધ, યાદ, ખીલવું

### પાઠ્ય પ્રશ્નોના જવાબો

**પાઠ્ય પ્રશ્નો 1**

(ક)

(i) (2)
(ii) (3)
(iii) (1)

**પાઠ્ય પ્રશ્નો 2**

(i) બે (ii) પ્રિયજન (iii) ચમન (iv) ખીલી
(v) મંજરી (vi) આંબા

**પાઠ્ય પ્રશ્નો 3**

(i) (ગ) એ તડકો ફરી મળશે નહીં.

**પાઠ્ય પ્રશ્નો 4**

(i) પવન - સમીર, વાયુ
સુગંધ - સુરભી, સુવાસ
શરીર - દેહ, તન
બાગ - ઉદ્યાન, બગીચો

(ii) અંગ, રંગ, સંગ, ઢંગ

# 20

# મારી મા

- કુન્દનિકા કાપડીઆ

## 20.1 પ્રાસ્તાવિક

આપણે જોઈએ છીએ કે મોંઘવારીને કારણે હેરાન-પરેશાન થતાં લોકો કેવી રીતે જીવે છે ! કેટલીયે મુશ્કેલીઓનો સામનો કરતા લોકો જીવનમાં કેટલાંય સપનાંઓ પણ સજાવે છે. ખાસ કરીને મા-બાપ પોતાનાં સંતાનો માટે હંમેશાં ઘણી ઘણી આશાઓ રાખતા હોય છે.

'મારી મા' વાર્તામાં પણ માતાના સુંદર સપનાને દીકરીએ કઈ રીતે સાકાર કરી બતાવ્યું તેની વાત છે. મુશ્કેલ પરિસ્થિતિમાં સ્વમાનભેર કામ કરીને માએ દીકરીને ભણાવી અને તે ડૉક્ટર બની ત્યારે મા-દીકરીનું આનંદનું/જીવનનું/ ધ્યેયનું શિખર સિદ્ધ થયું. અહીં સ્વાવલંબન, અથાગ પરિશ્રમ અને તેનું સુંદર પરિણામ વગેરે બાબતોનું સરળતાથી નિરૂપણ થયેલું છે. વાર્તાનું શીર્ષક જ કેવું સુંદર છે! 'મારી મા' શબ્દમાં નાયિકાનો માતા પ્રત્યેનો સ્નેહભાવ અને નિકટતાનો ભાવ પ્રેમપૂર્ણ રીતે વ્યક્ત થાય છે.

## 20.2 હેતુઓ

આ વાર્તાને વાંચીને, સમજીને તમે નીચે પ્રમાણેની બાબતોને જાણી શકશો.

- નવલિકાના સ્વરૂપને વાર્તાની દૃષ્ટિએ સ્પષ્ટ કરી શકશો.
- બાળકના જીવનમાં પિતાના વિયોગનું દુઃખ કેવુ હોય તે જાણી શકશો.
- નાયિકાની માતાના સ્વાવલંબી સ્વભાવની દરેક વિશેષતાઓને દર્શાવી શકશો.
- માતાપુત્રીની સમજશક્તિ અને પરસ્પરના વ્યવહારનું વિશ્લેષણ કરી શકશો.
- સંતાનની પ્રગતિ માટે માતા કેવાં સ્વપ્ન સેવે છે અને તે પૂર્ણ કરવા કેટલી જહેમત ઉઠાવે છે તે સ્પષ્ટ કરી શકશો.
- લેખિકાની સરળ ભાષાશૈલી અને હૃદયમાંથી સોંસરવા નીકળતા ભાવોનું વિશ્લેષણ કરી શકશો.

## 20.3 પ્રવૃત્તિ



ઉપરનું ચિત્ર જુઓ અને નીચે આપેલા પ્રશ્નોના ઉત્તર આપો.

1. ચિત્રમાં રહેલ સ્ત્રી શું કરી રહી છે ?

2. ચિત્રમાં રહેલ બાળકી શું કરે છે ?

3. સ્ત્રી શું વિચારી રહી છે ?

ખરી વાત છે, તમે બહુ સાચા જવાબ આપ્યા છે. ચિત્રમાં રહેલ સ્ત્રી કપડાં સીવી રહી છે અને તેની બાજુમાં બેઠેલી તેની દીકરી લેશન કરે છે. સ્ત્રી સીવતાં સીવતાં દીકરીને ડૉક્ટર બનાવવાની આશાઓ વિશે વિચારી રહી છે. તો આવો આપણે આવી મા-દીકરીની આ સરસ વાર્તા એકવાર વાંચી લઈએ.

## 20.4 મૂળ પાઠ

એકમ - 1

# મારી મા

શરદઋતુની સફેદ રાતોનું આકાશ જોઉં છું ત્યારે મને મારી મા સાંભરે છે. તે એવી હતી : એવી સ્વચ્છ, એવી વિશાળ, એવી પારદર્શક - અને એના વાત્સલ્યમાં ક્યાંક રહસ્યમયતાનો ભૂખરો રંગ, જે સમજી ન શકાય અને છતાં તેથી એના હૃદયની પારદર્શકતામાં બાધા ન આવે.

**અઘરાં શબ્દો**

પારદર્શક - આરપાર જોઈ શકાય તેવું
વાત્સલ્ય - સ્નેહ
રહસ્યમય - ન સમજાય તેવું
પરસાળ - ઓસરી
જીર્ણ - જૂની
વ્યથા - વેદના
નીરવ - અવાજ વિનાનું

# 5

# મારી વ્યાયામસાધના

જ્યોતીન્દ્ર દવે

## 5.1 પ્રાસ્તાવિક

તમને કુસ્તી કરવી ગમે ને ? કદાચ ન પણ ગમે ખરું ને ? આવો આપણે આવા કસરત કે કુસ્તીની મહેનત કરવી નથી ગમતી તેવા એક નાયકની વાત જાણીએ. જોકે શારીરિક નહિ તો માનસિક કુસ્તી કરનારા પણ કેટલાક હોય છે હોં ! આપણા આ નાયક પણ એવા જ વિચારોની કુસ્તી કરવાવાળા અને વાતચીતથી જ પહેલવાનને પણ હરાવી દે તેવા છે. આવો આપણે આવી રમૂજ કરાવે તેવા હાસ્ય લેખક શ્રી જ્યોતીન્દ્ર દવેની વ્યાયામસાધના જોઈએ.

## 5.2 હેતુઓ

નિબંધ કૃતિ વાંચીને, સમજીને તમે નીચે મુજબ કરી શકશો :

- વ્યાયામનું મહત્ત્વ જીવનમાં ઉતારી શકશો.
- નાયકની વ્યાયામ કરવા વિશેની મુખ્ય ઘટનાઓનું સ્મરણ કરી શકશો.
- લેખકની ભાષા-શૈલી પર ટિપ્પણી કરી શકશો.
- હાસ્યરસના નિબંધનાં લક્ષણોને વર્ણવી શકશો.

## 5.3 પ્રવૃત્તિ

નીચે આપેલું ચિત્ર ધ્યાનથી જુઓ :



સ્રોત - ઝરણું (મૂળ)
અનુમાન - ધારણા
પાંખા - આછાં
ધૈર્ય - ધીરજ

સ્તરે તે તેમનો મુકાબલો ન કરી શકે એ હું સમજું છું (અને બૌદ્ધિકો શું દુનિયાનું હંમેશાં ભલું કરતા હોય છે ?) ફિલસૂફી, ચિંતન, ઇતિહાસ, સાહિત્ય, સંગીત વિશે તે કશું જાણતી નહોતી. પણ અનંત ધૈર્ય અને શાંત આનંદ સાથે મુશ્કેલીઓ વેઠીને તેમાંથી પાર ઊતરવાની શક્તિ, પરિસ્થિતિનો સમજપૂર્વક સ્વીકાર અને પોતાની સારપનું પૂર્ણ પ્રાગટ્ય - આ બાબતોએ તેને ઘણા ઊંચા શિખરે પહોંચાડી દીધી હતી. લોકો પોતાની શક્તિ ને સત્તાનો લાભ લેતા હોય છે, તો પોતાની નિરાધારતા ને અસહાયતાનો પણ લાભ લેતા હોય છે - પોતાનેય ખબર ન પડે એ રીતે. પણ માએ કદી કોઈની અપેક્ષા નહોતી રાખી. મને તે હંમેશાં શક્તિના એક ભંડાર સમી લાગી હતી અને એનો સ્રોત ક્યાં છે તેનું ફક્ત મેં અનુમાન જ કર્યું હતું.

તેના દેખાવ વિશે તમે પૂછો તો હું બરાબર જવાબ ન આપી શકું. જૂનાં, મોટા ભાગે થીગડાંવાળાં કપડાં, પાંખા પડી ગયેલા વાળ, સોયમાં દોરો પરોવવા માટે પહેરવા પડતાં ચશ્માં, એક અભણ ગ્રામ્ય સ્ત્રી, પણ હું ધારું છું કે તે સુંદર હતી ને તેના મોં પરથી સદાય તેજ ફૂટતું હતું.

**એકમ - 3**

ગામડાની નિશાળમાં હું ભણી રહી પછી તેણે મને મારા મામાને ત્યાં શહેરમાં ભણવા મૂકી. મને મોકલતી વખતે રડી નહિ. 'તારા વગર એકલાં મને ગમશે નહિ'- કહીને તે ઢીલી થઈ ગઈ નહિ. રોજ હું નિશાળે જે સ્વાભાવિક રીતે જતી, તે જ રીતે હું શહેરમાં ગઈ. પણ જ્યારે રજાઓમાં હું ઘેર આવતી ત્યારે મને લાગતું, તે પહેલાં કરતાં કંઈક વધુ દૂબળી પડી ગઈ છે. મને જોઈને તે ખૂબ ઉલ્લાસમાં આવી જતી,'તું આવે છે ત્યારે ઘરમાં જાણે સવાર ઊગતી હોય એમ લાગે છે'-એક વાર તેણે મને કહેલું.

મારાં કપડાં તે સીવતી અને મારા ખર્ચના પૂરા પૈસા તે મને માગ્યા વગર આપતી. આજે હવે એ વિશે વિચાર કરું છું ત્યારે મને નવાઈ લાગે છે કે મારા ભણતરનો આટલો દીર્ઘ બોજ તેણે શી રીતે વેઠ્યો હશે ! તેણે કોઈ દિવસ પૈસા વિશે, અભાવો વિશે, પોતાને કરવી પડતી મજૂરી વિશે ચર્ચા કરી નહોતી. આપણે ગામડાનાં ગરીબ માણસ, આપણે ઓછા ખર્ચે સાદાઈથી રહેવું જોઈએ - એવો તેણે મને કદી ઉપદેશ આપ્યો નહોતો. પણ તેના જીવનમાં જ એવું કંઈક હતું કે હું તેની મહેનતને પવિત્ર ગણતાં અનાયાસ શીખી ગઈ હતી ને મેં કદી દુર્વ્યય કર્યો નહોતો. મને યાદ રહેતું કે મારા જીવનનું જે સોનેરી વણાટ થઈ રહ્યું છે તેને માટે તે પોતાનું શરીર કાંતી રહી છે.

જીવનની કેટલીય વાતો અશબ્દ રીતે, ચુપચાપ સમજવાની હોય છે, ને હું ચુપચાપ એ સમજતી જતી હતી. તે તો હંમેશા પ્રસન્ન રહેતી ને અવારનવાર ગીત ગાયા કરતી. હું રજાઓમાં ઘેર આવું ત્યારે અમે ખૂબ વાતો કરતાં અને ખૂબ હસતાં. કશી ખાઈ પડતી નહિ, સેતુ તૂટતો નહિ. હું તેને મામાના ઘરની, શહેરની, નિશાળની, મારી સખીઓની ને શિક્ષકોની વાતો કરતી. તે ગામની નદીની, રસ્તાની, આમલીના ઝાડની, પડોશીની માંદગીની, ફ્રોકની, તેણે નવી ડિઝાઇન શોધી કાઢી હોય તેની વાતો કરતી. ઉનાળાની, તારાઓથી ચમકતી રાતોએ અમે મોડે સુધી આંગણામાં બેસતાં. અમારી વાતોમાંથી એક શીળો અનુરાગ ઝરતો અને અમારા માટીના ઘરની

ભીંતો પર ઉજાસ બનીને લેપાતો. માની આંખોમાં વિશ્વાસ ઝગમગી ઊઠતો - જાણે બે શ્યામ રત્નો.

'આ ગામમાં ડૉક્ટર કોઈ નથી, તું ડૉક્ટર બનીશ ને ?' - તેણે એક વાર કહેલું ને અચાનક મને સ્ફુરેલું કે મારા બાપા - તે કદાચ દવા વિના મૃત્યુ પામ્યા હશે. કદાચ ત્યારથી જ માએ નક્કી કર્યું હશે કે મને ડૉક્ટર બનાવવી. ભણવામાં હું હંમેશ તેજસ્વી રહી હતી. મેડિક્લ કૉલેજમાં મને સહેલાઈથી પ્રવેશ મળી ગયો. એક પછી એક પરીક્ષાઓ હું ઉત્તમ રીતે પસાર કરતી રહી.

અને પછી મેં છેલ્લી પરીક્ષા આપી. એના પરિણામનો દિવસ નજીક આવ્યો. અમારું ગામ એટલા અંદરના વિસ્તારમાં હતું કે ટ્રેનમાંથી ઊતરી બસ પકડવી પડે અને બસમાંથી ઊતર્યા પછી કાચા રસ્તા પર બે-અઢી માઈલ જેટલું ચાલવું પડે. ત્યાં તો તાર-કચેરી પણ નહોતી, એટલે પરિણામના બે-ત્રણ દિવસ પહેલાં જ હું શહેરમાં ગઈ. આ પરિણામ પર મારા ભાવિ જીવનનો આધાર હતો. મારી માની સકળ સંચિત આશાઓ, આકાંક્ષા અને પરિશ્રમના સાફલ્યની એ ક્ષણ હતી. તેને પૂરો વિશ્વાસ હતો કે હું ખૂબ સારી રીતે પસાર થઈશ, પણ મારા મનમાં શંકા ઝબકી જતી કે કદાચ પાસ ન થાઉં તો...?

આકાંક્ષા - મહેચ્છા
પરિશ્રમ - મહેનત
સાફલ્ય - સફળતા

**એકમ - 4**

પરિણામ આવ્યું. એમ.બી.બી.એસ.ની એ ત્રીજી ને છેલ્લી પરીક્ષામાં હું બધા વિદ્યાર્થીઓમાં પ્રથમ આવી હતી. પરિણામ જાણ્યું ત્યારે હું એટલા બધા આનંદથી ઊભરાઈ ગઈ કે મા એ વખતે પાસે હોત તો એને ઊંચકીને હું નાચત. શિક્ષકો, સહાધ્યાયીઓ અને સખીઓનાં અભિનંદનના વરસાદમાં હું નહાઈ રહી. હું ખુશ, ખૂબ ખુશ હતી.

અચાનક પ્રિન્સિપાલની ઑફિસમાંથી મને કારકુન બોલાવવા આવ્યો. 'તમારે ગામથી કોઈ બાઈ આવ્યાં છે. કહે છે કે, એ તમારાં પડોશણ છે. તમને બોલાવે છે.'

મારા હૃદયમાં ફાળ પડી. કોણ હશે ? સુશીલા માસી ? લલિતા માસી ? માને કંઈ થયું હશે ? હજુ ત્રણ દિવસ પહેલાં જ તો તેની પાસેથી હું આવી છું. અચાનક શું થઈ ગયું ? મારી આ પરમ સિદ્ધિની ક્ષણોનો ફૂલગુચ્છ હું તેને શું ધરી નહિ શકું ? મને કેટલી ઇચ્છા હતી કે હવે મારી માને હું ખૂબ સુખમાં રાખીશ. અત્યાર સુધી તેના ચરણ કંટકવાટે ચાલ્યાં છે, હવે તેની જીવનવાટ પર હું આરામ અને સંતોષનો નરમ ગાલીચો બિછાવી દઈશ... અને માને અચાનક શું થયું ?

ફાળ પડવી - ચિંતા થવી
ક્ષણ - ઘડી
કંટક - કાંટા
વાટ - રસ્તો

હું દોડતી પ્રિન્સિપાલની ઑફિસ તરફ ધસી ગઈ. મારી આંખો ધૂંધળી બની ગઈ. પગમાં અસ્થિરતા આવી ગઈ.

ત્યાં ઑફિસમાં તો કોઈ નહોતું. પ્રિન્સિપાલે કહ્યું :' ત્યાં દરવાજા પાસે એક બહેન ઊભાં છે. મને તમારા વિશે પૂછ્યું. મેં અંદર આવવાનું કહ્યું , પણ આવ્યાં નહિ. તમારે ગામથી આવ્યાં છે તેમ કહે છે. ત્યાં દક્ષિણના ફાટક પાસે...'

હું ફરીને દોડી. મારી આંખે અંધારાં આવતાં હતાં. હે ભગવાન, મારી માને કંઈ ન થવા દેજો...

હું ફાટકની નજીક પહોંચી, સામે ઊભેલી સ્ત્રી તરફ જોયું ને મારા મોંમાથી ચીસ નીકળી ગઈ. 'મા તું ?'

મા હસી, એનું રોજનું સ્નિગ્ધસુંદર હાસ્ય. આંખોમાં પેલાં બે શ્યામ રત્ન ઝગી ઊઠ્યાં. 'તારા પરિણામનો દિવસ હતો ને ? મને હતું જ કે તું પહેલી આવીશ. મને તારા શિક્ષકે કહ્યું. આ જો, તારા માટે હું તને ભાવતી સુખડી લાવી છું.'

તેણે જુદા જુદા કાપડના નાના રંગીન ટુકડા જોડીને બનાવેલી થેલીમાંથી એક પિત્તળનો ડબ્બો કાઢીને ઉઘાડ્યો.

અનંત ચીત્કારોથી મારું હ્રદય ભરાઈ ગયું. 'મા, તું ચાલીને આવી ? તું કઈ રીતે અહીં સુધી પહોંચી ? શી રીતે તેં કૉલેજ શોધી કાઢી ?' અને મેં તેને ઠપકાપૂર્વક પૂછ્યું :'મા, તેં તારી ઓળખ ન આપી ? કહ્યું નહિ કે તું મારી મા છે ? પડોશણ છે, એમ કહ્યું ?'

માએ પોતાના થીંગડાંવાળા સાડલા તરફ જોયું. જીર્ણ ફાટેલા ચંપલ તરફ જોયું. ધીમેથી બોલી :'તેઓ જાણે તો કેટલું ખરાબ લાગે કે આવી ગામડિયણ તારી મા છે?'

મારી આંખમાં આંસુનો ધોધ ઊભરાયો. ઓ મા, તું શી રીતે જાણે કે દુનિયામાં ઊંચામાં ઊંચી ગણાતી વસ્તુ તારી પાસે કશી વિસાતમાં નથી ? હું તેનો હાથ પકડી તેને અંદર લઈ ગઈ. તે કંઈક અચકાતી, સંકોચાતી આવી. આવડો મોટો સમૂહ, સુવેશધારી લોકોનાં આટલાં મોટાં ટોળાં તેણે કદાચ પહેલાં જોયાં નહોતાં. હું તેને પ્રિન્સિપાલની ઑફિસમાં લઈ ગઈ :' સર, આ મારી મા છે, મારી બધી સિદ્ધિઓનો યશ તેને છે. હું જે છું તે તેના લીધે છું...' મારું ગળું રુંધાયું. 'સર, તે છેક ગામથી આવી. બે-અઢી માઈલ ચાલીને, બસમાં ને ટ્રેનમાં મુસાફરી કરીને ...' મારો અવાજ ભાંગી ગયો. પ્રિન્સિપાલે મારી પીઠ પર આશ્વાસનનો હાથ મૂક્યો. 'હું સમજું છું...' તેમણે અસ્પષ્ટ સ્વરે કહ્યું અને મને લાગ્યું કે તેમનોયે અવાજ ભીંજાઈ ગયો હતો. માએ સહેજ સંકોચાતાં, સહેજ હસતાં ડબ્બો ઉઘાડ્યો ને મારી સામે સુખડી ધરી, પણ મેં એ ટુકડો એના જ મોંમા મૂકી દીધો. 'મારા જીવનમાં જે કાંઈ સુંદર છે, સાર્થક છે, સફળ છે, તે તારે માટે છે, મા...' પ્રિન્સિપાલ આદર અને આનંદથી મા સામે જોઈ રહ્યા. મા મીઠું શરમાળ હસી, તેની આંખનાં શ્યામ રત્નો ઝગી ઊઠ્યાં.

એ પ્રકાશને લીધે જ આજે મારું જગત ઊજળું છે અને મારા ગામની ધૂળિયા ગલીઓનું પણ.

**સ્નિગ્ધ** - કોમળ
**વિસાત** - હિસાબ/ગણતરી
**સુવેશધારી** - સારાં કપડાં પહેરેલા
**સાર્થક** - અર્થવાળું, સફળ

## 20.5 પ્રારંભિક પ્રશ્નો

આવો, આગળ વધતાં પહેલાં આપણે એક પ્રવૃત્તિ કરીએ. નીચે વાર્તામાં આવતી મુખ્ય ઘટનાઓ આપી છે, પરંતુ તેનો ક્રમ યોગ્ય નથી. તમે બાજુના ચોરસમાં તેને યોગ્ય ક્રમ આપો.

1. નાયિકાને શહેરમાં ભણવા મૂકી. ☐
2. નાયિકાની માતાએ તેને ડૉક્ટર બનાવવાનો નિશ્ચય કર્યો. ☐
3. માતા-પુત્રી રજાના દિવસોમાં ખૂબ વાતો કરતા. ☐

4. નાયિકાનો એમ.બી.બી.એસ.માં પ્રથમ નંબર આવ્યો. ☐

5. નાયિકાને મેડિકલ કૉલેજમાં પ્રવેશ મળ્યો. ☐

6. નાયિકાએ છેલ્લી પરીક્ષા આપી. ☐

7. નાયિકાને તેની માતા કૉલેજમાં મળવા આવી. ☐

## 20.6 (ક) સમજૂતી

### એકમ - 1

આગળ વધતાં પહેલાં વાર્તાના પહેલા ભાગને એકવાર ફરીથી વાંચી લો.

વાર્તાની શરૂઆતમાં જ નાયિકાએ પોતાની માતાનો સરસ રીતે પરિચય આપ્યો છે. શરદઋતુની શીતળ રાતોમાં સફેદ વાદળાંઓથી ભરેલું આકાશ જેમ સ્વચ્છ, વિશાળ અને આરપાર જોઈ શકીએ તેવું ચોખ્ખું લાગે છે તેવી જ નાયિકાની માતા છે. સ્નેહનું ઊંડાણ અને હૃદયની પારદર્શકતા માતાના ઉત્તમ ગુણો છે. નાયિકાની માએ ખૂબ મુશ્કેલી સહન કરીને દીકરીને ઉછેરી છે.

ત્રીજા ફકરામાં નાયિકાની માતાએ બીજા લોકોનાં કપડાં સીવીને, કમાણી કરીને દીકરીને ઉછેરી છે તે બાબતની સાથે સાથે નાયિકાના પિતા મૃત્યુ પામ્યા છે તે વાત આપણે જાણી શકીએ છીએ. નાયિકા નાની હતી ત્યારે જ તેના પિતા મૃત્યુ પામ્યા તેથી તેને તેમના વિશે બહુ યાદ નથી. છતાં પણ તેનાં જીવનમાં ' બાપાજી'નું નામ મીઠાશપૂર્ણ રીતે વ્યાપેલું છે. નાયિકા માતા-પિતામાં ભગવાનનું સ્વરૂપ જુએ છે એ તેની અડગ શ્રદ્ધા બતાવે છે. કેટલાક લોકો ભગવાન વિશેની વાતોને માત્ર કલ્પના જ માને છે પણ નાયિકાને તો દૃઢ વિશ્વાસ છે કે ભગવાન છે જ. કારણ કે તેને પોતાની માતામાં ભગવાનનાં દર્શન થાય છે.

**ભાષા સંબંધી જ્ઞાન :**

• પહેલા ફકરામાં તમે જોશો કે માતાના ગુણોની સરખામણી શરદઋતુના આકાશ સાથે કરવામાં આવી છે. હૃદયની સ્વચ્છતા, વિશાળતા, પારદર્શકતા અને સ્નેહના ઊંડાણનો રહસ્યમય ભૂરો રંગ આ બધું સરખાપણું આકાશ અને માતાના ગુણોમાં રહેલું છે. ભાષામાં આવી સરખામણીને **ઉપમા અલંકાર** કહેવામાં આવે છે. જેમ આભૂષણથી આપણે સૌ શોભીએ છીએ તેમ આવા અલંકાર (આભૂષણ)થી ભાષા શોભી ઉઠે છે.

• આ પ્રમાણે જ ''માનસપટ પર જાણે એક લીલો અંકુર ફૂટતો હોય કે એક તારાનો તેજ લીસોટો અંકાતો હોય એવી રીતે એક શબ્દ ફૂટી-ઉગી ઉઠે છે, બાપાજી'' આ વાક્યમાં 'બાપાજી' શબ્દની લીલા અંકુર અને તારાના તેજ સાથે સરખામણી કરતાં વચ્ચે 'જાણે' શબ્દ મૂકી અનુમાનનો ભાવ ઉત્પન્ન થયો છે. જેને ઉત્પ્રેક્ષા અલંકાર કહેવાય છે.

• 'ભગવાન છે કારણ કે મારી મા છે' આ વાક્યમાં નાયિકા માટે ભગવાન અને તેની માતા એકરૂપ બની જાય છે. અહીં માતા ભગવાન જેવી છે તેમ સરખામણી નહીં પણ માતા એ જ ભગવાન છે એવો ભાવ ઉત્પન્ન થાય છે. જેને **રૂપક અલંકાર** કહેવામાં આવે છે.

## પાઠગત પ્રશ્નો 20.1

એકમ 1ના આધારે નીચેના પ્રશ્નોના ટૂંકમાં ઉત્તર આપો.

1. નાયિકાએ માતાની સરખામણી શાની સાથે કરી છે ?

2. નાયિકાની માતા કઈ રીતે કમાણી કરતી ?

3. નાયિકાને તેના પિતાની વાતો શા માટે યાદ નહોતી ?

4. નાયિકાને 'બાપાજી' શબ્દ કેવો લાગે છે ?

5. નાયિકાને કોનામાં ભગવાનનું રૂપ દેખાય છે ?

**20.6 (ખ)**

**એકમ - 2**

હવે આગળ વધતાં પહેલાં પાઠનો બીજો ભાગ ફરીથી વાંચી લો. વાર્તાના આ ભાગમાં નાયિકાની માતા સતત કામ કર્યા જ કરતી તેનું સુંદર વર્ણન છે. મા બીજા લોકોનાં કપડાં સીવતી, ગ્રાહકો સાથે વાતો કરતી, ગીત ગાતી ને આનંદથી કામ કરતી. સાથે સાથે ઘરસફાઈ, રસોઈ, પાણી ભરવું, કપડાં ધોવાં, દાણા દળવા વગેરે કામ પણ આનંદભેર કરતી. તે ક્યારેય કામની કે થાકની ફરિયાદ પણ ન કરતી. આ બધી વિગત પરથી આપણે જાણી શકીએ છીએ કે નાયિકાની મા ખૂબજ મહેનતુ હતી અને ગૌરવપૂર્વક પોતાનું કામ કર્યા કરતી. તો વળી કોઈ માંદું હોય તો તેની ખબર કાઢવા કે મદદ કરવા પણ તે પહોંચી જતી. અહીં તેની વ્યવહારકુશળતાનો ગુણ પણ દેખાય છે. આ બધું કામ કરતાં કરતાં તેણે પોતાની દીકરીને ખૂબ ભણાવવાનો (ડોક્ટર બનાવવાનો) દૃઢ નિશ્ચય કરી લીધો હતો અને તે માટે તે અથાગ મહેનત કર્યા જ કરતી.

માતામાં રહેલ પ્રામાણિકતા, મહેનતપણું, કામનું ગૌરવ, કુરબાન થવાની ભાવના એ બધાં ગુણોને લીધે તે જગતની કોઈ પણ બુદ્ધિશાળી સ્ત્રીની સામે ઊભી રહી શકે તેમ હતી. જાણે તે ગામડાંની સાદી-સીધી અભણ સ્ત્રી હતી, તેનામાં તત્ત્વજ્ઞાન, ચિંતન, ઇતિહાસ, સાહિત્ય કે સંગીત જેવા વિષયોનું જ્ઞાન ન હતું છતાંપણ અખૂટ ધીરજ, શાંત આનંદ, મુશ્કેલી સહન કરીને પાર ઊતરવાની શક્તિ અને પરિસ્થિતિને સમજવાની આવડત તેમજ સારાપણાંના ગુણો તેનામાં સંપૂર્ણ રીતે પ્રગટ થતા હતા તેથી તે વધુ ઉજળી લાગતી હતી. તે સ્વમાની અને સ્વાવલંબી હતી. તે શક્તિના ભંડાર જેવી હતી. નાયિકાની પ્રગતિ એ જ આ શક્તિનું ઝરણું (મૂળ) હોઈ શકે તેમ આપણે આ નાયિકાની જેમ ધારણા કરી શકીએ, બરાબર ને?

માતાનો દેખાવ તો સામાન્ય છે. થીંગડાંવાળાં કપડાં, આછા થઈ ગયેલા વાળ, નજીકનું જોવા ચશ્માં પહેરવા પડતાં એવી સાદી- સીધી અભણ-ગામડિયણ સ્ત્રી છે. પણ છતાંય તે સુંદર લાગતી હતી. તેના મોં પર હંમેશાં તેજ ફૂટ્યા કરતું તેથી તે શોભી ઊઠતી.

**ભાષાસંબંધી જ્ઞાન :**

- 'માતા હંમેશાં શક્તિના ભંડાર સમી લાગી હતી.' વાક્યમાં ઉપમા અલંકાર છે તે તમે સમજી શક્યા હશો. અહીં ' સમી' એ શબ્દ 'જેવી' ના અર્થમાં જ મુકાયો છે.
- તમે અહીં 'અનંત' શબ્દ જોયો જેનો અર્થ થાય છે 'જેનો અંત ન હોય તે.' આવા બીજા શબ્દો ધ્યાનમાં રાખો.
- જે ખૂટે નહિ તે - અખૂટ
- જે ચળે નહિ તે - અચળ
- જે મરે નહિ તે - અમર

આવા શબ્દસમૂહ માટે એક શબ્દ મૂકીએ તેને સામાસિક શબ્દ કહેવાય. ભાષામાં ટૂંકાણ કરવા આવા શબ્દોનો ઉપયોગ થાય છે. આ ટૂંકાણ (લાઘવ)ની કળા તમને સંક્ષેપલેખન કે સારલેખનમાં કામ લાગે.

## પાઠ્ય પ્રશ્નો 20.2

એકમ 2 ના આધારે નીચેની વિગતોમાંથી પ્રશ્નના ઉત્તરમાં જે યોગ્ય લાગે ત્યાં ✓ ની નિશાની મૂકો અને અયોગ્ય લાગે ત્યાં ✗ ની નિશાની મૂકો.

1 નાયિકાની મા ક્યાં ક્યાં કામ કરતી ?

- કપડાં સીવતી ☐ • દીકરીને ભણાવતી ☐
- ઘરસફાઈ કરતી ☐ • પાણી ભરતી ☐
- વાર્તા વાંચતી ☐ • કપડાં ધોવા જતી ☐
- રસોઈ બનાવતી ☐ • દાણા દળતી ☐

2. નાયિકાની માતામાં કયા કયા ગુણો હતા ?

- પ્રામાણિકતા ☐ • મહેનતપણું ☐
- કામનું ગૌરવ કરવું ☐ • અખૂટ ધીરજ ☐
- અસહાયતાનો લાભ લેવો ☐ • શાંત આનંદ ☐
- મુશ્કેલી સહન કરવાની શક્તિ ☐ • નિરાધારતાની વાતો કરવી ☐

3. નાયિકાની માતા પાસે કયા કયા વિષયોનું જ્ઞાન ન હતું ?

- તત્ત્વજ્ઞાન ☐
- ઇતિહાસ ☐
- ચિંતન ☐
- સાહિત્ય ☐
- સીવણ ☐
- સંગીત ☐

## 20.6 (ગ)

### એકમ - 3

હવે વાર્તાનો ત્રીજો ભાગ ફરી એકવાર ધ્યાનથી વાંચી લો.

વાર્તાનો ત્રીજો ભાગ ખૂબ જ આકર્ષણ જમાવે છે. ગામડામાં પ્રાથમિક શિક્ષણ પૂરું કરી નાયિકા આગળ ભણવા શહેરમાં જાય છે . ત્યાં તેના મામાના ઘરે મૂકવામાં આવી. માએ જરાય ઢીલા પડ્યા વિના તેને ત્યાં મૂકી તેમાં માતાની સહનશક્તિનો ઉત્તમ પરિચય થાય છે. દીકરી વિનાના ઘરમાં તેને ગમતું તો નહીં જ હોય અને એટલે જ તે દૂબળી પડી ગઈ છે. છતાં પણ તે દીકરીને મળે ત્યારે તો આનંદમાં જ રહે છે.

દીકરીના ભણતરના ખર્ચને પહોંચી વળવા મા કપડાં સીવીને સખત મહેનત કરે છે. ખૂબ જ વધારે ખર્ચને પણ તેણે મહેનત કરી, મૂંગા મોંઢ કોઈ પણ ફરિયાદ વિના પાર પાડ્યો છે. પોતાનામાં રહેલ સાદાઈના ગુણને તેણે દીકરીને ખબર પણ ન પડે તેમ શિખવી દીધો છે. દીકરી પણ કોઈ પણ ખોટો ખર્ચ કર્યા વિના તેજસ્વી રીતે અભ્યાસ કરે છે. મા-દીકરી મળે ત્યારે ખૂબ ખૂબ વાતો કરે, આનંદ કરે અને વળી હૃદયના કેટલાક ભાવોને મૌનમાં પણ સમજી લે. માની કાળી સુંદર આંખોમાં દીકરીના ભવિષ્યનો દૃઢ વિશ્વાસ ઝગમગી ઊઠતો.

અભ્યાસમાં તેજસ્વી દીકરી મેડિકલ કૉલેજમાં પ્રવેશ મેળવે છે. માની આશા સફળ થતી લાગે છે. એક પછી એક પરીક્ષાઓ સારી રીતે પસાર કરી તે એમ.બી.બી.એસ.ની છેલ્લી પરીક્ષા આપે છે. પરિણામ લેવા નાયિકા શહેરમાં પહોંચે છે. માને તો દીકરીની સફળતામાં પૂરેપૂરો વિશ્વાસ છે.

### પાઠ્ય પ્રશ્નો 20.3

એકમ ત્રણના આધારે નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો.

1. નાયિકાને શહેરમાં શા માટે મૂકી ?

___

2. નાયિકા શહેરમાં કોના ઘરે રહી ?

___

3. નાયિકા અભ્યાસમાં કેવી હતી ?

4. નાયિકાને કઈ કૉલેજમાં પ્રવેશ મળ્યો ?

5. નાયિકાની માતા તેને શું બનાવવા ઇચ્છતી હતી ?

## 20.6 (ઘ) એકમ - 4

હવે પાઠના અંતિમ ભાગને ફરી એકવાર ધ્યાનથી વાંચો.

વાર્તાનો અંતિમભાગ ખૂબજ રોચક અને રસપ્રદ બની રહે છે. નાયિકા એમ.બી.બી.એસ.મા પ્રથમ નંબરે આવી છે. સૌ તેને અભિનંદન આપી રહ્યા છે. તે આનંદથી ઉભરાઈ ગઈ છે. અચાનક પ્રિન્સિપાલની ઑફિસમાંથી તેને બોલાવવામાં આવે છે. તેના ગામથી કોઈ મળવા આવ્યું છે તેવા સમાચાર મળે છે. તે માતાના સમાચાર વિશે ચિંતાજનક કલ્પનાઓ કરવા માંડે છે. જીવનમાં આવેલી આનંદની, સફળતાની આ ઘડીએ માને કંઈ થઈ તો નહિ ગયું હોય તેવી શંકા તેના મનમાં જાગે છે.

પ...ણ જઈને જુએ છે તો કૉલેજના ફાટક પાસે સાક્ષાત મા જ આવીને ઊભી છે. નાયિકા તેને જોઈ ખૂબ ખૂબ ખુશ થઈ જાય છે. આચાર્ય પાસે લઈ જવા આગ્રહ કરે છે. પણ પોતાના થીંગડાંવાળાં કપડાં અને ફાટેલાં ચંપલને કારણે આ ગામડિયણ માને સંકોચ થાય છે. પરંતુ નાયિકા માટે તો આ બાબત ગૌણ છે. તેને માટે તો પોતાની માતા જગતની ઉત્તમમાં ઉત્તમ વસ્તુ કરતાં પણ ચડિયાતી છે. તે માને આચાર્યની ઑફિસમાં લઈ ગઈ અને પોતાની સફળતાનો યશ માને આપ્યો. માની ઓળખાણ કરાવી, મા પ્રેમપૂર્વક સુખડી બનાવીને લાવી, દીકરીની સફળતા જોવા ગામથી હેરાન- પરેશાન થતી મુશ્કેલી સહન કરીને આવી તે વાત કરતાં તે ગળગળી થઈ ગઈ. આચાર્ય પણ તે ભાવમાં ડૂબી ગયા. સુખડીનો ટુકડો માના મોંમા મૂકી નાયિકાએ માના જીવનને પણ મીઠું મીઠું બનાવી દીધું. માની આંખોમાં દૃઢ વિશ્વાસની સફળતાનો પ્રકાશ ચમકી ઊઠ્યો અને તે ગામની ગલીથી જગત સુધી રેલાઈ ગયો.

## પાઠગ્ત પ્રશ્નો 20.4

અંતિમ ભાગના આધારે નીચે આપેલ કારણમાંથી યોગ્ય કારણ પસંદ કરી યોગ્ય કારણ સામે ✓ ની નિશાની કરો.

1. નાયિકા આનંદથી ઊભરાઈ ગઈ. કારણ કે...

- તેને બધાંએ અભિનંદન આપ્યા. ☐
- તે એમ.બી.બી.એસ.માં પ્રથમ આવી હતી. ☐

2. પ્રિન્સિપાલે નાયિકાને ઑફિસમાં બોલાવી. કારણ કે...

- તેના ગામથી કોઈ મળવા આવ્યું હતું. ☐
- તેને અભિનંદન આપવા હતા. ☐

3. માએ પોતે એક પડોશણ છે તેમ કહેડાવ્યું. કારણ કે...

- તેને પ્રિન્સિપાલની બીક લાગતી હતી. ☐
- તેને પોતાનાં ફાટેલાં કપડાં અને ચંપલને લીધે સંકોચ થતો હતો. ☐

## 20.7 (ક) સાહિત્ય સ્વરૂપ

નવલિકાનું સ્વરૂપ એ લાઘવની કળા છે. લેખકે ખૂબ જ કુશળતાથી આ સ્વરૂપનું સર્જન કરવાનું હોય છે. તેથી કેટલીક મહત્ત્વની બાબતો પર વિશેષ ધ્યાન આપવામાં આવે છે. નવલિકાના લક્ષણો વિશે તમે જાણો છો. તો આવો આપણી આ નવલિકાને તેના સંદર્ભમાં મૂલવીએ.

**કથાવસ્તુ :** નવલિકાનું કથાવસ્તુ સુઘટ્ટ અને સબળ હોવું જોઈએ. તાક્યા તીરની ગતિએ આગળ વધતાં કથાનકમાં વધારાની વિગતને સ્થાન જ ન હોય. સમાજના ઘટકોમાંથી કોઈ એક ઘટકને ઉઠાવીને લેખક સરસ રીતે ગૂંથે છે. ભાવપક્ષને પણ યોગ્ય રીતે મૂકવામાં આવે છે. 'મારી મા' નવલિકામાં લેખિકાએ કથાવસ્તુને સરસ રીતે ગૂંથ્યું છે. ઘટનાઓ અને તેની સાથે જે ભાવસંકલન ઘાટ પામે છે તે ખૂબજ સરસ છે. નાયિકાના જીવનની પ્રગતિમાં માતાનો ફાળો મહત્ત્વનો છે તે ભાવ કથાવસ્તુમાં સરસ રીતે વણાયેલો છે. જીવનની વિકટ પરિસ્થિતિમાં માર્ગ શોધી આગળ વધવાની કુનેહ પણ કથાવસ્તુના આંતરિક સ્તરે જોવા મળે છે.

**પાત્રાલેખન :** નવલિકામાં શક્ય એટલાં ઓછાં પાત્રો હોવાં જોઈએ. નવલિકાના પાત્રોનું વ્યક્તિત્વ લેખકે સરસ રીતે ઉપસાવવાનું હોય છે. પાત્ર વિશે વધુ માહિતી આપવાને બદલે તેના સંવાદ અને વ્યવહાર પરથી જ તેના વ્યક્તિત્વનો વિકાસ કરવાનો હોય છે. 'મારી મા' નવલિકામાં માત્ર બે જ પાત્રો હોવા છતાં તે સક્ષમ બની રહે છે. માતા અને પુત્રીના પાત્રના વ્યક્તિત્વનો વિકાસ ખૂબ જ સુંદર રીતે થયેલ છે. નાયિકા પોતાના જીવનવિકાસમાં માતાનો ફાળો ઘણો બધો છે તે બાબત સ્વમુખે કહે છે અને તેમાંથી માતાનું ભવ્ય ચરિત્ર આલેખન પામે છે.

**સંવાદ :** નવલિકામાં સંવાદો આકર્ષક બની રહે છે. નવલિકાકાર સંવાદો દ્વારા કથાવસ્તુને ચોટદાર બનાવે છે. સંવાદો પાત્રાલેખન માટે પણ ઉપકારક બની રહે છે. 'મારી મા' નવલિકામાં લેખિકાએ ખૂબ જ સુંદર સંવાદોની રચના કરી છે જીવનમૂલક બાબતોને સરસ રીતે ઉપસાવી છે. કેટલાંક સંવાદો તો જીવનના આદર્શોને સરસ રીતે અજવાળી દે છે. જેમ કે..." હું જાણું છું કે ભગવાન છે ;કારણ કે, મારી મા છે." માતાની ઉક્તિમાં તેના શરમાળ સ્વભાવનું ચિત્રણ પણ સુંદર થયું છે. " તેઓ જાણે તો કેટલું ખરાબ લાગે કે આવી ગામડિયણ તારી મા છે ?" લેખિકાએ સંવાદો દ્વારા વાર્તાના ઉદ્દેશ્યને સરસ રીતે સિદ્ધ કરી બતાવ્યું છે.

**ભાષાશૈલી :** નવલિકામાં ભાષાશક્તિની કુશળતા એ મહત્ત્વની બાબત બની રહે છે. નવલિકાકાર પાસે બહુ નાનું ફલક હોય છે અને તેના પર નિશ્ચિત ઉદ્દેશ્યને સિદ્ધ કરવા કથાનકને ઘાટ આપવાનો હોય છે. નવલિકાકારને વિસ્તૃત વર્ણન કે પરિચય આપવાની છૂટ નથી હોતી. તેથી તેણે પાત્ર-સંવાદ-ઘટના વગેરેનું ગુંફન કલાત્મકતાથી કરવાનું હોય છે.

'મારી મા' નવલિકાને લેખિકાએ આત્મકથાનકના સ્વરૂપે રજૂ કરી છે. નાયિકાના જીવનવિકાસમાં માતાનો ફાળો મહત્ત્વનો છે, માતાની મહાનતા અને તેનામાં રહેલ ગુણોની વાત લેખિકાએ પોતાની સક્ષમ ભાષાશૈલીથી સુંદર રીતે રજૂ કરેલ છે. અલંકારયુક્ત ભાષા અને વાક્યરચનાની ચમત્કૃતિ સુંદર રીતે રજૂઆત પામે છે. કેટલીક જીવનમૂલક ઉક્તિઓ ભાષાશૈલીને શોભાવે છે.

**ઉદ્દેશ્ય :** નવલિકાકાર જ્યારે વાર્તાની રચના કરે છે ત્યારે કોઈ ચોક્કસ ઉદ્દેશ્યને કેન્દ્રમાં રાખે છે. તે ઉદ્દેશ્યની સિદ્ધિ માટે જ કથાનક-પાત્ર-ઘટનાનું આલેખન થાય છે. 'મારી મા' નવલિકામાં લેખિકાએ ખૂબ જ આદર્શમય ઉદ્દેશ્યને લક્ષ્યમાં રાખેલ છે. સંતાનના જીવનવિકાસમાં માતાનો ફાળો મહત્ત્વનો છે તે આદર્શ અહીં સરસ રીતે સિધ્ધ થાય છે. તન,મન, ધનથી સંતાનની પ્રગતિમાં ખૂંપી રહેનાર મા ખરેખર મહાન છે. સંસારની વિકટ પરિસ્થિતિનો સામનો કરીને પણ મા પોતાની દીકરીને ડૉક્ટર બનાવે છે તે બાબત આ વાતની સમર્થક બની રહે છે. નાયિકાના હૃદયમાં રહેલ 'માતૃ દેવ ભવ:' નો ભાવ પણ ઉદ્દેશ્યને સિદ્ધ કરે છે.

## 20.7 (ખ) લેખિકાનો પરિચય

કુન્દનિકા કાપડિયાનો જન્મ 1926માં થયો હતો. તેઓ વિશેષ રૂપે નવલકથાકાર અને ટૂંકીવાર્તાકાર તરીકે જાણીતાં છે. 'પરોઢ થતાં પહેલાં' 'અગનપિપાસા', 'સાત પગલાં આકાશમાં' વગેરે તેમની પ્રસિદ્ધ નવલકથાઓ છે. 'પ્રેમનાં આંસુ', 'કાગળની હોડી', 'જવા દઈશું તમને' વગેરે નોંધપાત્ર વાર્તાસંગ્રહો છે. તેમણે આ ઉપરાંત અનુવાદ, સંપાદન અને વિચારાત્મક લેખો આપ્યા છે. ભાષાની પારદર્શકતા અને ઉત્તેજક વિચાર તેમનાં લખાણોની વિશેષતા છે. તેમણે સ્ત્રી- પુરુષ સમાનતાનો વિચાર તટસ્થ રીતે કર્યો છે. જીવનના વ્યાપક પરિપ્રેક્ષ્યમાં થયેલું આ ચિંતન વિચાર-પ્રેરક છે. સ્ત્રીહૃદયના સૂક્ષ્માતિસૂક્ષ્મ ભાવોને ઝીલનાર અને તેને શબ્દબદ્ધ અભિવ્યક્તિ આપનાર આ લેખિકાની કલમ ખરેખર સબળ છે.

## 20.8 તમે શું શીખ્યા

- 'મારી મા' વાર્તામાં ટૂંકીવાર્તાનાં લક્ષણો સિદ્ધ થાય છે.
- વાર્તામાં ભાવાત્મકતા અને વર્ણનાત્મકતાનો સમાવેશ થયેલો છે.
- વાર્તામાં રોચક અને ભાવાત્મક ભાષાશૈલીનો પ્રયોગ થયેલો છે.
- પરિશ્રમ અને સ્વાવલંબનથી દૃઢ વિશ્વાસ આવે છે અને સપનાં સાકાર થઈ શકે છે.

- સંતાનની પ્રગતિમાં માતાનો ફાળો વિશેષ રહે છે.
- અલંકારોની ઓળખ થઈ અને સુંદર પંક્તિઓના અર્થ સ્પષ્ટ થયા.
- સુંદર શબ્દચિત્રો સરસ ભાત ઉપસાવે છે.
- જીવનમૂલક આદર્શો વિશે જાણ્યું.

## 20.9 વિશેષ પ્રવૃત્તિ (સંદર્ભ)

આપણી વાર્તાની નાયિકાના જીવનની પ્રગતિમાં તેની માતાનો વિશેષ ફાળો રહ્યો છે એ વાત તમે શીખ્યા. આવી અન્ય વ્યક્તિઓ વિશે તમે જાણો છો ? નીચે આપેલ ખાલી સ્થાનમાં તેમનું અને તેમની માતાનું નામ નોંધો.

1.

2.

3.

4.

'મા તે મા' વિષય પર નિબંધ તૈયાર કરો.

### પ્રવૃત્તિ

1. પાઠમાં આવતાં જીવનમૂલક વાક્યો નોંધો.
2. પાઠમાં આવતાં સુંદર વાક્યોમાંથી તમને ગમતાં વાક્યો નોંધો .
3. પાઠમાં આવતી અલંકારયુક્ત વાક્યરચનાઓ લખો અને અલંકારનું નામ દર્શાવો.

## 20.10 અંતિમ સ્વાધ્યાય

નીચેના પ્રશ્નોના ઉત્તર આપો.

1. નાયિકાની માતા ક્યાં ક્યાં કામ કરતી ?
2. નાયિકાની માતામાં ક્યાં ક્યાં ગુણો હતા ?
3. નાયિકાની માતાનું પાત્રાલેખન કરો.
4. મા-દીકરી વચ્ચે કઈ કઈ વાતો થતી ?
5. માની આશા શું હતી ? શા માટે ?
6. નાયિકા અભ્યાસમાં કેવી હતી ? તેણે કઈ ડિગ્રી મેળવી ?
7. નાયિકાએ માનો પરિચય કેવી રીતે કરાવ્યો ?
8. અંતમાં નાયિકાએ જે વર્તન કર્યું તે તમને યોગ્ય લાગ્યું ? શા માટે ?
9. વાર્તાના શીર્ષક વિશે તમારા શબ્દોમાં સ્પષ્ટતા કરો.
10. વાર્તાની ભાષાશૈલી પર નોંધ લખો.

## પાઠ્ય પ્રશ્નો અને પાઠ્ય પ્રશ્નોના જવાબો

**20.5**

| | | | |
|---|---|---|---|
| 1 | 1 | 5 | 4 |
| 2 | 3 | 6 | 5 |
| 3 | 2 | 7 | 7 |
| 4 | 6 | | |

### એકમ - 1

1. શરદઋતુના સ્વચ્છ, વિશાળ અને પારદર્શક આકાશ સાથે.
2. બીજા લોકોનાં કપડાં સીવીને.
3. નાયિકા નાની હતી ત્યારે તેના પિતા મૃત્યુ પામ્યા હતા.
4. 'બાપાજી' શબ્દ મીઠો, ઊંડાણભર્યો અને વ્યાપક લાગે છે.
5. માતા-પિતામાં.

### એકમ - 2

1 • ✓ • ✗ 2 • ✓ • ✓ 3 • ✓ • ✓
• ✓ • ✓ • ✓ • ✓ • ✓ • ✓
• ✗ • ✓ • ✗ • ✓ • ✗ • ✓
• ✓ • ✓ • ✓ • ✗

### એકમ - 3

1. આગળ અભ્યાસ કરવા માટે
2. મામાના ઘરે
3. ખૂબ જ તેજસ્વી
4. મેડિકલ કૉલેજમાં
5. ડૉક્ટર બનાવવાની

### એકમ - 4

1 ✗ 2 ✓ 3 ✗
✓ ✗ ✓

**20.9**

| | | |
|---|---|---|
| 1 | શિવાજી | જીજાબાઈ |
| 2. | સિદ્ધરાજ જયસિંહ | મીનળદેવી |
| 3 | લવ-કુશ | સીતાજી |
| 4 | રાજીવ ગાંધી | ઇન્દિરા ગાંધી |

## 20.10

1 જીવનમૂલક વાક્યો

- પ્રેમ કરેલો ઉપકાર ભૂલી જાય છે અને એટલા માટે જ તે આટલો પવિત્ર હોય છે.
- ભગવાન તો હોય કે ન હોય, એ માનવમનની નરી કલ્પના હોય, સ્થાપિત હિતોએ અબુધ મનુષ્યોને દીધેલું અફીણ હોય.
- બૌદ્ધિકો શું દુનિયાનું હંમેશાં ભલું કરતા હોય છે ?

2. સુંદર વાક્યો

- 'બાપાજી' - આ શબ્દ એટલો બધો મીઠો, એટલો ઊંડાણભર્યો ને વ્યાપક લાગે છે.
- પણ હું જાણું છું કે ભગવાન છે; કારણ કે, મારી મા છે.
- મારા જીવનનું જે સોનેરી વણાટ થઈ રહ્યું છે તેને માટે તે પોતાનું શરીર કાંતી રહી છે.
- કશી ખાઈ પડતી નહિ, સેતુ તૂટતો નહિ.
- અમારી વાતોમાંથી એક શીળો અનુરાગ ઝરતો અને અમારા માટીના ઘરની ભીંતો પર ઉજાસ બનીને લેપાતો.
- આ પ્રકાશને લીધે જ આજે મારું જગત ઉજળું છે અને મારા ગામની ધૂળિયા ગલીઓનું પણ.

3. અલંકારયુક્ત વાક્યરચનાઓ.

- શરદઋતુનું સફેદ રાતોનું આકાશ જોઉં છું ત્યારે મને મારી મા સાંભરે છે, તે એવી હતી : એવી સ્વચ્છ, એવી વિશાળ, એવી પારદર્શક. ઉપમા
- મારા માનસપટ પર જાણે એક લીલો અંકુર ફૂટતો હોય કે એક તારાનો તેજલિસોટો અંકાતો હોય. ઉત્પ્રેક્ષા
- હું જાણું છું કે ભગવાન છે, કારણ કે મારી મા છે. રૂપક

# 21

# સોયનું નાકું

- જયંતિ દલાલ

## 21.1 પ્રાસ્તાવિક

આપ સૌએ સમાજમાં કેટલાંક એવા લોકોને તો અવશ્ય જોયા હશે જેમની વાણી અને વર્તનમાં બહુ મોટો ભેદ હોય છે. બહારથી સજ્જન અને ભલા દેખાતા આવા સમાજસેવકો અંદરથી ઘણાજ દુર્જન હોય છે. ભોળા લોકોને મીઠી વાણીથી છેતરવામાં તેઓ બહુ હોશિયાર હોય છે. આવા દંભી લોકો ભલે પૃથ્વી પર છેતરપીંડીની રમત રમે પણ ઈશ્વરના દરબારમાં તેનો યોગ્ય ન્યાય થતો હોય છે . આપણી એક પૌરાણિક માન્યતા છે કે મૃત્યુ પછી માનવે ચિત્રગુપ્તના દરબારમાં જવું પડે છે, ત્યાં વ્યક્તિએ જે કર્મ પૃથ્વી પર કર્યાં હોય તેના હિસાબ-કિતાબ થાય છે. તે પ્રમાણે તેને શિક્ષા પણ થાય છે. તો આવો આપણે એવા એક દંભી શેઠ વિશે જાણીએ કે જે પૃથ્વી પર તો એક મહાન વ્યક્તિ તરીકે પૂજાય છે પણ ચિત્રગુપ્તના દરબારમાં તેની કેવી વલે થાય છે ! આ એકાંકીમાં સમાંતર વહેતા બે પ્રવાહ - પૃથ્વી અને ચિત્રગુપ્તના દરબારનાં દશ્યો - ખૂબ જ આનંદસભર બની રહે છે.

## 21.2 હેતુઓ

આ એકાંકીને સમજીને તમે નીચેની વિગતો જાણી શકશો.

- એકાંકીના સ્વરૂપનાં લક્ષણો સ્પષ્ટ કરી શકશો.
- માણસમાં રહેલા દંભના સ્વરૂપને સ્પષ્ટ કરી શકશો.
- સ્વર્ગમાં ચાલતી ગતિવિધિઓની કલ્પના કરી શકશો.
- શેઠના બેવડા વ્યક્તિત્વની તુલના કરી શકશો.
- સંવાદોમાંથી નિષ્પન્ન થતાં મર્માળા હાસ્યકટાક્ષ સમજી શકશો.
- નાટક નજરે જોતાં હો તેવું અનુભવી શકશો.

## 21.3 પ્રવૃત્તિ



ઉપરનું ચિત્ર જોઈ નીચેના પ્રશ્નોના ઉત્તર લખો.

1. ઉપરનું ચિત્ર કઈ જગ્યાનું લાગે છે ?

2. મંચ પર કેટલી વ્યક્તિઓ દેખાય છે ?

3. બધાના ચહેરા કેવા દેખાય છે ?

વાહ ! ઘણું સરસ ! તમે ચિત્ર પરથી બરાબર કહી શક્યા કે અહીં એક રંગમંચ કે સભાગૃહનું ચિત્ર છે. જેમાં મંચ પર સાત વ્યક્તિઓ છે અને તેમના ચહેરા કંઈક ઉદાસ છે. તેઓ શોકસભામાં આવ્યા છે. શહેરના અગ્રણી શેઠ શ્રી નંદનંદનનું અવસાન થયું છે તેથી તેઓ તેમને શોકાંજલિ આપવા એકઠા થયા છે. સામે પ્રેક્ષકગણ પણ દેખાય છે. ખરું ને ? તો ચાલો આપણે પણ આ એકાંકીને માણીએ...

મૂળ પાઠ

એકમ-1

# સોયનું નાકું

### પ્રેક્ષકો

નાટકના પ્રેક્ષકો રંગમંચ સમીપે જગા લેતા જાય છે, ત્યારે એમને પહેલો ખ્યાલ એ જાય છે કે સામાન્ય રંગભૂમિ કરતાં આ કાંક જુદું જ છે. અહીં પ્રેક્ષક અને નટને અલગ પાડતો પડદો નથી. જેમ પ્રેક્ષાગૃહમાં ખુરશીઓ છે, તેવી જ રીતે રંગમંચ પર પણ અર્ધચંદ્રાકારે ગોઠવેલી ખુરશીઓ છે. રંગમંચ પર વચ્ચોવચ્ચ એક મોટું મેજ છે. મેજ પર બિછાવેલી ચાદર એ જ એક માત્ર જવનિકા છે.

થોડોક સમય વીતે છે. પ્રેક્ષકો આવતા જાય છે અને ઘણા તો સીધા રંગમંચ ઉપરની ખુરશીઓમાં ગોઠવાય છે. સહુના ચહેરા ગંભીર છે. કોઈ આપસઆપસમાં વાત પણ નથી કરતું. એક વધુ ગંભીર દેખાતા કાર્યકર્તા ટેબલ પાસે હાથમાં એક પત્રિકા જેવું લઈને બેઠા છે.

સહુનું ધ્યાન દરવાજામાંથી દાખલ થતા એક પીઢ ગૃહસ્થ પર કેન્દ્રિત થાય છે. ગાંધી ટોપી, ખદ્દર, ખદ્દરની બાંય ઉપર બાંધેલી ઘડિયાળ અને એની સોનેરી સાંકળી, હાથમાં લાકડી અને એ સર્વ સાથે બન્ને હાથ જોડી કરેલા નમસ્કાર; આ નમસ્કાર એક રીતે નાટકની નાન્દીની ગરજ સારે છે.

નાટક શરૂ થાય છે અને પેલા કાર્યકર્તા ભાઈ એક પત્રિકા વાંચે છે :

'આપણા શહેરના અગ્રગણ્ય નાગરિક, જાણીતા ઉદ્યોગપતિ, સુપ્રસિદ્ધ દાનવીર અને આપબળે આગળ આવેલા શેઠ નંદનંદનના શોકજનક અવસાન બદલ શોક પ્રદર્શિત કરવા શહેરીઓની એક જાહેરસભા ગુરુવારે સાંજના છ વાગતાં સભાગૃહમાં મળશે.' (કાગળને વાળતાં) આજની આ સભાનું પ્રમુખસ્થાન શ્રી ભાઈસાહેબને લેવાની હું વિનંતી કરું છું. શ્રી ભાઈસાહેબની ઓળખ શહેરને આપવાની જરૂર હું જોતો નથી. છેલ્લાં ત્રીસ વર્ષની શહેરની કોઈ પણ કલ્યાણકારી પ્રવૃત્તિની પ્રેરણા અને સંચાલન શ્રી ભાઈસાહેબે જ કર્યાં છે અને શેઠ નંદનંદન સાથે પણ એમને અત્યંત નિકટના સંબંધ હતા. (પોતાનું સ્થાન લે છે. શ્રોતાગણમાંથી એકાદ તાલી પડી જાય છે.)

નાગરદાસ : પ્રમુખસ્થાન માટે શ્રી ભાઈસાહેબની જે દરખાસ્ત મુકવામાં આવી છે, તેને હું ટેકો આપું છું.

[શ્રી ભાઈસાહેબ અધ્યક્ષસ્થાન લે છે. ખિસ્સામાંથી કાગળિયાં તથા ચશ્માંનું ઘર કાઢે છે. વ્યવસ્થિત રીતે ચશ્મા પહેરી, કાગળ તરફ નજર નાખે છે. પડખે બેઠેલા કાર્યકર્તા સાથે કંઈક મસલત કરી લે છે. ત્યારબાદ પોતાનું વક્તવ્ય શરૂ કરે છે.]

ભાઈસાહેબ : ભાઈઓ તથા બહેનો, સ્વર્ગસ્થ શેઠ નંદનંદનભાઈ સાથેનો મારો સંબંધ જોતાં, આજની સભામાં એમને વિશે કાંઈ બોલવું એ મારે

અઘરા શબ્દો

જવનિકા - પડદો

નાન્દી - નાટકના આરંભમાં રજૂ થતો મંગલશ્લોક

પાત્રો :

કાર્યકર્તા

શ્રી ભાઈસાહેબ

નાગરદાસ

ઉત્તમચંદ

અગ્નિકુમાર

ચેતન

શક્તિશરણ

પાર્ષદ શેઠ

નંદનંદન

ચિત્રગુપ્ત

ભોગીલાલ

મુનીમજી

સુવાસ - સુગંધ
દાયકો - દસ વર્ષ
નિકટ - નજીક
હરોળ - પંક્તિ
પુરુષાર્થ - મહેનત
સ્તંભ - થાંભલો
સ્ફટિક - એક જાતનો સફેદ કીમતી પથ્થર

પાર્ષદ - યમદૂત

માટે અઘરું કામ છે. દુનિયામાં જન્મેલાં સહુ કોઈ જીવતાં નથી. સહુને મૃત્યુને ભેટવાનું છે જ, પાછળ તો વ્યક્તિએ જીવનની જે સુવાસ મૂકી હોય તે જ જીવે છે અને ખરી રીતે જીવવનો અધિકાર પણ એને જ છે. શેઠ નંદનંદનભાઈએ પોતાના પુરુષાર્થથી એ અધિકાર મેળવ્યો હતો. એમના પુરુષાર્થનો હું સાક્ષી રહ્યો છું. મારો અને એમનો સંબંધ આજકાલ કરતાં ત્રણ દાયકા થયાં ખૂબ ગાઢો અને નિકટનો રહ્યો છે અને મારી એ દૃઢ માન્યતા છે કે નંદનંદનભાઈના જીવનની સુવાસ એવી છે કે નંદનંદનભાઈની સ્મૃતિ ગુજરાત અને તેમાં પણ ખાસ કરીને આપણા શહેરમાં તો હરેક શહેરીના હૈયામાં કોતરાએલી રહેશે. ઘણી નીચી કક્ષામાંથી એમણે શરૂઆત કરી અને પોતાના જ પુરુષાર્થથી એ પ્રથમ હરોળમાં પહોંચ્યા. એમને એમની સફળતા વિશે ગુમાન ન હતું, પણ પ્રયત્ન...

[અચાનક રંગમંચ પર અંધારું થઈ જાય છે, પ્રેક્ષકોમાં થોડી ચણભણ થાય છે. પણ પ્રસંગની ગંભીરતાનો ભાર એમને વર્તનની મર્યાદામાં જકડી રાખે છે. રંગમંચ પર પ્રકાશ પડે છે ત્યારે પહેલાં તો આંખ અંજાઈ જાય છે અને ત્યારબાદ વિસ્મયના ઉદ્‌ગાર નીકળી પડે છે. કારણ કે રંગમંચ પર હવે પેલું સભાગૃહ દેખાતું નથી. ત્યાં તો એક વિશાળ રાજમાર્ગ નજરે ચઢે છે. સ્ફટિકના સ્તંભોની વૈવિધ્યભરી હાર વચ્ચેથી લંબાતો રાજમાર્ગ ખૂબજ સ્વચ્છ છે.

પ્રેક્ષકોનું વિસ્મય જરા કોઠે પડે એટલામાં શેઠ નંદનંદન દાખલ થાય છે. ]

નંદનંદન : આ તે કંઈ રીત છે ? ક્યા માણસ જોડે કેવી રીતે વાત કરવી તેનો વિવેક પણ છે કે નહીં !

[નંદનંદનની પાછળ આવતો - એટલે કે નંદનંદનને આગળ કરતો - એક પડછંદ પાર્ષદ જવાબ આપે છે.]

પાર્ષદ : માણસ કેવો છે એની ખબર તો હમણાં જ પડી જશે.

નંદનંદન : એટલે ? વાત કરતાં આવડે છે કે નહીં ? કોણ છે તારો સાહેબ ?

પાર્ષદ : સાહેબ અને એવું બધું તો રહ્યું, તમે જ્યાંથી આવ્યા ત્યાં.

નંદનંદન : ત્યારે અહીંયાં શું છે ?

પાર્ષદ : મામાનું ઘર. કાંઈ છેટું નથી.

નંદનંદન : મારે ત્યાં કોઈ માણસ આમ બોલે તો ચાર તમાચા મારીને કાઢી મૂકું.

પાર્ષદ : એ બધું તમને હમણાં જ યાદ આવી જશે.

નંદનંદન : બેવકૂફ ! પણ હજુ કોઈને મને લેવા નથી મોકલ્યો ?

પાર્ષદ : કેમ હું આવ્યો છું ને ?

[પાસેથી એક પાલખી પસાર થાય છે.]

નંદનંદન : અરે અહીં કોણ બેવકૂફ કામ કરે છે ? પેલાને પાલખી અને હું પગપાળો ? એને ઓળખે છે ? નોકર હતો નોકર, મારે ત્યાં !

પાર્ષદ : જેને તમે ચાર તમાચા માર્યા હતા તે જ ને ?

નંદનંદન : ના, ના, એ નહીં. આ તો મારી મિલમાં કામ કરતો હતો. હમણાં ત્રણ દિવસ પર જ પટો ચઢાવતાં પટામાં આવી ગયો હતો. એને પાલખી ?

પાર્ષદ : હાસ્તો. એને બિચારાને પગ જ ક્યાં છે ?

નંદનંદન : એમાં પગનો નહિ, પ્રતિષ્ઠાનો સવાલ હોવો જોઈએ.

પાર્ષદ : કઈ પ્રતિષ્ઠા ?

નંદનંદન : ક્યાંનો ઓડુ મળ્યો છે ? કજાત, માણસને ઓળખતો જ નથી !

પાર્ષદ : જાત કજાતની કસોટી માટે જ તમે જઈ રહ્યા છો !

નંદનંદન : જઈ રહ્યા છો ? એટલે ? તમે મને ક્યાંક લઈ જઈ રહ્યા છો ?

પાર્ષદ : કોઈ કોઈને લઈ જઈ નથી રહ્યું. માણસ મરે એટલે એને એના જીવનમાં પાપપુણ્યનો સરવાળો સમજી લેવા ચિત્રગુપ્તના દરબારમાં આવવું પડે.

નંદનંદન : ચિત્રગુપ્ત ! કોણ છે ચિત્રગુપ્ત ?

પાર્ષદ : હમણાં ખબર પડી જશે.

નંદનંદન : તેં કહ્યું કે પાપપુણ્યનો સરવાળો થાય. પછી શું થાય ?

પાર્ષદ : બાદબાકી, અને પછી ગુણાકાર. પણ એની તો તમને હમણાં જ ખબર પડી જશે, એટલે ઝાઝું કહેવાની જરૂર નથી.

નંદનંદન : ચિત્રગુપ્તના દરબારમાં વિવેક તો નથી જ. માણસની આમન્યા કેમ રાખવી એ પણ કોઈ જાણતું નથી લાગતું. અને વર્તનમાં અન્યાય પણ ભારે છે.

પાર્ષદ : કેમ વારુ ?

નંદનંદન : જો ને, પેલાને પાલખી અને હું પગપાળો ! ખબર છે તને હું કોણ છું તે ?

પાર્ષદ : એ મારે જાણવું નથી. પણ તમારું શું થશે એ હું જાણું છું.

નંદનંદન : શું થશે ?

પાર્ષદ : દેવાધિદેવને મોંએથી જ સાંભળજો ને !

ઓડુ - અણઘડ
આમન્યા - મર્યાદા

## એકમ-2

[રંગમંચ ઉપર અંધકાર છવાય છે. ફરીથી પ્રકાશ થાય છે ત્યારે સભાગૃહ નજરે ચઢે છે. વક્તા તરીકે શ્રી ઉત્તમચંદ ભાષણ કરતા હોય છે.]

ઉત્તમચંદ : હું આપને સ્વર્ગવાસી શેઠ નંદનંદને પોતાના જીવનની કારકિર્દી કેવા કપરા સંજોગોમાં શરૂ કરી હતી અને આપબળે, ખંત અને પ્રામાણિકતાથી એ કેવી રીતે આગળ વધ્યા તે કહેવા માગું છું. આ શહેરનાં વૃદ્ધ સ્ત્રી-પુરુષોને હજુય એક જુવાનનો ચહેરો યાદ હશે. એ જુવાન ફેરી કરતો હતો. જે મળી શકે એની ફેરી કરતો.

સંપાદન કરવું - મેળવવું
કાંડાબાવડાના જોરે - ખૂબજ મહેનત કરીને

પોતાના હસમુખા ચહેરાથી અણે લોકોનાં મન હરી લીધાં હતાં. એની વેપારી કુનેહ અને વહેવારુ બુદ્ધિથી એણે અનેક વેપારીઓની પ્રીતિ સંપાદન કરી હતી અને ફેરીનાં બે ત્રણ વર્ષ બાદ એણે નાનકડી દુકાન ખોલી. એ હતી સ્વર્ગસ્થ શેઠ નંદનંદનના વ્યાપારી જીવનની શરૂઆત...

[અંધકાર. પ્રકાશ થાય છે ત્યારે ચિત્રગુપ્તના દરબારમાં શેઠ નંદનંદન ઊભેલા છે.]

નંદનંદન : એ વાતો કરવાનો તમને હક્ક શો છે ? હું જે કમાયો છું. તે મારા કાંડાબાવડાનાં જોરે, બુદ્ધિના જોરે કમાયો છું.

ચિત્રગુપ્ત : માત્ર તમારી પોતાની શક્તિથી જ.

નંદનંદન : હા, હા. મારી પોતાની શક્તિથી જ ?

ચિત્રગુપ્ત : જુઓ, આવી બાબતોમાં સ્પષ્ટ રીતે જે બન્યું હોય તે કહી દેવું, એ તમારી પોતાના હિતની વાત છે.

નંદનંદન : એટલે તમે એમ કહેવા માગો છો કે હું જૂઠું બોલું છું ?

ચિત્રગુપ્ત : કદાચ તમારી આખી જિંદગીમાં તમે આ પહેલી જ વાર સાચું બોલ્યા.

નંદનંદન : આ અપમાન હું નહીં સહન કરી શકું.

ચિત્રગુપ્ત : અપમાનની વાત ન કરો, નંદનંદન. તમારા જીવનની, તમારા મનની એક એક ઝીણામાં ઝીણી અને ખાનગીમાં ખાનગી વિગતની અહીં અમને જાણ છે. તમે પોતે કહી દો અને કબૂલ કરી દો, એ તમારા પોતાના ફાયદાની વાત છે એ હું તમને ફરીથી કહું છું.

નંદનંદન : મારે કાંઈ કહેવું નથી અને કશું સાંભળવું પણ નથી.

ચિત્રગુપ્ત : ભલે, જેવી તમારી ઇચ્છા. (પાર્ષદને)જા પેલા ભોગીલાલને બોલાવી લાવ જોઉં.

[પાર્ષદ જાય છે.]

નંદનંદન : ભોગીલાલ !

ચિત્રગુપ્ત : એમ ! ત્યારે હજુ તમને એની યાદ છે ખરી ?

નંદનંદન : ભોગીલાલ ! ભોગીલાલ ! અહીં ક્યાંથી ? કેમ કરીને અહીં આવ્યો ?

ચિત્રગુપ્ત : તમે અહીં આવવાના છો એ સમાચાર મળ્યા એટલે એને તુરત જ હાજર રાખ્યો. આ આવી પહોંચ્યા ભોગીલાલ.

નંદનંદન : (ભોગીલાલને જોઈ રહેતાં) : ભોગીલાલ, ભોગીભાઈ.

ભોગીલાલ : હા નંદનંદન શેઠ,ઓળખાણ પડી તો ખરી.

નંદનંદન : ભાઈ, તમે અહીંયાં ?

ભોગીલાલ : શું કરીએ ભાઈ, આ એક એવી જગા છે. જ્યાં નાના મોટા, ગરીબ તાલેવંત સહને આવવાનું હોય છે.

તાલેવંત - પૈસાદાર
નાહક - નકામું
ગજું ન હોવું - તાકાત ન હોવી.
ગરદન મારવી - દગો દેવો
ઉચાપત કરવું - ખોટી રીતે ઉપાડવું
અવકાશ ન મળવો - મોકો ન મળવો.

નંદનંદન : ભોગીલાલ, શું કહેવું તે જ મને સમજાતું નથી.

ચિત્રગુપ્ત : લ્યો ને હું સમજણ પાડું.

નંદનંદન : બેની વાતમાં તમે નાહકના શું કામ માથું મારો છો ?

પાર્ષદ : કેમ દુનિયાની ખુમારી હજુ ઊતરી નથી ?

ચિત્રગુપ્ત : નંદનંદન, તમે કહ્યું હતું કે તમે જિંદગીમાં આપબળે આગળ આવેલા, ખરું ?

નંદનંદન : હા, તદ્દન ખરું.

ચિત્રગુપ્ત : આ ભોગીલાલનાં દેખતાં પણ તમે એમ જ કહેશો ?

નંદનંદન : એ અમારે બેએ જોવાનું છે.

પાર્ષદ : અહીંયા કોઈ 'અમે' નથી. અહીં છીએ માત્ર 'હું' અને તું !

નંદનંદન : કેવો નાલાયક છે ! સ્વાર્થી !

ચિત્રગુપ્ત : નંદનંદન, તમારા સિવાય એ શબ્દો બોલવાનું બીજા કોઈનું ગજું નથી. કારણ કે સ્વાર્થને સારુ મિત્રને ગરદન મારનાર...

નંદનંદન : એ ખોટી વાત છે. મેં....

ભોગીલાલ : મેં પણ એમ ક્યાં કહ્યું છે ? મેં તો એટલું જ કહ્યું કે તમે જેને આપબળ કહો છો તેની પાછળ બે ત્રણ વરસના સંબંધમાં તમે ઉચાપત કરેલા મારા દશ હજાર રૂપિયા હતા.

નંદનંદન : પણ .... પણ....

ચિત્રગુપ્ત : હજુય હું તમને કબૂલ કરી દેવા કહું છું. અંતે તો તમારે કબૂલ કરવાનું જ છે.

નંદનંદન : પણ એમાં મારી દાનત ખોટી ન હતી. મારી પાસે પૈસા થાય એટલે તુરત જ હું એ ભોગીલાલને પાછા આપવા માંગતો હતો. પણ ત્યાં તો ભોગીલાલ ગુજરી ગયા.

ચિત્રગુપ્ત : એટલે પછી તો તમને અવકાશ જ ન મળ્યો, પૈસા પાછા આપવાનો ! ખરું ને ?

નંદનંદન : હા...ના...

## એકમ - 3

[અંધારું.

પ્રકાશ થાય છે ત્યારે સભાગૃહ દેખાય છે. વક્તા તરીકે રાજેશ્રી અગ્નિકુમાર ભાષણ કરતા હોય છે.]

અગ્નિકુમાર : સજ્જનો, સહુ કોઈને મોંએ આપણે સાંભળીએ છીએ કે પ્રામાણિક્તા એ જ જીવનવહેવારનો પાયો હોવો જોઈએ. પ્રામાણિકતાનો અર્થ માત્ર રૂપિયા, આના, પાઈની લેવડદેવડ એટલો જ ન કરવો જોઈએ. કૈલાસવાસી નંદનંદન શેઠે આ વસ્તુને જીવનમાં આચરી

પૂંજી - મિલકત

અનામત - થાપણ

દુવા - આશીર્વાદ

બતાવી હતી. કેટલાક પ્રસંગોનો તો હું સાક્ષી રહ્યો છું. કોઈની પણ ખોટી પાઈ પોતાને ત્યાં રહી જાય એનું એમને ભારે દુઃખ હતું અને એના ખરા હકદાર માલિકને શોધી કાઢીને એને એ રકમ ન પહોંચાડે ત્યાં લગી એમને ચેન ન'તું પડતું. કેટલાંય અનાથ બાળકોની મિલકત કે વિધવાઓની પૂંજી એમને ત્યાં અનામત રૂપે રહેતી અને એમાંનાં એકેએકની એ અંતરની દુવા પામતા. ગીતાનો આદર્શ તો એમણે જીવનમાં ઉતાર્યો હતો...

[અંધારું.

પ્રકાશ થાય છે ત્યારે ચિત્રગુપ્તનો દરબાર દષ્ટિસન્મુખ આવે છે.]

નંદનંદન : જૂઠી વાત, સાવ જૂઠી વાત.

મૂળી ડોશી : આખી જિંદગી એને જૂઠી વાત મનાવી. પણ અહીં તો કબૂલ કરે જ છૂટકો છે.

નંદનંદન : પણ શું કબૂલ કરું ? તમારું કપાળ ?

ચિત્રગુપ્ત : નંદનંદન, તમારે ત્યાં અનેક જણ અનામત મૂકવા આવતા એ તો ખરું ને ?

નંદનંદન : હાસ્તો, એ તો શાખ વધારે એટલે સહુ કોઈ મૂકી જાય, મારે તો ઉપરથી નાગ જેમ એની ચોકી કરવાની. મળતરમાં આવી બદનામી.

મૂળી ડોશી : નંદુભાઈ, તમને મેં આવા નો'તા ધાર્યા.

નંદનંદન : મૂળીબાઈ, તમે મને શું ધાર્યો'તો એ સાથે હું કેટલી નિસ્બત ધરાવી શકું ? મારે બીજું પણ કામ કરવાનું છે કે નહીં ?

ચિત્રગુપ્ત : બીજું કામ એટલે ધન પ્રાપ્તિનું ને ? અર્થોપાર્જનનું જ ને ?

નંદનંદન : હાસ્તો, જે જવાબદારી હોયતે તો અદા કરવાની ને ?

ચિત્રગુપ્ત : હું એ જ કહેતો હતો ! અહીં, એ ખુશાલ થતું હતું . આ અનામત રાખવી એ પણ એક અર્થોપાર્જન જ હતું ને ? કેટલાને તમે મૂડી પાછી આપી ? કેટલાને ખરો અવેજ પાછો આપ્યો ? કેટલાના ડબ્બા તમે ઓળવ્યા ?

નંદનંદન : આ ખોટી વાત છે.

ચિત્રગુપ્ત : આ મૂળીબાઈનાં નાણાં તમે પાછાં આપેલાં ?

નંદનંદન : ના, કારણ કે એ નાણાં એમનાં હતાં જ નહીં !

મૂળી ડોશી : ત્યારે કોનાં હતાં ?

નંદનંદન : ધર્માદાનાં. મૂળી ડોશીએ એમ કહીને જ મૂક્યા હતાં.

મૂળી ડોશી : નરદમ જૂઠાણું છે, એવું મેં કહ્યું જ નથી.

નંદનંદન : એમાં કહેવાની જરૂર શી ? કોઈનો વંશવારસ હોય નહીં તો તેનું ધન ધર્માદાનું જ કહેવાય ને ?

ચિત્રગુપ્ત : એટલે કે તેના વારસ અને ઉપભોગ કરનાર તમે ? ખરું ને ?

નંદનંદન : તમે લોક માત્ર એક જ વિચાર કરો છો. એની જવાબદારી પણ સમજી લેવી જોઈએ.

ચિત્રગુપ્ત : કોઈની આખી જિંદગીની કમાણી તમે ઓળવી લો અને એને ભૂખે મરવાનો વારો આવે એવો વિશ્વાસઘાત કરો. એ જ તમારી જવાબદારી ને ?

નંદનંદન : મને અહીં ન્યાય મળે એમ લાગતું નથી.

ચિત્રગુપ્ત : કારણ કે તમે સાચો ન્યાય શું છે તે સમજતા નથી.

**એકમ - 4**

[અંધારું.

પ્રકાશ. સભાગૃહ, શ્રી ચેતન વ્યાખ્યાન આપતા હોય છે.]

ચેતન : આપણા મનમાં એક માન્યતા એવી દઢ થઈ છે કે, દુનિયામાં માણસ જ્યારે કશું સત્કાર્ય કરે છે ત્યારે એની પાછળ એના મનમાં કીર્તિનો કે એવો કશાનો મોહ કામ કરતો હોય છે. નિર્ભેળ સેવા જાણે કે આ દુનિયાની નહીં પણ અન્ય કોઈ દુનિયાની વસ્તુ હોય એમ જ માન્યતા બંધાઈ ગઈ છે. સ્વર્ગસ્થ શેઠ નંદનંદન આમાં અપવાદરૂપ હતા એમ મારી જાતમાહિતી ઉપરથી હું કહી શકું એમ છું. કીર્તિની લાલસા કે દુનિયાની વાહવાહ એ એમની સખાવતોનું કારણ ન હતું. નંદનંદનભાઈએ દુનિયાની લીલી અને સૂકી બન્ને જોઈ હતી. જીવનનાં ટાઢ અને તાપ બન્ને એમણે વેઠ્યાં હતાં. વસંત અને પાનખર બન્ને એમણે અનુભવ્યાં હતાં. એ અનુભવે એમનામાં સહાનુભૂતિ પ્રેરી હતી. સંવેદના જગાવી હતી. હમદર્દીને ઢંઢોળીને જાગ્રત કરી હતી. કોઈના દુઃખ પર પોતાનો કીર્તિમિનાર રચવાની આકાંક્ષા એમણે રાખી ન હતી. એ કહેતા : કોઈનુંય દુઃખ તલભાર પણ હું ઓછું કરી શકું, એના જેટલો લાભ મને આ જિંદગીમાં બીજો શો મળવાનો છે ? મળી છે એ સંપત્તિનો ઉપયોગ, જો એ માટે થઈ શકે તો એના જેવું બીજું કયું સાર્થક હોઈ શકે ? અને એટલે જ એમણે ખુલ્લે હાથે, ઉદાર દિલે, વ્યક્તિ કે સંસ્થા, સહુને નભાવ્યાં છે. આજે જો નંદનંદન શેઠની હૂંફાળી છાંય ગુમાવી હોય તો તે પેલાં, સમાજે તિરસ્કારેલાં અનાથોએ ગુમાવી છે.

[અંધારું.

પ્રકાશ. ચિત્રગુપ્તનો દરબાર]

ચિત્રગુપ્ત : ત્યારે તમારું દાન કીર્તિદાન ન હતું એમ ?

નંદનંદન : કીર્તિ તો મને એટલી મળી કે મારે એને ખરીદવા જવું ન'તું પડતું.

ચિત્રગુપ્ત : ત્યારે તમારા દાન પાછળનો હેતુ શો હતો ?

નંદનંદન : તમેય કેવો સવાલ કરો છો ? દાન પાછળ શો હેતુ હોતો હશે? દુઃખ દેખી ન ખમાય ત્યારે એને ઓછું કરવા કોશિશ કરીએ. બે પૈસા આપી છૂટીએ.

ચિત્રગુપ્ત : પણ દુઃખ દેખી ન ખમાય એ સ્થિતિ ક્યારે આવે ?

દૃષ્ટિ સન્મુખ - નજર સામે
શાખ - નામના
અર્થોપાર્જન - ધનપ્રાપ્તિ
અવેજ - સાટા જેટલી કિંમતનો માલ
ઓળવવું - પચાવી પાડવું.
સત્કાર્ય - સારું કામ
સખાવત - દાન, ખેરાત
લીલી સૂકી જોવી - સુખદુઃખ અનુભવવા.
આકાંક્ષા - ઈચ્છા
સંવેદના - હમદર્દી
તલભાર - થોડુંક
સરપાવ - ઈનામ

નંદનંદન : માણસ હોય અને એને દિલ હોય, તો એ સ્થિતિ આવવાની રાહ જ ન જોવી પડે.

ચિત્રગુપ્ત : એમ ને ? (વાત બદલતાં) તમે માલતીને તો ઓળખતા જ હશો?

નંદનંદન : માલતી ! તમે શું બોલો છો ?

ચિત્રગુપ્ત : સ્મૃતિને તાજી કરી જુઓ. તમારા બંગલાની પાડોશમાં જ એક કુટુંબ રહેતું. ત્યાં વિધવા પુત્રવધૂ હતી. (થોડીવાર અટકી જઈ) હજુ વધારે કહું ? સ્મૃતિને તાજી કરવા ?

નંદનંદન : તાજી થઈ હવે. તેનું શું છે ?

ચિત્રગુપ્ત : મારે એટલું જ કહેવું છે કે અનાથાશ્રમ સાથેનો તમારો સંબંધ માલતી સાથેના તમારા સંબંધને લઈને હતો. ત્યારબાદ તો તમે વિધવાશ્રમને ય સહાય કરી. આવા જ કારણે.

હિસ્સો - ભાગ

નંદનંદન : તમે તો જાણે એવું દેખાડવા મથો છો કે મેં દુનિયામાં મોટું પાપ આચર્યું છે !

ચિત્રગુપ્ત : પાપની તમારી વ્યાખ્યા શી હશે એ હું નથી જાણતો. બાકી આ માલતીની વારંવાર થતી કફોડી દશામાં તમારા હિસ્સાનો જ્યારે તમને ખ્યાલ આવ્યો ત્યારે તમે અનાથાશ્રમને સહાય કરવા માંડી, એટલી તો સાચી હકીકત છે ને ?

નંદનંદન : આ બદલ તો ઊલટો માણસને સરપાવ આપવો જોઈએ.

ચિત્રગુપ્ત : સરપાવ તો તમને મળ્યો જ છે ને ! જીવતાં અને મૂઆ બાદ પણ દુનિયા તમને દાનવીર કહે છે. એટલો સરપાવ ઓછો છે ?

નંદનંદન : વ્યંગ અને કટાક્ષ બન્ને સમજાય એવી ચીજો છે. પણ એને હું પાપ માનતો નથી. ઊલટું ગીતાનો સારબોધ જીવનમાં ઊતર્યાનું વાજબી અભિમાન...

પાર્ષદ : કર્મયોગીના આદર્શ ?...

[અંધારું.

પ્રકાશ. સભાગૃહ.

દેશપ્રિય શક્તિશરણ વ્યાખ્યાન આપે છે.]

**એકમ - 5**

શક્તિશરણ : આપણા દેશમાં પૈસાદારોનું રાજકારણ એક જુદી જ વસ્તુ છે. એમનો પરમમાં પરમ સિદ્ધાન્ત, સ્વાર્થસાધનાનો હોય છે. ધણીને ધા કહેવી અને ચોરને નાસી જવાની સહુલિયાત કરી આપવી એવું એમનું વર્તન હોય છે. લોકલાગણીનો લાભ ઉઠાવવો એને જ એમણે દેશસેવા માની હોય છે આવા સંજોગોમાં સદ્‌ગત નંદનંદનનો રાષ્ટ્રપ્રેમ, એમની જ્વલંત દેશભક્તિ, એમની સિદ્ધાન્તનિષ્ઠા અને દાનવીરતા એ સાચે જ અપ્રતિમ હતાં. ભોગ આપવાની વાતથી એ કદી પણ ડગ્યા નથી. અપમાન વેઠીને ટુકડો સ્વાર્થ સાધવાને એ ક્યારેય તૈયાર ન'તા. માથામાં વાગે એવો જવાબ એ આપતા.

પરમ - શ્રેષ્ઠ
સહુલિયત - સગવડ
અપ્રતિમ - બેનમૂન

રાષ્ટ્રપ્રેમનાં જ્વલંત ઉદાહરણ એમના વ્યવહારમાં આપણને ઠામ ઠામ નજરે મળી આવશે.

[અંધારું. પ્રકાશ. ચિત્રગુપ્તનો દરબાર.]

ચિત્રગુપ્ત : નંદનંદનભાઈ, હવે આપણે તમારી દેશસેવાની વાત કરીએ.

નંદનંદન : એમાં વાત કરવા જેવું શું છે ? મારી ફરજ હતી અને એ મેં બજાવી.

ચિત્રગુપ્ત : બરાબર છે. તમારી અને સહુની ફરજ હતી. માત્ર શું બજાવ્યું એ જ સવાલ છે.

નંદનંદન : દેશસેવકોએ શરૂ કરેલા ફંડફાળામાં પૈસા આપવામાં મેં ક્યારે પણ આનાકાની કરી નથી. અરે, એના વહીવટ વિશે પણ મેં એક સખુન નથી કાઢ્યો ! મેં તો પૈસા આપી દીધા, પછી એમને કરવું હોય એ કરે !

ચિત્રગુપ્ત : પણ તમે કાંઈ એકલા દેશસેવકોને જ પૈસા ન'તા આપતા. સરકારી અમલદારોને પણ સારી પેઠે પૈસા આપતા હતા.

નંદનંદન : ખરી વાત છે. તમારા જેવાઓને આ અજુગતું લાગે છે, કારણ કે તમે લોક વહેવારુ નથી. દુનિયામાં રહેતાં તમને આવડતું નથી. દુનિયામાં રહેવું હોય તો ધૂળનો પણ ખપ પડે અને ખપ પડે એ બધી વસ્તુને એની કિંમત હોય છે. મફત મળે એ હવાપાણીથી પેટ ઓછું ભરાય છે ?

ચિત્રગુપ્ત : ત્યારે આ ફંડફાળા તો જીવતરની કિંમત ચૂકવવાના સવાલ જેવા જ ને !

નંદનંદન : એમાં ખોટું શું ? અને એ બહાને મારા થોડાઘણા દેશવાસીઓને સહાયભૂત પણ થતો.

ચિત્રગુપ્ત : પેલી સ્વદેશીની ચળવળનું શું ?

નંદનંદન : એના પ્રચાર પાછળ મેં લાખો રૂપિયા ખર્ચ્યા છે. દેશ જો બધું સ્વદેશી વાપરતો થાય તો પરદેશી સત્તાની પકડ આપોઆપ તૂટી જાય !

ચિત્રગુપ્ત : આમાં સરવાળે કેટલો નફો થયો ? સ્વદેશીની ભાવના અંગે તમારા કારખાનાને કેવુંક ઉત્તેજન મળ્યું ?

નંદનંદન : એ તો સાદા અર્થશાસ્ત્રનો સવાલ છે, માગ જાગે એટલે પુરવઠો મળી રહે.

ચિત્રગુપ્ત : અને ક્યારેક માગને ઊંઘમાંથી ઢંઢોળીને જગાડવી પડે !

નંદનંદન : હા, એમ પણ બને !

ચિત્રગુપ્ત : સ્વદેશીના નામે તમે બધુ સ્વદેશી જ આપેલું ?

નંદનંદન : સ્વદેશીની તમે કેટલી અંકુચિત વ્યાખ્યા કરો છો ?

ચિત્રગુપ્ત : તો, તમે વેચો તે બધું સ્વદેશી, એવી વ્યાખ્યા તમને માફક આવશે?

નંદનંદન : એ તો ઠીક છે, બાકી પ્રજાની જરૂરિયાત પૂરી પાડવી એ મારી કાયમની નેમ છે.

સખુન - શબ્દ
આનાકાની કરવી - ના કહેવી
ધૂળનો પણ ખપ પડવો - નકામી વસ્તુની પણ જરૂર પડવી.

સ્વદેશી - પોતાના દેશની
કાળ વ્યાપવો - ખૂબજ ગુસ્સો આવવો.
હૈયાફૂટા - મૂરખ
સહવાસ - સાથ
સંહારક - નાશ કરનાર
સમષ્ટિ - જગત
તમાશબીન - પ્રેક્ષક

ચિત્રગુપ્ત : તો પછી તમે કાળાંબજાર કેમ કર્યાં ?

નંદનંદન : સાચે જ તમારા જેવો સમજુ માણસ આમ બોલે છે ત્યારે મને કાળ વ્યાપે છે. પહેલી વાત તો એ છે કે બજાર માત્ર કાળું છે. ધોળાં બજાર તો હૈયાફૂટાઓની કલ્પનાનો વિષય છે. બીજી વાત તો એમ છે કે એમ કરીને દેશની વસ્તુ દેશમાં જ રહેવા દીધી એનો ગુણ તમારા હૈયામાં વસતો નથી અને ત્રીજી વસ્તુ એ છે કે તમને પડેલા પડદા ઊંચકવાનો નકામો શોખ ભારે લાગે છે. હું તો હંમેશાં કહેતો કે, ભાઈઓ, થઈ ગયું તે થઈ ગયું ; હવે પછીની વાત કરો.

ચિત્રગુપ્ત : તમે તો કાળાંબજારસંહારક સમિતિમાં હતા ખરું ને ?

નંદનંદન : એનો પ્રમુખ હતો.

ચિત્રગુપ્ત : એ વધુ સારું. અને તમે તો વહેવારુ રહ્યા. તમારી સમિતિએ કામ કરવું હોય તો કાળાંબજાર હોવાં જ જોઈએ. નહીં તો તમે સંહાર શેનો કરો ?

નંદનંદન : સાચું કહ્યું. ખરું પૂછો તો હવે મને તમારા વિશે કાંક શ્રદ્ધા બંધાતી જાય છે. મારો સહવાસ મળશે તો તમને હું વહેવારુ તો બનાવી શકીશ.

ચિત્રગુપ્ત : હું દિલગીર છું પણ મને એ લાભ નહીં મળી શકે.

નંદનંદન : કારણ ?

ચિત્રગુપ્ત : કારણ કે તમારો મુકદ્દમો પૂરો થયો. હવે ફેંસલાનો વારો આવ્યો.

નંદનંદન : શેનો ફેંસલો ?

પાર્ષદ : પેલી મેં કહી હતી તે બાદબાકી. તે પતી. હવે આવ્યો ગુણાકારનો વારો.

[અધારું. પ્રકાશ. સભાગૃહ. ભાઈસાહેબ ઉપસંહાર કરતા હોય છે.]

ભાઈસાહેબ : આવા એક વીરપુરૂષને ગુમાવ્યાથી શહેર આજે જાણે ભાંગેલું જણાય છે. જાય છે એની જગા પૂરવા માટે નાખી નજરે પણ માણસ મળતા નથી. એટલું જ માત્ર દુઃખ નથી. દુઃખ તો એ છે કે માણસનું મન સાંકડું થતું જાય છે. સમષ્ટિના કલ્યાણની ભાવના આજે પુસ્તકો પર જ રહી છે. પણ મને એનુંય દુઃખ નથી. એક રીતે કહું તો ઉપનિષદના પરમ આદર્શ તેન તેન त्यक्तेन भूंजीथा : નો એક નમૂનો, આપણા જીવનમાં આપણને વૈકુંઠવાસી નંદનંદનમાં જીવતો જોવા મળ્યો, તેને આપણું પરમ સૌભાગ્ય સમજવું જોઈએ. સ્મારકનો વિચાર અહીં સભામાં થયો અને જે ભાઈઓએ ઉત્સાહભેર એ કામ ઉપાડ્યું છે તે જોતાં તે સુયોગ્ય રીતે પાર પડશે એ વિશે પણ મને જરાકે શંકા નથી. અંતમાં મને બાઈબલનું પેલું વાક્ય - સોયના નાકામાંથી ઊંટ પસાર થાય. પણ સ્વર્ગના દ્વારમાંથી

ધનવાન પસાર થઈ શકે નહીં - યાદ આવે છે. પણ સદ્ગત નંદનંદને એ ખોટું પાડી બતાવ્યું. જીવીને જીવનની સાંકડી ઘાટીમાંથી, કાજળની કોટડીમાંથી, એ જાત બચાવીને બહાર નીકળી ગયા. સોયના નાકાના એક અપવાદને પરમાત્મા અમર અને ચિરશાંતિ આપો.

[અંધારું.

પ્રકાશ થાય છે ત્યારે રંગમંચનું સભાગૃહ ખાલી છે. પ્રેક્ષકગૃહમાંથી બહાર નીકળતા તમાશબીનો ખાલી ખુરશીઓ પાસે અટવાતા પેલા શોકસભાના નિમંત્રણને કશીય લાગણી વિના દેખી રહે છે. ]

[પડદો પડે છે.]

કેમ મઝા પડી ને ? કેવી સરસ એકાંકી છે ? વ્યક્તિના દાંભિક જીવનના બે પાસાં કેવાં ખુલ્લાં પડે છે બરાબર ને ? હવે આગળ વધતાં પહેલાં નીચે આપેલા પ્રશ્નોના ઉત્તર આપો જેથી આપણે જાણી શકીએ કે તમે એકાંકીમાંથી કેટલી વાત ગ્રહણ કરી..

## 21.5 પ્રારંભિક પ્રશ્નો

1. કોના મૃત્યુ પાછળ શોકસભા ભરવામાં આવી છે ?

2. શેઠના કયા કયા ગુણોના વખાણ થયા ?

3. મૃત્યુ પછી શેઠને ક્યાં લઈ જવામાં આવ્યા ?

4. ચિત્રગુપ્ત પાસે શેઠના કયા કયા દુર્ગુણો જણાઈ આવ્યા ?

વાહ ભાઈ વાહ ! તમે તો ખૂબજ સાચા અને સરસ જવાબ આપ્યા ! લાગે છે તમને એકાંકીમાં ખૂબજ મઝા પડી ! હવે આપણે આ પાઠને વિસ્તારથી સમજીએ. હવે પાઠના પહેલા એકમને ધ્યાનથી વાંચો.

## 21.6 સમજૂતી

### એકમ - 1

નંદનંદન શેઠનું મૃત્યુ થયું છે. તેમને અંજલિ આપવા નગરના મોટા લોકો એકઠાં થયા છે. શેઠના વ્યક્તિત્વના અને ગુણના વખાણ કરનારા આ કહેવાતા મોટા લોકો પણ શેઠ જેવા જ દંભી છે. એકાંકીની શરૂઆતમાં રંગમંચનો નિર્દેશ ખૂબજ આકર્ષક રીતે થયો છે. ગાંધી ટોપી પહેરીને આવતા ગૃહસ્થનું વર્ણન પણ સુંદર છે. ભાઈસાહેબને પ્રમુખસ્થાને બેસાડવામાં આવે છે અને શોકસભાની કાર્યવાહી આગળ ચાલે છે. ભાઈસાહેબ શેઠ વિશે કહેવાનું શરૂ કરે છે. શેઠમાં રહેલ પુરુષાર્થના ગુણની વાહવાહ કરે છે. નીચી કક્ષામાંથી ઊંચે સુધી આવનાર શેઠ ખૂબજ મહેનતુ હતા તેમજ અભિમાની પણ ન હતા તે વાત પર ભાર મૂકવામાં આવે છે.

શોકસભામાં આવી વાતો ચાલે છે ત્યાં અચાનક અંધારું થઈ જાય છે અને થોડીવારમાં નવું જ દશ્ય નજરે પડે છે. હવે ચિત્રગુપ્તના દરબારનું દશ્ય આપણી સામે છે. તમને ખબર છે ને કે આપણે ત્યાં એવી માન્યતા છે કે મૃત્યુ પછી સ્વર્ગમાં ચિત્રગુપ્તના દરબારમાં હાજર થવું પડે છે. ત્યાં માનવે કરેલાં કામોના હિસાબ થાય છે અને તે પ્રમાણે તેનો ન્યાય કરવામાં આવે છે. આપણા શેઠ નંદનંદનને પણ પાર્ષદ લઈ જઈ રહ્યો છે. પગે ચાલીને જતા શેઠને ખૂબજ દુઃખ પડે છે. પાર્ષદનું વર્તન પણ તેમને ખૂંચે છે. તેમાંયે વળી તેનો નોકર પાલખીમાં અને પોતે પગપાળા છે તેનું દુઃખ વિશેષ છે. પ્રતિષ્ઠાના મોહમાં ફસાયેલા શેઠ ગુસ્સે થઈ રહ્યા છે. અહીં શેઠમાં રહેલ અભિમાની સ્વભાવ અને મહેનત ન કરવાનો સ્વભાવ જણાઈ આવે છે. પૃથ્વી પર તેઓ પુરુષાર્થી અને નિરાભિમાની હતા તેવી જે વાત થઈ તેનાં કરતા તદ્દન વિરોધી સ્વભાવ અહીં જોવા મળે છે. આ પરથી આપણે શેઠના દંભી અને બેવડા વ્યક્તિત્વની પોલ જાણી શકીએ છીએ.

---

### પાઠ્ય પ્રશ્નો 21.1

---

1. રંગમંચ પર આવતા લોકોના ચહેરા કેવા છે ?

2. શા માટે શોકસભા ભરવામાં આવી છે ?

3. સભાનું પ્રમુખસ્થાન કોણે લીધું ?

4. ભાઈસાહેબે નંદનંદન શેઠના ક્યા ક્યા ગુણની વાત કરી ?

5. શેઠને કોણ લઈ જઈ રહ્યું હતું ?

6. પાલખીમાં કોણ હતું ?

7. ચિત્રગુ ના દરબારમાં શેનો હિસાબ થાય ?

8. ચિત્રગુપ્તના દરબારમાં શેઠના ક્યા ગુણ જણાઈ આવ્યા ?

9. શેઠનું વ્યક્તિત્વ કેવું લાગ્યું ?

## 21.6 સમજૂતી : એકમ - 2

ચાલો ફરી પાછા પૃથ્વી પર શું ચાલી રહ્યું છે તે જોઈએ. ઉત્તમચંદ શેઠને અંજલિ આપી રહ્યા છે. ફેરી કરતાં કરતાં જાતમહેનતથી આગળ આવેલા શેઠ વિશે વાત ચાલે છે. શેઠમાં રહેલ વેપારની કુશળતા અને વ્યવહારુબુદ્ધિના વખાણ થાય છે.

પણ ચિત્રગુપ્તના દરબારમાં જોઈએ તો શેઠના અવ્યવહારુ વર્તનના દર્શન થાય છે. તે ચિત્રગુપ્ત સામે જેમતેમ બોલી રહ્યા છે. પોતાની બુદ્ધિ અને બાવડાના બળનું મિથ્યાભિમાન બતાવી રહ્યા છે. ત્યારે ચિત્રગુપ્ત ભોગીલાલને બોલાવે છે. જે શેઠના મિત્ર હતા. શેઠે તેને દગો દીધો હતો અને તેના પૈસા પચાવી પાડ્યા હતા. જગતના લોકોને શેઠ આપબળે આગળ આવ્યા કે જાતમહેનતથી ધનવાન થયા તેમ લાગે છે પણ ખરેખર શેઠે તો આવા કેટલાય લોકોના પૈસા પચાવી પાડ્યા છે. તે સ્વરૂપ અહીં છતું થાય છે.

### પાઠ્ય પ્રશ્નો 21.2

ખરાં (✓) અને ખોટાં (X) ની નિશાની કરો.

1. ઉત્તમચંદે શેઠ ફેરી કરતા એ વાત કહી. ☐
2. શેઠમાં વેપારી કુનેહ અને વ્યવહારુબુદ્ધિ હતી. ☐
3. શેઠ પોતાની બુદ્ધિના જોરે ધન કમાયા હતા. ☐
4. ભોગીલાલ શેઠના દુશ્મન હતા. ☐
5. શેઠે ભોગીલાલના પૈસા ઉચાપત કર્યા હતા. ☐
6. ખરેખર શેઠ આપબળે આગળ વધ્યા હતા. ☐
7. ચિત્રગુપ્તના દરબારમાં નાના-મોટા, ગરીબ-તાલેવંત સહુને આવવાનું હોય છે. ☐

## 21.6 (ગ) સમજૂતી : એકમ - 3

શોકસભામાં રાજશ્રી અગ્નિકુમાર ભાષણ કરી રહ્યા છે. તે શેઠમાં રહેલ પ્રામાણિકતાના ગુણ વિશે કહી રહ્યા છે. કોઈની પાઈ પણ ન રાખનાર, અનાથ અને વિધવાઓની સંપત્તિ અનામત રાખતાં અને યાદ કરીને પાછા સોંપતા એ વાતને ગીતાના આદર્શ સાથે જોડીને શેઠના ખૂબ ખૂબ વખાણ થઈ રહ્યા છે.

પ...ણ ખરી વાત તો જોઈએ... ચિત્રગુપ્તના દરબારમાં આપણે જાણી શક્યા કે ખરેખર આ તો મોટો અપ્રમાણિક માણસ છે. તેણે મૂળીડોશી જેવી વિધવાઓની મિલકત હડપ કરી લીધી છે. ધનપ્રાપ્તિ કરવા આવા કેટલાય લોકોની સંપત્તિ શેઠે પચાવી પાડી છે. કેટલાય લોકોને વિશ્વાસઘાત થયો છે. આમ શેઠની પૈસા મેળવવાની ખરાબ વૃત્તિ આપણને જાણવા મળે છે.

### પાઠ્ય પ્રશ્નો 21.3

આ એકમ પરથી નીચેનાં વાક્યો કોણ બોલે છે તે સામેના ખાનામાં લખો.

1. " ગીતાનો આદર્શ તો એમણે જીવનમાં ઉતાર્યો હતો." [ ]
2. " એ તો શાખ વધારે એટલે સૌ કોઈ મૂકી જાય. " [ ]
3. " નરદમ જૂઠાણું છે, એવું મેં કહ્યું જ નથી. " [ ]
4. " કેટલાને તમે મૂડી પાછી આપી ? " [ ]
5. " મને અહીં ન્યાય મળે એમ લાગતું નથી. " [ ]

## 21.6 (ઘ) સમજૂતી : એકમ - 4

હવે સભાગૃહમાં ચેતનકુમાર ભાષણ આપી રહ્યા છે. શેઠને કીર્તિનો મોહ ન હતો, દુનિયાની વાહવાહનો પણ મોહ ન હતો. જીવનમાં સુખ, દુ:ખનો તેમણે સામનો કર્યો હતો. જાત અનુભવને કારણે તેઓ સહાનુભૂતિ અને સંવેદનાથી ભર્યા હતા. દુ:ખી લોકો પ્રત્યે શેઠને હમદર્દી હતી. તેમનાથી કોઈનું થોડું દુ:ખ પણ સહન ન થતું. તેથી તેઓ વ્યક્તિ કે સંસ્થા સહુને દાન આપીને મદદ કરતા. આવા ઉદાર દિલ શેઠના અવસાનનું દુ:ખ ગરીબ લોકોને વિશેષ છે તે વાત થઈ રહી છે.

પ...ણ ખરેખર તો શેઠ કીર્તિ મેળવવા જ દાન આપતા. વળી માલતી જેવી અનાથ વિધવા સ્ત્રી સાથે અનૈતિક સંબંધ પણ રાખતા. તેની કફોડી સ્થિતિના કારણરૂપ હતા તેથી તે મદદ કરતા. માલતીના કારણે જ તેઓ વિધવાઆશ્રમને પણ મદદ કરતા. પાપ ઢાંકવા પુણ્યનો પછેડો ઓઢનાર આ દંભી શેઠની પોલ ચિત્રગુપ્તના દરબારમાં ખુલી ગઈ.

## પાઠ્ય પ્રશ્નો 21.4

એકમ - 4 ના આધારે નીચે આપેલાં વિધાનો માટે બેબે કારણો આપ્યાં છે તેમાંથી જે ખરું હોય તેની સામે ✓ ની નિશાની કરો .

1. માણસ સત્કાર્ય કરે છે. કારણ કે...
   (1) તેના મનમાં કીર્તિનો મોહ હોય છે.
   (2) તેના મનમાં સેવાનો મોહ હોય છે.
2. શેઠને ગરીબો પ્રત્યે હમદર્દી હતી. કારણ કે...
   (1) તેમણે સુખ-દુઃખ અનુભવ્યા હતાં.
   (2) તેમને મદદ કરવી હતી.
3. શેઠ અનાથઆશ્રમને દાન આપતા. કારણ કે...
   (1) ગરીબોને મદદ કરવી હતી.
   (2) આડકતરી રીતે માલતીને મદદ કરવી હતી.
4. પાર્ષદ 'કર્મયોગીના આદર્શ ?' એવો કટાક્ષ કરે છે. કારણ કે...
   (1) ખરેખર શેઠ કર્મયોગી હતા.
   (2) ખરેખર શેઠ કર્મયોગી ન હતા.

## 21.6 (ચ) સમજૂતી : એકમ - 5

સભામાં દેશપ્રિય શક્તિશરણ ભાષણ આપી રહ્યા છે. તેઓ રાજકારણીઓની વિશિષ્ટતાની વાત કરે છે. ચોર અને કોટવાળ બંનેને પોષતી સરકાર પર જબરો વ્યંગ્ય કર્યો છે. શેઠમાં રહેલ રાષ્ટ્રપ્રેમ, દેશભક્તિ, સિદ્ધાન્તનિષ્ઠા અને દાનવીરતાના વખાણ થઈ રહ્યા છે.

ચાલો ખરી હકીકત જાણીએ... અરે આ વળી દેશભક્ત કેવા ? એણે તો દેશસેવકોને અને સરકારી અમલદારોને પણ લાંચ આપેલી છે. સ્વદેશીની ચળવળ ઊભી કરવા પાછળ પોતાની મિલનો માલ વપરાય તે દુષ્ટબુદ્ધિ રહેલી છે અને કાળાબજાર વિનાશક સમિતિના પ્રમુખ બનીને વધુ ને વધુ કાળાંબજાર કર્યાં છે. બજાર માત્ર કાવાદાવાથી ભરેલું કાળું છે તેમ તે માને છે. વળી નિષ્ઠાપૂર્ણ ધોળુંબજાર તો મૂર્ખાઓની કલ્પના માત્ર છે તેમ મજાક પણ કરે છે. ચિત્રગુપ્તના ચોપડે શેઠનો હિસાબ સ્પષ્ટ થઈ ગયો. આપણે કલ્પના કરી શકીએ છીએ કે શેઠને કેવી આકરી શિક્ષા થશે. 'કરે તેવું પામે ' નો ન્યાય અહીં તો લાગુ પડવાનો જ.

પ...ણ પૃથ્વી પર તો જુઓ ભાઈસાહેબ શેઠ વિશે હજુ પણ કંઈક કહી રહ્યા છે. 'ત્યાગીને ભોગવી જાણો ' નો ગીતાનો આદર્શ શેઠમાં જોવા મળે છે તેમ કહી શેઠમાં રહેલ કલ્યાણભાવનાના ગુણના વખાણ થાય છે. શેઠનું સ્મારક બનાવવા પૈસા એકત્ર કરવાની વાત નક્કી થઈ છે.

એકાકીનો અંત સચોટ રીતે મુકાયો છે. શીર્ષકને સ્પષ્ટ કરતાં વાક્યો આવે છે. બાઈબલનું વાક્ય અહીં પુરાણકલ્પન (Myth) બનીને મૂકાયું છે. ''સોયના નાકામાંથી ઊંટ પસાર થાય પણ સ્વર્ગના દ્વારમાંથી ધનવાન પસાર થઈ શકે નહીં. '' ખરેખર આપણે જ જાણી શક્યા કે શેઠ સોયનું નાકું પસાર કરી શક્યા નહિ. તેમનાં કાળાં કર્મોને કારણે તે અટકી પડ્યા. લેખકે અંતમાં આ વાક્ય મૂકી જબરો વ્યંગ્ય સિદ્ધ કર્યો છે.

**પાઠ્ય પ્રશ્નો 21.5**

એકમ - 5 ના આધારે નીચેના પ્રશ્નોના જવાબ આપો.

1. શક્તિશરણે શેઠના ક્યા ક્યા ગુણો જણાવ્યા ?

2. શેઠે ફંડફાળામાં કોને કોને પૈસા આપ્યા ?

3. સ્વદેશી ચળવળ પાછળ શેઠનો હેતુ શો હતો ?

4. અર્થશાસ્ત્રનો ક્યો નિયમ અહીં મૂક્યો છે ?

5. શેઠની સ્મૃતિમાં શું બનાવવાનું નક્કી થયું ?

## 21.7 (ક) સાહિત્ય સ્વરૂપ

તમે વિચારતાં હશો કે આ એકાંકી છે શું ? પડદો ઉપડે ત્યારથી પડદો પડે તે વચ્ચે ભજવાતું એક અંકવાળું નાટક તે એકાંકી. એકાંકી રંગમંચ પર ભજવાતું હોય ત્યારે જોવામાં આનંદ મળે છે. અહીં એકાંકીના લેખકે વચ્ચે કંઈપણ સૂચન કરવાનું હોય નહીં. અહીં તો પાત્રો જ સંવાદ દ્વારા એકાંકીના વિષયને સ્પષ્ટ કરે છે.

એકાંકીનાં મુખ્ય તત્ત્વ આ પ્રમાણે છે.

1. કથાવસ્તુ
2. પાત્રાલેખન
3. સંવાદ
4. સંઘર્ષ
5. ભાષાશૈલી
6. શીર્ષક
7. અભિનેયતા

આવો આપણે એકાંકીનાં આ મુખ્ય તત્ત્વોને સમજીએ અને 'સોયનું નાકું' એકાંકીમાં આ તત્ત્વોનો કઈ રીતે સમાવેશ થયો છે તે જાણીએ.

**1. કથાવસ્તુ :**

એકાંકીનું કથાવસ્તુ મોટાભાગે જીવનસંબંધી કોઈ વિષય પર હોય છે. જીવનને લગતી કોઈ ઘટના, પ્રસંગ કે ભાવનું નિરૂપણ કથાનકમાં ગૂંથાય છે. એકાંકીનું કથાનક બને તેટલું લાઘવભર્યું અને સચોટ રહેવું જોઈએ. 'સોયનું નાકું' એકાંકીમાં પણ કથાનક સુંદર રીતે ગૂંથાયું છે. શેઠ નંદનંદનના બેવડા વ્યક્તિત્વને સ્પષ્ટ કરતું કથાવસ્તુ સબળતાથી મૂકાયું છે. શેઠની પૃથ્વી પર રહેલી દાંભિક છાપ અને ચિત્રગુપ્તના ચોપડે મંડાયેલી સત્ય હકીકત એ બે વસ્તુનું સુંદર રીતે ગુંફન થયું છે. બે પ્રવાહ વચ્ચે વહેતું કથાનક સુંદર રીતે વિકાસ પામે છે.

એકાંકીનું કથાવસ્તુ વિશ્વસનીય તેમજ પ્રભાવક હોવું જોઈએ. આપણાં આ એકાંકીમાં પણ આ બાબત ચુસ્ત રીતે પ્રતીત થાય છે. અંજલિ આપી રહેલા દંભી લોકોના વક્તવ્ય પાછળ રહેલ સત્ય પ્રકાશિત થઈ ઊઠે છે. સમાજમાં આવા લોકો વસે છે તે વાતમાં આપણે પણ સામેલ થઈ જઈએ છીએ. તેમજ ચિત્રગુપ્તના દરબારમાં રહેલ સત્યની ખુલ્લી કિતાબ વિશે જાણતા આપણે પ્રભાવિત થઈ જઈએ છીએ. સમગ્ર એકાંકીમાં આરંભથી અંત સુધી કથાનકની ગતિ તાક્યા તીર જેવી રહેવી જોઈએ. આકર્ષક શરૂઆત થાય અને જોતજોતામાં સચોટ અંત પર એકાંકી પહોંચી જાય. 'સોયનું નાકું' એકાંકી પણ આવીજ ગતિએ આગળ વધે છે. સમગ્ર એકાંકીમાં શેઠના દંભી, પોકળ, બેવડા વ્યક્તિત્વ વિશે સંવાદો - ઘટનાઓ નિરૂપવામાં આવે છે અને શેઠનાં ખરાં જીવનની ખુલ્લી કિતાબ ધરી દઈને સચોટ અંત આવે છે.

**2. પાત્રાલેખન :**

એકાંકીમાં જે વ્યક્તિઓ ભૂમિકા ભજવે છે તે પાત્ર કહેવાય છે. એકાંકીમાં કથાનકને અનુરૂપ અને યોગ્ય માત્રામાં જ પાત્રો આવવાં જોઈએ. પાત્રો સંવાદો દ્વારા કથાવસ્તુને આગળ ધપાવે છે અને પોતાની ભૂમિકા દ્વારા પ્રભાવ જમાવે છે. 'સોયનું નાકું' એકાંકીમાં ઘણાં પાત્રોથી આપણે પરિચિત થયાં. તો હવે નીચે આપેલાં ખાનામાં એકાંકીમાં આવતાં પાત્રોનાં નામ નોંધો.

| | | | |
|---|---|---|---|
| | | | |
| | | | |
| | | | |

બહુ સરસ ! આ એકાંકીમા આવતાં પાત્રોને તમે બરાબર જાણી ગયા છો ! આ ઉપરાંત નોકર, માલતી જેવાં પાત્રોનાં નામનો જ માત્ર ઉલ્લેખ થયો છે છતાં તેઓ કથાનક સાથે વણાયેલાં જ છે.

એકાંકીના પાત્રો સંવાદો દ્વારા જ પોતાનું વ્યક્તિત્વ વિકસાવે છે. તેથી એકાંકીકાર બહુ કુશળતાપૂર્વક પાત્રોના મુખે સંવાદો મૂકે છે. સંવાદ અને ભૂમિકા પરથી આપણે પાત્રને ઓળખી જઈએ છીએ. જેમ કે આપણી સમક્ષ નંદનંદન શેઠનું પાત્ર છે. તેમના સંવાદો દ્વારા તેમની પોકળતાને આપણે પામી જઈએ છીએ. તે સમાજ વચ્ચે આડંબરભર્યું દંભી જીવન જીવ્યા છે અને ચિત્રગુપ્તના દરબારમાં તેની કિતાબ ખુલ્લી થઈ ગઈ છે. આ વાત તેમના એક એક વાક્ય દ્વારા આપણે જાણી શકીએ છીએ. તેમનામાં રહેલ દુર્ગુણો તેમની વાણી અને વિચારમાં દેખાઈ આવે છે. તો વળી પાર્ષદના મુખે બોલાતા ચાબખા જેવા કટુ શબ્દો તેના પાત્રને ઉપસાવે છે. અંજલિ આપતા લોકોની આડંબરભરીવાણી તેમના ચરિત્રમાં રહેલ દંભને સ્પષ્ટ કરી આપે છે. તે બધાં પાત્રો પણ શેઠ જેવાં જ બેવડા વ્યક્તિત્વવાળા છે તે વાત પણ આપણે જાણી શકીએ છીએ.

**3. સંવાદ :**

સંવાદ એ તો એકાંકીનો પ્રાણ છે. સરળ, નાનાં અને સ્પષ્ટ સંવાદોથી જ એકાંકીનું ઘડતર થાય છે. વાચક કે પ્રેક્ષક સંવાદ સાંભળતાં જ તેને તરત જ સમજી શકે અને પાત્ર સાથે ઓળખાણનો નાતો બાંધી લે તે ખૂબ જરૂરી છે. સંવાદો પાત્રોચિત પણ હોવા જોઈએ. પાત્રના વ્યક્તિત્વને ઉપસાવવામાં સંવાદ મોટો ભાગ ભજવે છે. જેમકે અંજલિ આપતા શ્રી ભાઈસાહેબ, નાગરદાસ કે શક્તિશરણ જેવાના સંવાદમાં રહેલી નરી પોકળતા છતી થઈ જ જાય છે.

શેઠના સંવાદો શેઠમાં રહેલ દુર્ગુણોને સ્પષ્ટ કરી જ આપે છે. ચિત્રગુપ્ત કે પાર્ષદના સંવાદોમાં ન્યાયની સુગંધ ભળેલી જણાઈ આવે છે.

સંવાદોની ભાષા સરળ અને સામાન્ય જનસમુદાય સમજી શકે તેવી હોવી જોઈએ. 'સોયનું નાકું' એકાંકીમાં આ બાબત કાળજીપૂર્વક રજૂ થઈ છે. અહીં કટાક્ષભર્યા સંવાદો હોવા છતાં તેમાં ક્લિષ્ટતા નથી. પાર્ષદના મુખે મુકાયેલા સંવાદો આ પ્રકારના છે. શેઠના મુખે મુકાયેલા સંવાદો શેઠના આંતરિક ચરિત્રને સ્પષ્ટ કરી આપે છે. તેમાંના કેટલાક સંવાદો તો આપણને પણ શેઠ પર ખૂબજ ગુસ્સો આવી જાય તેવા લાગે છે. જેમકે " ધોળાબજાર તો હૈયાફૂટાઓની કલ્પનાનો વિષય છે." "આ બદલતો ઉલટો મને સર .. આ તો જોઈએ."

શેઠના અસલી વ્યક્તિત્વને સ્પષ્ટ કરતી આવી બીજી ઉક્તિઓ નોંધો.

1. ________________

2. ________________

3. ________________

4. ________________

**4. સંઘર્ષ :**

અંગ્રેજીમાં કહેવાય છે કે, 'નહીં સંઘર્ષ, નહીં નાટક '. એ પ્રમાણે સંઘર્ષ એકાંકીના પ્રાણરૂપ હોય છે. સંવાદો દ્વારા ગતિ કરતું એકાંકી સંઘર્ષની ગૂંથણીથી સબળ બને છે. 'સોયનું નાકું' એકાંકીમાં શેઠના વ્યક્તિત્વના બેવડાં પાસાંને ઉપસાવતાં લેખકે સંઘર્ષની સરસ રીતે ગૂંથણી કરી છે. એક તરફ શેઠ વિશે ચાલતી સારી સારી વાતો, આડંબરી વાતો અને બીજી તરફ ચિત્રગુપ્તના પાનાં એક પછી એક ખુલ્લાં થતાં જાય છે. તે વાત સરસ રીતે જામે છે. શેઠને અનુભવવી પડતી તકલીફ, તેની અપેક્ષા વિરુદ્ધની પરિસ્થિતિ, ચિત્રગુપ્ત સાથેના સંવાદો આ બધામાં સંઘર્ષની ગૂંથણી સરસ રીતે થઈ છે. જે એકાંકીને સચોટ-સબળ બનાવવામાં ઉપકારક નીવડે છે.

**(5) ભાષાશૈલી :**

એકાંકીના લેખકની કુશળતા તેની ભાષાશૈલીમાં જણાઈ આવે છે. સબળ-સચોટ સંવાદો દ્વારા કથાવસ્તુને સ્પષ્ટ કરવું તેમજ દરેક પાત્રનું આલેખન કરવું તે લેખકની ભાષાશક્તિની કસોટીરૂપ બની જાય છે. પાત્રોચિત સંવાદો ઘડવા એ પણ અગત્યની બાબત બની રહે છે.

'સોયનું નાકું' એકાંકીમાં લેખકની ઉત્તમ ભાષાશક્તિનો પરિચય થાય છે. ભિન્ન ભિન્ન વિચારસરણીવાળાં પાત્રોના મુખે તેમના વર્તન-વ્યવહારને યોગ્ય જ સંવાદો મૂકાયા છે. તદુપરાંત ભાષાની ખૂબી દ્વારા જ શેઠના દંભી વ્યક્તિત્વને પણ ખુલ્લું કર્યું છે. બે સ્થળે ચાલતું એકાંકી સંવાદો દ્વારા ઉત્તમ અસર ઉપજાવી શકે છે. વ્યંગ્ય-કટાક્ષસભર ભાષા એકાંકીને સબળ બનાવે છે, વેધક બનાવે છે. સમાજમાં આદર્શોના આજે ચીંથરા ઊડી રહ્યા છે તે વેધક અને દુ:ખદ બાબતને લેખકે પોતાની ભાષાશૈલીથી ઉપસાવી છે.

**6. શીર્ષક :**

એકાંકીનું શીર્ષક ચોટદાર હોવું જોઈએ. સમગ્ર કથાવસ્તુના સંદર્ભમાં શીર્ષક મુકાવું જોઈએ અથવા કોઈ ઘટના, પાત્ર કે કટાક્ષના સંદર્ભમાં શીર્ષક મુકાવું જોઈએ. 'સોયનું નાકું' શીર્ષક સમગ્ર એકાંકીના સંદર્ભમાં ચોટદાર અસર ઊભી કરે છે. બાઈબલની કહેવત પ્રમાણે "સોયના નાકામાંથી ઊંટ પસાર થાય પણ સ્વર્ગના દ્વારમાંથી ધનવાન પસાર થઈ શકે નહીં ." એટલે કે નાનું એવું સોયનું નાકું હોય તેમાંથી મોટું પ્રાણી ઊંટ પસાર થઈ શકે, અર્થાત્ જે અશક્ય છે તે કદાચ શક્ય પણ થઈ

શકે પરંતુ પ્રભુના દરબારમાં તો જે તથ્ય છે તેમાં કોઈ ફેરફાર થઈ શકે નહીં. ત્યાં તો ન્યાય બરાબર જ થાય અને સૌએ કર્મનું ફળ ભોગવવું જ પડે. શેઠનાં કર્યાં કર્મોની વાત અને ચિત્રગુપ્તે કરેલ ન્યાય એ બાબતો શીર્ષકને બરાબર સ્પષ્ટ કરી આપે છે.

**7. અભિનેયતા :**

અભિનય શબ્દથી તો તમે પરિચિત છો જ. એકાંકીમાં રહેલ પાત્રો જે ભૂમિકા ભજવે તે અભિનય અને આ અભિનય સિદ્ધ કરવાની ક્ષમતા કે ગુણ તે અભિનેયતા. 'સોયનું નાકું' એકાંકીમાં પણ આ અભિનેયતા જોઈ શકાય છે. આ એકાંકી પણ મંચ પર સરસ રીતે ભજવી શકાય તેવું જ છે. એકાંકીની અભિનેયતા માટે નીચેની બાબતો પર ધ્યાન આપવા જેવું હોય છે.

**(1) રંગનિર્દેશ :** રંગમંચ વિશે યોગ્ય માર્ગદર્શન આપેલું હોય તો સારી અસર ઉપજાવી શકાય. અહીં લેખકે બે પ્રકારના રંગમંચ વિશે સરસ રીતે રંગનિર્દેશ કરેલ છે.

**(2) ઉચિત પાત્ર, દૃશ્ય અને સામગ્રી :** એકાંકીમાં ઉચિત એટલે કે જરૂર પૂરતાં જ, શક્ય એટલાં ઓછાં પાત્રો, દૃશ્યો અને સામગ્રીથી ઘડતર કરવું જોઈએ. કારણ કે આ બધાંનો જો વધારો થઈ જાય તો એકાંકી કથળી જાય અને ચોટદાર ન બની શકે.

**(3) સરળ સંવાદ :** સંવાદોનો સરળતા એકાંકીની અભિનેયતાને વધારી દે છે. પાત્રોચિત સંવાદો સારી અસર ઊભી કરે છે. સચોટ સંવાદો વાચક કે પ્રેક્ષકના હૃદય સુધી પહોંચી શકે છે. અહીં પણ પાર્ષદ, ચિત્રગુપ્ત અને શેઠના સંવાદો આવા જ અસરકારક બની રહે છે.

આ રીતે દૃશ્યની સુંદર ગૂંથણી અને સંવાદો દ્વારા એકાંકીની અભિનેયતા સિદ્ધ થાય છે. 'સોયનું નાકું' એકાંકીમાં થતાં દૃશ્યપલટાની એવી સરસ ગૂંથણી થઈ છે કે જે સ્વર્ગ અને પૃથ્વી પરની ગતિવિધિ વિશે તો જણાવે છે પણ સાથે સાથે શેઠના દંભી વ્યક્તિત્વને પણ સ્પષ્ટ કરે છે.

તો હવે તમે કહી શકશો કે એકાંકીનાં લક્ષણો સાથે સફળ થતી આપણી એ એકાંકી 'સોયનું નાકું' ભજવી શકાય ખરી ?

શું કહ્યું ? હા... તો પછી ચાલો મિત્રોને એકઠાં કરો અને અભિનયની તૈયારી કરો..

## 21.7 (ખ) લેખક-પરિચય (જન્મ 1909 - મૃત્યુ 1970)

અમદાવાદના વતની લેખકશ્રી જયંતી દલાલ ગુજરાતી સાહિત્યના ઉત્તમ એકાંકીકાર તરીકે પ્રખ્યાત છે. એકાંકીને સુંદર નખશિખ ઘાટ આપવાનું કાર્ય તેમણે કર્યું છે. તેમની લેખનશૈલીનું મહત્ત્વનું પ્રદાન એકાંકી અને ટૂંકીવાર્તાક્ષેત્રે રહેલું છે. 'જવનિકા', 'પ્રવેશ બીજો અને ત્રીજો' તેમના એકાંકીસંગ્રહો છે. 'યુદ્ધ અને શાંતિ' જેવી પ્રશિષ્ટ નવલકથાનો તેમણે કરેલો અનુવાદ એમની મહત્ત્વની સાહિત્ય સેવા છે. તેમણે ટૂંકીવાર્તા અને નવલકથા પણ લખી છે. સમાજજીવનની સમસ્યાઓ અને માનવસમાજના દંભને લેખકે વાચા

આપી છે. રંગભૂમિના નિર્દેશનમાં લેખક કુશળ છે. સંવાદોની સચોટતા અને બળકટતા એ લેખકની ઉત્તમ ભાષાશૈલીના દર્શન કરાવે છે.

## 21.8 તમે શું શીખ્યા

1. વ્યક્તિના બેવડા વ્યક્તિત્વને જાણી શક્યા.
2. નંદનંદન શેઠ જેવા કેટલાય દંભી લોકો સમાજમાં રહેલા છે તે વાત સ્પષ્ટ કરી શક્યા.
3. શેઠના બેવડા વ્યક્તિત્વની તુલના કરી શક્યા.
4. લેખકની વ્યંગ્યસભર ભાષાશૈલીને સમજી શક્યા.
5. સ્વર્ગમાં ચાલતી ગતિવિધિઓને જાણી શક્યા.
6. સંવાદોમાંથી નિષ્પન્ન થતા હાસ્યકટાક્ષભર્યા મર્મને પામી શક્યા.
7. એકાંકીનાં સ્વરૂપગત લક્ષણો જાણી શક્યા.

**વિશેષ પ્રવૃત્તિ**

- 'જયંતી દલાલના પ્રતિનિધિ એકાંકીઓ' નામનો એકાંકીસંગ્રહ મેળવી વાંચો.
- તમારા ગામમાં કોઈ કાર્યક્રમ થાય ત્યારે આ એકાંકી ભજવો.
- 'મારી સ્વર્ગની મુલાકાત' પર નિબંધ લખો.

## 21.10 અંતિમ સ્વાધ્યાય

નીચેના પ્રશ્નોના ઉત્તર આપો.

1. શોકસભા શા માટે ભરવામાં આવી હતી ?
2. શોકસભામાં પ્રમુખસ્થાન કોણે લીધું ? શા માટે ?
3. ભાઈસાહેબે શેઠ વિશે શું કહ્યું ?
4. શેઠને ક્યાં લઈ જવામાં આવ્યા ? કઈ રીતે ?
5. પાલખીમાં નોકરને જોઈને શેઠને દુઃખ શા માટે થયું ?
6. ઉત્તમચંદે શેઠના ક્યા ગુણની વાત કરી ?
7. ચિત્રગુપ્તે ભોગીલાલને શા માટે બોલાવ્યા ?
8. ચિત્રગુપ્તના દરબાર વિશે નોંધ લખો.
9. શેઠે કોના કોના પૈસા પચાવી પાડેલા ? કઈ રીતે ?
10. શેઠ દાનકર્મ શા માટે કરતા ?
11. શક્તિશરણે શેઠના ક્યા ગુણ દર્શાવ્યા ?
12. શેઠના બેવડા વ્યક્તિત્વ વિશે નોંધ લખો.
13. એકાંકીનાં લક્ષણો સાથે 'સોયનું નાકું' નું મૂલ્યાંકન કરો.
14. 'સોયનું નાકું' શીર્ષક સ્પષ્ટ કરો.
15. મર્માળા હાસ્યકટાક્ષ પર નોંધ તૈયાર કરો.

## પાઠ્ય પ્રશ્નો અને પાઠ્ય પ્રશ્નોના જવાબો

**21.5**

(1) નંદનંદન શેઠના મૃત્યુ પાછળ.
(2) મહેનતુ, પ્રામાણિક, સ્વાવલંબી, દયાળુ, દાનવીર, સિદ્ધાન્તનિષ્ઠ અને દેશભક્ત તેમજ નિરાભિમાની
(3) ચિત્રગુપ્તના દરબારમાં
(4) મહેનત ન કરનાર, અપ્રમાણિક, સ્વાર્થી, દંભી, અનૈતિક, દેશદ્રોહી અને મિથ્યાભિમાની

**એકમ - 1**

(1) ગંભીર
(2) નંદનંદન શેઠના અવસાનને કારણે
(3) ભાઈસાહેબ
(4) પુરુષાર્થી અને નિરાભિમાની
(5) પાર્ષદ–ચિત્રગુપ્તના દરબારમાં
(6) નોકર
(7) પાપ અને પુણ્યનો
(8) અભિમાની અને મહેનત ન કરવાનો
(9) બેવડું અને દંભી

**એકમ - 2**

| | | | |
|---|---|---|---|
| (1) | ✓ | (5) | ✓ |
| (2) | × | (6) | × |
| (3) | × | (7) | ✓ |
| (4) | × | | |

**એકમ - 3**

(1) અગ્નિકુમાર (2) નંદનંદન શેઠ (3) મૂળી ડોશી
(4) ચિત્રગુપ્ત (5) નંદનંદન શેઠ

**એકમ - 4**

| | | | |
|---|---|---|---|
| (1) | 1 | (3) | 2 |
| (2) | 1 | (4) | 2 |

**એકમ - 5**

(1) રાષ્ટ્રપ્રેમ, દેશભક્તિ, સિદ્ધાન્તનિષ્ઠા, દાનવીરતા
(2) દેશસેવકો અને સરકારી અમલદારોને

(3) પોતાના કારખાનામાં નફો થાય

(4) માંગ વધે એટલે પુરવઠો વધે

(5) સ્મારક

## 21.7 (ક) પાત્રોનાં નામ

| | | | |
|---|---|---|---|
| શ્રી ભાઈસાહેબ | અગ્નિકુમાર | નંદનંદન | ભોગીલાલ |
| નાગરદાસ | ચેતન | ચિત્રગુપ્ત | મૂળીડોશી |
| ઉત્તમચંદ | શક્તિશરણ | પાર્ષદ | કાર્યકર્તા |

ઉક્તિઓ

(1) એમાં પગનો નહિ, પ્રતિષ્ઠાનો સવાલ હોવો જોઈએ.

(2) કોઈનો વંશવારસ હોય નહીં તો તેનું ધન ધર્માદાનું જ કહેવાય ને ?

(3) કીર્તિ તો મને એટલી મળી કે મારે એને ખરીદવા જવું ન'તું પડતું.

# 22

# ક્રિકેટના સવ્યસાચી

- ભરત ના. ભટ્ટ

## 22.1 પ્રાસ્તાવિક

તમે સૌ જાણો છો ને કે ક્રિકેટ એટલે રમતોનો રાજા. આજકાલ આપણા દેશમાં ક્રિકેટની રમતનું આકર્ષણ આબાલવૃદ્ધ સૌને છે. બાળકોની તો એ અતિ-પ્રિય રમત. ખરું ને ? ગામડાની શેરી કે ફળિયું, શહેરની ગલી, પોળ કે વિશાળ મેદાનમાં રમાતી આ રમતના તમે પણ સાક્ષી છો જ. બરાબર ને ? અરે ! મકાનનાં ધાબાં પણ ક્રિકેટનું મેદાન બની જાય છે. આ જ છે ક્રિકેટની રમતની જબરદસ્ત મોહિની. આવો આપણે ક્રિકેટ જગતના છ સર્વકાલીન મહાન ઑલરાઉન્ડરોમાં ગૌરવભર્યું સ્થાન ધરાવતા વિનુ માંકડની ક્રિકેટના 'સવ્યસાચી' તરીકે ઝાંખી કરીએ.

## 22.2 હેતુઓ

- ક્રિકેટની રમત વિશેની જાણકારી પ્રાપ્ત કરી શકશો.
- દુનિયાના છ શ્રેષ્ઠ ઑલરાઉન્ડરોમાંના એક વિનુ માંકડના વ્યક્તિત્વને વર્ણવી શકશો.
- વિનુ માંકડની સિદ્ધિઓની નોંધ કરી શકશો અને તેનો કોઠો કે આલેખ બનાવી શકશો.
- વિનુ માંકડની વિશેષતાઓની બીજા ક્રિકેટરો સાથે તુલના કરી શકશો.
- ખેલાડીમાં રહેલ ખેલદિલીના ભાવને સ્પષ્ટ કરી શકશો.
- ક્રિકેટને લગતા શબ્દોની નોંધ તૈયાર કરી શકશો.
- નાની શી ભૂલને સુધારી લઈએ તો સુંદર સફળતા મળી શકે તે અંગેની સભાનતા કેળવી શકશો.

## 22.3 પ્રવૃત્તિ

નીચે આપેલું ચિત્ર ધ્યાનથી જુઓ.



હવે તમે નીચે આપેલા પ્રશ્નોના ઉત્તર લખો :

(1) ઉપરના ચિત્રમાં બૉલર કયા હાથે બૉલિંગ નાખે છે ?

(2) બૅટ્સમૅન કયા હાથે બૅટિંગ કરે છે ?

(3) બૉલર છેડા પર સ્ટમ્પ્સ પાસે કોણ ઊભું છે ?

ખરી વાત છે. તમે ચિત્ર વિશે બરાબર માહિતી આપી. ડાબેરી બૉલર, જમણેરી બૅટ્સમૅન અને અમ્પાયર.

## 22.4 મૂળ પાઠ :

ચાલો, હવે આપણે એકવાર પાઠ બરાબર ધ્યાનથી વાંચીએ.

# ક્રિકેટના સવ્યસાચી

### એકમ - 1

1947-'48ની સાલમાં ભારતીય બૅટ્સમૅન ઑસ્ટ્રેલિયામાં લિન્ડવોલ અને મિલરની ઝડપી બૉલિંગ સામે ઝઝૂમી રહ્યા હતા. ભારતીય ટીમના એક ઓપનર બે ટેસ્ટના ચાર દાવમાં માત્ર સત્તર રન કરી શક્યા હતા. લિન્ડવોલના દડામાં એમની દાંડી

ઓપનર - દાવ લેવાની શરૂઆત કરનાર
કોચ - તાલીમ આપનાર
ઑલરાઉન્ડર - બૅટિંગ, બૉલિંગ

અને ફિલ્ડીંગમાં લગભગ એકસરખું કૌશલ ધરાવતો ખેલાડી
સ્પિનર - ટપ્પો પડ્યા પછી દિશા બદલે એ રીતે દડો ફેંકનાર

ઊડી જતી. આખરે એ ઓપનરે શિષ્યભાવે, નિખાલસતાથી લિન્ડવોલને જ પોતાની રમતની ખામી વિશે પૂછ્યું. લિન્ડવોલે એટલી જ નિખાલસતાથી કહ્યું : તમે બૅટ જરાક વહેલું ફેરવો છો; જરાક મોડું ફેરવો - આટલું પૂરતું છે. આ સલાહનો તે ઓપનરે અમલ કર્યો અને તેણે ત્રીજી ટેસ્ટમાં સદી નોંધાવી. ભારતના સર્વશ્રેષ્ઠ ઑલરાઉન્ડર વિનુ માંકડ તે જ આ ઓપનર.

તેમનું મૂળ નામ મૂળવન્તરાય માંકડ. 'રણજી' અને 'દુલીપ' જેવા જગવિખ્યાત ક્રિકેટવીરો જેણે આપ્યાં છે તે સૌરાષ્ટ્રનું એક શહેર જામનગર માંકડનું પણ જન્મસ્થાન. ત્યાં 1917ની બારમી એપ્રિલે એમનો જન્મ. કહે છે કે શાળામાં કોઈએ એમને 'વિનુ' નામથી સંબોધ્યા અને પછી તો એ નામ જ પ્રચલિત થઈ ગયું.

તેમને શાળાના અભ્યાસકાળ દરમિયાન વેન્સલે નામના એક 'કોચ' મળી ગયા. તેમણે માંકડનું ક્રિકેટર તરીકે ઘડતર કર્યું : દુલીપસિંહજી પોતે પણ અવારનવાર માંકડને માર્ગદર્શન આપતા. આ રીતે એમની ક્રિકેટ પ્રત્યેની રુચિ અને આવડત કેળવાઈ. એ 18 વર્ષની વયે, મુખ્યત્વે બૅટ્સમૅન તરીકે પશ્ચિમ ભારતીની ટીમ તરફથી મુંબઈની ટીમ સામે પહેલી જ વાર પ્રથમ કક્ષાની ક્રિકેટમેચ રમ્યા ત્યારે કોઈને કલ્પના પણ નહિ આવી હોય કે આ, ભાવિના એક સર્વશ્રેષ્ઠ ઑલરાઉન્ડરનો પ્રથમ પ્રવેશ છે.

મહાન ધનુર્ધારી અર્જુન બંને હાથે એકસરખી કુશળતાથી ધનુષ ચડાવી શકતા; તેથી તે 'સવ્યસાચી' કહેવાતા. વિનુ માંકડ પણ એક રીતે ક્રિકેટના સવ્યસાચી જ ગણાય. એ જમણેરી બૅટ્સમૅન હતા અને ડાબેરી સ્પિનર હતા.

## એકમ - 2

માંકડના ક્રિકેટર તરીકેના વ્યક્તિત્વનાં ત્રણ પાસાં હતાં : બૅટ્સમૅન, બોલર અને ફિલ્ડર. આ ત્રણેય પાસાંમાં માંકડની આગવી વિશેષતા હતી. બૅટ્સમૅન તરીકે એમની ખાસ નોંધપાત્ર વિશેષતા તે એમની ઝડપી બૉલિંગને રમવાની આવડત. ઝડપી બૉલિંગ સામે ભારતીય ટીમનો અવારનવાર જે કંગાળ દેખાવ થાય છે તે બતાવે છે કે આપણા ખેલાડીઓને ઝડપી બૉલિંગ સામે રમવું બહુ ફાવતું નથી. ભારતીય ખેલાડીઓની આ નબળાઈ વિનુ માંકડમા ન હતી. એમ પણ કહી શકાય કે કદાચ ઝડપી બૉલિંગ સામે આસાનીથી રમનારા એ ભારતના શ્રેષ્ઠ બૅટ્સમૅન હશે. આ માટે એમની પાસે સ્પષ્ટ નજર અને દડાને પારખવાની ત્વરિતતા એ બે મુખ્ય ગુણો હતા. જોકે કોઈ પણ બૅટ્સમૅનની નજર તો સ્પષ્ટ હોવી જ જોઈએ. દડો બૉલરના હાથમાંથી છૂટીને પોતા સુધી પહોંચે ત્યાં સુધીની દડાની બધી હિલચાલ ન દેખી શકે તે બૅટ્સમૅન ન બની શકે. માંકડ દડાને બરાબર જોતા અને તેને પારખીને તેને કઇ રીતે ફટકારવો તે પણ ઝડપથી નક્કી કરી શકતા. ઝડપી બૉલિંગમાં દડો તીવ્ર ગતિથી આવતો હોવાને કારણે દડાને પારખવાની ક્રિયા ઝડપથી કરવી જોઈએ; તો જ ધાર્યો ફટકો મારી શકાય. માંકડમાં આ ગુણ પણ હતો. વેસ્ટ ઇન્ડિઝના સોબર્સ અને લૉઇડ તથા ઑસ્ટ્રેલિયાના ઇયાન ચૅપલ જેવા ધડાધડી કરનારા બૅટ્સમૅનની આ અદ્ભુત શક્તિનો ક્રિકેટરસિકોને બરાબર પરિચય છે. માંકડ ઝડપી બૉલિંગ સારી રીતે રમી શકતા તેનું એક કારણ એ પણ હતું કે તેમની પાસે ઝડપી અને ટપ્પો પડ્યા પછી એકદમ ઊછળતા દડાને ગભરાયા વગર ફટકારવાનાં આત્મવિશ્વાસ અને હિમ્મત હતાં. આવા સમયે બૅટ્સમૅન ગભરાયો તો પત્યું ! ઝડપી બૉલિંગ સામે રમવું માંકડને

ત્વરિતતા - ઝડપ

મોંમા આંગળાં નાખવાં - ખૂબ નવાઈ (આશ્ચર્ય)માં પડી જવું.

ધૈર્ય - ધીરજ

વિલક્ષણતા - વિશેષતા

ભૂષણરૂપ - શોભારૂપ

કાબેલ - હોશિયાર

સ્લિપ અને શોર્ટલેગ - દાવ લેતા બૅટ્સમૅનની નજીકના ભાગમાં ફિલ્ડિંગ કરતા ખેલાડીઓનાં સ્થાન.

અદ્વિતીય - બીજો ન હોય તેવા શ્રેષ્ઠ

'ફૉલો થ્રુ' - દડો ફેંકી રહ્યા પછીની બૉલરની થોડાંક ડગલાંની દોડ.

ઑફ અને ઑન - દાવ લેતા બૅટ્સમૅનનો ચહેરો અને બૅટ મેદાનના જે ભાગ તરફ હોય તેને 'ઑફ' બાજુ (સાઇડ) કહે છે અને તેનો વાંસો મેદાનના જે ભાગ તરફ હોય તેને 'ઑન' કે લેગ બાજુ (સાઇડ) કહે છે.

વધુ ફાવતું તેનો સૌથી મોટો પુરાવો એ છે કે તેમની પાંચેપાંચ ટેસ્ટ-સદીઓ ઓપનર તરીકે અને ખ્યાતનામ ઝડપી બૉલરો સામે નોંધાયેલી છે. એમણે જ્યારે લિન્ડવોલ અને મિલરના સણસણતા દડા સામે માત્ર 135 મિનિટમાં 116 રન ફટકાર્યા ત્યારે ઑસ્ટ્રેલિયાના પ્રેક્ષકો મોંમાં આંગળાં નાંખી ગયેલા.

આમ છતાં માંકડ ઑપનિંગ બૅટ્સમૅન તરીકે આક્રમક તેમજ સંરક્ષક બંને પ્રકારના બૅટિંગમાં કુશળ હતા. ન્યૂઝીલૅન્ડના ગ્લેન ટર્નર, ઇંગ્લૅન્ડના જ્યૉફ બૉયકૉટ અને ડૅનિસ ઍમિસ, ઑસ્ટ્રેલિયાના બિલ લૉરી અને સિમ્પસન તથા ભારતના સુનીલ ગાવસ્કરની આ બંને પ્રકારની રમત ખરેખર નિહાળવા જેવી હોય છે. માંકડ, અલબત્ત, આ બધાની હરોળમાં ન આવે. પરંતુ તેમની રમતનાં આ બંને પાસાં સારી પેઠે સધ્ધર હતાં. આ એમની સફળતાની ચાવી છે. એમનામાં આપત્તિને કાળે કામ લાગે એવું ધૈર્ય અને તક મળ્યે દડાને ફટકારવાની આવડત એ બંને હતાં.

વિલક્ષણતા તો એ છે કે માંકડ બૅટ્સમેન તરીકે ઝડપી બૉલિંગના ખેલાડી, છતાં જાતે એક ઉત્તમ કક્ષાના સ્લો બૉલર - સ્પિન બૉલર. બેધડક કહી શકાય કે માંકડથી વધુ સારા બૅટ્સમેન ભારત તરફથી રમ્યા છે, પણ બૉલર તરીકે માંકડ, આજે પણ દુનિયા જેને માપદંડ તરીકે ગણી શકે - અને ગણે છે - તેવા અજોડ. ખરેખર માંકડની બૉલિંગ એ તેમનાં ક્રિકેટર તરીકેનાં ત્રણેય પાસાંમાં શ્રેષ્ઠ અને ક્રિકેટજગતના ભૂષણરૂપ હતી.

બૉલર તરીકે તેમની એક વિશેષતા એ કે એ ડાબેરી સ્પિનર હતા. આથી એ એક નૈસર્ગિક લેગ-સ્પિનર બની શક્યા. આમ તો ક્રિકેટમાં ડાબેરી હોવું એ એક ફાયદો છે ; કારણ કે બૉલર કે બૅટ્સમૅન જમણેરી સામે રમવા વધુ ટેવાયેલા હોય છે. તેથી ડાબેરી બૅટ્સમૅન સામે બૉલિંગ કરવી કે ડાબેરી બૉલર સામે રમવું કંઈક અઘરું બને છે. આથી તો કહેવાય છે કે, પાકિસ્તાનના ઓપનર સાદીકને તેના પિતા અને ભાઈઓએ આગ્રહ રાખીને ડાબેરી બૅટ્સમેન બનાવ્યો. વિનુ માંકડના જ ગામના અને તેમના શિષ્ય જેવા ઑલરાઉન્ડર સલીમ દુરાનીને પણ જમણો હાથ બાંધીને ડાબેરી બનાવામાં આવ્યા હતા. વળી, ડાબેરી બૉલર વધુ સરળતાથી લેગ-સ્પિન બૉલિંગ કરી શકે છે; લેગ-સ્પિન બૉલિંગ રમવી પ્રમાણમાં વધુ કઠિન છે. આથી માંકડ ડાબેરી સ્પિનર હતા તે મોટો ફાયદો હતો. આજે બિશનસિંગ બેદીનું ભારતીય ક્રિકેટજગતમાં મહત્ત્વનું સ્થાન છે. તેનું કારણ એ કાબેલ ડાબેરી સ્પિનર છે એ જ છે. માંકડની બૉલિંગ કરવાની પદ્ધતિ ખૂબજ સરળ - સાહજિક. એ બૉલિંગ કરવા માટે માંડ ત્રણ-ચાર ડગલાં ભરે ને દડાને સ્પિન કરતાં હાથનો વળાંક પણ સ્વાભાવિક - જાણે ખાસ પરિશ્રમ નથી પડતો અને આમ દેખીતી સરળતાથી નંખાયેલો દડો તો ભારે ખતરનાક. ઉત્તમ કક્ષાનો બૅટ્સમેન પણ સરળતાથી ન રમી શકે એવી એમાં વેધકતા. બિશનસિંગ બેદીની પ્રતિભા આજે કંઈક અંશે માંકડની ઝાંખી કરાવી શકે. વળી, માંકડની બૉલિંગનો એક ગુણ તે તેમાં રહેતું સતત વૈવિધ્ય - નાવીન્ય. બૅટ્સમૅનની નાનામાં નાની નબળાઈને એ પારખી લે અને પછી વારંવાર જુદી જુદી યુક્તિથી દડો નાંખે. એમની બૉલિંગમાં બૅટ્સમૅન દડાને બરાબર પારખી લે એવું બહુ ન બને. એણે સતત જાગ્રત રહીને એક-એક દડાને ઓળખવો પડે. વળી, એમના દડાને ગમે તે ...

ફટકારાય, છતાં એ નાહિમ્મત ન બને. માંકડની એક ગણનાપાત્ર વિશેષતા એ હતી કે સખત વિકેટ પર પણ દડાને સ્પિન કરી શકતા. આજે આપણે જોઈએ છીએ કે ચંદ્રશેખર (ભારત) અને અન્ડરવુડ (ઈંગ્લૅન્ડ) તો ખાસ અને અમુક અંશે પ્રસન્ના અને વેંકટરાઘવન (ભારત) પોતાને અનુકૂળ વિકેટ પર જ વધુ સફળ થાય છે. માંકડનું આવું ન હતું. એમની આંગળીઓમાં એવી તાકાત અને કરામત હતી કે એ સખત વિકેટ પર પણ દડાને સ્પિન કરી શકતા. વળી, ગમે એટલા લાંબા વખત સુધી બૉલિંગ કરે તોય એ એવી જ સ્થિર અને વેધક બની રહેતી અને બેટિંગ પૂરું કરીને જ બૉલિંગ સંભાળવી પડે તો પણ એ જાણે એવા જ તાજા. બેદી અને પ્રસન્નાની બૉલિંગની જમા બાજુઓનો સરવાળો કરવાથી માંકડની બૉલિંગની કુનેહનો કાંઈક ક્યાસ મળશે.

માંકડ જેવા બૅટ્સમૅન અને બૉલર હતા તેવા જ ફિલ્ડર પણ હતા. સ્લિપ અને શૉર્ટ-લેગની જગ્યાના એ નિષ્ણાત ફિલ્ડર હતા. શરીરે કાંઈક સ્થૂળ લાગતા માંકડ બૅટ્સમૅનની નજીક ફિલ્ડિંગ કરતી વખતે જે ચપળતા બતાવતા તે આશ્ચર્યજનક હતી. બીજી નોંધપાત્ર વાત એ છે કે માંકડ પોતાની બૉલિંગમાં એક અદ્વિતીય ફિલ્ડર હતા. દડો નાખ્યા પછી પોતાનો 'ફૉલો થ્રુ'માં એ જે ત્વરાથી ઑન કે ઑફ બાજુ ધસી જતા તે જોઈ ખુદ બૅટ્સમૅન પણ નવાઈ પામતો. પરિશ્રમ ન પડે એ રીતે બૉલિંગ કરવાની જે કળા એમણે હસ્તગત કરી હતી તેનું જ આ પરિણામ હતું. એ રીતે પોતાની બૉલિંગમાં બૉલર ઉપરાંત એક પૂર્ણ ફિલ્ડરની ગરજ સારતા.

**એકમ - 3**

આવા માંકડની શક્તિનો સાચો પરિચય 1937-'38માં લૉર્ડ ટેનિસનની સરદારી નીચે ઈંગ્લૅન્ડની ટીમ ભારતમાં અવિધિસરની ટેસ્ટસિરીઝ રમવા આવી ત્યારે થયો. એ ટીમની સામેની ચાર 'ટેસ્ટ'માં માંકડે 1 સહિત કુલ 376 રન કર્યા ને 15 વિકેટો લીધી. આ પછી બીજા વિશ્વયુદ્ધનો ગાળો આવ્યો ને પૂરો થયો, ત્યારે માંકડ 28 વર્ષના થઈ ગયા હતા. માંકડની ટેસ્ટ-કારકિર્દીનો સુવર્ણકાળ યુદ્ધને કારણે વેડફાઈ ગયો. આ સમયગાળા દરમિયાન માંકડ ટેસ્ટ-ક્રિકેટ રમી શક્યા હોત, તો એમની ક્રિકેટર તરીકેની શક્તિના આંકડા ઘણા વધુ યશસ્વી હોત.

ટેસ્ટ સિરીઝ - ટેસ્ટમેચની હારમાળા, જે ત્રણ, પાંચ કે છ ટ્રેસ્ટની હોય છે.

માંકડ ભારત વતી પહેલી વાર ટેસ્ટ-મેચમાં મેદાને પડ્યા 1946ના જૂનની રરમીએ. ભારતનો દાવ આરંભવા એ વિકેટ પર ગયા. ત્યારે એમના સાથી હતા વિજય મર્ચન્ટ અને તે મેદાન હતું ઈંગ્લૅન્ડનું વિખ્યાત લોર્ડ્ઝ, પોતાની આ પ્રથમ ટેસ્ટ-મેચમાં બિલ બૉઉસ અને ઍલેક બેડસર જેવાની કાતિલ બૉલિંગ સામે એમણે 14 અને 63 રન કર્યા. આ પછી લગભગ 10 વર્ષ સુધી એ ભારતીય ટેસ્ટ-ટીમના એક અનિવાર્ય સભ્ય બની રહ્યા.

ઝડપી બૉલિંગને રમવાની એમની કળાનો પરિચય 1947-'48ની ટેસ્ટ- સિરીઝમાં ઑસ્ટ્રેલિયનોને થયો. ઑસ્ટ્રેલિયામાં રમાયેલી આ સિરીઝમાં માંકડ ઓપનર તરીકે રમતા. બન્યું એવું કે લિન્ડવોલની બૉલિંગ સામે એમની કારકિર્દી જાણે હતી-ન-હતી થઈ ગઈ. પણ માંકડ પોતાના સતત નબળા દેખાવથી નાસીપાસ કે અસ્વસ્થ થાય એવા ન હતા. લિન્ડવોલની જ સલાહ લઈ, માંકડે ત્રીજી ટેસ્ટમાં મેલબૉર્નના પ્રેક્ષકો સમક્ષ લિન્ડવોલ અને મિલર જેવા તે સમયના શ્રેષ્ઠ ઝડપી બૉલરો સામે 135 મિનિટમાં 116 રન કર્યા !

આ જ સિરીઝની છેલ્લી ટેસ્ટમાં ઑસ્ટ્રેલિયાએ પહેલા દાવમાં 575 રનનો જંગી જુમલો ખડકયો, ત્યારે તેની સામે માંકડે પાંચ કલાક રમીને 111 રન કર્યા અને પોતે પ્રસંગ આવ્યે વિકેટ પર કેવા ચીટકી શકે છે તે પણ બતાવી આપ્યું. આ રીતે ક્રિકેટજગતમાં સર્વકાલીન મહત્તા પ્રાપ્ત કરનાર ખેલાડીઓ પેદા કરનાર દેશને પોતાની આક્રમક તેમજ સંરક્ષક રમત માંકડે બતાવી દીધી.

આ સિરીઝમાં માંકડના નામ સાથે એક રસપ્રદ કિસ્સો પણ જોડાયેલો છે. બીજી ટેસ્ટમાં ઑસ્ટ્રેલિયાનો દાવ ચાલતો હતો અને ઓપનરો-મૉરિસ અને બ્રાઉન-રમતા હતા. માંકડ બૉલિંગ કરતા હતા. ત્યાં એમણે જોયું કે પોતે દડો નાખે છે તે પહેલાં બ્રાઉન બૉલરના છેડાની ક્રીઝ છોડી રન લેવાની પૂર્વતૈયારી રૂપે વધુ પડતા આગળ દોડી જાય છે. આથી માંકડે એકવાર દડો નાખવાને બદલે પોતાની પાસેની સ્ટમ્પ પરનાં ચકલાં ઉડાડી, ક્રીઝની બહાર રહેલા બ્રાઉનની સામે 'રન-આઉટ'ની અપીલ કરી. અમ્પાયરે બ્રાઉનને 'રન-આઉટ' જાહેર કર્યો ! જોકે આ પ્રસંગને અંગે ઊહાપોહ થયો હતો, પણ માંકડે તો ટેસ્ટ-મૅચ પહેલાંની એક સામાન્ય મૅચમાં બ્રાઉનને જ આમ વહેલા દોડી જવા સામે ચેતવણી આપી હતી. આ પ્રસંગ દ્વારા ખરેખર તો માંકડની ક્રિકેટ વિશેની જાણકારી, ખેલદિલી અને યોગ્ય સમયે નિયમનો લાભ લેવાની કુનેહ વ્યક્ત થાય છે.

ક્રીઝ - બૉલર તથા બૅટ્સમેન માટે મર્યાદા બતાવાતી લીટી.

ઑસ્ટ્રેલિયાના પ્રેક્ષકોએ માંકડની બૅટિંગની કળા જોઈ, તો 1951-'52માં ભારતના પ્રવાસે આવેલી ઈંગ્લૅન્ડની ટીમના ખેલાડીઓએ માકંડની બૉલિંગનો પરિચય મેળવ્યો. આ ટેસ્ટ-સિરીઝની પહેલી ત્રણ ટેસ્ટ-મૅચ ડ્રોમાં પરિણમી હતી અને ચોથી ટેસ્ટ-મૅચ ઈંગ્લૅન્ડ જીત્યું હતું. આ ચાર ટેસ્ટ-મૅચોમાં જ માંકડે 22 વિકેટો તો ઝડપી હતી, પણ પાંચમી ટેસ્ટ-મૅચમાં શું થવાનું હતું તેની કોઈને કલ્પના ન હતી. મદ્રાસ ખાતેની આ ટેસ્ટમાં ઈંગ્લૅન્ડની ટીમના સુકાનીએ ટૉસ જીતી દાવ લેવાનું નક્કી કર્યું પણ બીજા દિવસની સવારે તો તેમનો દાવ માત્ર 226 રનમાં પૂરો થઈ ગયો. માંકડે કેવળ પંચાવન રન આપીને આઠ વિકેટો ઝડપી. આ પછી રંગમાં આવેલી ભારતીય ટીમે નવ વિકેટે 457 રન ફટકારી દાવ પૂરો થયેલો જાહેર કર્યો. ઈંગ્લૅન્ડની ટીમ બીજા દાવમાં માંકડ અને ગુલામ એહમદ સામે 183 રનમાં ખખડી ગઈ. આ વખતે માંકડે ત્રેપન રન આપીને ચાર વિકેટ ઝડપી. આમ, એક ટેસ્ટમાં દસથી વધુ વિકેટો લેનાર પ્રથમ ભારતીય ખેલાડી માંકડ બન્યા, એટલું જ નહિ પણ તેમની આ સિદ્ધિએ ભારતીય ટીમને પહેલો ટેસ્ટ-વિજય અપાવ્યો.

મૅચ ડ્રો થવી - હારજીતનો ફેંસલો થયા વિના મૅચ પૂરી થવી.

## એકમ - 4

માંકડની ઑલરાઉન્ડર તરીકેની કારકિર્દી પર યશકલગી ચડે છે 1952માં. એ જ ક્રિકેટરોના તીર્થધામ સમું લૉર્ડ્ઝનું મેદાન. ત્યાં ભારત અને ઈંગ્લૅન્ડ વચ્ચેની બીજી ટેસ્ટ શરૂ થઈ. માંકડ અને પંકજ રૉયે ભારતનો દાવ આરંભ્યો અને 106 રનના જુમલે માંકડ પહેલા આઉટ થયા ત્યારે લગભગ 130 મિનિટમાં એમણે 72 રન કર્યા હતા. ઈંગ્લૅન્ડ ભારત સામે 573 રનનો ગંજાવર જુમલો કર્યો ત્યારે માંકડે 73 ઓવરની બૉલિંગમાં 196 રન આપી 5 વિકેટો ઝડપી; જાણે થાક્યા જ ન હોય એમ બૉલિંગ પૂરી કરીને સીધા દાવ આરંભવા મેદાને પડ્યા અને એ દાવમાં એમણે શું ફટકાબાજી કરી છે ! 270 રનના જુમલે જ્યારે ત્રીજા આઉટ થયા ત્યારે એમણે 270 મિનિટમાં

ઓવર - જે સમયગાળા દરમિયાન બૉલર છ વખત દડા ફેંકે તેને ઓવર કહે છે.
મેઇડન ઓવર - જે ઓવર દરમિયાન બૅટ્સમેન પોતાના બૅટથી એક પણ રન ન લઈ શકે તેને 'મેઇડન' ઓવર કહે છે.
આશ્ચર્યમુગ્ધ - ખૂબજ નવાઈ પામવું.

211 રન કર્યા હતા. આ વખતે એમણે અને સુકાની વિજય હઝારેએ ત્રીજી વિકેટની ભાગીદારીમાં 211 રન કર્યા હતા. જેમાં હઝારેના પૂરા 50 પણ ન હતા. હજી અધૂરું હોય તેમ ઈંગ્લૅન્ડના બીજા દાવમાં એમણે 42 ઓવર બૉલિંગ કરીને માત્ર 35 રન આપ્યા. તેમનું મન અને શરીર કેવું અદ્‌ભુત સામર્થ્ય ધરાવતા હશે ! માંકડના પુરુષાર્થનો સમગ્ર ખ્યાલ આ ટેસ્ટના કેટલાક આંકડા જોવાથી આવશે, ભારતના કુલ 607 રનમાંથી 256 રન લગભગ 400 મિનિટમાં માંકડે કર્યા. એમ, કુલ 231 રન પોતાની બૉલિંગમાં આપ્યા અને ઈંગ્લૅન્ડની કુલ 11 વિકેટો પડી તેમાંથી પાંચ વિકેટો માંકડે લીધી. જેને માટે દુનિયાનો કોઈ પણ ઑલરાઉન્ડર ગર્વ લઈ શકે એવો આ પુરુષાર્થ હતો. આ ટેસ્ટને 'માંકડ ટેસ્ટ' નામ આપનાર લાડ્ર્ઝના પ્રેક્ષકો તો આ રમત જોઈને આશ્ચર્યમુગ્ધ થઈ ગયા હશે, પણ આજે આપણે એ સાંભળીને પણ આશ્ચર્યમુગ્ધ થઈ જઈએ છીએ.

જ્યારે ભારત અને પાકિસ્તાન વચ્ચે 1952-53માં પહેલી ટેસ્ટ સિરીઝ રમાઈ ત્યારે દિલ્હી ખાતેની પહેલી ટેસ્ટમાં ભારતની ટીમને બીજો ટેસ્ટ-વિજય અપાવનાર પણ માંકડ જ હતા. આ ટેસ્ટમાં એમણે માત્ર 131 રન આપીને પાકિસ્તાનની 13 વિકેટો ઝડપી હતી, ને ભારત એક દાવ અને 70 રનથી જીત્યું હતું. બીજી ટેસ્ટમાં માંકડ ન રમ્યો, ને ભારત હાર્યું. ત્રીજી ટેસ્ટમાં ભારત દસ વિકેટે જીત્યું; માંકડે 124 રનમાં આઠ વિકેટો ઝડપી હતી. આ જ ટેસ્ટમાં માંકડે ટેસ્ટ-ક્રિકેટમાં લીધેલી વિકેટોનો આંકડો 100 પર પહોંચ્યો અને ક્રિકેટ જગત જેને 'ડબલ '- સિદ્ધિ તરીકે ઓળખે છે તે - એક હજાર રન અને એકસો વિકેટ - માત્ર 23 ટેસ્ટમાં એ પ્રાપ્ત કરે છે. ક્રિકેટજગતનો બીજો કોઈ પણ ઑલરાઉન્ડર હજી સુધી માંકડના આ વિક્રમને તોડી શક્યો નથી.

1955-56 માં ન્યૂઝીલૅન્ડની ટીમ પ્રથમ વાર ભારતના પ્રવાસે આવી. કારકિર્દીના લગભગ અન્ત ભાગમાં ફરી એક વાર માંકડ પોતાનું ક્રિકેટ-કૌશલ બતાવે છે—આ વખતે વળી બૅટિંગમાં. આ ટેસ્ટ-સિરીઝમાં ભારત ત્રીજી અને પાંચમી ટેસ્ટ જીત્યું, જેમાં માંકડે અનુક્રમે 223 અને 231 એમ બે બેવડી સદી નોંધાવી અને ભારતને માટે વિજયની તકો ઊભી કરી. પાંચમી ટેસ્ટમાં તો એમણે પહેલી વિકેટની ભાગીદારીમાં પંકજ રૉય(173) સાથે 413 રન નોંધાવ્યા, જે આજે પણ સમગ્ર ટેસ્ટ-ક્રિકેટમાં વિક્રમ છે.

આ પછી માંકડ 1956માં ભારતમાં આવેલ ઑસ્ટ્રેલિયન ટીમ સામે રમ્યા, ને પોતાની છેલ્લી ટેસ્ટ 1958-59માં વેસ્ટ ઇન્ડીઝ સામે દિલ્હી ખાતે રમ્યા. પોતાની કારકિર્દી દરમિયાન માંકડ અવારનવાર બૉલર, બૅટ્સમેન કે બંને હેસિયતથી પોતાની શક્તિ બતાવતા હતા. ભારતને ટેસ્ટ-ક્રિકેટમાં મળેલા પહેલા પાંચ ટેસ્ટ-વિજયના કોઈ સતત, નિઃશંક અને ક્યારેક તો એકમાત્ર યશભાગી હોય તો તે વિનુ માંકડ છે, એ વાત આજ સુધી કોઈએ નોંધપાત્ર રીતે બતાવી નથી, તે આશ્ચર્યજનક છે.

માંકડ ભારત તરફથી રમતા હતા ત્યારે પણ ભારતીય ટીમ અનેકવાર પરાજિત થઈ છે; તેમ છતાં એમની ટેસ્ટ-કારકિર્દી ભારતીય ક્રકેટ માટે એક યશગાથા સમાન છે. માંકડનું મહત્ત્વ આપણે તો શું આંકીએ ? ઈંગ્લૅન્ડના જાણીતા ક્રિકેટર લેન હટને માંકડની દુનિયાના છ સર્વકાલીન શ્રેષ્ઠ ઑલરાઉન્ડરમાં ગણના કરી છે. આમ, માંકડનું

સ્થાન આંતરરાષ્ટ્રીય ક્રિકેટ જગતમાં ગેરી સોબર્સ (વેસ્ટ ઇન્ડીઝ), કીથ મિલર (ઓસ્ટ્રેલિયા), વૉલી હેન્મડ, રહોડ્ઝ અને ફ્રેન્ક વુલી (ઇંગ્લેન્ડ)ની સાથે છે. માંકડ થકી ભારતની ક્રિકેટગાથા ગૌરવવંતી હતી, છે અને રહેશે.

## 22.5 પ્રારંભિક પ્રશ્નો

1. ક્રિકેટના 'સવ્યસાચી' તરીકે કયા ખેલાડી ઓળખાય છે ?
2. વિનુ માંકડના વ્યક્તિત્વમાં કયા કયા ગુણો આપણને જોવા મળે છે ?
3. આ પાઠમાં જગતના કયા કયા મહાન ક્રિકેટરોનો આપણને પરિચય થાય છે?

## 22.6 (ક) સમજૂતી : એકમ - 1

પાઠના આરંભમાં લેખક આપણને વિનુ માંકડના જીવનનો સામાન્ય પરિચય કરાવે છે. વિનુ માંકડનું મૂળ નામ મૂળવન્તરાય માંકડ હતું. સૌરાષ્ટ્રનું જામનગર તેમનું જન્મસ્થળ. 'વિનુ' નામ તેમને શાળાના અભ્યાસકાળ દરમિયાન મળ્યું અને એ જ નામથી તેઓ ક્રિકેટજગતમાં નામાંકિત બન્યા. માંકડનું ક્રિકેટર તરીકેનું ઘડતર શાળાકાળ દરમિયાન 'વેન્સલે'નામના કોચ દ્વારા થયું. દુલીપસિંહજી દ્વારા પણ તેમને ક્રિકેટ માટેનું માર્ગદર્શન મળ્યું હતું. માંકડ જમણેરી બૅટ્સમૅન અને ડાબેરી સ્પિનર હોવાથી ક્રિકેટના 'સવ્યસાચી' કહેવાયા. નિખાલસતા વિનુ માંકડના સ્વભાવમાં સહજ રીતે ગૂંથાયેલી હતી. બૉલર લિન્ડબૉલની સલાહનો તેમણે નિખાલસતાથી સ્વીકાર કર્યો અને તેઓ મહાન બૅટ્સમૅન બની શક્યા.

### પાઠ્ય પ્રશ્નો 22.1

1. વિનુ માંકડે સારા ઓપનર બનવા કોની પાસે માર્ગદર્શન માગ્યું ?
2. તેમણે વિનુ માંકડને શું કહ્યું ?
3. 'વિનુ' નું મૂળ નામ શું હતું ? તેમનો જન્મ ક્યાં થયો હતો ?
4. વિનુની ક્રિકેટ પ્રત્યેની રુચિ અને આવડત કોના દ્વારા કેળવાઈ ?
5. 'સવ્યસાચી' કોને કહેવાય ?
6. વિનુ માંકડ ક્રિકેટના સવ્યસાચી કેમ કહેવાયા ?

## 22.6 (ખ) સમજૂતી : એકમ - 2

પાઠના દ્વિતીય એકમમાં લેખક આપણને વિનુ માંકડના ક્રિકેટર તરીકેના વ્યક્તિત્વનાં ત્રણ મહત્ત્વનાં પાસાં બૅટ્સમેન, બૉલર અને ફિલ્ડરથી પરિચિત કરાવે

છે. ઝડપી બૉલિંગને રમવાની આવડત તથા સ્પષ્ટ નજર અને દડાને પારખવાની ત્વરિતતા એ બૅટ્સમૅન તરીકેના તેમના મુખ્ય ગુણો હતા. ઝડપી બૉલિંગ સામે માંકડ આત્મવિશ્વાસ અને હિમ્મતથી રમી શકતા. એમનામાં મુસીબતના સમયમાં કામ લાગે એવું ધૈર્ય અને તક મળે દડાને ફટકારવાની આવડત હતી. તેઓ એક ઉત્તમ કક્ષાના ડાબેરી સ્પિનર હતા. માંકડની બૉલિંગ એમનાં ત્રણેય પાસાંમાં શ્રેષ્ઠ અને ક્રિકેટજગતના ભૂષણરૂપ હતી, તેમની બૉલિંગમાં સતત વૈવિધ્ય રહેતું. તેઓ સખત વિકેટ પર દડાને સારી રીતે સ્પિન કરી શકતા. વિનુ માંકડના ક્રિકેટર તરીકેના ત્રીજા પાસામાં તેઓ સ્લિપ અને શૉર્ટ-લેગની જગાના નિષ્ણાત ફિલ્ડર હતા, તેઓ પોતાની જ બૉલિંગમાં એક અદ્વિતીય ફિલ્ડર હતા.

## પાઠ્ય પ્રશ્નો 22.2

(7) માંકડના ક્રિકેટર તરીકેના વ્યક્તિત્વનાં કયાં ત્રણ પાસાં હતાં ?

(8) ભારતના શ્રેષ્ઠ બૅટ્સમૅન તરીકે માંકડમાં કયા બે મુખ્ય ગુણો હતા ?

(9) માંકડને ઝડપી બૉલિંગ સામે રમવું વધુ ફાવતું એમ શાથી કહી શકાય ?

(10) માંકડ કેવા પ્રકારના બૉલર હતા ?

(11) ક્રિકેટજગતના ભૂષણરૂપ માંકડમાં કઈ વિશેષતા હતી ?

(12) ક્રિકેટમાં ડાબેરી હોવું ફાયદાકારક કેમ ગણાય છે ?

(13) કયા પ્રકારની બૉલિંગ રમવી કઠિન ગણાય છે ?

(14) માંકડ કયા પ્રકારના નિષ્ણાત ફિલ્ડર હતા ?

(15) 'ફોલો થ્રુ' એટલે શું ?

## 22.6 (ગ) સમજૂતી : એકમ - 3

તૃતીય એકમના આરંભમાં લેખક બીજા વિશ્વયુદ્ધે, માંકડની ટેસ્ટ-કારકિર્દીના સુવર્ણકાળ પર કેવું પાણી ફેરવી દીધું તેની માહિતી આપે છે. યુદ્ધના કારણે ક્રિકેટજીવનનો તેમનો ઉત્તમ સમય વેડફાઈ ગયો. ઑસ્ટ્રેલિયન બૅટ્સમૅન બ્રાઉનને 'રન-આઉટ' કરવાના પ્રસંગમાં વિનુ માંકડની ક્રિકેટ વિશેની જાણકારી, ખેલદિલી અને યોગ્ય સમયે

નિયમનો લાભ લેવાની કુનેહનો આપણને પરિચય થાય છે. માંકડની ઉત્તમ બૉલિંગનો પરિચય આપણને 1951-52ના વર્ષમાં રમાયેલી ભારત-ઇંગ્લૅન્ડ વચ્ચેની પાંચમી ટેસ્ટમાં થાય છે. એક ટેસ્ટમાં દસથી વધુ વિકેટો લેનાર તેઓ પ્રથમ ભારતીય ખેલાડી હતા અને તેમની આ સિદ્ધિએ ભારતીય ટીમને પહેલો ટેસ્ટ-વિજય અપાવ્યો.

## પાઠ્ય પ્રશ્નો 22.3

(16) બીજા વિશ્વયુદ્ધની માંકડના ક્રિકેટજીવન પર શી અસર થઈ ?

(17) માંકડ ભારત વતી પ્રથમ ટેસ્ટ-મૅચ કોની સાથે કયા મેદાન પર રમ્યા ?

(18) બ્રાઉનને 'રન-આઉટ' કરવામાં માંકડની કયા પ્રકારની કુનેહ વ્યક્ત થાય છે?

(19) ભારતીય ટીમને પહેલો ટેસ્ટ વિજય અપાવવામાં માંકડની કઈ સિદ્ધિએ મહત્ત્વનો ભાગ ભજવ્યો ?

## 22.6 (ઘ) સમજૂતી : એકમ - 4

પાઠના ચતુર્થ એકમમાં આપણે માંકડની એક અનન્ય સિદ્ધિથી પરિચિત થઈએ છીએ. ઈ.સ. 1952માં ક્રિકેટરોના તીર્થધામરૂપ લૉર્ડ્ઝના મેદાન પર રમાયેલી ભારત-ઇંગ્લૅન્ડ વચ્ચેની બીજી ટેસ્ટ મૅચ વિનુ માંકડ માટે શ્રેષ્ઠતમ બની રહી. આ મૅચમાં તેમણે પંકજ રૉય અને હઝારે સાથે રમીને ઘણો મોટો સ્કોર કર્યો તો બીજી બાજુ ઇંગ્લૅન્ડ સામે બંને દાવમાં સતત બૉલિંગ કરી બૅટ્સમૅનોને તંબૂ ભેગા કરી દીધા. માંકડનો આ પ્રકારનો વિરલ પુરુષાર્થ જોઈને લૉર્ડ્ઝના પ્રેક્ષકો મોંમા આંગળા નાખી ગયા અને આ ટેસ્ટને 'માંકડ ટેસ્ટ' એવું નામ આપ્યું. ઈ.સ. 1952-53 માં ભારત-પાકિસ્તાન વચ્ચે રમાયેલી ટેસ્ટ સિરીઝ પણ વિનુ માટે યાદગાર બની રહી. આ ટેસ્ટ સિરીઝ દરમિયાન તેમણે ક્રિકેટમાં જેને 'ડબલ' સિદ્ધિ કહેવામાં આવે છે તે મેળવી એકહજાર રન અને એકસો વિકેટ માત્ર 23 ટેસ્ટમાં પ્રાપ્ત કરી, તેમણે શ્રેષ્ઠ ઑલરાઉન્ડરનો વિક્રમ સ્થાપ્યો. ન્યૂઝીલૅન્ડ સામેની સિરીઝમાં તેમણે બે બેવડી સદી નોંધાવી તથા પંકજ રૉય સાથે પાંચમી ટેસ્ટમાં પ્રથમ વિકેટની ભાગીદારીમાં 413 રન નોંધાવી ટેસ્ટક્રિકેટનો વિક્રમ સર્જ્યો - તેમજ ભારતને વિજય અપાવ્યો. ખરેખર જ ભારતને ટેસ્ટક્રિકેટમાં પ્રાપ્ત થયેલા પહેલા પાંચ ટેસ્ટ-વિજયના જો કોઈ યશભાગી હોય તો તે શ્રી વિનુ માંકડ જ છે ! ઇંગ્લૅન્ડના જાણીતા ક્રિકેટર લેન હટને દુનિયાના છ સર્વકાલીન શ્રેષ્ઠ ઑલરાઉન્ડરમાં માંકડની ગણના કરી છે તે સર્વથા યથાર્થ છે.

## પાઠ્ય પ્રશ્નો 22.3

(20) 'માંકડ ટેસ્ટ' એવું નામ કઈ ટેસ્ટમૅચને કોના દ્વારા આપવામાં આવ્યું ?

(21) ક્રિકેટજગતનો ઓલરાઉન્ડર તરીકેનો માંકડનો કયો વિક્રમ હજી સુધી અજેય છે ?

(22) ન્યૂઝીલૅન્ડ ટેસ્ટ-સિરીઝમાં માંકડની કઈ સિદ્ધિ ટેસ્ટ- ક્રિકેટમાં વિક્રમ બની રહી?

(23) દુનિયાના છ શ્રેષ્ઠ ઓલરાઉન્ડરમાં વિનુ માંકડની ગણના કોણે કરી છે ?

(24) આંતરરાષ્ટ્રીય ક્રિકેટજગતના છ સર્વકાલીન શ્રેષ્ઠ ઓલરાઉન્ડર કોણ કોણ ગણાય છે ?

## 22.6 (ચ) પ્રવૃત્તિ : 1

વિનુ માંકડના ક્રિકેટર તરીકેના વ્યક્તિત્વનાં ત્રણ પાસાં–બૅટ્સમૅન, બૉલર અને ફિલ્ડરના વિશિષ્ટ ગુણોની નોંધ કરો.

બૅટ્સમૅન તરીકે :

(1)

(2)

(3)

બૉલર તરીકે :

(1)

(2)

(3)

(4)

ફિલ્ડર તરીકે :

(1)

(2)

(3)

**પ્રવૃત્તિ : 2**

ક્રિકેટની દુનિયામાં વિનુ માંકડની શ્રેષ્ઠ ઓલરાઉન્ડર તરીકેની સિદ્ધિઓને દર્શાવતો કોઠો તૈયાર કરો.

| ભારત-ઇંગ્લૅન્ડ ટેસ્ટ-સિરીઝ<br>વર્ષ : ______ ટેસ્ટ ક્રમ : ______ | | | | | | |
|---|---|---|---|---|---|---|
| | વિનુ માંકડે કરેલા રન | કેટલા સમયમાં (મિનિટ) | વિનુ માંકડની બૉલિંગનું પૃથક્કરણ | | | |
| | | | ઓવર | મેઇડન ઓવર | વિકેટ | રન આપ્યા |
| પ્રથમ દાવ | | | | | | |
| બીજો દાવ | | | | | | |

**પ્રવૃત્તિ : 3**

વિનુ માંકડની જેમ 'ડાબેરી' તરીકે બૉલિંગ કે બૅટિંગમાં સિદ્ધિ મેળવનાર પાઠમાં આવતા અન્ય ક્રિકેટરોનાં નામની નોંધ કરો.

(1) __________ (2) __________ (3) __________

**પ્રવૃત્તિ : 4**

ક્રિકેટને લગતા પાઠમાં આવતા તમામ શબ્દોની નોંધ કરો :

(1)__________ (2) __________ (3)__________ (4) __________ વગેરે

**પ્રવૃત્તિ : 5**

નીચે (ક) વિભાગના ક્રિકેટરોને (ખ) વિભાગના તેમના દેશનાં નામ સાથે યોગ્ય રીતે જોડો :

| (ક) | (ખ) |
|---|---|
| (1) ગેરી સોબર્સ | (1) ભારત |
| (2) ઇયાન ચૅપલ | (2) ઇંગ્લૅન્ડ |
| (3) સુનીલ ગાવસ્કર | (3) વેસ્ટ ઇન્ડીઝ |
| (4) ગ્લેન ટર્નર | (4) ઑસ્ટ્રેલિયા |
| (5) જ્યોફ બૉયકોટ | (5) ન્યૂઝીલૅન્ડ |
| | (6) પાકિસ્તાન |

ઉત્તર : ( - ) ( - )

( - ) ( - )

( - )

**પ્રવૃત્તિ : 6**

નીચેનાં વિધાનોમાંથી જે વિધાન ખરું હોય તેની સામે કૌંસમાં ✓ ની અને ખોટું હોય તેની સામે કૌંસમાં ✗ ની નિશાની કરો.

(1) માંકડ એક ઉત્તમ કક્ષાના સ્લો બૉલર-સ્પિન બૉલર હતા. [ ]

(2) બિશનસિંગ બેદી ભારતના જમણેરી સ્પિનર છે. [ ]

(3) વિનુ માંકડ સખત વિકેટ પર પણ દડાને સ્પિન કરી શકતા. [ ]

(4) માંકડ પોતાની બૉલિંગમાં એક અદ્વિતીય ફિલ્ડર હતા. [ ]

(5) ઈ.સ. 1952ની ભારત અને ઈંગ્લૅન્ડ વચ્ચેની બીજી ટેસ્ટ 'વિજય હજારે ટેસ્ટ' તરીકે ઓળખાઈ. [ ]

## 22.7 (ક) સાહિત્ય સ્વરૂપ : રેખાચિત્ર નિબંધ

રેખાચિત્રરૂપી નિબંધમાં જીવંત વ્યક્તિઓના જીવનની રૂપરેખા આપવામાં આવે છે. તેમાં એ વ્યક્તિના વ્યક્તિત્વ પાછળ રહેલાં પ્રધાન લક્ષણોને વિવિધતાથી દર્શાવવામાં આવે છે. આવા નિબંધોમાં વ્યક્તિનું સમગ્ર જીવનદર્શન કરાવવાનો હેતુ નથી પણ તેના જીવનની લાક્ષણિકતા, વિશિષ્ટતા દર્શાવવાનો હોય છે. તેમજ તેની નાની-મોટી ટેવોમાંથી સૂચક ટેવોને રજૂ કરી તેનું રેખાચિત્ર ઉપસાવવામાં આવે છે.

આ નિબંધમાં આપણા દેશના જાણીતા ઓલરાઉન્ડર ક્રિકેટર વિનુ માંકડનું રેખાચિત્ર વર્ણવવામાં આવ્યું છે. લેખકે માંકડના સ્વભાવગત ગુણો નિખાલસતા, ખેલદિલી, સરળતા વગેરે તથા તેમના જીવનની લાક્ષણિકતાઓ, વિશિષ્ટતાઓ, સિદ્ધિઓનું રોચક દર્શન કરાવ્યું છે. વિનુ માંકડ દુનિયાના છ સર્વકાલીન શ્રેષ્ઠ ઓલરાઉન્ડરો પૈકીના એક ઓલરાઉન્ડર છે તે આ નિબંધ દ્વારા સ્પષ્ટ થાય છે.

## 22.7 (ખ) લેખક પરિચય :

શ્રી ભરત નીનાભાઈ ભટ્ટ (જન્મ : ઈ.સ. 1940) ભાવનગરમાં જન્મેલા. ભરત ભટ્ટ સણોસરાની ગ્રામ વિદ્યાપીઠ લોકભારતીમાં અધ્યાપક તરીકે કાર્ય કરે છે. સાહિત્ય, ઈતિહાસ, ભૂગોળ અને શિક્ષણમાં ઊંડો રસ ધરાવતા શ્રી ભટ્ટને ક્રિકેટ, વૉલીબૉલ, ટેનિસ વગેરે રમતોમાં પણ એટલો જ રસ છે. તેઓ અવારનવાર ક્રિકેટ વિશે સામયિકોમાં રસપ્રદ અને માહિતીપૂર્ણ લેખો લખે છે.

## 22.8 તમે શું શીખ્યા :

- ક્રિકેટની રમત વિશેની જાણકારી મેળવી.
- દુનિયાના છ શ્રેષ્ઠ ઓલરાઉન્ડરોમાંના એક વિનુ માંકડનો ક્રિકેટર તરીકે પરિચય મેળવ્યો.
- વિનુ માંકડની વિશેષતાઓ તથા તેમની સિદ્ધિઓથી પરિચિત થયા.
- ખેલાડીમાં રહેલ ખેલદિલીનો ભાવ તથા નાની શી ભૂલને સુધારી લેતાં મળતી સફળતાના આનંદને અનુભવ્યો.

## 22.9 વિશેષ પ્રવૃત્તિ

ક્રિકેટજગત અંગેની માહિતી પ્રગટ કરતા સાહિત્યમાંથી સાંપ્રત સમયના આપણા દેશના તેમજ વિદેશના શ્રેષ્ઠ ક્રિકેટરોની સિદ્ધિઓ વિશેની માહિતી એકત્ર કરો.

## 22.10 અંતિમ સ્વાધ્યાય

(1) વિનુ માંકડના ક્રિકેટર તરીકેના વ્યક્તિત્વનાં પાસાંઓના ગુણોનો પરિચય કરાવો.

(2) ઑસ્ટ્રેલિયન ખેલાડી બ્રાઉનને 'રન-આઉટ' કરવાનો પ્રસંગ વર્ણવો.

(3) કઈ ટેસ્ટ મૅચ 'માંકડ ટેસ્ટ' તરીકે ઓળખાય છે ? શા માટે ?

### પાઠ્ય પ્રશ્નોના જવાબો

(1) ઑસ્ટ્રેલિયાના ઝડપી બૉલર લિન્ડવૉલ પાસે.

(2) લિન્ડવૉલે માંકડની રમતની ખામી બતાવતાં કહ્યું કે, "તમે બૅટ જરાક વહેલું ફેરવો છો ; જરાક મોડું ફેરવો - આટલું પૂરતું છે."

(3) મૂળવન્તરાય માંકડ. સૌરાષ્ટ્રના જામનગર શહેરમાં.

(4) વેન્સલે નામના એક 'કોચ' તથા દુલીપસિંહજી દ્વારા.

(5) જે કોઈ વ્યક્તિ બંને હાથે એકસરખી કુશળતાથી ધનુષ ચડાવી શકે તેને 'સવ્યસાચી' કહેવાય.

(6) વિનુ માંકડ જમણેરી બૅટ્સમૅન હતા અને ડાબેરી સ્પિનર હતા તેથી તેઓ ક્રિકેટના 'સવ્યસાચી' કહેવાયા.

(7) બૅટ્સમૅન, બૉલર અને ફિલ્ડર.

(8) સ્પષ્ટ નજર અને દડા પારખવાની ત્વરિતતા

(9) તેમની પાંચે-પાંચ ટેસ્ટ-સદીઓ ઓપનર તરીકે અને ઝડપી બૉલરો સામે થઈ છે તેથી કહી શકાય.

(10) એક ઉત્તમ કક્ષાના સ્લો બૉલર-સ્પિન બૉલર.

(11) માંકડની બૉલિંગ એ તેમનાં ક્રિકેટર તરીકેનાં ત્રણેય પાસાંમાં ક્રિકેટજગતના ભૂષણરૂપ હતી.

(12) કારણ કે બૉલર કે બૅટ્સમૅન જમણેરી સામે રમવા વધુ ટેવાયેલા હોય છે. તેથી ડાબેરી બૅટ્સમૅન સામે બૉલિંગ કરવી કે ડાબેરી સામે રમવું કંઈક અઘરું બને છે.

(13) લેગ-સ્પિન બૉલિંગ

(14) સ્લિપ અને શૉર્ટ-લેગની જગ્યાના.

(15) દડો ફેંકી રહ્યા પછીની બૉલરની થોડાંક ડગલાંની દોડ.

(16) માંકડની ટેસ્ટ-કારકિર્દીનો સુવર્ણકાળ વેડફાઈ ગયો.

(17) વિજય મર્ચન્ટ સાથે ઈંગ્લૅન્ડના વિખ્યાત લૉર્ડ્ઝના મેદાન પર.

(18) ક્રિકેટ વિશેની જાણકારી, ખેલદિલી અને યોગ્ય સમયે નિયમનો લાભ લેવાની કુનેહ વ્યક્ત થાય છે.

(19) ઈ.સ. 1951-52માં ઈંગ્લૅન્ડની પાંચમી ટેસ્ટના બે દાવમાં 108 રન આપીને ઝડપેલી 12 વિકેટોની માંકડની સિદ્ધિએ (એક ટેસ્ટમાં દસથી વધુ વિકેટો લેવાની સિદ્ધિ) મહત્ત્વનો ભાગ ભજવ્યો.

(20) 'માંકડ ટેસ્ટ' એવું નામ ઈ.સ. 1952માં ભારત અને ઈંગ્લૅન્ડ વચ્ચે લૉર્ડ્ઝના મેદાન પર રમાયેલી બીજી ટેસ્ટમૅચને લૉર્ડ્ઝના પ્રેક્ષકો દ્વારા અપાયું.

(21) માત્ર 23 ટેસ્ટમાં એક હજાર રન અને એક સો વિકેટનો વિક્રમ.

(22) પાંચમી ટેસ્ટની પંકજ રૉય સાથેની પહેલી વિકેટની 413 રનની ભાગીદારી.

(23) ઈંગ્લૅન્ડના જાણીતા ક્રિકેટર લેન હટને.

(24) ગેરી સોબર્સ, કીથ મિલર, વોલી હેન્મડ, રહોડ્ઝ, ફ્રેન્ક વુલી અને આપણા વિનુ માંકડ.

# 23

# નિબંધલેખન

## 23.1 પ્રાસ્તાવિક

જીવનમાં અનેક બનાવો બને છે. બનેલા બનાવને ઘણીવાર આપણે બીજા પાસે મૌખિકરૂપે અથવા લેખિતરૂપે વર્ણવીએ છીએ. જો વિષય નાનો હોય તો એકાદ ફકરામાં અને મોટો હોય તો પાંચ - સાત ફકરામાં લખીએ છીએ. આ, એક કરતાં વધારે ફકરામાં, વિચારને કે બનાવને ગોઠવણીપૂર્વક ક્રમબદ્ધ રીતે રજૂ કરવામાં આવે ત્યારે નિબંધ બને છે. નિબંધલેખન માટે બે પાઠ આપવામાં આવ્યા છે. પહેલા પાઠમાં નિબંધના પ્રકાર અને અંગોની ચર્ચા કરવામાં આવી છે અને બીજા પાઠમાં સારો નિબંધ લખવા માટેની વિગતે સમજ આપવામાં આવી છે.

## 23.2 હેતુઓ

આ એકમના અભ્યાસ પછી તમે આટલું કરી શકશો.

- એક જ બનાવના કે વિષયના જુદા જુદા વિભાગો કે પાસાં પર વિચાર કરી શકશો.
- વિચારોની સારી લેખિત અભિવ્યક્તિ કરી શકશો.
- સરળ તથા અસરકારક ભાષાનો પ્રયોગ કરી શકશો.

## 23.3 નિબંધ એટલે શું ?

'નિબંધ' શબ્દનો અર્થ થાય છે 'બાંધવું', 'જોડવું', 'રચવું'. વિચારોને જે સારી રીતે જોડે છે, બાંધે છે તે નિબંધ છે. અનેક અર્થોમાંનો એનો એક અર્થ છે તે 'સુનિબદ્ધ' એટલે કે જે સારી રીતે બાંધવામાં આવે છે. એને ગદ્યમાં લખવામાં આવે છે. કોઈપણ વિષય પર વિચારોને ક્રમમાં ગોઠવવામાં આવે તો તેને નિબંધ કહેવામાં આવે છે.

નિબંધના લેખનમાં લંબાણની મર્યાદા હોતી નથી એટલે નિબંધ ટૂંકો લખી શકાય અને લાંબો પણ લખી શકાય. વિષયને અનુરૂપ ક્રમબદ્ધ વિચારોની લેખિત અભિવ્યક્તિ અનેક પરિચ્છેદોમાં રજૂ કરવામાં આવે તો સારો નિબંધ બને છે. એમાં ખૂબ વિષય વૈવિધ્યો હોય છે. કોઈ 'ધૂળ' વિષય પર નિબંધ લખી શકે અને કોઈ 'સત્ય' જેવા ગંભીર વિષય પર પણ લખી શકે. કોઈ પણ વિષય પર નિબંધ લખી શકાય છે. એમાં પ્રાકૃતિક દૃશ્ય કે બનાવનું આબેહૂબ વર્ણન હોય તો કોઈ વાસ્તવિક ઘટનાનું નિરૂપણ પણ હોય; એમાં ઐતિહાસિક પ્રસંગ કે પાત્રનું નિરૂપણ હોય તો કોઈ કાલ્પનિક પાત્ર, પ્રસંગ કે વિષયનું વર્ણન હોય. આ ઉપરાંત કોઈ વ્યક્તિ કે વસ્તુનું આત્મકથારૂપ લેખન નિબંધનો એક પ્રકાર જ ગણાય છે. આમ, વિષય ગમે તે હોય, પરંતુ જરૂરી વાત એ છે કે નિબંધમાં તમારા પોતાના મૌલિક વિચારો અભિવ્યક્તિ

પામતા હોવા જોઈએ. પ્રાથમિક શાળાનો વિદ્યાર્થી નિબંધ લખે, એ જ વિષય પર કોઈ વિદ્વાન અભ્યાસી નિબંધ લખી શકે. વિશેષતા હોય છે, માત્ર રજૂઆતની અને ભાષાશૈલીની.

## 23.4 નિબંધ શા માટે લખવો જોઈએ ?

નિબંધ લખવાનું કારણ શું ? 'મારું ઘર', 'રક્ષાબંધન' કે 'જો હું વડાપ્રધાન હોઉં તો !' જેવા નિબંધો લખવાથી શું ફાયદા થાય ? ચાલો જોઈએ.

ધારો કે તમારે ઘેર જવાના રસ્તામાં નીચેનાં સ્થળો આવે છે :

મંદિર - શાળા - બાગ - દવાખાનું - મીઠાઈની દુકાન

તમારા ઘરનો રસ્તો તમે મિત્રને કેવી રીતે બતાવશો ? નીચે દર્શાવો -

______________________________

______________________________

______________________________

______________________________

______________________________

______________________________

તમે બરાબર લખ્યું. અહીં વર્ણન કરવામાં ક્રમ જાળવવાનું ખૂબ જરૂરી છે. જો આડાં-અવળાં સ્થળો દર્શાવશો તો, મિત્ર તમારા ઘર સિવાય બીજી કોઈ જગ્યાએ પહોંચી જશે. એવું અવ્યવસ્થિત વર્ણન તો તમને ન જ ગમે ને !

નિબંધમાં આપેલા કોઈ પણ વિષય પરના આપણા વિચાર એટલા વ્યવસ્થિત રીતે લખીએ કે વાંચનાર પ્રભાવિત થાય અને આપણી વાત પર વિશ્વાસ કરે. નિબંધલેખનના અભ્યાસથી આપણને વિચારો ભેગા કરવાની, એને ક્રમ પ્રમાણે ગોઠવવાની, યોગ્ય ઉદાહરણો શોધવાની અને અસરકારક ભાષામાં એને રજૂ કરવાની તાલીમ મળે છે. સાથેસાથે ઘરમાં અને વ્યવહારમાં સારી રીતે વાતચીત કરવાની ટેવ પડે છે.

બીજું, કે ગુજરાતી, હિન્દી વગેરે ભાષાઓ સિવાય ઇતિહાસ, ભૂગોળ, અર્થશાસ્ત્ર, વાણિજ્ય જેવા વિષયોમાં કેટલાક પ્રશ્નોના ઉત્તર વિસ્તારથી લખવાના હોય છે. આવા પ્રશ્નોના જવાબ લંબાણથી અને વિગતે લખતી વખતે નિબંધ લેખનનો અભ્યાસ કામ લાગે છે.

## 23.5 નિબંધના પ્રકાર

નિબંધના વિષય વૈવિધ્યને ધ્યાનમાં રાખી અનેક પ્રકારો પાડી શકાય. અહીં આપણે ચાર મુખ્ય પ્રકારો વિશે વિચાર કરીએ -

1. વર્ણનાત્મક નિબંધ
2. કથનાત્મક નિબંધ
3. સર્જનાત્મક / કલ્પનાત્મક નિબંધ
4. ચિંતનાત્મક નિબંધ

### 1. વર્ણનાત્મક નિબંધ

આ પ્રકારના નિબંધમાં વિષય તરીકે કોઈ વસ્તુ, પ્રાણી, પ્રાકૃતિક દૃશ્ય વગેરે હોય છે. અહીં વર્ણન મહત્ત્વનો ભાગ ભજવે છે. ઉદાહરણ તરીકે - હોળી, દિવાળી, પ્રવાસ, જોવાલાયક સ્થળ કે ક્રિકેટ જેવા વિષયો પર નિબંધ લખીએ તો લખનાર સુંદર વર્ણન કરી શકે છે. એમાં ઘટનાઓનો નિશ્ચિત ક્રમ હોય છે. કોઈ સાધારણ વાત વર્ણન દ્વારા લંબાવીને કહેવાની હોય છે. વિષય અંગેનું થોડું ઘણું જ્ઞાન હોય તો નિબંધ વિગતસભર બને છે. સામાન્ય રીતે વર્ણનાત્મક નિબંધો લખવાનું સરળ છે.

### 2. કથનાત્મક નિબંધ

આવા નિબંધોમાં કોઈ ઐતિહાસિક બનાવ, મહાન પ્રસંગ કે કોઈ વ્યક્તિનું રેખાચિત્ર વગેરે વિષયો આવી શકે છે. વર્ણનની સાથે સાથે એમાં લખનાર, પોતાના વિચારો, અભિપ્રાયો, લાગણીઓ અને મંતવ્યોનો સમાવેશ કરી શકે છે. વર્ણનાત્મક નિબંધના પ્રકાર કરતાં આવા નિબંધોમાં અભિવ્યક્તિની રીત થોડી બદલાઈને કથન સ્વરૂપની બનતી હોય છે. ઉદાહરણ તરીકે - લોકશાહી, દહેજપ્રથા, તાજમહલ કે ગાંધીજી જેવા વિષયો પર પૂરતી વિગતો સાથે લખી શકાય. કેટલાક વિષયોમાં એના ફાયદા અને ગેરફાયદા વિશે વિચાર રજૂ કરી શકાય તો કેટલીકવાર તર્કબદ્ધ રીતે સમસ્યાના ઉકેલો દર્શાવી શકાય. અહીં વર્ણનરીતિમાં થોડી વધુ સૂક્ષ્મતા જોવા મળે છે.

### 3. સર્જનાત્મક / કલ્પનાત્મક નિબંધ

આ પ્રકારના નિબંધોમાં કલ્પનાશક્તિ મુખ્ય ભાગ ભજવે છે. તમે વિષયના સંદર્ભે તમારી કલ્પનાનો જેટલો વધારે ઉપયોગ કરો એટલો નિબંધ રસપ્રદ બની શકે. એમાં તર્ક કરતાં વધારે ભાવની તીવ્રતા હોય છે. તમારી ભાવનાઓને વિકસવાનો આવા નિબંધોમાં પૂરો અવકાશ હોય છે. કલ્પનાના આધારે ભાવની અભિવ્યક્તિ જેટલી સમૃદ્ધ હોય તેટલો નિબંધ સારો બને. ઉદાહરણ તરીકે 'રમકડાની આત્મકથા', 'જો હું કરોડપતિ હોઉં તો', 'જો વર્તમાનપત્રો બંધ રહે તો' વગેરેમાં લખનાર પોતાને કાલ્પનિક પરિસ્થિતિમાં મૂકીને લખતો હોય છે. આ ઉપરાંત 'અંધકાર' કે 'વહેલી પરોઢ' જેવા વિષયો પર વિવિધ રીતે સર્જન કૌશલની અભિવ્યક્તિ કરી શકાય છે. આવા નિબંધો લખવાની અને વાંચવાની ખૂબ મજા આવે છે.

**4. ચિંતનાત્મક નિબંધ**

વિષયની રજૂઆતમાં ચિંતન કે તત્ત્વજ્ઞાન ગૂંથાતું હોય અથવા કોઈ સનાતન સત્ય કે સિદ્ધાંતની વાત કરવાની હોય ત્યારે એવા પ્રકારના નિબંધોને ચિંતનાત્મક અથવા વિચારપ્રધાન નિબંધો કહેવામાં આવે છે. ઉદાહરણ તરીકે 'અહિંસા પરમોધર્મ', 'સંપ ત્યાં જંપ', 'સાચી કેળવણી' અને 'સંયમ' જેવા વિષયો પર લેખિત અભિવ્યક્તિ કરતી વખતે ચિંતનનો આધાર લેવો પડે છે અને વિષયનો વિસ્તાર કરવો પડે છે. આ નિબંધો લખવાનું કાર્ય બીજા બધા પ્રકારો કરતાં થોડા વધારે જ્ઞાનની વિદ્યાર્થીઓ પાસેથી અપેક્ષા રાખે છે.

## 23.6. પ્રવૃત્તિ

નીચે દર્શાવેલા નિબંધોના વિષયના સાચા પ્રકાર વચ્ચેની ખાલી જગ્યામાં લખો.

| વિષય | | |
|---|---|---|
| 1. ચાંદની રાત્રે નૌકાવિહાર | | ચિંતનાત્મક નિબંધ |
| 2. લાંચરુશવત | | વર્ણનાત્મક નિબંધ |
| 3. જો હું પંખી હોઉં તો | | કલ્પનાત્મક નિબંધ |
| 4. શ્રદ્ધા | | કથનાત્મક નિબંધ |
| 5. ઉજાણી | | ચિંતનાત્મક નિબંધ |
| 6. સરદાર વલ્લભભાઈ | | વર્ણનાત્મક નિબંધ |
| 7. મારી પ્રિય રમત | | ચિંતનાત્મક નિબંધ |

## 23.7 નિબંધનાં અંગ

નિબંધનાં મુખ્ય ત્રણ અંગ છે :

1. ભૂમિકા
2. વિષયવર્ણન
3. ઉપસંહાર

ભૂમિકાને પ્રસ્તાવના પણ કહેવામાં આવે છે. એમાં નિબંધના વિષયની પૂર્વભૂમિકા રૂપે માળખું બાંધવાનો આરંભ કરવામાં આવે છે. મુસાફરીએ નીકળવા માટે કરવી પડતી તૈયારીની જેમ નિબંધના વિષય પર વિસ્તારથી લખતા પહેલાં શરૂઆત એવી આકર્ષક અને સ્વાભાવિક થાય કે વાચકને નિબંધ વાંચવાનું મન થાય. સામાન્ય રીતે એમ કહેવાય છે કે કોઈ લેખક, ચિંતક, કવિ, રાજનીતિજ્ઞ કે સંતના કથનથી કે કાવ્યપંક્તિથી શરૂઆત કરવી જોઈએ. પરંતુ દરેક વિષય પર નિબંધ શરૂ કરતી વખતે તમને આવાં કથન કે કાવ્યપંક્તિઓ યાદ હોય એવું બનતું નથી. એવા સંજોગોમાં વિષયને અનુરૂપ કોઈ ઘટનાથી પણ આરંભ કરી શકાય અને કોઈ આકર્ષક સંવાદથી પણ શરૂઆત કરી શકાય. ભૂમિકારૂપે લખાતો ફકરો બહુ લાંબો ન થાય તેનું ધ્યાન રાખવાનું હોય છે, સાથે સાથે ફકરો પૂરો થતા સુધીમાં વાચકનો વિષયમાં પ્રવેશ થઈ જાય એ રીતે લખવું જોઈએ.

વિષયવસ્તુ કે વિષયવર્ણન નિબંધનો ઘણો મહત્ત્વનો ભાગ છે એમાં વિષયની વિસ્તારપૂર્વક ચર્ચા કરવાની હોય છે. કૂદકા મારવાથી નિબંધનો ઘાટ ઘડાતો નથી તેથી ક્રમશ : જુદા જુદા ફકરામાં વિષય પરત્વેના વિચારોનો વિકાસ કરવાનો હોય છે. બધા મુદ્દાઓને યોગ્ય ન્યાય આપી શકાય તે રીતે લખવું ઉચિત ગણાય. ક્યાંક બિનજરૂરી સંક્ષેપ કે લંબાણ ન થઈ જાય તેનું ધ્યાન રાખવું પડે છે. આ નિબંધનો મધ્યભાગ હોવાથી વિષયની માવજત કરતાં કરતાં તમે તમારો મત દર્શાવી શકો છો. અભિવ્યક્તિ પ્રભાવશાળી બનાવવા વિષયને અનુરૂપ દૃષ્ટાંતો, કાવ્યપંક્તિઓ કોઈ વિદ્વાનોનાં અવતરણો કે ગુજરાતી સિવાયની કોઈ બીજી ભાષાના વિદ્વાનોનાં મંતવ્યો પણ આપી શકો છો. ટૂંકમાં, નિબંધના વિષય વિશેના તમારા વિચાર, વાંચન અને અનુભવના આધારે તમને યોગ્ય લાગે તે બધું જ વ્યવસ્થિત રીતે ફકરા પાડીને રજૂ કરી શકો છો.

નિબંધનો ત્રીજો ભાગ ઉપસંહારનો હોય છે. વિષયના મધ્યવર્તી વિચારને એમાં સાર રૂપે આપવામાં આવે છે. જેમ નિબંધનો આરંભ સ્વાભાવિક અને આકર્ષક હોય તેમ અંત પણ સ્વાભાવિક અને ચોટદાર હોવો જોઈએ. ઉપસંહાર રૂપે સંક્ષેપમાં એકાદ ફકરો આપી નિબંધને પૂર્ણ કરવામાં આવે છે, તેથી ટૂંકાં અને સચોટ વાક્યોમાં વિષયની સમાપ્તિ કરતાં હોઈએ એમ લાગવું જોઈએ. તમારી અભિવ્યક્તિ પરથી વાચકને નિબંધ પૂરો થયાની ખબર પડવી જોઈએ. નિબંધને અંતે પણ કોઈ ઉક્તિ, અવતરણ કે કાવ્યપંક્તિ આપી શકાય છે.

## 23.8 પ્રવૃત્તિ

તમારી નોંધપોથીમાં 'ધરતીકંપ' વિષયની ભૂમિકા લખો અને 'વૃક્ષારોપણ' નિબંધનો ઉપસંહાર લખો.

## 23.9 નિબંધ લખવાની રીત

નિબંધ માટે આપેલા વિષયને ધ્યાનમાં રાખી મુદ્દાઓ નક્કી કરી, દરેક મુદ્દાને સાદાં અને સરળ વાક્યોમાં વિકસાવવાના હોય છે. દરેક મુદ્દાની ચર્ચા માટે એક એક સ્વતંત્ર ફકરો તમે લખી શકો છો અને ક્યારેક મુદ્દો બહુ મહત્ત્વનો હોય તો એક કરતાં વધારે ફકરા પણ લખી શકો છો. એકમાંથી બીજો વિચાર કે મુદ્દો સ્વાભાવિક રીતે ઉદ્ભવતો હોય તે રીતે રજૂઆત કરવી યોગ્ય ગણાય. વ્યાકરણની ભૂલો ન રહી જાય તેનું ખાસ ધ્યાન રાખવું પડે છે. દૃષ્ટાંતો, ઉક્તિઓ અને કાવ્યપંક્તિઓથી નિબંધને સજાવો તો પરીક્ષક પર તમે સારો પ્રભાવ ઊભો કરી શકો છો.

નિબંધલેખનમાં વિષયને અનુરૂપ ભાષા હોવી જોઈએ ખરું ને ! લાગણીપ્રધાન નિબંધ લખતાં હોઈએ તો અભિવ્યક્તિ ભાવપૂર્ણ બનવી જોઈએ જેના પ્રવાહમાં વાચકને અનાયાસે ખેંચાવું પડે. વિષય, સર્જનાત્મક હોય તો કલ્પનાવિહાર કરવામાં કચાશ રાખવી જોઈએ નહિ. નિબંધ લખ્યા પછી એકવાર ધ્યાનપૂર્વક વાંચી જવો જેથી કંઈ ભૂલ રહી ગઈ હોય તો સુધારી શકાય. શુદ્ધ અને સરળ ભાષામાં લખાયેલો નિબંધ સારો ગણાય છે.

2. કથનાત્મક નિબંધમાં વર્ણનની સાથેસાથે તમારા અભિપ્રાયો હોય છે. આમાં તર્કદૃષ્ટિ મહત્ત્વની હોય છે.
3. સર્જનાત્મક/કલ્પનાત્મક નિબંધમાં ભાવની તીવ્રતા અને કલ્પનાની પ્રધાનતા હોય છે.
4. ચિંતનાત્મક નિબંધમાં કોઈ ગંભીર વિચાર અને ચિંતનની ભૂમિકાએ છણાવટ કરવાની હોય છે.
5. નિબંધનાં મુખ્ય ત્રણ અંગ છે - ભૂમિકા, વિષયવર્ણન અને ઉપસંહાર
6. નિબંધ લખતાં પહેલાં વિષયની પસંદગીમાં કાળજી રાખવી અને રૂપરેખા તૈયાર કરવી.
7. નિબંધના વિષયનિરૂપણમાં ક્રમબદ્ધતા હોવી જોઈએ. શુદ્ધ અને સરળ વાક્યો દ્વારા નિબંધ અસરકારક બનાવી શકાય.
8. નિબંધ લખ્યા પછી વાંચી જવો જેથી એમાં રહી ગયેલી ભાષાની ભૂલો દૂર કરી શકાય.

# 24

# નિબંધલેખનનો અભ્યાસ

## 24.1 પ્રાસ્તાવિક

નિબંધ વિશેની થોડીક જાણકારી તમે આગળના પાઠમાં મેળવી. નિબંધનાં મુખ્ય મુખ્ય અંગોથી હવે તમે પરિચિત થયાં છો. કયા વિષય પર કેવી રીતે લખવું એ સમજણ તમે કેળવી છે. ચાલો, આ પાઠમાં આપણે નિબંધ કેવી રીતે લખવો તેનો અભ્યાસ કરીએ.

## 24.2 હેતુ

આ એકમના અભ્યાસ પછી તમે સારો નિબંધ લખી શકશો.

## 24.3 વિષયની પસંદગી

પ્રશ્નપત્રમાં પાંચ-છ વિષય આપવામાં આવે છે. એમાંથી કોઈ એક વિષય પર નિબંધ લખવાનો હોય છે. વિષય પસંદ કરતા પહેલાં વિચાર કરો કે તમે શેના ઉપર વિગતે લખી શકો તેમ છો. જેના ઉપર તમે પોતાનાં મંતવ્યો રજૂ કરી શકશો એમ લાગતું હોય, જેના સંબંધમાં થોડાં અવતરણો કે કાવ્યપંક્તિઓ યાદ આવતાં હોય અથવા જેના અનુસંધાનમાં તમારા વિચારો વધુ ગોઠવાયેલા છે એમ તમને લાગતું હોય, તેવા વિષયને નિબંધ લખવા માટે પસંદ કરવો. કેટલાક વિદ્યાર્થીઓ લાંબો વિચાર કર્યા વગર ગમે તે વિષય પર લખવા મંડી જાય છે, પછી દસેક લીટીથી આગળ લખી શકતા નથી એટલે એ વિષય પડતો મૂકી બીજો વિષય લઈ લખવા માંડે છે. પરીક્ષાની દૃષ્ટિએ આ ઘણું જ નુકસાનકારક છે. તમારે નિબંધના વિષયની પસંદગી ઘણી સાવધાનીથી કરવી. તમારી પાસે પૂરતી વિચારસામગ્રી હોય તેવા વિષયને પ્રથમ પસંદ કરવો. એક જ સહેલા લાગતા વિષય પર મોટાભાગના વિદ્યાર્થીઓ લખશે એમ તમને લાગતું હોય અને પ્રશ્નપત્રમાં આપેલા વિષયોમાંથી બીજા પણ એક-બે વિષય તમને સારા આવડતા હોય તો નવા વિષય પર મૌલિક નિબંધ લખવાથી પરીક્ષક પર સારો પ્રભાવ પડે છે.

## 24.4 રૂપરેખાનું આયોજન

વિષય પસંદ કર્યા પછી તરત જ તેની રૂપરેખા બનાવી લેવી. તમે ભૂમિકા, વિષયવસ્તુનું વર્ણન અને ઉપસંહાર કઈ રીતે લખવા ઇચ્છો છો તે અંગે વિચારી લેવું. આ કારણે ક્રમબદ્ધ રીતે વિચારો રજૂ કરી શકાય છે અને પુનરાવર્તન થતું નથી. ઉદાહરણ તરીકે 'ચલચિત્રોની સમાજ પર અસર' વિષય પસંદ કરીએ તો રૂપરેખા નીચે પ્રમાણે નક્કી કરી શકાય.

ભૂમિકા : - ચલચિત્રોનો વર્તમાન જમાનો

વર્ણન : - મનોરંજનનું જાહેર માધ્યમ
- ચલચિત્રોનાં સારાં (ઇષ્ટ) તત્ત્વો
- ચલચિત્રોનાં અનિષ્ટ તત્ત્વો
- માનવમન પર થતી ચલચિત્રોની અસર
- અનેકવિધ સામાજિક સમસ્યાઓનો થતો નિર્દેશ
- સમસ્યાનો ઉકેલ
- સામાજિક અધઃપતન માટે ચલચિત્રો જવાબદાર
- ચલચિત્રો કેવાં હોવાં જોઈએ

ઉપસંહાર : - આ અનિષ્ટ તત્ત્વોના ફેલાવા સામે આપણી ફરજ.

ઉપર રૂપરેખાનો નમૂનો આપ્યો છે. જરૂરી નથી કે તમે આ પ્રમાણે જ વિચાર કરો. વિષય અંગેના તમારા વિચારોને અનુરૂપ મુદ્દા તમે ઉમેરી શકો છો.

## 24.5 પ્રવૃત્તિ

1. તમે તમારી નોંધપોથીમાં 'વર્તમાનપત્ર' વિષય પર રૂપરેખા લખો.
2. નીચે 'વસ્તીવધારો-વિશ્વની સમસ્યા' વિષય પર રૂપરેખાના કેટલાક મુદ્દા આપ્યા છે. બાકીના મુદ્દા તમે પૂરા કરો.

ભૂમિકા : વસ્તીવધારો એટલે શું ?

વર્ણન : - વધતી જતી વસ્તી, સમસ્યા શા માટે ?
- વસ્તીવધારો થવાનાં અનેક કારણો.
-
-
-
-
-

ઉપસંહાર.:-
-
-
-

3. 'મારી પ્રિય રમત' વિષયની રૂપરેખા તમારી નોંધપોથીમાં લખો .

## 24.6 ભૂમિકાલેખન

'ચલચિત્રોની સમાજ પર અસર' વિષયની ભૂમિકા આપણે આ પ્રમાણે લખી શકીએ.

**ચલચિત્રોની સમાજ પર અસર**

આજનો યુગ, ચલચિત્રોનો યુગ છે. જનજીવનમાં ચલચિત્રો પ્રત્યે અદ્‌ભુત આકર્ષણ પ્રવર્તે છે. સમાજના દરેક સ્તરના લોકો ચલચિત્રો જુએ છે અને એમાંથી મનોરંજન મેળવે છે. ચલચિત્રમાં તેઓ જે કંઈ જુએ છે તેની ઊંડી છાપ અનાયાસે તેમના મન પર ઝીલાય છે. આજની યુવાનપેઢી તો ચલચિત્રોની દીવાની છે. સારાં ચલચિત્રો સમાજને પ્રગતિના પંથે લઈ જઈ શકે છે અને ખરાબ કે ન જોઈ શકાય એવાં બીભત્સ ચલચિત્રો સમાજને પતનના માર્ગે દોરી જાય છે. એટલી વાત ચોક્કસ છે કે ચલચિત્રો ધારે તો સમાજમાં પરિવર્તન લાવી શકે છે.

હવે વિષયવસ્તુનું વર્ણન કેવી રીતે કરવું તે જોઈએ.

## 21.7 વિષયવર્ણન

નિબંધલેખનનો આ મધ્યભાગ ઘણો મહત્ત્વનો હોય છે. અહીં આપણે વિષયને અનુરૂપ વિચારો ક્રમબદ્ધ રીતે પ્રગટ કરીએ છીએ. દલીલો કરી વિષયના લાભ-ગેરલાભ બનાવીએ છીએ અને ઉચિત લાગે તો આપણાં પોતાનાં મંતવ્યો પણ આપીએ છીએ.

રૂપરેખા બનાવતી વખતે મુખ્ય મુદ્દા નોંધ્યા પછી કેટલાક પેટામુદ્દાઓ પણ વિચારી લેવા જોઈએ. ઉદાહરણ તરીકે ' ચલચિત્રોની સમાજ પર અસર' નિબંધમાં વર્ણન લખતી વખતે પેટામુદ્દા આ રીતે બનાવી શકાય.

| મુખ્ય મુદ્દા | પેટા મુદ્દા |
|---|---|
| 1. મનોરંજનનું જાહેર માધ્યમ | 1. મનોરંજનની શું જરૂર ? |
| | 2. મનોરંજનનાં બીજા સાધનો. |
| | 3. ગીત-સંગીત અને દૃશ્ય-શ્રાવ્ય વ્યવસ્થાને કારણે સૌથી વધુ અસરકારક સાધન ચલચિત્રો |
| 2. માનવમન પર થતી ચલચિત્રોની અસર | 1. સાંપ્રત પરિસ્થિતિ |
| | 2. યંત્રયુગનો પ્રભાવ |
| | 3. કંટાળેલો માનવ મનોરંજનની શોધમાં |
| | 4. ચલચિત્રોમાં સમાજદર્શન હોવાથી સધાતી એકરૂપતા |

5. પોતાના જ કુટુંબજીવનનો કે સમાજજીવનનો સંભળાતો પડઘો
6. ચલચિત્રોની સારી અસરો
7. ચલચિત્રોની આડઅસરો
8. આદર્શ ચલચિત્રો કેવાં હોવાં જોઈએ ?

આમ, મુદ્દાઓનો વિસ્તાર કરીને નિબંધ લંબાવી શકાય. આવો, આપણે લખવાનો પ્રયત્ન કરીએ.

એકધારા જીવનથી માણસનું મન થાકી જાય છે. કામ કરવાનું સ્થળ અને કામનો પ્રકાર બદલાતો રહે તો જીવન જીવવાની મજા આવે છે. થાકેલા મનને આનંદ આપવા માટે મનોરંજનની ખાસ જરૂર છે અને તેથી જ મનોરંજનનાં સાધનો વિકસ્યાં છે. પહેલાંના સમયમાં રામલીલા, રાસલીલા અને ભવાઈ ભજવાતાં. આજે એનું સ્થાન ચલચિત્રોએ લીધું છે.

મનોરંજનનાં બીજાં પણ ઘણાં સાધનો છે; સંગીતના કાર્યક્રમોમાં જવું, નાટક જોવા જવું વગેરે.. હમણાં હમણાં તો ઓરકેસ્ટ્રામાં સાંભળવા જવાનું પણ લોકોને ઘણું ગમે છે. આમાં આખા દિવસના વ્યવસાયલક્ષી સમયગાળા પછી મનને હળવું કરવાનું ગમે છે. રેડિયો, ટેપરેકોર્ડર પણ મનોરંજન આપે છે છતાં આપણે નોંધવું જોઈએ કે ચલચિત્ર મનોરંજનનું શ્રેષ્ઠ સાધન પુરવાર થયું છે. ત્રણ કલાક દરમ્યાન માનવી પોતાની બધી જ વ્યથા ભૂલી જઈ સામેના મોટા પડદા પર રજૂ થતાં દશ્યો જોવામાં તલ્લીન બની જાય છે.

ચલચિત્ર, દશ્ય-શ્રાવ્ય માધ્યમ છે. ચોટદાર સંવાદો, દેશ- પરદેશનાં નયનરમ્ય દશ્યો, ગીત, સંગીત અને નૃત્યોથી મઢેલી એની રસપ્રદ કથા, ભિન્ન ભિન્ન રુચિ ધરાવતા દરેક સ્તરના લોકોને મનોરંજન પૂરું પાડે છે. શ્રીમંત અને દુ:ખી મનુષ્યો પોતાની ચિંતા-વ્યથા અને થાક ભૂલીને ચલચિત્ર જોવામાં મશગૂલ બની જાય છે માટે જ ચલચિત્ર સૌથી વધુ અસરકારક મનોરંજનનું સાધન ગણાયું છે.

આજે, યંત્રયુગમાં જીવતો માનવી યંત્રની જેમ જ, રાતદિવસ જોયા વિના કામ કરતો થઈ ગયો છે. યંત્રના જેવી જ લાગણીશૂન્યતા માણસમાં આવતી જાય છે. કૌટુંબિક અને સામાજિક સમસ્યાથી માણસ ઘેરાયેલો રહે છે. ત્યારે ચલચિત્રના પડદા પર પોતાની લાગણીઓના પડઘા પડતા જોવાનું એને ગમે છે. ચલચિત્રો બનાવનારા, સમાજમાં રહેનારા જ લોકો છે તેથી તેઓ પોતાની આસપાસમાં નજરે પડતાં ચિત્રો કે પ્રસંગોમાં કલ્પનાના રંગો પૂરીને, રોચક બનાવીને રજૂ કરે છે. એનાં પાત્રો મૂર્ખ, તોફાની, વિદ્વાન કે પાગલ પણ હોઈ શકે. એટલે કે સમાજમાં અસ્તિત્વ ધરાવતું કોઈપણ પાત્ર ચલચિત્રમાં આવી શકે. આમ, ચલચિત્રમાં સમાજનું પ્રતિબિંબ પડતું હોવાથી ચલચિત્ર વધુ અસર ઉપજાવી શકે છે.

ચલચિત્ર, આખરે તો કલાનું સ્વરૂપ છે તેથી એમાં પ્રદર્શિત થતી કલા ઉત્તમ નમૂનારૂપ બની રહેવી જોઈએ. ઘરની, સમાજની અને દેશની, ઘણી સમસ્યાઓનો

ઉકેલ કેટલીકવાર ચલચિત્રોમાંથી મળી રહેતો હોય છે. દેશભક્તિ, દોસ્તી, સાત્ત્વિક પ્રેમ, સંબંધોની ઉષ્મા જેવા અનેક મુદ્દાઓ ચલચિત્રોમાં નિરુપાય છે ત્યારે સમાજ પર એની સારી અસરો જોવા મળે છે. ઉદાહરણ તરીકે 'ગાંધી' કે 'સરદાર' જેવાં ચલચિત્રો દેશપ્રેમ જાગૃત કરવામાં મદદરૂપ બને છે. તો કેટલાંક ધાર્મિક ચલચિત્રો લોકોમાં શ્રદ્ધા, ભક્તિ વધારવાનું કામ પણ કરે છે. સમાજમાં કે દેશમાં પરિવર્તન લાવવા માટે 'કુટુંબનિયોજન' જેવા વિષય પર બનાવાતાં ચલચિત્રો સમાજને સાચો રાહ ચીંધતા હોય છે.

આજકાલ તો ચલચિત્રોની સારી કરતાં માઠી અસર વધુ વરતાય છે. દાણચોરી, કાળાંબજાર, ભ્રષ્ટાચાર, ડાકુઓનો ત્રાસ, વેશ્યાજીવનની કરુણતા વગેરે વિષયો પર એટલાં બધાં ચલચિત્રો બને છે કે સમાજ અજાણતાં જ નકામી ચીજો તરફ ખેંચાય છે. એમાં હિંસાનું તત્ત્વ ઉમેરાયું છે અને સાથે સાથે પશ્ચિમની અસરને કારણે આપણા દેશના સંસ્કાર અને સંસ્કૃતિને યોગ્ય ન ગણાય એવાં કેટલાંક દશ્યો વારંવાર રજૂ કરવામાં આવે છે. જે યુવાનોને તો ગેરમાર્ગે દોરે જ છે પણ નાનાં નાનાં કુમળાં બાળકાનાં મન ઉપર પણ ખોટી અસર પાડે છે. એમાં દર્શાવાતાં અભિનેત્રીઓનાં અંગપ્રદર્શનોથી સમાજમાં માનસિક વિકૃતિ પેદા થાય છે અને પરિણામે ચારિત્ર્ય શિથિલ થતું જાય છે. ચલચિત્રોની અવાસ્તવિક કથાઓથી પ્રેરાઈને લોકો તરંગી અને અવ્યવહારુ બને છે અને તેમનું જીવન બરબાદીને માર્ગે વળે છે. સમાજમાં ગુનાખોરી વધે છે. હલકી રુચિને પોષતાં ચલચિત્રો ભાવિ પેઢીને અંધકારની ઊંડી ખીણમાં ધકેલવાનું શરમજનક કામ કરે છે. સમાજ એની જવાબદારી ભૂલી, ખોટાં નાચગાનમાં પડી જાય છે અને અધોગતિ નોતરે છે.

ચલચિત્રો, એટલું સબળ માધ્યમ છે કે સમાજના ચારિત્ર્યઘડતરની જવાબદારી જો ઉપાડે તો એને જરૂર સફળતા મળે. વાસ્તવિક્તાના નામે બીભત્સતા બતાવવાનું એણે બંધ કરવું પડે. ચોરી, લૂંટફાટ, ખૂન, જુગાર, છેતરપિંડી વગેરે બતાવવાને બદલે દેશને કાજે કુરબાન થતા દેશભક્તો, દારૂના વ્યસનને કારણે પાયમાલ થઈ જતો દારૂડિયો, કેટલીક સાહસકથાઓ, હાસ્ય-વ્યંગની હળવી કથાઓ વગેરે બતાવી લોકહૃદયમાં સારી ઉદાત્ત લાગણીઓ જન્માવી મનોરંજન પૂરું પાડી શકાય. સમાજમાં ફેલાયેલાં દૂષણો તરફ અંગુલિનિર્દેશ કરી તેને નાબૂદ કરવાની ઝુંબેશ ચલચિત્રો ઉપાડે તો ઊગતી પેઢી ચોક્કસ સંસ્કારવતી બને.

આવી રીતે પેટા મુદ્દાઓ નોંધી લઈને, મુખ્ય વિષયવસ્તુની આસપાસ ગૂંથતાં ગૂંથતાં નિબંધ તૈયાર થઈ શકે.

## 24.8 પ્રવૃત્તિ

1. નીચે આપેલા વિષયના મુખ્ય મુદ્દાના પેટામુદ્દા તમારી નોંધપોથીમાં લખો.
   1. મોંઘવારી વધવાનાં કારણો
   2. મોંઘવારીની સમાજજીવન પર અસર

2. નીચેના વિષયના પેટામુદ્દાઓને આધારે તમારી નોંધપોથીમાં પરિચ્છેદ લખો.

1. દહેજપ્રથાનાં દૂષણ
   - લગ્ન પહેલાં બોલાતા વરરાજાના ભાવ
   - સામાજિક લોભવૃત્તિ
   - લગ્નબાદ કરવામાં આવતા વહુ પરના અત્યાચાર
   - માનસિક ત્રાસ આપવો અને કોઈપણ રીતે પત્નીને મોતને ઘાટ ઉતારવી.
   - સમાજમાં થતું સ્ત્રીઓનું શોષણ

## 24.9 ઉપસંહાર લેખન

તમે ભૂમિકા અને વિષયવસ્તુનું વર્ણન કરતાં શીખી ગયાં છો. આવો, હવે ઉપસંહાર લેખનનો અભ્યાસ કરીએ. ઉપસંહારમાં નિબંધનો સાર આવે, એવું તો તમે જાણો જ છો. જેમ નિબંધનો આરંભ આકર્ષક હોય તો સારું કહેવાય તેમ નિબંધનો અંત ચોટદાર હોય અને વાંચનારને લાંબા સમય સુધી વિચાર કરતા કરી મૂકે તેવો હોય તો સારો ગણાય.

વિષયવર્ણનમાં તમે જે મુદ્દા ઉઠાવ્યા હોય, દલીલો કરી હોય, એનું સમાધાન કે સમર્થન, ટૂંકમાં, સારરૂપે ઉપસંહારમાં આપવાનું હોય છે. જેમ ભૂમિકામાં આ રીતે જ લખવું એમ ચોક્કસ કહી શકાય નહીં તેમ ઉપસંહાર પણ અમુક જ રીતે લખવો એમ કહેવાય નહીં. નિબંધ વિશેની વ્યક્તિગત સમજણ પર આ બધું લખવાનો આધાર છે. કોઈ અવતરણ કે કાવ્યપંક્તિથી પણ ઉપસંહાર થઈ શકે. સફળ ઉપસંહાર લેખન તેને કહેવાય કે જે વાંચ્યા પછી નિબંધ અધૂરો ન લાગે. આવો 'ચલચિત્રોની સમાજ પર અસર' વિષયનો ઉપસંહાર જોઈએ.

સમાજનું નવઘડતર કરવામાં ચલચિત્રો મહત્ત્વનો ભાગ ભજવી શકે છે. પુસ્તકો, વર્તમાનપત્રો કે રેડિયો જે કામ ન કરી શકે, તે કામ ચલચિત્રો સહેલાઈથી કરી શકે છે. આ માટે થોડીક આદર્શ રજૂ કરતી અને ઊંચા પ્રકારની પટકથા લખનારાઓ, સમાજનું અને દેશનું ભલું ઇચ્છતા અને સંસ્કૃતિની જાળવણી કરવાનું ધ્યેય રાખતા નિર્માતાઓ તથા આદર્શ દિગ્દર્શકો અને અભિનેતાઓની જરૂર છે.

કલાના આ સૌથી વધુ લોકપ્રિય માધ્યમ દ્વારા સામાજિક, રાજકીય, આર્થિક, સાંસ્કૃતિક અને શૈક્ષણિક પ્રશ્નોની યોગ્યતાપૂર્ણ છણાવટ થાય તેમજ માધ્યમની પવિત્રતા જળવાય એનું સરકારે ધ્યાન રાખવું જોઈએ. મનોરંજનના આ મુકુટમણિનો ઉપયોગ કોઈપણ સંજોગોમાં નિર્દોષ અને સાત્ત્વિક આનંદ પીરસવા માટે થાય એવું વાતાવરણ સર્જાવું જોઈએ. ચલચિત્રોની વધતી જતી બોલબાલાને કારણે સમાજને ઉન્નતિનું શિખર ચીંધવાનું કામ એ જરૂર સફળતાપૂર્વક કરી શકે.

## 21.10 પ્રવૃત્તિ

નીચેના વિષયો માટે નમૂના પ્રમાણે ઉપસંહારના મુદ્દા નોંધપોથીમાં લખો.

**નમૂનો : 'દહેજપ્રથા'**

**ઉપસંહારના મુદ્દા :**
- દહેજપ્રથાના અભિશાપથી પીડાતો સમગ્ર ભારતીય સમાજ
- સમાજનું કલંક
- વિદેશોમાં બદનામી
- પ્રગતિમાં અવરોધક પ્રથા
- નવયુવાનોની ફરજ
- કુપ્રથામાંથી મુક્તિ

**વિષયો :**

1. પરોપકાર 2. જો હું આચાર્ય હોઉં તો 3. પ્રકૃતિનો આનંદ

2. નીચે આપેલા મુદ્દા અનુસાર ઉપસંહાર લખો.

**વ્યાયામ :** તંદુરસ્તીના અભાવે જીવન ભારરૂપ - સુખી જીવન માટે વ્યાયામ અનિવાર્ય - દેશનું કલ્યાણ - પહેલું સુખ તે જાતે નર્યા.

3. નીચે આપેલા વિષયો પર એક-એક ફકરામાં ઉપસંહાર લખો.

   1. મારો યાદગાર પ્રવાસ
   2. તોબા આ ટી.વી.થી !
   3. ઉનાળો

## 24.11 નિબંધનો નમૂનો

આવો, આપણે વિદ્યાર્થીઓએ લખેલો 'માતૃપ્રેમ' વિષય પરનો નિબંધ એમના જ હસ્તાક્ષરોમાં વાંચીએ.

સહેલું.

માતા વિશે લોકો કહે છે કે જેને માતાનો પ્રેમ મળ્યો નથી તેમનાં બાળકો માતાના પ્રેમ માટે તરસ્યા છે. જ્યારે બાળક ખૂબ રડે છે ત્યારે તે કોઈની પાસે છાનું રહેતું નથી. જ્યારે તેને પોતાની મા લે છે ત્યારે તે તરત છાનું રહી જાય છે. આ પરથી એક કહેવત છે કે "મા તે મા બીજા બધાં વગડાનાં વા".

જ્યારે પોતાનું બાળક મોટું થાય છે ત્યારે તે પોતાની પત્નીની કહેવામાં આવી જઈ પોતાની માતા કે જેને તેને જન્મ આપ્યો છે તેને જ તે ગમે તેવું બોલવા માંડે છે ત્યારે તેને ભાન રહેતું નથી કે માતાએ મને કેટલાં દુઃખો વેઠીને મોટો કર્યો છે? છતાં પણ માતા તે બધું ચૂપચાપ સાંભળી લે છે.

ખરેખર તમે જોયું હશે કે કુતરીનાં બચ્ચાં જ્યારે આંખો ખોલે છે ~~ત્યારે~~ અને ધીમે ધીમે ચાલતા થાય છે ત્યારે કુતરી બચ્ચાની આગળ પાછળ રહે છે. તેના બચ્ચાને કોઈ પણ અડકે છે ત્યારે તે જોર જોરથી ભસવા માંડે છે.

જીંદગીમાં કેમ રહેવું તેનાં પગથિયાં તેની માતા જ શીખવાડે છે. આમ આપણાં જીવનમાં માતાનું ખૂબ મહત્વ છે. જીંદગીના દરેક મોડ પર માતા પોતાના બાળકને મદદ કરે છે.

આમ માતા બાળકની પહેલી શાળા છે. માતા જ બાળકને શું કરવું અને શું ન કરવું તે શિખવાડે છે. જેટલું શિક્ષક ન શિખવાડી શકે તેનાથી સો ગણું શિખવાડે છે. જ્યારે માતા બાળક પર ગુસ્સો કરે છે ત્યારે તે સમય પૂરતી તે બાળકને માતા ગમતી નથી. જ્યારે શિક્ષક બાળક પર ગુસ્સો કરે છે ત્યારે તે બાળકની નજરમાં તેના તરફ નફરત થઈ જાય છે. આ પરથી કહેવત છે કે "ગોળ વિના મોળો કંસાર માં વિના સૂનો સંસાર".

શિક્ષક બાળકને માત્ર પુસ્તકની કેળવણી જ આપે છે. આથી જ કહેવાયું છે કે "એક માતા સો શિક્ષકોની ગરજ સારે છે."

આમ માતૃ સ્વરૂપ એટલે સત્ય, મંગલ અને કલ્યાણકારી હોય છે. ખરેખર માતાનો પ્રેમ અજોડ અને અનન્ય છે.

કવિશ્રી બોટાદકરે આવું જ કહ્યું છે કે

"જનની જોડ સખી!
નહીં જડે રે લોલ!"

— ૦ — લિ. રશ્મી એમ. શાહ.

## માતૃપ્રેમ

આજના યુગમાં કેટલુય બદલાઈ ગયુ છે ને
કેટલુય બદલાઈ રહ્યુ છે. ધીરે ધીરે બધીજ સંસ્કૃતિને
રીતરિવાજો બદલાઈ રહ્યા છે પણ એક શબ્દ
એવો છે કે તેને નથી કોઈ બદલી શક્યુ ને નથી
બદલી શકવાનો ને તે છે "મા." 'મા' શબ્દ સાંભળતા-
ની સાથે જ દરેકના મોં ઉપર આનંદ છવાઈ
જાય છે પછી તે ભલે તે હોય મનુષ્ય, પ્રાણી કે
પક્ષી. 'મા' શબ્દ સાંભળતા જ 'મા' ના અનેરા
પ્રેમની યાદ આવે છે અને થાય છે કે 'મા' ની
મમતાના નિર્મળ આંચલમાં સૂઈ જ રહું. નાનું
બાળક જ્યારે બોલતાં શીખે ત્યારે તેના મોં પર
બે જ શબ્દો હોય છે એક 'મા' ને બીજો 'બા'.
'મા' નો બીજો અર્થ જ બા.

'મા' વિશે તો સહુકોઈ ભણતુ હશે
કે તેના સિવાય આ દુનિયામાં કોઈ મહત્ત્વનુ
નથી. 'મા' વિશે જે કાંઈ પણ લખીએ તે
ઓછુ છે. માટે જ તો કહેવાયું છે કે,
"મા તે મા ને બીજા વગડાના વા"

"મા" આપણામાં નાનપણથીજ સારા સંસ્કારોનુ
સિંચન કરે છે. તે આપણું વર્તન બીજા પ્રત્યે કેવુ
હોવું જોઈએ તે રીતભાત સુંદર રીતે આપણામાં
ઘડે છે. 'મા' આપણને જીવનમાં આગળ વધવાની
પ્રેરણા આપે છે તે આપણને સુખદુઃખમાં સાથ
આપીને જીવનમાં સંઘર્ષોના દરિયાને પાર
કરતાં શીખવે છે. આપણે જ્યારે ભણવાનું શરૂ
કરીએ છીએ ત્યારે શિક્ષણનો પાયો એટલે કે
એકડો ઘૂંટતા શીખવે છે. 'મા' સમાજના
સહવાસના ગુણો આપણને શીખવે છે. માટે જ
લોકો કહે છે કે "સો શિક્ષક બરાબર એક મા."

આપણા જીવનમાં આવતી અનેક મુશ્કેલીઓ વખતે 'મા' તેને પોતાની સમજને તેમાંથી રસ્તો કાઢવા માટે ચિંતાગ્રસ્ત રહે છે. આપણને વાગ્યું હોય કે બિમાર પડ્યા હોય ત્યારે 'મા' એના પર આભ તૂટ્યું હોય તેમ દુઃખી થઈ જાય છે. ['મા' તેની મમતાને પ્રેમની સાથે અને તેનાથી આપણને મદદરૂપ થાય છે.]

ઘણીવાર પુત્ર બીજી કોઈ વસ્તુના મોહમાં આવીને માને ધિક્કારે તે માને ભૂલી પણ જાય તો પણ મા પોતાના બાળકને ભૂલતી નથી. મા પુત્રની બધીજ ભૂલ માફ કરી દે છે. મા એ દયાનો સમનો છે એમ કહીએ તોય ખોટું ન કહેવાય. તે હંમેશા પોતાના બાળકોનું સારું જ ઇચ્છતી હોય છે.

માનો એક જ ધ્યેય હોય છે કે જીવનમાં તેના બાળકો ભણીગણીને આગળ આવે ને સમાજમાં મોટાનુ સ્થાન મેળવે તે માટે પોતાના બાળકોને વિકાસના પુરા સાધનો તૈયાર કરી આપે છે.

બસ, ખાલી મનુષ્યમાં જ નહીં પણ પ્રાણી-ને પક્ષીઓમાં પણ મા જેવું કોઈ સર્વશ્રેષ્ઠ નથી. પ્રાણી અને પક્ષી પણ પોતાના બચ્ચાને જ્યાં સુધી મતે ચાલતાં કે ઉડતા ન થાય ત્યારે તે ક્યાંકથી ખોરાક લાવીને ખવડાવે છે. મનુષ્યમાં જેમ માતાને બાળક વચ્ચે પ્રેમ હોય છે તેમજ પક્ષીને પ્રાણીઓ વચ્ચે પણ પ્રેમ હોય છે.

આમ, 'મા' એ બાળકની ભેડે રહીને તેના સુખદુઃખની ભાગીદાર બને તેના વિકાસ ઘડવામાં મદદરૂપ બને છે. મા વિના કોઈપણ જીવ રહી શકતું નથી. તેથી જ કહે છે કે,

"ગોળ એક વિના મોળો કંસાર,
ને મા વિના સૂનો સંસાર"

તમે નિબંધો વાંચ્યા. હવે આપણે તેમની કેટલીક લાક્ષણિકતાઓ જોઈએ-

પહેલા નિબંધની ભૂમિકાની શરૂઆત વિદ્યાર્થીએ સારી રીતે કરી છે. માતાના ચહેરાને તેણે ભગવાનના ચહેરા સાથે સરખાવી માતાનું મહત્ત્વ વધાર્યું છે. નિબંધના વિષયવર્ણનમાં પણ કવિશ્રી મલબારીની કાવ્યપંક્તિ આપી વિષયને સજાવ્યો છે.

ઉપસંહારમાં એણે કવિ બોટાદકરની પંક્તિનો સુયોગ્ય ઉપયોગ કરી સમગ્ર નિબંધને અસરકારક બનાવવાનો સારો પ્રયત્ન કર્યો છે. પરંતુ તમે જોઈ શકશો કે જોડણીની ઘણી ભૂલો રહી ગઈ છે. બીજું, કૂતરીનાં બચ્ચાનું ઉદાહરણ સાચું આપ્યું છે છતાં અભિવ્યક્તિ નબળી લાગે છે. વળી, 'ગોળ વિના મોળો કંસાર, મા વિના સૂનો સંસાર' વાળી પંક્તિઓએ ફકરાના લખાણ સાથે સુસંગત લાગતી નથી. કાવ્યપંક્તિ, કહેવાય કે કોઈ સૂત્ર થીગડાની જેમ ચોંટાડ્યું હોય તેવી રીતે તો ન જ લખાયને ? નિબંધના વિષયવર્ણનમાં પંક્તિઓ ગૂંથાઈને આવે તો જ નિબંધ સારો બને.

બીજા નિબંધની ભૂમિકા કાવ્યપંક્તિથી થતી નથી છતાં બાળકના જીવનમાં 'મા' એનું સર્વસ્વ છે તેવું બતાવવાનો પ્રયત્ન થયો છે. 'મા એ દયાનો ખજાનો છે' વાક્ય માતાનું સાચું ચિત્ર રજૂ કરે છે. વિષયવર્ણનમાં વિદ્યાર્થીએ માતાનું મહત્ત્વ પુરવાર કરવાનો પ્રયત્ન કર્યો છે. ઉપસંહારમાં કાવ્યપંક્તિ મૂકી માતા વિનાના સૂના સંસારનું નિરૂપણ કર્યું છે. આ નિબંધમાં પણ જોડણી ભૂલો નજરે પડે છે અને ક્યાંક ક્યાંક વાક્યરચના શિથિલ બનતી લાગે છે.

મિત્રો, તમે આ જ વિષય પર વધુ સારો નિબંધ લખી શકોને ?

## 24.13 પ્રવૃત્તિ :

### માતૃપ્રેમ

'માતૃપ્રેમ' નિબંધના વિષયવર્ણનમાં ફેરફાર કરી તમે આગળ સમજાવાયેલા નિબંધના માળખા પ્રમાણે ફરીથી નિબંધ લખો. ઉપસંહાર ચોટદાર બનાવીને લખો.

## 24.14 આટલું ધ્યાન રાખો

નિબંધને સારો બનાવવામાં બીજી પણ કેટલીક વાતો ધ્યાનમાં રાખવા જેવી છે. આવો, તેની ચર્ચા કરીએ.

**૧, ભાષા :** નિબંધમાં વિષય અને રજૂઆતની પદ્ધતિ જેટલું જ મહત્ત્વ શુદ્ધ ભાષાનું છે. ભાષાના વિવિધ ઉપયોગો શક્ય હોય તો ધ્યાનમાં રાખવા જોઈએ.

- સરળ અને શુદ્ધ, શિષ્ટ ભાષા વાપરવી જોઈએ.
- જેનો અર્થ આપણા મનમાં સ્પષ્ટ ન હોય તેવા શબ્દોનો પ્રયોગ કરવો નહિ.

- લાબાં અને ગૂંચવણભર્યાં, વાક્યોને બદલે ટૂંકા, અર્થપૂર્ણ વાક્યોને પસંદગી આપવી.
- આપણી હકીકત સ્પષ્ટ સમજાય અને અર્થનો અનર્થ થતો અટકે તે માટે શબ્દોની જોડણી અને વિરામચિહ્નો પર ધ્યાન આપવું.

**2. શૈલી :** શૈલીથી લખનારનું વ્યક્તિત્વ સ્પષ્ટ થાય છે. શૈલી, સુંદર ભાષાથી જ ઘડાય છે. એકની એક વાત ગોળ ગોળ ફેરવીને લખવા કરતાં સીધેસીધી મુદ્દાસર કહેવી યોગ્ય છે.

- આપણા નિબંધને અવતરણો, ઉક્તિઓ અને કાવ્યપંક્તિઓથી શણગારવો જોઈએ. વિચારોની સ્પષ્ટતા માટે પણ અવતરણ જરૂરી હોય છે.
- બિનજરૂરી લંબાણ ન થાય તેનો ખ્યાલ રાખવો. વિષયને અનુરૂપ વિસ્તાર કરવો જોઈએ.
- નિબંધ, પોતાની મૌલિક ભાષામાં લખવો. ગોખેલાં વાક્યોથી નિબંધ કદી ન લખાય.

**3. રૂપરચના :** આ પ્રકારના નિબંધ લખવાની કલા શીખી લીધા પછી જીવનમાં મહાનિબંધ લખવાની તક પણ તમને મળી શકે છે. નેશનલ ઓપન સ્કૂલની પરીક્ષામાં તો નિબંધ લખવા માટે ભૂમિકા, વિષયવર્ણન અને ઉપસંહારનું માળખું ધ્યાનમાં રાખી, બધા મળીને વધારેમાં વધારે આઠ-દસ ફકરામાં નિબંધ લખવો.

- સમગ્ર નિબંધનું એક કલેવર (આકૃતિ) બંધાય તે જોવું.
- નવો વિચાર રજૂ કરતી વખતે નવો ફકરો અચૂક પાડવો. વ્યવસ્થિત ફકરામાં લખાયેલો નિબંધ મોટો પ્રભાવ ઊભો કરી શકે છે.
- કોઈ કાવ્યપંક્તિઓ કે અવરણ આપો તો લેખનપદ્ધતિમાં થોડો ફેરફાર કરી, જુદાં તરી આવે તે રીતે લખો.
- નિબંધનો આરંભ અને અંત પરસ્પર સંબંધિત હોય તે જોવું.
- વિષયાંતર થઈ જાય તો ખોટો સમય બગડે માટે સમગ્ર નિબંધના મુદ્દા, એની રૂપરેખા વિચારીને જ લખવાનો પ્રારંભ કરવો.
- નિબંધનો પ્રશ્ન સૌથી પહેલો કે સૌથી છેલ્લો ન લખવો. પહેલો લખવાથી સમય એનો વિચાર કરવામાં વધારે વહી જાય તેનું ધ્યાન રહેતું નથી અને પછી બીજા પ્રશ્ન લખવામાં સમય ઓછો પડે છે. સૌથી છેલ્લો નિબંધનો પ્રશ્ન લખવાનું રાખો તો એમાં ઉતાવળ થઈ જવાનો પૂરો સંભવ છે અને નિબંધ ઓછા સમયને કારણે બરાબર ન લખી શકાય એમ બને. માટે બે-ત્રણ પ્રશ્નોના જવાબ લખાઈ જાય પછી સ્વસ્થતાથી નિબંધ લખાવાનું શરૂ કરવું. જોકે આ પ્રશ્ન ક્યારે અને કઈ રીતે લખવો એ વ્યક્તિગત મનોસ્થિતિ પર વધુ આધાર રાખે છે.

## 24.15 તમે શું શીખ્યા

- નવી વાત નવા ફકરામાં લખો.
- ભાષાશુદ્ધિ જાળવો.
- વિરામચિહ્નોનું ધ્યાન રાખો.
- મુદ્દા અધૂરા ન છોડો.
- ક્રમબદ્ધતા જાળવો.
- પુનરાવર્તન ટાળવાનો પ્રયત્ન કરો.
- મુક્ત સાહજિકતાથી નિબંધ લખો.
- આરંભ અને અંતને સાંકળો.
- વિષયાંતર ન કરો.

## 24.16 સ્વાધ્યાય

નીચે બતાવેલ ચિત્રને જોઈ તમારી નોંધપોથીમાં નિબંધ લખો.



# ગુજરાતી

# 4

# *Awards Won by NIOS*

Several projects have been implemented by the NIOS to tap the potential of Information and Communication Technology (ICT) for promoting of Open and Distance Learning (ODL) system. The Ni-On project of NIOS won the National Award for e-governance and Department of Information and Technology, Govt. of India. In further recognition of its On-line initiatives and best ICT practices, the NIOS received the following awards:



## NIOS WINS National Award for e-Governance 2008-09

Silver icon for Excellence in Government Process Re-engineering, Instituted by Government of India Department of Administrative Reforms and Public Grievances & Department of Information Technology.

## NIOS receives NCPEDP MPHASIS Universal Design Awards 2012



National Institute of Open Schooling (NIOS) has been awarded THE NCPEDP - MPHASIS UNIVERSAL DESIGN AWARDS 2012 instituted by National Centre for Promotion of Employment for Disabled People. The award was given by **Sh. Mukul Wasnik, Hon'ble Minister for Social Justice and Empowerment, Govt. of India** on 14th August, 2012. NIOS has been selected for its remarkable work done for the learners with disabilities through ICT by making its web portal www.nios.ac.in completely accessible for such learners.

## The Manthan Award South Asia & Asia Pacific 2012




The Manthan Award South Asia & Asia Pacific 2012 to recognize the best ICT practices in e-Content and Creativity instituted by Digital Empowerment Foundation in partnership with World Summit Award, Department of Information Technology, Govt. of India, and various other stakeholders like civil society members, media and other similar organisations engaged in promoting digital content inclusiveness in the whole of South Asian & Asia Pacific nation states for development. The award was conferred during **9th Manthan Award Gala South Asia & Asia Pacific 2012 at India Habitat Centre on 1st Dec. 2012.**

# વિષયટીમ

## પ્રોજેક્ટ ડાયરેક્ટર

- **ડૉ. રાજેશકુમાર**
  પ્રોજેક્ટ ફેલો. રીજિનલ લેંગ્વેજ પ્રોગ્રામ
  નેશનલ ઓપન સ્કૂલ, ન્યૂ દિલ્હી

## પાઠ્યક્રમ નિર્માણ સમિતિ

- **ડૉ. લવકુમાર દેસાઈ**
  રીડર, ગુજરાતી વિભાગ
  એમ. એસ. યુનિવર્સિટી, વડોદરા
- **ડૉ. સુધા પંડ્યા**
  રીડર, ગુજરાતી વિભાગ
  એમ. એસ. યુનિવર્સિટી, વડોદરા
- **ડૉ. રમણ સોની**
  રીડર, ગુજરાતી વિભાગ
  એમ. એસ. યુનિવર્સિટી, વડોદરા
- **ડૉ. રતિલાલ બોરીસાગર**
  એકેડેમિક સેક્રેટરી, ગુજરાતી વિભાગ
  ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ
  ગાંધીનગર
- **શ્રી જુગલકિશોર દૂધરાજિયા**
  ડેપ્યુટી ડાયરેક્ટર
  ગુજરાત શૈક્ષણિક ટેક્નોલોજી ભવન
  અમદાવાદ

## પાઠ્ય સામગ્રી નિર્માણ સમિતિ

:: સંપાદકો ::

- **ડૉ. રમણ સોની** (પદ્ય વિભાગ)
- **ડૉ. લવકુમાર દેસાઈ** (ગદ્ય વિભાગ)
- **ડૉ. સુધા પંડ્યા** (લેખન વિભાગ)

## પાઠ્ય સામગ્રી સંયોજક

- **શ્રી વસંતભાઈ દોશી**
  નિવૃત્ત સંયુક્ત સચિવ, ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ, વડોદરા

## પાઠ-લેખન

- **ડૉ. પ્રમીલા દેખતાવાલા** રીડર, શિક્ષણ વિભાગ, એમ. એસ. યુનિવર્સિટી, વડોદરા
- **શ્રી નારાયણ શાહ** શિક્ષક, જીવન-સાધના હાઈસ્કૂલ, વડોદરા
- **શ્રી વિરંચિ ત્રિવેદી** શિક્ષક, શારદા મંદિર હાઈસ્કૂલ, વડોદરા
- **ડૉ. ગોપાલ શાસ્ત્રી** શિક્ષક, વિનય વિદ્યાલય, વડોદરા
- **શ્રી જગદીશ દવે** શિક્ષક, એલેમ્બિક વિદ્યાલય, વડોદરા
- **શ્રીમતી નીલિમા દવે,** શિક્ષક, ઉત્કર્ષ વિદ્યાલય, વડોદરા
- **ડૉ. નીલા શેલત** રીડર, શિક્ષણ વિભાગ, એમ.એસ. યુનિવર્સિટી, વડોદરા
- **ડૉ. પુષ્કરરાય ઉપાધ્યાય** આચાર્ય શ્રેયસ વિદ્યાલય, વડોદરા

## ચિત્રાંકન

- **શ્રી રજની વ્યાસ**
  અમદાવાદ

# પ્રિય વિદ્યાર્થી

અત્યાર સુધીમાં તમે ગુજરાતીના ત્રણ પુસ્તકોનો અભ્યાસ કર્યો. ખરું ને ! મજા આવી ને ! હવે આ ચોથું અને અંતિમ પુસ્તક તમારી પાસે આવે છે.

અહીં પણ પ્રથમ ત્રણ પુસ્તકોની જેમ પાઠ 25, 26 અને 27માં ત્રણ કાવ્યો આપેલ છે. તેમાંનું એક કાવ્ય કવિ નર્મદનું ' અવસાન સંદેશ ' છે. નર્મદ એટલે અર્વાચીનોમાં આદ્યકવિ અને લેખક. કાવ્યના નામ પરથી જ તમને ખ્યાલ આવી ગયો હશે કે આમાં મૃત્યુની વાત છે. મૃત્યુ એ જીવનનો અંત નથી, ફક્ત વિરામ છે. આત્મા અમર છે માટે કવિ પોતાના મૃત્યુ બાદ શોક ન કરવા કહે છે. શ્રી રાજેન્દ્ર શાહ એ આધુનિક યુગના અગ્રગણ્ય કવિ છે. ' તને જોઈ જોઈ, તોય તું અજાણી ' એ એમનું ઊર્મિસભર અને લયબદ્ધ ગીત છે અને ત્રીજું કાવ્ય છે પ્રિયકાન્ત મણિયારનું ' એ લોકો '. પ્રિયકાન્ત મણિયાર આધુનિક યુગના કવિ છે. આ કાવ્યમાં એમની સમાજવાદી વિચારધારા રજૂ થઈ છે. કાવ્ય માનવ સંવેદનાથી ઓતપ્રોત છે.

ગદ્ય વિભાગમાં ત્રણ પાઠ આપવામાં આવેલ છે. મધુરાય આપણા આધુનિક વાર્તાકાર છે. પાઠ 28માં રજૂ કરાયેલ ' ઈંટોના સાત રંગ ' વાર્તામાં એમણે માનવજીવનની નિરર્થકતા પ્રત્યે સંકેત કર્યો છે. આપણા રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીએ આચાર તે જ પ્રચારનું શ્રેષ્ઠ સાધન માન્યુ હતું. પાઠ 29 ' કસોટી ' એમની આત્મકથા ' સત્યના પ્રયોગો' માંથી લેવામાં આવેલ છે. સુરેશ જોશી આધુનિક યુગના બહુમુખી પ્રતિભા ધરાવતા લેખક છે. ' સૂર્યનું સેવન ' નામના એમના નિબંધમાં

શિયાળાની ઋતુનું વૈવિધ્યપૂર્ણ અને તાજગીસભર વર્ણન તમારે પાઠ 30માં માણવાનું છે.

અંતમાં, લેખન વિભાગમાં પાઠ 31 ' સારલેખન ' વિશે છે. સારલેખનમાં લાંબી વાતને કઈ રીતે ટૂંકમાં લખી શકાય, તેની પ્રક્રિયા સમજાવવામાં આવી છે. ટૂંકમાં લખવું એ એક કળા છે. આ કળા કેવી રીતે પ્રાપ્ત થઈ શકે, તે ઉદાહરણોની મદદથી સમજાવેલ છે. પાઠ 32 એ ' સારણી અને આલેખની રચના 'ને લગતો છે. વર્તમાનપત્રો અને પુસ્તકોમાં સમજવામાં મુશ્કેલ લાગતી બાબતો ઘણીવાર સારણી અને આલેખની મદદથી સરળ રીતે દર્શાવવામાં આવે છે, તે તમે જોયું હશે. આ પાઠનો અભ્યાસ કર્યા પછી, તમે કેટલીક બાબતો સરળ રીતે આલેખો અને સારણીનો ઉપયોગ કરી સમજી શકશો અને સમજાવી શકશો.

અધ્યાપક - ગુજરાતી

# *Awards Won by NIOS*




**Web Ratna Awards 2012 Platinum Icon under Outstanding Web Content** for Acknowledging exemplary initiatives/practices in the realm of e-Governance for dissemination of information & services instituted by Department of Information Technology, Ministry of Communications & IT (MC&IT) and National Informatic Centre (NIC), Government of India. The award has been conferred by Hon'ble Minister of Communications and Information Technology Shri Kapil Sibal on 10th December 2012 at Dr. D.S Kothari Auditorium, DRDO Bhawan, Dalhousie Road, New Delhi.

## TOI Social Impact Award 2012




NIOS has been selected as winner of the Social Impact Award 2012 instituted by Times of India in partnership with J P Morgan The Award is given in the recognition of magnificent work done by an individual or groups or institutions making an impact in the society in various segment including Education. NIOS feels honoured to accept the award.

The award was conferred on 28th January 2013 at a function in presence of President of India and high level dignitaries.

## National Awards for the Empowerment of Persons with Disabilities, 2012



The NIOS received the National Award for the Empowerment of persons with disabilities, 2012 Instituted by Ministry Social Justice and Empowerment, Govt. of India. The NIOS got this award under the category of best accessible Website for making its website www.nios.ac.in completely accessible for person with disabilities. The website is bilingual in Hindi and English. It also has provisions of Screen Reader, increasing text size, colour contrast scheme etc. for disabled learners. This award was conferred by the Hon'ble President of India at Vigyan Bhawan, New Delhi on 6th February, 2013. Dr. S.S. Jena Chairman, NIOS received the award.

# ગુજરાતી

# 4

અનુક્રમણિકા


| ક્રમ | કૃતિ | | પાનું |
|---|---|---|---|
| | **પદ્ય વિભાગ** | | |
| 25 | અવસાનસંદેશ | નર્મદ | 1 |
| 26 | તને જોઈ જોઈ... | રાજેન્દ્ર શાહ | 8 |
| 27 | એ લોકો | પ્રિયકાન્ત મણિયાર | 14 |
| | **ગદ્ય વિભાગ** | | |
| 28 | ઈંટોના સાત રંગ | મધુ રાય | 23 |
| 29 | કસોટી | ગાંધીજી | 38 |
| 30 | સૂર્યનું સેવન | સુરેશ જોશી | 50 |
| | **લેખન વિભાગ** | | |
| 31 | સારલેખન | | 62 |
| 32 | સારણી અને આલેખની રચના | | 71 |

# Success Stories

**Jaspal Singh**
**Enrolment No.: Secondary - 27020212195**
**Senior Secondary – 92279300066**



Forced to discontinue his tenth class in 1993 in order to earn a livelihood to support his family, when his parents met with an accident, Jaspal Singh resumed his studies in 2003 by enrolling for the Secondary level course in NIOS. The flexibility of the NIOS system enabled him to pursue his studies along with his vocation. He acquired skills in fashion designing while working as a freelancer in garment export houses.

Having completed his Senior Secondary course from the NIOS and moved by the desire to continue studies, Jaspal Singh has managed to obtain admission to a three year course in Fashion Management at the University of Thames Valley, London.

**Ms. Sudha**
**Enrolment No. : 27029182593**



Ms. Sudha was a only housewife until such time that her husband passed away and she was offered the job of a constable in the Delhi Police. She then took up the job to support the family consisting of her two children.

Sudha who had not completed her schooling was motivated by her children to join the NIOS. She then passed the Secondary examination from NIOS in April 2009. A resident of Sant Nagar, Burari, Delhi and posted at the Rohini Court, Delhi, Sudha today feels more confident and empowered by the qualification acquired by her through the NIOS.

# 25
# અવસાનસંદેશ

- નર્મદાશંકર

## 25.1 પ્રાસ્તાવિક

મૃત્યુ એ જીવનનો સ્વાભાવિક ક્રમ છે. જો જન્મમરણનો ક્રમ જળવાય નહિ તો આ ધરતી પર સજીવ સૃષ્ટિએ જીવવું અશક્ય બની જાય. 'નહિ વર્ષોથી પણ કર્મથી જ મહાન છે માનવી' આ સંદેશ કવિએ આપણને આપીને, જીવનને યોગ્ય રીતે સમજવાનો દૃષ્ટિકોણ બતાવ્યો છે.

## 25.2 હેતુઓ

આ કાવ્યનો અભ્યાસ કરીને તમે નીચેની બાબતો કરી શકશો :

* મૃત્યુ એ જીવનનો ક્રમ છે, એનો સહજ સ્વીકાર કરશો.
* 'નહિ વર્ષોથી પણ કર્મથી જ મહાન છે માનવી' કાવ્ય દ્વારા મળેલા સંદેશને સમજી શકશો.
* કાવ્ય દ્વારા કવિ નર્મદના ઊપસતા વ્યક્તિત્વની નોંધ લેશો.
* કાવ્યની ભાષાશૈલી માણી શકશો.

## 25.3 પ્રવૃત્તિ

નીચે આપેલી પંક્તિઓ ધ્યાનથી વાંચો :

હું તો છું પીછું કાળના પંખીની પાંખનું
સ્પર્શું છું આજ આભને, કાલે ખરી જઈશ
મારો અભાવ મોરની માફક ટહુકશે
ઘેરાશે વાદળો અને હું સાંભરી જઈશ.

-મનોજ ખંડેરિયા
('મારો અભાવ' કાવ્યમાંથી)

ઉપરની પંક્તિઓને ધ્યાનમાં રાખી નીચે આપેલા પ્રશ્નોના ઉત્તર શોધો.

* ઉપરની પંક્તિઓ કયા કાવ્યમાંથી લેવામાં આવી છે ?
* છું પીંછુ કાળના પંખીની પાંખનું' પંક્તિ દ્વારા કવિ શું કહેવા માંગે છે ?
* 'મારો અભાવ મોરની માફક ટહુકશે' દ્વારા કવિ શો સંદેશો આપે છે ?

મૃત્યુ બાદ કવિની કૃતિઓ દ્વારા લોકો યાદ કરશે એ વાત કવિએ રજૂ કરી છે. આવા જ ભાવવાળા 'અવસાનસંદેશ' કાવ્યનો આપણે અભ્યાસ કરીએ.

અવસાન-મૃત્યુ
શોક-દુઃખ
રસિકડાં-ચાહકો, રસિકજનો
યથાશક્તિ-શક્તિપ્રમાણે
રસપાન-રસાસ્વાદ
શઠ-લુચ્ચા
મર્મ-હાર્દ, અર્થ
શંખ-મૂર્ખ
બકે-અર્થ વગરનું બોલવું
પણથી-પ્રતિજ્ઞાપૂર્વક, ભારથી
પીડ-પીડા
અગન-અગ્નિ
રણથી-સંસારરૂપી રણ
મુક્ત-આઝાદ
જગતમાંથી- જગતના અંધારામાંથી
હરિકૃપા-પ્રભુકૃપા
લેખચિત્ર-રચેલી કૃતિ
દમથી-પૂરેપૂરી શક્તિથી
ટેકીપણું-ટેકીલા
અરિ-દુશ્મન, શત્રુ
ખચીત-ચોક્કસ
જગતનીમ-જગતનો નિયમ
દઢ-ચોક્કસ
વિસારી-ભૂલવું
સમરજો-સ્મરણ કરવું
લત-રટણ

## 25.4 મૂળ પાઠ

હવે નીચેનું કાવ્ય મોટેથી બે-ત્રણ વાર વાંચો.

### અવસાનસંદેશ

નવ કરશો કોઈ શોક, રસિકડાં, નવ કરશો કોઈ શોક
યથાશક્તિ રસપાન કરાવ્યું, સેવા કીધી બનતી ... રસિકડાં

પ્રેમી અંશને રુદન આવશે, શઠ હરખાશે મનથી ... રસિકડાં
મર્મ ન સમજે બકે શંખ શઠ, વાંકુ ભણે બહુપણથી ... રસિકડાં

એક પીડમાં બીજી ચીડથી, જળશે જીવ અગનથી ... રસિકડાં
હતો દુખિયો થયો સુખિયો, સમજ્યો છૂટ્યો રણથી ... રસિકડાં

મૂઓ હું તમો પણ વળી મરશો, મુક્ત થયો જગતમાંથી ... રસિકડાં
હરિકૃપાથી મમ લેખચિત્રથી, જીવતો છઉં હું દમથી ... રસિકડાં

વીર સત્ય ને રસિક ટેકીપણું, અરિ પણ ગાશે દિલથી ... રસિકડાં
જુદાઈ-દુઃખ તે નથી જ જવાનું, જાયે માત્ર મરણથી ... રસિકડાં

મરણ પ્રેમીને ખચીત મોડું છે, દુઃખ વધે છે રુદનથી ... રસિકડાં
જગતનીમ છે જનમ મરણનો, દઢ રહેજો હિંમતથી ... રસિકડાં

મને વિસારી રામ સમરજો, સુખ થાશો એ લતથી ... રસિકડાં

## 25.5 પ્રવૃત્તિ

'અવસાનસંદેશ' કાવ્યમાં કવિ કહે છે કે જે જન્મે છે તેનું મૃત્યુ ચોક્કસ છે. કાવ્યની કઈ પંક્તિઓમાં આ વિચાર રજૂ કર્યા છે તે શોધી કાઢો.

ઉદાહરણ : 'મૂઓ હું તમો પણ વળી મરશો' (સાતમી પંક્તિ)

પંક્તિ : ................

ઉત્તર મળી ગયો ને? 'જગતનીમ છે જનમ મરણનો' (બારમી પંક્તિ)

## 25.6 સમજૂતી

આ કાવ્યકૃતિના અંશોને હવે ક્રમેક્રમે સમજીએ.

## 25.6 એકમ 1

નવ કરશો કોઈ શોક,
રસિકડાં, નવ કરશો કોઈ શોક
યથાશક્તિ રસપાન કરાવ્યું,
સેવા કીધી બનતી ... રસિકડાં
પ્રેમી અંશને રૂદન આવશે,
શઠ હરખાશે મનથી ... રસિકડાં
મર્મ ન સમજે બકે શંખ શઠ,
વાંકું ભણે બહુપણથી .. રસિકડાં

આ સંસારમાંથી વિદાય લેતા, કવિનર્મદ, રસિકજનોને સંબોધીને કેટલીક મહત્ત્વની વાતો કહે છે. કવિ કહે છે કે હે રસિકજનો, મારા મૃત્યુ બાદ તમે શોક કરશો નહિ, દુઃખ અનુભવશો નહિ. માનવીની લાંબી ઉંમર કરતાં એણે કરેલાં કાર્યો મહત્ત્વનાં છે. કવિએ પોતાની શક્તિ પ્રમાણે રસિકજનોને સાહિત્યનું રસપાન કરાવ્યું અને બનતી સેવા કરી. કવિ વિશ્વાસથી કહે છે કે સંસારમાં કરવા જેવું કામ કર્યું. કવિના મૃત્યુથી રસિકજનોને રડવું આવશે પરંતુ જેઓ શઠ છે તેઓ તો મનથી હરખાવાના છે. સમજ્યા વગર શઠ તો વાંકું જ

બોલવાના. એક તો મરણનું દુઃખ અને શઠ લોકોની વાંકી વાણીની ચીડથી જીવ બળશે ચાહકોનો.

કવિએ સંસારને રણ સમાન જોયો અને અનુભવ્યો. કવિ માને છે કે સંસાર એ યુદ્ધ છે, તેમાં હિંમતથી લડી લેવું.સંસારમાં દુઃખ તો હતું પણ મૃત્યુથી કવિ સુખી થશે કારણ કે સંસારના રાગો અને દ્વેષોમાંથી, ધૂર્ત અને મૂર્ખ માણસોથી છૂટવાનો આનંદ છે.

એક પીડમાં બીજી ચીડથી,
જળશે જીવ અગનથી.. રસિકડાં
હતો દુઃખિયો થયો સુખિયો,
સમજ્યો છૂટ્યો રણથી.. રસિકડાં

**ટિપ્પણ**

* કાવ્યમાં રહેલાં પ્રાસ : બનતી, મનથી, પણથી, અગનથી, રણથી વગેરે
* 'સમજ્યો છૂટ્યો રણથી' - રૂપક છે. મૃત્યુથી આ સંસારરૂપી રણમાંથી છૂટકારો મળ્યો.
* 'જળશે જીવ અગનથી' - રૂપક દ્વારા સજીવારોપણ કર્યું છે. મૃત્યુનું દુઃખ અને શત્રુઓ વાંકું બોલે તેની ચીડ તેથી જીવ બેવડા અગ્નિથી બળશે.

**પાઠ્ય પ્રશ્નો : 1**

નીચે આપેલાં વિધાનોમાં પૂર્તિ કરો.

(i) ઉદાહરણ : પ્રેમી અંશને રુદન આવશે ..........શઠ હરખાશે મનથી
(ક) મર્મ ન સમજે બકે શંખ શઠ ........

(ii) 'સમજ્યો છૂટ્યો રણથી' કવિ શા માટે કહે છે તેનું કારણ આપો.

## 25.6 એકમ 2

કવિ કહે છે કે દરેકના જીવનમાં મૃત્યુ તો ચોક્કસ છે. આજે પોતે મૃત્યુ પામશે તો આવતી કાલે બીજાનો વારો આવવાનો જ છે. મૃત્યુ મળેથી કવિને જગતમાંથી મુક્તિ મળી એવો ભાવ દર્શાવે છે. ઈશ્વરકૃપાથી કવિએ જે લેખનસામગ્રી પીરસી છે તેના દ્વારા તેઓને લોકો યાદ કરશે. આ દ્વારા કવિ જીવનસંદેશ આપે છે 'નહિ વર્ષોથી પણ કર્મ થી જ મહાન છે માનવી.'

કવિમાં રહેલા ગુણોની વાત પોતે નિખાલસતાથી કહે છે કે પોતે વીર, સત્યવચની, રસિક અને ટેકીલા હતા. પોતાને દુશ્મન માનનાર પણ આ ગુણોને કારણે હૃદયથી કવિને યાદ કરશે. આમ કહેવામાં કવિનો વિશ્વાસ સહજ રીતે પ્રગટ થયો છે.

રસિકજનોથી વિખૂટા પડવાનું દુઃખ કવિને ઓછું નથી. એ દુઃખ મૃત્યુથી ઓછું થશે. કવિ કહે છે કે રડવાથી દુઃખ વધે છે, મૃત્યુ બાદ રડશો નહિ.

મૂઓ હું તમો પણ વળી મરશો.
મુક્ત થયો જગતમથી...
રસિકડાં
હરિકૃપાથી મમ લેખચિત્રથી,
જીવતો છઉં હું દમથી ...
રસિકડાં
વીર સત્ય ને રસિક ટેકીપણું,
અરિ પણ ગાયે દિલથી ...
રસિકડાં
જુદાઈ-દુઃખ તે નથીજ જવાનું,
જાયે માત્ર મરણથી ...
રસિકડાં
મરણ પ્રેમીને ખચીત મોટું છે,
દુઃખ વધે છે રુદનથી ...
રસિકડાં

**ટિપ્પણ**

* મુક્ત થયો જગતથી - મૃત્યુને કારણે જગતમાંથી છૂટકારો મળ્યો. કાવ્યની છઠ્ઠી પંક્તિમાં પણ આ જ ભાવ દર્શાવ્યો છે. 'સમજ્યો છૂટ્યો રણથી'
* જીવતો છઉં હું દમથી - યથાશક્તિથી રસિકજનોને રસપાન કરાવ્યું તેથી મૃત્યુબાદ લેખનકૃતિથી કવિને લોકો યાદ કરશે.

### પાઠ્ય પ્રશ્નો

(i) નીચે આપેલાં વિધાનોમાં ખાલી જગ્યા પૂરો.

(ક) ઈશ્વરકૃપાથી કવિ એમના ....... થી જીવતા છે.

(ખ) કવિ; વીર, ....... , ....... અને ........ ગુણો ધરાવતા હતા.

(ii) મૃત્યુ બાદ પણ રસિકજનોનાં હૃદયમાં કવિ જીવતા રહેશે, એ ભાવ દર્શાવતી પંક્તિ શોધો. ..............................................

## 25.6 એકમ 3

જગતનીમ છે જનમ મરણનો,
દઢ રહેજો હિંમતથી...
રસિકડાં
મને વિસારી રામ સમરજો,
સુખ થાશો એ લતથી...
રસિકડાં

કવિ કહે છે કે જન્મ અને મૃત્યુ એ જગતનો નિયમ છે તો હિંમતથી મૃત્યુને સ્વીકારવું રહ્યું. છેલ્લી પંક્તિમાં કવિ કહે છે કે પોતાને ભૂલીને ઈશ્વરનું નામ લેશો તો તેના રટણથી સુખ પામશો. કવિમાં રહેલા નમ્રતાના ગુણ દ્વારા તેમના સાચા વ્યક્તિત્વનો પરિચય આ પંક્તિમાં થાય છે.

**ટિપ્પણ**

જગતનીમ છે જનમ મરણનો- જે જન્મે છે તેનું મૃત્યુ અવશ્ય છે. એ જગતનો નિયમ છે.

### પાઠ્ય પ્રશ્નો

(i) કવિએ જીવનમાં સુખી થવા માટે રસિકજનોને કઈ ચાવી આપી છે, એ ભાવ દર્શાવતી પંક્તિ કવિતામાંથી શોધી દર્શાવો.

.................................

(ii) નીચે આપેલાં વિધાનોમાં પૂર્તિ કરો.

(ક) જગતનીમ છે જનમ મરણનો ................

(ખ) મને વિસારી રામ .................

## 25.7 કાવ્યનો ભાવાર્થ

'નવ કરશો કોઈ શોક ....' કવિ નર્મદની આ ઊર્મિરચના ઘણી જાણીતી છે. આ સંસારમાંથી વિદાય લેતાં કવિ, રસિકજનોને સંબોધીને કેટલીક મહત્ત્વની વાતો કરે છે. સંસારમાં કરવા જેવું કામ કર્યું હતું, એમ આત્મવિશ્વાસથી કવિ કહે છે. ઈશ્વરકૃપાથી એમનાં લેખચિત્રો દ્વારા રસિકજનો એમને યાદ કરશે. કવિ આ દ્વારા જીવનસંદેશ આપે છે કે 'નહિ વર્ષોથી, પણ કર્મથીજ માનવી મહાન છે.' કવિ પોતે વીર, સત્યવચની, રસિક અને ટેકીલા હતા. એમને દુશ્મન માનનાર પણ આ ગુણો હૃદયથી ગાશે એમ કહેવામાં કવિનો આત્મવિશ્વાસ નિખાલસતાથી પ્રગટ થાય છે. 'મને વિસારી, રામ સમરજો' એમ કહેવામાં વ્યક્ત થતી નમ્રતા કવિના સાચા વ્યક્તિત્વનો પરિચય આપે છે.

## 25.8 કલાસ્વરૂપ

**(ક) કાવ્યસ્વરૂપ :** આ એક ઊર્મિ ગીત છે. હૃદયની ઊર્મિનું વર્ણન કવિ જે કાવ્યમાં કરે તેને ઊર્મિગીત કહેવાય. કવિ પોતાની ઊર્મિને ગાઈ શકાય એ રીતે પંક્તિઓમાં એનું રૂપાંતર કરે છે અને એના લયને જાળવી રાખવાના હેતુથી 'રસિકડાં...' એ ધ્રુવ પંક્તિને વારંવાર મૂકે છે, તેથી એક સરખો ભાવ અનુભવતા હોઈએ, વાગોળતા હોઈએ એવું લાગે છે. આ કાવ્યની બીજી એક વિશેષતા છે કે મૃત્યુ વિશેનાં કાવ્યો જ્યારે જવલ્લે મળતાં હતાં ત્યારે કવિ નર્મદે મૃત્યુનો અભિગમ ગમી જાય એ રીતે ગીત આપ્યું છે. નર્મદની ખૂબ જાણીતી આ રચના છે.

**(ખ) ભાષાશૈલી :** 'અવસાન સંદેશ' કાવ્યમાં કવિનો ભાવ, ભાષા અને રજૂ કરવાની રીત (અભિવ્યક્તિ), એ ત્રણે બાબતો ધ્યાન ખેંચે તેવા છે.

કાવ્યમાં પ્રાસનો ઉપયોગ કરીને કાવ્યનું માધુર્ય વધાર્યું છે. ઉદાહરણ : બનતી, મનથી, પણથી, અગનથી, રણથી, જગતમથી, દમથી, દિલથી, મરણથી, રુદનથી, હિંમતથી, લતથી વગેરે. તે ઉપરાંત કાવ્યમાં વિરોધી શબ્દોના ઉપયોગથી કાવ્યના ભાવની સચોટતા વધારી છે. ઉદાહરણ : રુદન-હરખવું, પીડ-ચીડ, દુખિયો-સુખિયો, જન્મ-મરણ વગેરે

કાવ્યમાં રૂપકનો પણ ઉપયોગ કર્યો છે જેમ કે, 'સમજ્યો છૂટ્યો રણથી.'

---

**પાઠ્ય પ્રશ્નો**

---

(i) કાવ્યનો ભાવાર્થ ચાર લીટીમાં જણાવો.

.......... .......... .......... ..........

.......... .......... .......... ..........

.......... .......... .......... ..........

.......... .......... .......... ..........

(ii) નીચેના વિકલ્પોમાંથી સાચા વિકલ્પ સામે [✓] ની નિશાની કરો.
કાવ્યનો પ્રકાર કયો છે ?
(ક) સોનેટ (ખ) ઊર્મિગીત (ગ) પદ

(iii) કાવ્યના માધુર્યને વધારવા કાવ્યમાં વપરાયેલા ચાર પ્રાસો જણાવો.

..... ..... ..... .......... ..........

---

## 25.9 તમે શું શીખ્યા

* જન્મ અને મૃત્યુ જીવનનો ક્રમ છે. મૃત્યુને હિંમતથી સ્વીકારવું
* માનવી એનાં કર્મોથી મહાન બને છે.
* કવિ નર્મદનું ?પસનું વ્યક્તિત્વ
* **કાવ્યમાં રહેલા પ્રાસ અને રૂપકને લીધે શબ્દમાધુર્યમાં વધારો.**

## 25.10 વિશેષ પ્રવૃત્તિ

**(ક) કવિ પરિચય :** કવિ નર્મદને નામે લોકલાડીલા બનેલા **નર્મદાશંકર સુરતના** વતની હતા. તેમનો જન્મ 24-8-1833 ના દિવસે થયો હતો. મુંબઈમાં એમણે અંગ્રેજી શિક્ષણ લીધું પછી તેઓ સુરતમાં શિક્ષક થયા હતા. ત્યાર પછી નોકરી છોડી કલમના ખોળે માથું મૂક્યું. સંસાર સુધારો અને સાહિત્ય, એ બે એમના જીવનમંત્રો હતા. કાવ્યમાં કે સુધારામાં 'યા હોમ કરીને પડો, ફતેહ છે આગે' આ જીવનમંત્રને કારણે વીર નર્મદ કહેવાયા.

અર્વાચીન યુગનો પ્રારંભ નર્મદથી થયો છે. મધ્યકાળની ધર્મપરાયણતામાંથી સાહિત્ય વિષયમાં પરિવર્તન લાવવાનો નર્મદનો પુરુષાર્થ ધ્યાનપાત્ર છે.

એમણે પ્રેમ, પ્રકૃતિ અને સ્વદેશભક્તિનાં અનેક કાવ્યો રચ્યાં છે, જે 'નર્મકવિતા' ગ્રંથમાં જોવા મળે છે. આ ઉપરાંત ચરિત્ર, નિબંધ, પત્રકારત્વ, કોશ, વિવેચન, કવિતા એમ કવિ નર્મદે સાહિત્યના અનેક ક્ષેત્રો ખેડ્યા છે. તેમનું મૃત્યુ 25-2-1886ના રોજ થયું.



**(ખ) પૂરક વાચન/લેખન :** મૃત્યુ સમયે માનવીની અંતિમ ઇચ્છા તેમ જ અંજલિ કાવ્યોનાં નામો નીચે આપ્યાં છે :

| **કૃતિનું નામ** | **કવિનું નામ** |
|---|---|
| અંતિમ પ્રવચન | રાજેન્દ્ર શુકલ |
| છેલ્લી પ્રાર્થના | ઝવેરચંદ મેઘાણી |
| મંગલ મંદિર ખોલો | નરસિંહરાવ દિવેટિયા |
| ફાર્બસ વિરહ | દલપતરામ |

## 25.11 સ્વાધ્યાય

1. કવિએ રસિકજનની શી સેવા બજાવી છે ?
2. કવિ પોતાના સ્નેહીજનોને શું-શું કહીને આશ્વાસન આપે છે ?
3. કવિના ક્યા ગુણોનો કાવ્યમાં ઉલ્લેખ થયો છે ?
4. કવિની નમ્રતા કઈ પંક્તિમાં દેખાઈ આવે છે ?
5. આ કાવ્ય દ્વારા કવિ શું જીવનસંદેશ આપે છે ?
6. 'હરિકૃપાથી મમ લેખચિત્રથી, જીવતો છઉં હું દમથી' પંક્તિના આધારે કાવ્યમાં રહેલા ભાવને સમજાવો.

### પાઠ્ય પ્રશ્નોના જવાબો

**પાઠ્ય પ્રશ્નો 1**

(i) (ક) કાવ્યપંક્તિ 4 (ii) એકમ 1 : ટિપ્પણ

**પાઠ્ય પ્રશ્નો 2**

(i) (ક) લેખનચિત્રો
(ખ) સત્યપ્રિય, રસિક અને ટેકીલા (iii) કાવ્યપંક્તિ 8

**પાઠ્ય પ્રશ્નો 3**

(i) છેલ્લી પંક્તિ (ii) (ક) કાવ્યપંક્તિ 12
(ખ) કાવ્યપંક્તિ 13

**પાઠ્ય પ્રશ્નો 4**

(i) મુદ્દો 25.7 (ii) ખ
(iii) દમથી, હિંમતથી, લતથી, મનથી.

# 26
# તને જોઈ જોઈ તોય તું અજાણી

- રાજેન્દ્ર શાહ

## 26.1 પ્રાસ્તાવિક

'તને જોઈ જોઈ તોય તું અજાણી' કાવ્યમાં રાજેન્દ્ર શાહે પ્રકૃતિ પ્રિયતમાને ઉદ્દેશીને કાવ્યરચના કરી છે. કાવ્યને અન્ય દૃષ્ટિથી વિચારતાં કવિએ આ કાવ્યરચના કવિતાદેવીને ઉદ્દેશીને લખી હોય એમ લાગે છે. ક્યારેક ખાતરીપૂર્વક એમ કહેવાનું મન થાય છે કે કવિને મન જે 'અજાણી' છે, તે બીજું કોઈ જ નહીં પણ તેમની પ્રિયતમા જ છે. આમ, વિવિધ ભાવોથી છલકાતું આ કાવ્ય માણવા યોગ્ય બને છે.

## 26.2 હેતુઓ

આ કાવ્ય ધ્યાનથી વાંચ્યા પછી તમે આટલું કરી શકશો :

* ભાવોનું વૈવિધ્ય જોઈ શકશો.
* કાવ્યનું કલ્પના સૌંદર્ય માણી શકશો.
* પ્રયોગ થયેલા અલંકારો સમજી શકશો.

## 26.3 પ્રવૃત્તિ



હવે, તમે ચિત્ર જોઈને આ પ્રશ્નોના જવાબ આપો.

1. રાત્રે આકાશમાં તમે પ્રકૃતિનાં ક્યાં ક્યાં અંગો જુઓ છો ?
2. પૂર્ણચંદ્ર કયા દિવસે જોવા મળે છે ?
3. બીજની ચંદ્રકળાને શું કહે છે ?

તમે બરાબર સમજ્યા છો. પૂનમને દિવસે પૂર્ણ ચંદ્ર આકાશમાં જોવા મળે છે. બીજનો ચંદ્ર એટલે બીજરેખા. આ બીજને ઝરૂખે ઝૂકેલી પ્રકૃતિપૂર્ણિમાને કવિ જુએ છે. કવિને એમ લાગે છે જાણે એ ઘૂમટો તાણીને ઊભી છે. આવા સુંદર ભાવોથી ભરપૂર કાવ્ય હવે, આપણે વાંચીશું અને માણીશું.

## 26.4 મૂળ પાઠ

હવે નીચેનું કાવ્ય મોટેથી બેત્રણવાર વાંચો

### તને જોઈ જોઈ તોય તું અજાણી

તને જોઈ જોઈ તોય તું અજાણી
(જાણે) બીજને ઝરૂખડે ઝૂકી'તી પૂર્ણિમા
ઝાઝેરો ઘૂમટો તાણી.

વ્યોમ ને વસુંધરાની કન્યા કોડામણી,
તું તો છે સંધ્યાની શોભા સોહામણી,
લોચને ભરાય તોય દૂરદૂર ધામની;
વાયુની લ્હેર સમી અંગને અડી છતાંય
બાહુને બંધ ના સમાણી.

પોઢેલો મૃગ મારા મનનો મરુવને,
જલની ઝંકોર તારી જગાવી ગૈ એહને;
સીમ સીમ રમતી તું, ના'વતી જરી કને;
સાબરનાં નીતરેલ નીર તું ભલે હો, આજ
મારે તો ઝાંઝવાનાં પાણી !

**શબ્દાર્થ**

તોય - તોપણ
ઝરૂખડે - ઝરૂખા બાલ્કનીના જેમ સહેજ બહાર ઝૂકતી બારી.
ઝાઝેરો - ઝાઝો, મોટો.
વ્યોમ - આકાશ
વસુંધરા - ધરતી
કોડામણી - ઉમંગવાળી
સોહામણી - સુંદર
લોચન - આંખો
બાહુ - હાથ
મરુવન - રણ
ઝંકોર - ઝણકાર
ગૈ - ગઈ
એહને - એને
જરી - થોડીક
ઝાંઝવાનાં - આભાસી
સાબરનાં - સાબરમતી નદીનાં
નીતરેલ - ઠરેલું, ચોખ્ખું
કને - પાસ
નીર - પાણી

## 26.5 પ્રવૃત્તિ

તમે કાવ્ય વાંચ્યું એટલે સમજાયું હશે કે કવિ કોઈકને અનેકવાર જુએ છે; તોપણ એ તેમને માટે અજાણી જ રહે છે. તે કોને જુએ છે - એ સ્પષ્ટ કહેતા નથી. હા, એ વાત ખરી કે કવિ એની ઓળખ દરેક પંક્તિએ આપે છે. એ ઓળખના ઈશારાઓ વડે જ આપણે સમજવું રહ્યું કે કવિ જેનાથી અજાણ છે, તે કોણ છે.

'ક' વિભાગમાં 'અજાણ' ની ઓળખ કરાવતા પ્રશ્નો છે. 'ખ' વિભાગમાં એના જવાબ છે. 'ક' વિભાગના પ્રશ્ન ક્રમાંકની સામે 'ખ' વિભાગના જવાબનો ક્રમાંક આપેલા કૌંસમાં લખો.

| ક | | ખ |
|---|---|---|
| (ક) ઝૂકીને એ ક્યાં ઊભી હતી ? | ( ) | 1. એ સંધ્યાની શોભા છે. |
| (ખ) એ કોની-કોની કન્યા છે ? | ( ) | 2. એ બીજને ઝરૂખે ઝૂકીને ઊભી હતી. |
| (ગ) એ કોની શોભા છે ? | ( ) | 3. કેમ કે તે દૂર દૂર રમતી હોય છે. |
| (ઘ) એ જરાય પાસે કેમ નથી હોતી ? | ( ) | 4. ધરતી અને આભની કન્યા છે. |

## 26.6 સમજૂતી

આ કાવ્યકૃતિના અંશોને હવે ક્રમેક્રમે સમજીએ.

## 26.6 એકમ 1

તને જોઈ જોઈ તોય તું અજાણી
(જાણે) બીજને
ઝરૂખડે ઝૂકી'તી પૂર્ણિમા ઝાઝેરો
ઘૂમટો તાણી

વ્યોમ ને વસુંધરાની કન્યા
કોડામણી,
તું તો છે સંધ્યાની શોભા
સોહામણી,
લોચને ભરાય તોય દૂર દૂર
ધામની,
વાયુની લ્હેર સમી અંગને અડી
છતાંય
બાહુને બંધ ના સમાણી.

અહીં કવિ પ્રકૃતિની વાત કરે છે. કવિ કહે છે કે પ્રકૃતિને અનેકવાર, અનેક રૂપે જોઈ તોય એને પૂર્ણ રીતે જાણી શકાઈ નહીં. કવિ બીજરેખાને જોઈ કલ્પના કરતાં કહે છે, 'જાણે પૂર્ણિમા બીજને ઝરૂખે મોટો ઘૂમટો તાણીને ઊભી છે.'

એ વ્યોમ અને વસુંધરાની કોડભરી કન્યા છે. એ સંધ્યાની અનુપમ શોભા છે. એને આંખોમાં પૂરેપૂરી ભરી લેવા કવિ પ્રયત્ન કરે છે. પરંતુ એ તો ઘણે જ દૂર રહે છે. આંખો એને એટલે દૂરથી પૂરેપૂરી જોવા અસમર્થ છે. વાયુની લહેર સમી એ થોડીક ક્ષણો માટે કવિનાં અંગોને અવશ્ય સ્પર્શ કરે છે. પરંતુ કવિ એને પોતાના બાહુમાં સમાવી શકતા નથી. વિરાટ, સુંદર અને અનંત પ્રકૃતિને પામવાની કવિની મથામણ આ પંક્તિઓમાં જોવા મળે છે.

### ટિપ્પણ

આ પંક્તિઓમાં 'રૂપક અલંકાર' નો પ્રયોગ કવિએ સાર્થક કર્યો છે. આ અલંકારમાં એકરૂપતાનો અર્થ વ્યક્ત થાય છે.

દા. ત., બીજને ઝરૂખે એટલે બીજરૂપી ઝરૂખે.

### પાઠ્ય પ્રશ્નો

'ક' વિભાગમાં શબ્દો આપ્યા છે. 'ખ' વિભાગમાં વાક્યોમાં ખાલી જગ્યા છે. 'ક' વિભાગમાંથી યોગ્ય શબ્દ પસંદ કરી ખાલી જગ્યા પૂરો.

| ક | ખ |
|---|---|
| (ક) ધામની | 1. જાણે પૂર્ણિમા બીજને ઝરૂખડે.......... ઘૂમટો તાણીને ઊભી હતી. |
| (ખ) આકાશની | 2. પ્રકૃતિ આંખોમાં ભરી શકાય પણ એ દૂરના......... છે. |
| (ગ) ઝાઝેરો | 3. એ પ્રકૃતિ.......... સોહામણી શોભા છે. |
| (ઘ) સંધ્યાની | 4. પ્રકૃતિ.......... ની પણ કન્યા છે. |

## 26.6 એકમ 2

પોઢેલા મૃગ મારા મનનો મરુવને,
જલની ઝંકોર તારી
જગાવી ગૈ એહને,
સીમ સીમ રમતી તું,
ના'વતી જરી કને,
સાબરનાં નીતરેલ નીર
તું ભલે હો, આજ મારે તો
ઝાંઝવાનાં પાણી !

કવિ પોતાના મનને મરુવનમાં પોઢેલો મૃગ કહે છે. એ મૃગને કોઈના પ્રેમજલની ઝંકોર (ઝણકાર) જગાડે છે. કવિ 'ઝંકોર તારી' એમ અવશ્ય કહે છે. પણ તારી એટલે કોની ? કવિના મનમાં પ્રકૃતિ-પ્રિયતમાની કલ્પના પણ છે જ. કવિ કહે છે કે તું ભલેને સાબરમતી નદીનાં નીતરેલા જલ જેવી શુદ્ધ અને સુંદર હોય , પણ મારે માટે તો તું ઝાંઝવાનાં જલ સમાન આભાસી છે. કેમકે, તું અત્યંત દૂર છે. વળી, તું મારી પાસે આવતી નથી. તું અસીમ છે. કવિની પ્રિયતમા સ્થૂળ દૈહિક સૌંદર્ય ધરાવતી કન્યા નથી પરંતુ અસીમ પ્રકૃતિ-પ્રિયતમા છે. જોકે એ કવિના મનને મધુર ઝણકારથી ઝંકૃત અવશ્ય કરે છે.

**ટિપ્પણ**

આ પંક્તિઓમાં કવિએ 'વર્ણાનુપ્રાસ અલંકાર'નો પ્રયોગ સફળતાપૂર્વક કર્યો છે. એક જ વર્ણથી શરૂ થતા શબ્દો વર્ણાનુપ્રાસ અલંકાર દર્શાવે છે.

દા. ત. (i) મનના મરુવને

અહીં 'મ' વર્ણથી શરૂ થતા બે શબ્દો છે.

(ii) સાબરનાં નીતરેલ નીર તું ભલે હો.

અહીં 'ન' વર્ણના પ્રાસથી વર્ણાનુપ્રાસ અલંકાર બને છે. પરંતુ કવિએ પોતાની પ્રકૃતિ-પ્રિયતમાને 'સાબરનાં નીતરેલ નીર ' કહી, તેથી એકરૂપતા સધાતાં રૂપક અલંકાર પણ બને છે.

**પાઠ્ય પ્રશ્નો**

આ દરેક પ્રશ્નનો જવાબ એક કે બે શબ્દોમાં લખો.

1. કવિનો મનમૃગ ક્યાં પોઢેલ હતો ?
2. કવિના સૂતેલા મનને કોણ જગાડી ગયું ?
3. કવિ પ્રિયતમાના પ્રેમને કઈ નદીનાં નીર કહે છે ?
4. કવિને મન એ જલ કોના જલ સમાન આભાસી લાગે છે ?

## 26.7 કાવ્યનો ભાવાર્થ

કવિ પોતાની પ્રિયતમાને જાણવા માટે વારંવાર જુએ છે. તે બીજને ઝરૂખે મોટો ઘૂમટો તાણીને ઊભી હતી. કવિ પ્રકૃતિ- પ્રિયતમાની વાત કરે છે. તે વ્યોમ અને વસુંધરાની કોડીલી કન્યા છે. તે સંધ્યાની સુંદર શોભા છે. તેને આંખોમાં સમાવી શકાય છે. તે અત્યંત દૂર વસતી હોવાથી કવિ તેનાથી અજાણ જ રહે છે. કવિ તેને પોતાના બાહુમાં સમાવવા પ્રયત્ન કરે છે પરંતુ તે બાહુમાં સમાતી નથી. વાયુની લહેરખીની જેમ અંગને સ્પર્શ કરીને સરી જાય છે.

કવિનો મનમૃગ રણપ્રદેશમાં સૂતેલો હતો. કવિનું મન વ્યથિત હતું. કોઈના પ્રેમજલના ઝણકારથી કવિ જાગૃત થાય છે. કવિની પ્રિયતમા અસીમ છે. વળી તે જરાય પાસે આવતી નથી. તેથી કવિને પોતાની પ્રિયતમાનો પ્રેમ ઝાંઝવાનાં જલ સમાન લાગે છે. ભલેને પછી એનો પ્રેમ નદીના જલ જેવો શુદ્ધ હોય. કવિની પ્રિયતમાનો પ્રેમ અસીમ છે, દુર્લભ છે. પરસ્પરનો પ્રેમ સ્થૂળ નથી પણ સૂક્ષ્મ છે.

## 27.8 કલાસ્વરૂપ

**(ક) કાવ્યપ્રકાર :** આ કાવ્યનો પ્રકાર ગીત છે. આ કાવ્ય કવિના મનમાં જાગતી ઊર્મિઓનું લયબદ્ધ આલેખન છે. ગીત લયમાં વારંવાર ગાવાથી એના મધુર ભાવોને સારી રીતે સમજી શકાય છે.

**(ખ) ભાષાશૈલી :** કાવ્યની ભાષા સુગમ છે. સાર્થક શબ્દચયન ભાવને ઘેરો બનાવે છે. ગીતની પ્રાસયુક્ત પંક્તિઓ કાવ્યના ભાવ અને રચનાને મદદરૂપ થાય છે. પ્રકૃતિ-પ્રિયતમા અને પ્રેમનું આ ગીત છે. ગીત ઊર્મિકાવ્યનો જ એક પ્રકાર છે. આ કાવ્યમાં કવિએ વિવિધ અલંકારોનો સાર્થક ઉપયોગ કર્યો છે. જેમકે, વર્ણાનુપ્રાસ અલંકાર, ઉપમા અલંકાર, રૂપક અલંકાર.

### પાઠગ્ય પ્રશ્નો

દરેક પ્રશ્નનો જવાબ એક એક શબ્દમાં લખો.

(i) કવિ પ્રિયતમાને ક્યાં ઊભેલી જુએ છે ?

(ii) આ કાવ્ય કોના પ્રેમનું ગીત છે ?

## 26.9 તમે શું શીખ્યા

(1) રાજેન્દ્ર શાહના કાવ્યમાં પ્રકૃતિ-પ્રિયતમાની વિશેષતાઓ જાણવા મળી છે.

(2) 'ગીત' સાહિત્યપ્રકારનો પરિચય થયો છે.

(3) અલંકારોની વ્યાખ્યા સમજવા મળી છે.

## 26.10 વિશેષ પ્રવૃત્તિ

**(ક) કવિ પરિચય :** રાજેન્દ્ર શાહનો જન્મ તા. 28-1-1913માં થયો હતો. તે કપડવંજના વતની હતા. 'ધ્વનિ', 'આંદોલન', 'શ્રુતિ', 'શાંત કોલાહલ', 'મધ્યમા' વગેરે કાવ્યસંગ્રહો પ્રગટ થયા છે. તેમનાં રચેલાં ગીતો કર્ણમધુર છે. એમાં સુંદર ભાવોનું આલેખન હૃદયસ્પર્શી છે. ગુજરાતી સાહિત્યના ઉત્તમ કવિઓમાંના તે એક છે.

**(ખ) પૂરક વાચન :** ચંદ્રકાન્ત શેઠનું કાવ્ય 'તો આવ્યાં કને' શોધીને વાંચો.

## 26.11 સ્વાધ્યાય

1. નીચેની પંક્તિઓનું ભાવસૌંદર્ય સ્પષ્ટ કરો.

   (i) સાબરનાં નીતરેલ નીર તું ભલે હો,
   આજ મારે તો ઝાંઝવાનાં પાણી !

2. આ દરેક શબ્દના બબ્બે પર્યાય શબ્દ આપો.

   (i) વ્યોમ (ii) ધરતી (iii) નેત્ર (iv) નીર

3. 'ક' વિભાગમાં આપેલાં વાક્યો સામે 'ખ' વિભાગમાં આપેલા અલંકારો પૈકી કયો અલંકાર છે, તે શોધીને આપેલા કૌંસમાં લખો .

| ક | ખ |
|---|---|
| (i) બાળકના ગાલ ગુલાબ જેવા | - ઉપમા અલંકાર |
| રાતા છે. (........) | - રૂપક અલંકાર |
| (ii) પોઢેલો મૃગ મારા મનનો | - વર્ણાનુપ્રાસ અલંકાર |
| મરુવને (.......) | - ઉપમા અલંકાર |
| (iii) નીતરેલાં નીર જેવી તું. | - વર્ણાનુપ્રાસ અલંકાર |
| (........) | - રૂપક અલંકાર |

4. કવિ પ્રકૃતિ-પ્રિયતમાને વારંવાર જુએ છે છતાંયે એ અજાણી રહે છે –આ વાત કવિ કેવી રીતે સમજાવે છે, તે લખો.

## પાઠ્ય પ્રશ્નોના જવાબો

**પાઠ્ય પ્રશ્નો : 1**

(1) (ગ) (2) (ક)

(3) (ઘ) (4) (ખ)

**પાઠ્ય પ્રશ્નો : 2**

1. મરુવને 2. જલની ઝંકોર
3. સાબર 4. ઝાંઝવાનાં

**પાઠ્ય પ્રશ્નો : 3**

1. બીજ ઝરૂખે 2. પ્રકૃતિ-પ્રિયમાના

# 27
# એ લોકો

**- પ્રિયકાન્ત મણિયાર**

## 27.1 પ્રાસ્તાવિક

જીવન - જરૂરિયાતની વસ્તુઓ ખરીદવી આપણો રોજનો વ્યવહાર છે. દરેક વસ્તુના ભાવ પ્રમાણે દુકાનદાર વસ્તુની કિંમત લે છે. પણ બધા દુકાનદાર પ્રમાણિક નથી હોતા. પૂરી કિંમત લીધા પછી પણ ગ્રાહકને છેતરવાના અનેક કીમિયા કરે છે. કોઈકવાર ગ્રાહક પસ્તાવો કરે છે; તો કોઈકવાર દુકાનદાર પર તે ગુસ્સો કરે છે. પણ એની લાચારીનો લાભ લઈ દુકાનદાર તેને છેતરવાનું ચાલુ જ રાખે છે. ગ્રાહકે તો મૂંગે મોઢે સહન જ કરવાનું. વેપારીની કે દુકાનદારની આ વૃત્તિમાં માનવતા દેખાતી નથી. એમાં માનવપ્રેમ દેખાતો નથી. તમે જાણો છો? અમેરિકા જેવા કેટલાક ધનવાન દેશોની પણ ગરીબ દેશો પ્રત્યે આવી જ અમાનવીય વૃત્તિ દેખાઈ આવે છે. ટનબંધી ઘઉં સમુદ્રમાં ઠલવાય પણ ભારત જેવા ગરીબ દેશને અન્ન સહાય કરવાની આવે ત્યારે ગરીબ પ્રજાની લાચારીનો પૂરો લાભ લેવાનું ના ચૂકે એવા મૂડીવાદી સંઘરાખોર વેપારીદેશો માનવતા મૂકીને વર્તે છે. આને આપણે સમાજમાં સંઘરાખોરી અને શોષણ કહીશું. પ્રિયકાન્ત મણિયારે આ કાવ્યમાં સંઘરાખોરી, શોષણની જુદી જુદી રીતો જણાવી છે. તે નવાઈ પમાડે તેવી છે. ચાલો, આપણે કાવ્ય વાંચીએ.

## 27.2 હેતુઓ

આ કાવ્ય વાંચી તમે આટલું કરી શકશો.

- કાવ્યને આધારે સમાજની વિષમતાનું વર્ણન કરી શકશો.
- સમાજની વિષમતામાં દેખાતી અમાનવીયતા જણાવી શકશો.
- કાવ્યનાં દૃષ્ટાંતો તારવી શકશો.
- ધનિક, વિકસિત દેશોની શોષણવૃત્તિનો પરિચય કરી શકશો.
- કવિના આક્રોશનું વર્ણન કરી શકશો.

## 27.3 પ્રવૃત્તિ

આ કાવ્ય વાંચો અને આપેલા શબ્દોમાંથી ખાલી જગ્યામાં યોગ્ય શબ્દ મૂકી ફકરો પૂરો કરો. પછી એ ફકરો ધ્યાનથી વાંચો.

રચો, રચો અંબરચુંબી મંદિરો
ઊંચા ચણો મ્હેલ, ચણો મિનારા
મઢો સ્ફટિકે, લટકાઓ ઝુમ્મરો
રંગે ઊડાવો, જલના ફુવારા

ભૂખ્યા જનોનો જઠરાગ્નિ જાગશે
ખંડેરની ભસ્મકણી ન લાધશે.

— ઉમાશંકર જોશી

આક્રોશ, જઠરાગ્નિ, મહેલો, ફુવારા, ભવ્ય, વૃત્તિ, ધનવાનો, ભસ્મકણી આ કાવ્ય......ને સંબોધી લખાયું છે. તેઓ...... મંદિરો......મિનારા અને......ચણાવે છે. પણ એમાં ગરીબોની કરુણ હાંસી થાય છે. કવિ ધનવાનોની આ.......માટે.......થી કહે છે કે ભૂખ્યા માણસોનો.......જાગશે ત્યારે......નું નામનિશાન નહીં રહે.

આ જ ભાવનું નીચેનું 'એ લોકો' કાવ્ય વાંચો.

## 27.4 મૂળ પાઠ

### એ લોકો

એ લોકો પહેલાં કાપડના તાકા ભરી રાખે છે. પછી જ્યારે ઉઘાડો માણસ ફાટી જાય ત્યારે વાર વાર વેચે છે.

એ લોકો પહેલાં ધાન્યના કોથળા ભરી સીવી રાખે છે. પછી જ્યારે માણસ સડી જાય ત્યારે કિલો કિલો વેચે છે.

એ લોકો પહેલાં ઔષધની શીશીઓ સંઘરી રાખે છે.
અને માણસ જ્યારે ફૂટી જાય છે ત્યારે થોડી થોડી રેડે છે.
તે, તે લોકો છે જ નહીં
એ તો છે નોટોને ખાઈ ઊછરતી ઊધઈ
બીજું એને ભાવતું નથી.
મારે કવિ થવું જ નથી
ભારે અસર કરનારી જંતુનાશક દવા થઉં તો બસ !

તાકા - કાપડના માપનું નામ
વાર

ધાન્ય- અનાજ
કિલો-કિલોગ્રામ (તોલમાપનું નામ)
ઔષધ-દવા

ઊધઈ - જંતુનું નામ
નોટો - રૂપિયાની નોટો
જંતુનાશક-જંતુનો નાશ કરે તેવી

## 27.5 પ્રવૃત્તિ

ક, ખ અને ગ વિભાગની વિગતને આપેલા ઉદાહરણને સમજી યોગ્ય રીતે જોડીને એક વાક્ય બનાવો.

ઉદાહરણ - એ લોકો નોટોને ખાઈ ઊછરતી ઊધઈ છે.

| ક | ખ | ગ |
|---|---|---|
| 1. કાપડના વેપારી પહેલાં | ઔષધની શીશીઓ | ભરી રાખે છે. |
| 2. દવાના વેપારી પહેલાં | ધાન્યના કોથળા | ઊધઈ છે. |
| 3. ધાન્યના વેપારી પહેલાં | નોટોને ખાઈ ઊછરતી | સંઘરી રાખે છે. |
| 4. એ લોકો | કાપડના તાકા | ભરી રાખે છે. |

## 27.6 સમજૂતી

આ કાવ્યકૃતિનાં અંશોને હવે ક્રમે ક્રમે સમજીએ.

## 27.6 એકમ 1

કવિ સૌથી પહેલાં કાપડના વેપારીનું દૃષ્ટાંત આપે છે. સંઘરાખોર વેપારીઓ .રીર ઢાંકવા બનાવેલાં કાપડના તાકા ભરી રાખે છે. પછી વસ્ત્ર વગર ઉઘાડો થઈ ગયેલો · 'ણસ કાપડ ખરીદી ના શકે તેવો લાચાર બની જાય અને છેવટે જીવતો-જાગતો માણસ કાપડ વિન.. રિબાઈ-રિબાઈને મરવા મરવા પડે કે મરી જાય ત્યારે વારનો ટુકડો વેચે છે.

**કાવ્યપંક્તિ**
એ લોકો પહેલાં કાપડના તાકા ભરી રાખે છે.
પછી જ્યારે ઉઘાડો માણસ ફાટી જાય ત્યારે વાર વાર વેચે છે.

### ટિપ્પણ

આ પંક્તિઓમાં ક્રિયારૂપમાંથી નવો અર્થ આપી કાવ્યના ભાવને વેધક બનાવે છે. ફાટી ગયેલું વસ્ત્ર નકામું છે. માટે ફાટી જવું એટલે નકામા થઈ જવું એમ કહી શકાય. માણસ વસ્ત્ર પહેરવા માટે નકામો થઈ જાય તેવા અર્થ માટે 'માણસ ફાટી જાય' એમ કવિ કહે છે.

### પાઠ્ય પ્રશ્નો

(i) આ પ્રશ્નોના જવાબ આપો :

ક. કાપડના વેપારી પહેલાં શું કરે છે ?

ખ. એ ક્યારે વાર વાર કાપડ વેચે છે ?

## 27.6 એકમ 2

એ લોકો પહેલાં ધાન્યનાં કોથળા ભરી સીવી રાખે છે. પછી જ્યારે માણસ સડી જાય ત્યારે કિલો કિલો વેચે છે.

કવિ બીજું દૃષ્ટાંત સમાજના સંઘરાખોર અનાજના વેપારીનું આપે છે. એ લોકો પહેલાં અનાજના કોથળા ભરી સંગ્રહ કરે છે. આમ તો સડેલું અનાજ નકામું ગણાય. સડી જાય પછી તો માણસ પણ નકામો બની જાય છે. પરંતુ એ લોકો તો ભૂખમરાથી રોગનો ભોગ થઈ માણસ સડી જાય ત્યારે કિલો કિલો અનાજ વેચે છે. કવિએ આમ કહીને સંઘરાખોર વેપારીની હીનવૃત્તિ પર વ્યંગ કર્યો છે.

### ટિપ્પણ

આ પંક્તિઓમાં કવિ એક નવું ક્રિયારૂપ આપે છે. સડેલું અનાજ નકામું ગણાય તેમ સડેલો માણસ પણ ઝાઝું કામમાં આવતો નથી. ભૂખમરાથી રોગના ભોગે સડેલો માણસ નકામો બને ત્યારે કિલો અનાજ તેને વેચાતું આપવું તે કેટલું દુઃખદ કહેવાય એ અર્થની વેધકતા 'માણસ સડી જાય' ક્રિયારૂપમાં મળે છે.

### પાઠ્ય પ્રશ્નો

(i) આ પ્રશ્નોના જવાબ લખો.

ક. અનાજના વેપારી પહેલાં શું કરે છે ?

ખ. એ ક્યારે અનાજ વેચે છે ?

ગ. એ કેટલું અનાજ વેચે છે ?

## 27.6 એકમ 3

કવિ ત્રીજું દૃષ્ટાંત દવાના વેપારીનું આપે છે. એ લોકો પહેલાં દવાની ભરેલી શીશીઓ ભરીને સંઘરી રાખે છે. દવા ભરવા માટે શીશી જરૂરી છે. શીશી ફૂટી જતાં દવા નકામી બને છે. પણ કવિ કહે છે કે એ લોકો તો માણસ ફૂટી જાય (નકામો બની જાય, મરી જાય) ત્યારે એના મોઢામાં થોડી થોડી રેડે છે. એ લોકોમાં માનવતા કે દયા નથી.

એ લોકો પહેલાં ઔષધની શીશીઓ સંઘરી રાખે છે. અને માણસ જ્યારે ફૂટી જાય ત્યારે થોડી થોડી રેડે છે.

### ટિપ્પણ

આ કાવ્યપંક્તિઓમાં નકામી વસ્તુ બની જવાના અર્થમાં કવિ એક નવું ક્રિયારૂપ આપે છે. 'માણસ ફૂટી જાય'. શીશી ફૂટતાં દવા નકામી બને તેમ માણસ નકામો થઈ જાય એ અર્થમાં માણસ ફૂટી જાય એવું ક્રિયા રૂપ આપે છે. ત્રણ કાવ્યખંડોમાં ફાટી જવું, સડી જવું અને ફૂટી જવું માંથી નવો અર્થ સૂચવે છે.

### પાઠ્ય પ્રશ્નો

(i) આપેલા ઉદાહરણને સમજી 'ક' અને 'ખ' વિભાગની વિગતને યોગ્ય રીતે જોડી વાક્ય બનાવો.

દૃષ્ટાંત– અનાજના વેપારી કિલો કિલો વેચે છે.

| ક. | ખ |
|---|---|
| 1. ધાન્ય (અનાજ)ના વેપારી | નોટો ખાઈ ઊછરતી ઊધઈ |
| 2. દવાના વેપારી | તાકામાંથી વાર વાર વેચે છે. |
| 3. કાપડના વેપારી | કિલો કિલો વેચે છે. |
| 4. એ તો છે | થોડી થોડી દવા રેડે છે. |

## 27.6 એકમ 4

ત્રણ દૃષ્ટાંતોમાં ગણાવેલા લોકોને કવિ નોટો ખાઈ ઊછરતી ઊધઈ કહે છે. કારણ તેમનામાં દયા, માનવતા કે ભલાઈ નથી. તેથી એ લોકો જ નથી. એ લોકો સાચા અર્થમાં માણસ નથી તે, તે લોકોને રૂપિયાની નોટો જ ગમે છે. ઊધઈ જેમ કાગળ કોતરી ખાવામાં મગ્ન હોય છે તેમ આ લોકો નોટો ભેગી કરવામાં જ મગ્ન હોય છે. પોતાના કાર્યની ઊધઈને જેમ પરવા નથી તેમ એ લોકોને પણ નોટો ભેગી કરવાથી શોષણ અને સંઘરાખોરીની અસરની પરવા નથી.

તે, તે લોકો છે જ નહીં. એ તો છે નોટો ખાઈ ઊછરતી ઊધઈ. બીજું એને ભાવતું નથી.

### ટિપ્પણ

આ કાવ્યપંક્તિઓમાં એક પંક્તિ આવી છે. 'એ તો છે નોટો ખાઈ ઊછરતી ઊધઈ' ઊધઈ ઈમારતને યથાવત્ રાખી અંદરથી કોતરી ખાય છે તેમ શોષણ કરનાર સંઘરાખોર રૂપિયાની નોટો ભેગી કરતાં સમાજને બોદો બનાવી દે છે. માટે 'એ લોકો રૂપી ઊધઈ' એમ કવિ રૂપકથી સચોટ રીતે સમજાવે છે.

(2) તે, તે લોકો જ નથી - એ પંક્તિમાં કવિ બે વખત 'તે' મૂકીને સંઘરાખોર લોકો પ્રત્યે રોષ બતાવે છે. એ રીતે કવિ એ લોકો પ્રત્યેનો ગુસ્સો વ્યક્ત કરે છે.

### પાઠ્ય પ્રશ્નો

(i) આ પ્રશ્નોના જવાબ આપો.

ક. કયા કયા રૂપે કાવ્યો મળે છે ?

ખ. અછાંદસ કાવ્યમાં લય કેવી રીતે જળવાય છે ?

ગ. 'એ લોકો' કાવ્યમાં કેવી રીતે વિશિષ્ટ લય બંધાય છે ?

ઘ. 'એ લોકો' કાવ્યની શૈલીની નોંધપાત્ર વિશેષતા કઈ ?

## 27.9 તમે શું શીખ્યા ?

1. કવિએ કરેલું સમાજની વિષમતાનું સચોટ વર્ણન.
2. કવિએ આપેલાં સંઘરાખોરોનાં અસરકારક દૃષ્ટાંતો
3. મૂડીવાદીઓના શોષણ કરવાના જુદા જુદા નુસ્ખા પર કવિએ કરેલો કટાક્ષ
4. કાવ્ય ખંડમાં ધનની નઠોર સમૃદ્ધિની સામે કવિએ કરેલી કારમી ગરીબીની ચોટદાર રજૂઆત
5. જંતુનાશક દવા બનવાની ઇચ્છા બતાવી શોષકો સામે વ્યક્ત કરેલો તીખો ગુસ્સો (આક્રોશ)

## 27.10 વિશેષ પ્રવૃત્તિ

**(ક) કવિ પરિચય :** વિરમગામ પાસે આવેલા માંડલ ગામમાં તા. 24-1-27ના દિવસે પ્રિયકાન્ત મણિયારનો જન્મ થયો. પણ પછીથી તે અમદાવાદમાં આવીને વસ્યા. 1950 પછી ગુજરાતી કવિતામાં જે નવીનતા આવી તેમાં તે અગ્રણી કવિ હતા. શબ્દોની કરકસર કરીને ભાવને કે વિચારને સ્પષ્ટ રીતે સૂચવી દેવાની તેમની સૂઝ તેમનાં કાવ્યોમાં દેખાઈ આવે છે. છંદોબદ્ધ અને અછાંદસ કાવ્યો આપી ગુજરાતી કવિતામાં તેમણે નોંધપાત્ર પ્રદાન કર્યું છે. તેથી નવી પેઢીના કવિઓમાં તેમનું ગણનાપાત્ર સ્થાન છે. તેમનાં ગીતો પણ લોકપ્રિય છે.

## 27.10 વિશેષ પ્રવૃત્તિ

**(ક) કવિ પરિચય :** વિરમગામ પાસે આવેલા માંડલમાં તેમનો જન્મ તા. 24-1-1927ના દિવસે થયો. સ્વતંત્રતા પછી ગુજરાતીમાં જે કવિતા લખાતી થઈ તેમાં નવીન પ્રકારની કવિતાના તે એક અગ્રણી કવિ હતા. તેમણે ગીતો, છંદોબદ્ધ કાવ્યો અને અછાંદસ કાવ્યો પણ ઠીક ઠીક પ્રમાણમાં લખ્યાં છે. 'પ્રતીક', 'અશબ્દરાત્રિ', 'સમીપ' વગેરે તેમનાં કાવ્યસંગ્રહો પ્રગટ થઈ ચૂક્યા છે. આધુનિક નગરમાં રહેતા માણસની વ્યથા તેમનાં કાવ્યોનો વિષય છે. આ કાવ્ય તેનું સુંદર દૃષ્ટાંત છે.

### (ખ) પૂરક વાચન/લેખન

નીચેનાં કાવ્યો મેળવીને વાંચો.

1. મને એ જ સમજાતું નથી– કરસન દાસ માણેક
2. જઠરાગ્નિ– ઉમાશંકર જોશી
3. ફૂટપાટના સુનાર – સુંદરમ્

## 27.11 સ્વાધ્યાય

(i) નીચેના પ્રશ્નોના જવાબ આપો.

ક. સંઘરાખોરી અને શોષણના, કવિ કયા કયા દૃષ્ટાંતો આપે છે ?

ખ. કવિના તીખા ગુસ્સાને રજૂ કરતી પંક્તિઓ કાવ્યમાંથી શોધીને લખો.

ગ. કાવ્યને આધારે 'શોષણ અને સંઘરાખોરી' વિશે દસ લીટી લખો.

(ii) આ પ્રશ્નોના જવાબ એક વાક્યમાં આપો.

ક. કવિએ આપેલાં દૃષ્ટાંતો કેવા લોકોના છે ?

ખ. કવિએ શોષણ કરતા સંઘરાખોરોની કઈ કઈ વૃત્તિ તરફ ધ્યાન દોર્યું છે ?

ગ. ભાવના તીક્ષ્ણ રજૂઆત કરતાં ત્રણ ક્રિયારૂપો લખો.

---

## પાઠ્ય પ્રશ્નોના જવાબો

---

### પાઠ્ય પ્રશ્નો - 27.1

ક. કાપડના વેપારી પહેલાં તાકા ભરી રાખે છે.

ખ. ઉઘાડો માણસ ફાટી જાય ત્યારે વાર વાર વેચે છે.

### પાઠ્ય પ્રશ્નો - 2

(i) આ પ્રશ્નોના જવાબ આપો.

ક. અનાજના વેપારી પહેલાં ધાન્યના કોથળા ભરી સીવી રાખે છે.

ખ. માણસ સડી જાય ત્યારે અનાજ વેચે છે.

ગ. તે કિલો કિલો અનાજ વેચે છે.

### પાઠ્ય પ્રશ્નો - 3

(i) ક અને ખ ને આધારે વાક્ય બનાવી લખો.

1. અનાજના વેપારી કિલો કિલો વેચે છે.
2. દવાના વેપારી થોડી થોડી રેડે છે.
3. કાપડના વેપારી તાકામાંથી વાર વાર વેચે છે.

## પાઠચ પ્રશ્નો - 4

(i) આ પ્રશ્નોના જવાબ આપો.

ક. કવિએ સંઘરાખોર વેપારીની સરખામણી ઊધઈ સાથે કરી છે.

ખ. તેમને નોટો જ ભાવે છે.

ગ. કવિ કહે છે એ લોકો, લોકોજ નથી; નોટો ખાઈ ઊછરતી ઊધઈ છે.

## પાઠચ પ્રશ્નો - 5

(i) સાચું કારણ શોધી વાક્ય પૂરું કરો.

ક. કવિ કહે છે કે તે તે લોકો છે જ નહીં, કારણ કે એ લોકોમાં દયા જ નથી.

ખ. કવિ કહે છે કે મારે કવિ થવું જ નથી, કારણ કે કવિને જંતુનાશક દવા થવું નથી.

ગ. કવિ કહે છે ભારે અસર કરનારી જંતુનાશક દવા થઉં તો બસ. કારણ કે સમાજનું શોષણ કરનાર સંઘરાખોર રૂપી ઊધઈના જંતુનો તે નાશ કરવા માગે છે.

(ii) આ પ્રશ્નોના જવાબ આપો.

ક. કવિને ભારે અસર કરનારી જંતુનાશક દવા થવું છે.

ખ. ગરીબ, લાચાર, શોષિત પ્રજાને બચાવી લેવાનો હેતુ છે.

## પાઠચ પ્રશ્નો - 6

(ક) ગીતરૂપે, છંદોબદ્ધ અને અછાંદસ

(ખ) શબ્દોના પુનરાવર્તનથી, સમાન શબ્દો, ક્રિયાપદોથી

(ગ) 'એ લોકો' શબ્દોના પુનરાવર્તનથી, ક્રિયાપદના પ્રાસથી.

(ઘ) વ્યંગ કે કટાક્ષ

# 28
# ઈંટોના સાત રંગ

- મધુ રાય

## 28.1 પ્રાસ્તાવિક

ઘણા માનવીના જીવન ઘણી નિરર્થક પ્રવૃત્તિઓમાં જ પસાર થતા આપણે જોઈએ છીએ. અસંખ્ય માણસોના જીવનનાં અમૂલ્ય વર્ષો માત્ર એક ધૂન પાછળ જ ખર્ચાઈ જતાં હોય છે. આ પસાર થઈ ગયેલો સમય ઘણાને વ્યર્થ લાગે, ઘણાને આનંદદાયક પણ લાગે. 'ઈંટોના સાત રંગ' નવલિકામાં હરિયાનું આખું જીવન ઈંટો ગણવામાં જ પસાર થઈ જાય છે. સામાન્ય રીતે જોઈએ તો આપણને એમ લાગે કે હરિયાનું આખું જીવન વ્યર્થ ગયું પણ હરિયો કહે છે તે પ્રમાણે 'ઈંટોએ તો મારા જીવનમાં સાત રંગ પૂર્યા છે.' તો હરિયાના જીવનમાં સાત રંગ પૂરતી નવલિકા 'ઈંટોના સાત રંગ' આપણે જોઈએ કે લેખક શું કહે છે.

## 28.2 હેતુઓ

આ નવલિકાનો અભ્યાસ તમે નીચે મુજબ કરી શકશો.

- હળવી શૈલીમાં આવેલો કટાક્ષ સ્પષ્ટ કરી શકશો.
- વાર્તાની મુખ્ય ઘટનાઓ યાદ રાખી શકશો.
- વાર્તાનાં પાત્રો-સંવાદો-વાર્તાના વસ્તુનો મૂળભાવ રજૂ કરી શકશો.
- વાર્તાની ભાષાશૈલી પર નોંધ લખી શકશો.
- વાર્તાનો ઉદ્દેશ્ય સ્પષ્ટ કરી શકશો.

## 28.3 પ્રવૃત્તિ

નીચે આપેલા ચિત્રને જુઓ :



**પ્રવૃત્તિ પ્રશ્નો :** (1) પહેલા ચિત્રમાં એક માણસ શું કરી રહ્યો છે ?
(2) બીજા ચિત્રમાં માણસની સાથે કોણ દેખાય છે ?
(3) તેઓ બધા શું કરી રહ્યા છે ?
(4) આ પ્રવૃત્તિ તમને કેવી લાગી ?

## એકમ 1

ઠોઠ-મૂરખ

હરિયો ભણવામાં ઠોઠ હતો, અને એની મા એને રોજ કહ્યા કરતી, ફાટીમૂઆ ભણ-ભણ, કંઈક કામ કર, કંઈક કામ કર. તે હરિયો એક દિવસ હાલતો હાલતો અમદાવાદ પહોંચી ગયો.

ગોતવું-શોધવું

અમદાવાદ-અમદાવાદ એણે બહુ સાંભળ્યું હતું, અને એના ગામેથી અમદાવાદ શાકભાજી વેચાવા જતાં એની પણ એને ખબર હતી, હરિયો સાવ એમ કાંઈ કાઢી નાખવા જેટલો ઠોઠ નહોતો.

અમદાવાદમાં કામ મળશે એની હરિયાને ખબર હતી અને કામ ગોતતાં ગોતતાં એક દિવસ એક છોકરાની વાંસેવાંસ એ બસની લાઇનમાં ઊભો રહ્યો, છોકરાએ કંડકટરને કહ્યું, એક સટોડિયા કંશેસન. અને હરિયાએ કહ્યું, એક સટોડિયા કંશેસન. કંડકટરે કંશેસનનો કાગળ માગ્યો એ હરિયા પાસે નહોતો, અને કંડકટરે કહ્યું, ભણતો નથી અલ્યા ?

હરિયો બસમાં બેઠો ત્યારથી એક માણસ એને જોયા કરતો હતો, અને હરિયાને થયું કે એ માણસ એને કામ આપશે. માણસે હરિયાને પૂછ્યું, છોકરા કામ જોઈએ છે ? હરિયાએ હા પાડી. માણસે છોકરાને બસમાંથી ઉતારી સાથે લીધો. અને પોતાને ઘરે લઈ ગયો. માણસે હરિયાને પૂછ્યું, છોકરા તારું નામ શું ? તો હરિયાએ કહ્યું, હરિયો. માણસે કહ્યું, મારું નામ ખીમજીભાઈ છે. માણસે પૂછયું, છોકરા તું રહે છે ક્યાં ? હરિયાએ કહ્યું, માસીને ઘેર, પાડા પોળમાં. માણસે કહ્યું, કામ બહુ અઘરું નથી . તને ગણતાં આવડે છે ? હરિયાએ કહ્યું, સત્તર એકા સુધી આવડે છે. માણસ ખૂબ રાજી થઈ ગયો.

પૈસાની કમી ન હોવી - ખૂબ ધનવાન હોવું
ઇલાજ - સારવાર
વિગત - માહિતી

માણસે હરિયાને કહ્યું કે જો, તારી પોળમાં, તારી પાડોશનું મકાન છે, એમાં કેટલી ઈંટો છે, એ ગણી આવ, એ તારું કામ. અમે તને ખાવા-પીવાનું આપશું, કપડાંલત્તા આપશું, અને તારું બધી વાતે ધ્યાન રાખશું. હરિયાએ કહ્યું, કાં ? માણસે કહ્યું કે અમારા એક ફ્રેંચ સાહેબ છે, એને પૈસાનો કમીનો નથી, એનું એવું માનવું છે, કે દુનિયા આખીમાં જેટલી ઈંટો છે, એ બધી જો ગણાઈ જાય, તો દુનિયાની બધી મુશ્કેલીઓ પૂરી કરવાનો ઇલાજ જડી જાય. હરિયાએ કહ્યું કે અમારી પાડોશના મકાનની બધી ઈંટો હું ગણી દઈશ. માણસે એને એક ફૉર્મ આપ્યું. એમાં ઈંટ વિષેની બધી વિગત ભરવાની હતી.

## એકમ : 2

હોંશભેર-ઉમંગથી

હરિયો બીજા દિવસથી હોંશભેર કામે લાગી ગયો. પાડોશના મકાનમાં એક મા-દીકરી રહેતાં હતાં. ઘર બહુ મોટું નહોતું, હરિયાને થયું એક દિવસ માંડ થશે. બારીબારણાં વગરની આખી ભીંતથી એણે શરૂઆત કરી, અને મંડ્યો ફૉર્મમાં લખવા. ફૉર્મમાં ઘરના માણસોની વિગત લખવાની હતી, એક મા, એક દીકરી, એક પરણેલો છોકરો-વહુ હતાં, જે શનિ-રવિ કલોલથી અપ-ડાઉન કરતાં હતાં, એ લોકો માટે માળિયું હતું, જે આમ બંધ રહેતું. આખી ભીંત હતી. એમાં અડધી ઈંટો પણ હતી, એક-બે બાકોરાં હતાં, અને એક ઈંટ તૂટેલી હતી જે આખી પણ નહોતી કે અડધી પણ નહોતી.

બીજે દિવસે હરિયાએ માણસને વાત કરી. માણસે એને એ માટેનું બીજું ફઓર્મ આપ્યું-બંધ રહેતા માળિયા માટે, અડધી-પોણી તૂટેલી ઈંટો માટે.

એક પાણિયારું હતું, એક તુલસીનો ક્યારો હતો, એ બધામાં ઈંટો વપરાયેલી હતી. થોડા જ વખતમાં છોકરીનાં લગ્ન લેવાયાં હતાં, એટલે ખાળ-ચોકડી નવી બનતી હતી. હરિયો એ બધાં માટે વળી બીજું ફૉર્મ લઈ આવ્યો.

પાણિયારું-પાણી ભરેલા માટલા મૂકવાની જગા

ધીમે ધીમે હરિયાને ધ્યાનમાં આવ્યું કે બધી ઈંટો એક જ છાપની નથી. એને કુતૂહલ થયું કે, જુદી જુદી છાપની ઈંટો ક્યારે ક્યારે આવી હશે, અને એ માટેનું ફૉર્મ લઈ આવી, એણે એમાં એની વિગતો ભરી; ઘરનો અડધો ભાગ દીકરાના બાપુજી જીવતા હતા ત્યારે ચણાવેલો, બાકીનો દીકરાએ કલોલના ઘાસલેટના ડીપોમાં કામ કરતાં કરતાં પૈસા બચાવી પૂરો કર્યો હતો. અને છેવટે દીકરાનાં લગ્ન વખતે ધન આવ્યું એમાં માળિયું સમું કરાવ્યું હતું, અને અગાશી જૂની હતી ત્યાં નવેસરથી ઈંટો મુકાવડાવી પ્લાસ્ટર કરાવ્યું હતું. હરિયાને થયું આરસની લાદી ઈંટ ગણાય કે નહીં. ગણાતી હતી, અને એને માટેનું અલગ ફૉર્મ હતું, એ લઈ આવી એણે ભરવા માંડ્યું હતું.

માણસે હરિયાની હૈયાસૂઝના ધીમેથી હસીને વખાણ કર્યાં હતાં અને હરિયાએ કહ્યું હતું, ના ના, પણ મને મઝા આવે છે.

હૈયાસૂઝ-સાચી સમજ

દીકરો શનિ-રવિ ઘરે આવતો ત્યારે હાથે હજામત કરતો, અને બેસીને અરીસો રાખવા માટે એક ઈંટ મૂકતો, એનું મોં બરાબર દેખાય એટલે. એક ખાટલો ડગમગતો હતો, એટલે એક ઈંટ વપરાતી હતી; અને દુનિયાની બધી ઈંટો ગણવાની હતી, હરિયો ગણતો હતો.

ઘરની જમણી બાજુની ભીંત ઉપર એક કેલેન્ડર હતું, અને એની નીચે ઊખડી ગયેલી દીવાલ હતી, એની નીચે ઈંટની જગ્યાએ છાણ ભરીને ઢાંકેલું હતું, એક દીવાલની એક ઈંટ ખૂબ ઘસાયેલી હતી, કારણ કે ત્યાં અરીસો હતો, અને વારંવાર ત્યાં હાથ ઘસાતો, હરિયો એને માટે બીજું ફૉર્મ લઈ આવ્યો.

ઘરમાં કોઈ કોઈ વાર તાપણા માટે બે ઈંટોનો ચૂલો વપરાતો, કોલસા તોડવા માટે મા-દીકરી એક ઈંટ વાપરતી અને એના ઉપર કોલસા તોડતી. ઘરમાં એક ખાંડણિયું હતું. એમાં જમીનની ઈંટો હટાડીને બનાવેલું હતું, એટલે થોડીક ઈંટો ગોળાકાર કપાયેલી હતી. હરિયો રોજ નવું જાણતો, અને નવી નવી વાત માટેનું રોજ નવું ફૉર્મ લઈ આવતો.

પાડોશના એ ઘરના કામમાં હજી તો અડધે પહોંચ્યો હતો. ત્યાં વળી છોકરીનાં લગ્ન લેવાયાં, ચોરી બંધાઈ, અગ્નિકુંડ બન્યો, એમાં ઈંટો વપરાઈ, નવો ઘરનો ઓટલો બન્યો, બારીમાં આગળિયો દેવાયો, અને ત્યાંની ઈંટ ખસી ગઈ, કેલેન્ડર નીચે સાજી ઈંટ મુકાઈ અને એ જગ્યા ઓછી થઈ. માળિયું લાકડાનું હતું એની જગ્યાએ પાકો માળ બંધાયો. અગાશીમાં સીડી પૂરી થતાં નાનકડી બંગલી બની, સીડી પોતે લાકડાની હતી, એની જગ્યાએ ઈંટોની બની અને બારણાંના, બારીના ટોડલા, ઝરૂખા નીચેના નકશીકામને હરિયો લાકડાનાં સમજતો હતો એ વળી ઈંટોનાં નીકળ્યાં અને હરિયો ફૉર્મ નવાં નવાં લાવતો ગયો, અને ભરતો ગયો. કઈ ઈંટ, ક્યાં વપરાઈ, ક્યારે વપરાઈ, કોણ વાપરે છે, શા ઉપયોગમાં છે, ક્યાં કોઈ બીજી વસ્તુને બદલે અંટ વપરાય છે ક્યાં ઈંટને બદલે કોઈ બીજી વસ્તુ વપરાય છે, અને એકાએક હરિયાનું ધ્યાન ગયું કે બધું ચણતર ગણતર પૂરું થઈ ગયા પછી થોડીક ઈંટો બચેલી, એમાંથી ઘરના આંગણામાં મહાદેવનું એક ટચૂકડું મંદિર બની રહ્યું હતું. હરિયાના ફૉર્મમાં બધી વિગતો અપ-ટુ-ડેટ હતી.

આગળિયો - બારણું ઉઘાડવા વાસવાની કળ

ટચૂકડું - ખૂબ નાનું

અથાણાની સીઝનમાં મા-દીકરી કેરીના કટકા કરી, મીઠાના પાણીમાં ભીંજાવી અગાશીમાં એક સાડલા ઉપર પાથરી ચારે છેડે એક એક ઈંટ મૂકતી, શિયાળામાં બારીમાંથી પવન ફૂંકાતો ત્યારે બારીનો આગળિયો તૂટી ગયો હોવાથી એક ઈંટ બારી આડી મૂકતાં, ચાકુ ઉપર કાટ ચડી જતો એટલે એની ધાર કાઢવા માટે ઈંટનો એક કટકો વાપરતા , એ બધાની જુદી જુદી વિગતો માટેનાં ફૉર્મ હરિયો રોજ લઈ આવતો અને ભરતો.

કોઈ ઘરની આસપાસ વાડ માટે, કોઈ ફૂલની ક્યારી માટે, કોઈ કનડતાં કૂતરાને મારવા માટે ઈંટો વાપરતું. હરિયાએ બીજું ઘર શરૂ કર્યું, ત્યારે એની પાસે પાંસઠ જાતનાં ફૉર્મ થઈ ગયાં હતાં. એવામાં વરસાદની ઋતુ આવી ગઈ અને હરિયાનું ધ્યાન ગયું કે ભરાયેલાં પાણી ઓળંગી ઘરમાં જવા માટે ઈંટો વપરાય છે, અને અભેરાઈઓ, ગોખલાઓ, ભંડકિયાં, ભોંયરાં, ઉંબરા, પાળીઓ, પાણિયારાં, ઝાડની ક્યારીઓ, ઘરનાં આંગણાં માટે ઈંટો વપરાતી, એક છોકરો પોતાની ચોપડીઓને સીધી ઊભી રાખવા બે ઈંટોનો ઉપયોગ કરતો. કોઈક ઘરમાં ટેબલ ઉપર ખાલી રંગેલી ઈંટ પડી રહેતી, હરિયાનાં ફૉર્મ ભરાતાં ગયાં, કઈ ઈંટ ક્યાં વપરાય છે, ક્યારે ખરીદાયેલી, કોણ વાપરે છે અને કેટલી વાર વાપરે છે.

**એકમ :- 3**

સમસ્યા-ઉકેલ
ઉદ્યમી-મહેનતુ

ફ્રેંચસાહેબને પૈસાનો કમીનો નહોતો, પોતાની માન્યતા માટે એણે ગામેગામ માણસ રોકેલા, અને હરિયાનું ભરણપોષણ થતું હતું, ઈંટો ગણવાનું કામ ધાર્યા કરતાં લાંબુ હતું, પણ ધાર્યા કરતાં ઘણી મઝા આવે એવું હતું, અંટો હરિયો હોંશભેર ગણતો હતો , અને દરમિયાન મોટો થતો જતો હતો. ઈંટો ગણતાં ગણતાં હરિયો પરણ્યો, અને હરિભાઈ થયો, અને હજી તો એ પોતાની પોળનાં માંડ પાંચ મકાન પૂરાં કરી શક્યો હતો. ખંતથી ધીમે ધીમે, ઝીણું ઝીણું કામ કરતાં, નવાં નવાં ફૉર્મ ભરતાં હરિયો હરિભાઈ અને પછી હરિલાલભાઈ થયો હતો અને હજી ઈંટો ગણાઈ ચૂકી નહોતી. હરિયાનાં છોકરાં મોટાં થયાં. સ્કૂલે-કૉલેજ ગયાં, અને માણસે એમને પણ બીજે મોકલી આપ્યાં. દુનિયામાં ઠેકાણે ઠેકાણે બંધો બંધાતા હતા. રૉકેટ, સ્ટેશનો, પાવર હાઉસો, રેડિયો સ્ટેશનો અને કો. ઓપરેટિવ હાઉસિંગ સોસાયટીઓ બંધાતી હતી, હરિયાનાં છોકરાંઓ એમાં ઉમંગભેર ઈંટો ગણવાના કામે લાગી ગયાં, કારણ કે ફ્રેંચસાહેબનું એવું માનવું હતું કે દુનિયાની બધી ઈંટો ગણાઈ જાય તો દુનિયાની તમામ સમસ્યાઓ ઊકલી જાય, હરિયાનાં છોકરાં મોટાં થયાં, કામે ચડ્યાં, હરિયા જેટલી જ હૈયાસૂઝથી કામમાં આગળ આવ્યાં, ઉદ્યમ અને ખંતથી નવાં નવાં ફૉર્મ ભરાતાં ગયાં અને માણસે કહ્યું, તમારાં છોકરાં પણ તમારા જેવાં ઉદ્યમી નીવડ્યાં છે, અને હરિયાએ કહ્યું હતું, ના, ના . પણ એમાં મજા આવે છે.

કામ કરતાં કરતાં હરિયાને ધોળાં આવ્યાં, અને એક દિવસ હરિયાને એની વહુએ લાપસી જમાડી ત્યારે એને યાદ આવ્યું કે એને બાવનમું બેઠું હતું, અને એની આખી પોળ પૂરી થઈ ગઈ હતી, બધાં મકાનોની બધી ઈંટો ગણાઈ ગઈ હતી, પાંસઠેય જાતનાં ફૉર્મ બરાબર ભરાઈ ગયાં હતાં, પોળના નાકે ભાગવત સપ્તાહનો મંડપ બંધાયો હતો એની નવી આવેલી ઈંટો ગણાઈ જાય એટલે એનું કામ પૂરું થવાનું હતું, અને હરિયો હરખઘેલો બની ગયો.

ભાગવત સમાહના મંડપની નવી ઈંટોની વિગતો ભરી પૂરી કરી બધાં ફોર્મ એક વાદળી કપડાની થેલી ઉપર લીલાં ફૂલ અને ફૂલમાં આભલાંવાળી ઝોળીમાં ભરી, બંડો-ટોપી સાથે હરિયો પોળની બહાર નીકળ્યો. એની સામેની પોળમાંથી બંડી-ટોપી-ઝોળી સાથે એનો જેવો જ એક બીજો માણસ બહાર નીકળ્યો અને બંને મૂંગા મૂંગા ચાર રસ્તા તરફ જવા લાગ્યા. ચાર રસ્તે સામેથી બીજા બે જણ એ જ રીતે આવતા દેખાયા. ચારે ચાર જણ ચાલવા લાગ્યા, બજારના ચોકમાં, બજારનાં ચોકમાં દસ રસ્તા ભેગા થતા હતા, અને દસે રસ્તાઓ ઉપરથી ચાર ચાર જણની ટોળી એ જ ટોપી-બંડી-ઝોળી સાથે આવતી હતી; બધા ચાલતા ચાલતા સ્ટેશને પહોંચ્યા, બધી જ પોળોની બધી જ શેરીઓ, બજારો, મકાનોની અને બધાં જ ગામોની બધી જ ઈંટો ગણાઈ ગઈ હતી, બધા ઈંટ-ગણકોની સ્પેશ્યલ ટ્રેન મુંબઈ જવાની હતી અને ત્યાંથી ફ્રેંચસાહેબને મળવા પેરિસ.

મુંબઈના પ્લેટફોર્મ ઉપર ટ્રેઈન ઊભી રહી એ જ વખતે ભારતભરનાં ગામોમાંથી બધી ટ્રેઈનો આવીને ઊભી રહી, સૌ શાંતિથી, શિસ્તથી ગોઠવાઈને બારા ઉપર પહોંચ્યા, જ્યાં ચારે તરફથી વધુ ને વધુ ગણકોની વધુ ને વધુ મોટી કતારો આવતી હતી, અન બધા સ્પેશ્યલ સ્ટીમરમાં બેસી પેરિસ જવાના હતા.

કતાર - હાર

## એકમ : 4

પેરિસના એફિલ ટાવર નીચેના મોટા મેદાનમાં ભારતના ઈંટ ગણકો પહોંચ્યા ત્યારે છએ છ ખંડમાંથી બધા ગણકો સૌ-સૌની દિશાઓમાંથી આવતા હતા, અને ચૂપચાપ ગોઠવાતા હતા, ટાવર નીચે લાઉડ સ્પીકરો અને બત્તીઓ ગોઠવાયાં હતાં.

ફ્રેન્ચસાહેબ આવ્યા અને બધાં ચૂપચાપ વિશ્વની સમસ્યાઓનો ઉકેલ સાંભળવા બેઠા. ફ્રેન્ચસાહેબને ચિબૂક ઉપર નાની ગુલાબી દાઢી હતી, એના હાથમાં બ્રીઆર પાઇપ હતી, અને એની આંખમાં એક ન સમજાય એવી કંઈક વાત હતી, હરિયાને થયું ફ્રેન્ચસાહેબની આંખ આકાશના તારા જેવી છે, જે કંઈક કહે છે, પણ શું કહે છે, એ તો ઈશ્વર જ કહી શકે છે.

ચિબૂક-દાઢી

ફ્રેન્ચસાહેબે વિશ્વના તમામ ઈંટ-ગણકોનો અંતઃકરણપૂર્વક આભાર માન્યો. એમણે ગદ્ગદ કંઠે કહ્યું : મારા એક વિચાર પાછળ આપે સૌએ તમારી જિંદગીનાં આટલાં વર્ષો રોક્યાં એ માટે અંગત રીતે હું આપ સૌનો અંતઃકરણપૂર્વક આભાર માનું છું. દુનિયાની ઈંટો ગણાઈ ગઈ નહોતી, ત્યારે મને ખાતરી હતી કે ગણાઈ ગયા પછી વિશ્વની સમસ્યાઓ પૂરી થઈ જશે, અને એ વાત આજે પૂરી થઈ છે, આજે દુનિયાના ખૂણેખૂણાની પાયાના પથ્થરોથી માંડીને અટારીના ટોડલાઓની ઈંટોની માહિતી મારી પાસે છે, ત્યાંના લોકોની, આબોહવાની અને મનોદશાની સંપૂર્ણ રૂપરેખા મારી પાસે કરોડોનાં કરોડો ફોર્મોરૂપે ચિતરાયેલી પડી છે, અને એકાએક હું મારી જાતને આખી દુનિયા પાસે પામર તરીકે જોઉં છું, એકાએક, આજે મને સમજાય છે કે કોઈ એક માણસ, આખી સૃષ્ટિની સંપૂર્ણ લીલાનો કોઈ તોડ કાઢી આપે કે એનો પાર પામી જાય એ અશક્ય છે, એકાએક આજે મને સમજાય છે કે મેં આપ સૌની, આખી દુનિયાના અસંખ્ય માણસોની જિંદગીઓનાં અમૂલ્ય વર્ષો મારી એક ધૂન પાછળ ખર્ચ્યાં છે, એક તદ્દન બિનજરૂરી, તદ્દન નિરુપયોગી અને વાહિયાત પ્રવૃત્તિમાં મેં આપ સૌનાં જીવનો નષ્ટ કર્યાં છે, માફી માગવા માટે મારી પાસે શબ્દો નથી, હું ખોટો પડ્યાનું મને જેટલું દુઃખ છે, એથી વિશેષ આપ સૌને મેં ખોટા પાડ્યાની દોષભાવના મને શરમિંદો કરે છે, અને

પામર-તુચ્છ
અમૂલ્ય-કીમતી
ધૂન-ઘેલછા
વાહિયાત - નકામી

એની શિક્ષારૂપે હું એફિલ ટાવર ઉપરથી કૂદી આત્મહત્યા કરીશ; કરોડો માણસોનાં જીવન નિષ્કામ કર્યાનું પ્રાયશ્ચિત મારું શેષ જીવન પૂરું કરીને કરીશ.

અચંબો-આશ્ચર્ય
નષ્ટ-નાશ

સભામાં સોપો પડી ગયો. અને એકાએક હરિયો અચંબામાં પડી ગયો. એ ઊભો થઈ ગયો. અને પાસે બેઠેલા આફ્રિકાના ઈંટ-ગણકને કહેવા લાગ્યો : આપણું જીવન નષ્ટ ક્યાં થયું છે ?

ઈંટો ગણવામાં મને ખૂબ મઝા પડતી હતી. ઈંટો ગણવાની પ્રવૃત્તિમાં મારું ચિત્ત ચોંટેલું રહેતું, અને ખંતથી હું મારું કામ કરતો હતો. ઈંટોએ મારી જિંદગીમાં સાત રંગ પૂર્યા છે અને મારા બધા સવાલોનો જવાબ ઈંટોએ આપ્યો છે, એમાં નષ્ટ શું થયું ? એ સૃષ્ટિની લીલાનો તોડ નથી ? અને નથી તો શું થઈ ગયું ?

ખંત-લગન

બધા હરિયાની સામું જોવા લાગ્યા અને ફ્રેન્ચ સાહેબની આંખમાં ફરીથી પેલા તારલા જેવી ચમક દેખાઈ. હરિયો મૂરખની જેમ ભરી સભામાં બોલી ગયો : ફ્રેન્ચસાહેબ, કૂદશો નહીં, આ ટાવર ક્યાં ઈંટોનો બનેલો છે ?

## પાઠ્ય પ્રશ્નો

(1) હરિયો અમદાવાદ કેમ જતો રહ્યો ?

(2) ત્યાં તેને કયું કામ મળ્યું ?

(3) આ કામ તેને કેવી રીતે મળ્યું ?

(4) ઈંટો ક્યાં ક્યાં વપરાતી તેની નોંધ કરો. દા. ત., દીવાલમાં, ગોખલામાં

## એકમ-1

## 28.6 ક. સમજૂતી

હરિયા નામે ભણવામાં એક ઠોઠ છોકરો હતો. તેની મા તેને ભણાવવા માટે ખૂબ કચકચ કરતી એટલે એક દિવસ તે અમદાવાદ જતો રહ્યો. અમદાવાદમાં કામ શોધતા હરિયાને બસમાં ખીમજીભાઈ નામના માણસનો ભેટો થાય છે. તે હરિયાનું નામ-ઠામ પૂછી તેને ઈંટો ગણવાના કામમાં લગાડી દે છે. આ ઈંટો ગણવાના કામ બદલ તે હરિયાને ખાવા-પીવા, કપડા-લત્તા અને તેનું ધ્યાન રાખવાનું તે કહે છે.

ઈંટો શા માટે ગણવાની ? એવા હરિયાના પ્રશ્નના જવાબમાં ખીમજીભાઈ તેને કહે છે કે એક ફ્રેન્ચ સાહેબ છે. તેમની પાસે ખૂબ જ પૈસો છે. તે ફ્રેન્ચ સાહેબ એવું માને છે કે જો આખી દુનિયાની ઈંટો ગણાઈ જાય તો દુનિયાની બધી જ મુશ્કેલી દૂર થઈ જાય. આમ એક ફોર્મ તે હરિયાને આપી કહે છે કે તારી પોળમાં તારી પાડોશમાં જે મકાન છે તેની ઈંટો ગણી તેની માહિતી આ ફોર્મમાં ભરી દેજે.

## ભાષાકીય જ્ઞાન

(અ) નીચેના એક સાથે આવેલા શબ્દો જુઓ. એનો અર્થ નીચે પ્રમાણે પણ આપી શકાય.

ગોતતાં ગોતતાં = શોધતાં શોધતાં

હરતા ફરતા = ચાલતા ચાલતા

(બ) નીચેના શબ્દો જુઓ. આપણી બોલચાલની ભાષામાં આવા ઘણાંય શબ્દો આપણે વાપરીએ છીએ. તેના અર્થને ધ્યાનથી સમજો.

દા.ત., ઠોઠ=મૂર્ખ

હાલતો હાલતો = ચાલતો ચાલતો

ગોતતાં ગોતતાં = શોધતાં શોધતાં

વાંસે વાસ = પાછળ પાછળ

## એકમ 1

### પાઠ્ય પ્રશ્નો

(1) હરિયો ભણવામાં કેવો હતો ?

(2) હરિયો ક્યાં ગયો ?

(3) બસમાં હરિયાને કોણ જોયા કરતું હતું ?

(4) ખીમજીભાઈએ હરિયાને શું પૂછ્યું ?

(5) હરિયો અમદાવાદમાં ક્યાં રહેતો હતો ?

(6) હરિયાને ક્યાં સુધી ગણતા આવડતું હતું ?

(7) ખીમજીભાઈએ હરિયાને કયું કામ સોંપ્યું ?

(8) હરિયાને તે કામ બદલ ખીમજીભાઈએ શું આપવાનું કહ્યું ?

(9) ખીમજીભાઈએ આપેલા ફોર્મમાં કઈ વિગત ભરવાની હતી ?

(10) ફ્રેન્ચ સાહેબ ઈંટો ગણવા વિશે શું માનતા હતા ?

## 28.6 ખ. સમજૂતી

હરિયો ઈંટો ગણવાના કામમાં હોંશભેર લાગી જાય છે. તેની પાડોશના મકાનમાં એક મા-દીકરી રહેતાં હતાં. હરિયાએ ત્યાંથી ઈંટો ગણવાની શરૂઆત કરી. વળી તે ગણતાં અડધી તૂટેલી, થોડીક તૂટેલી ઈંટો પણ આવતી તેના માટે અલગ ફૉર્મ પણ ભરવા લાગ્યો. ઈંટો ગણતા ગણતા હરિયાએ તેમાં જુદી જુદી છાપની ઈંટો જોઈ. તેના માટે પણ અલગ ફૉર્મ ભર્યું. જૂની ઈંટો-નવી ઈંટો, ઈંટોનો જુદી જુદી જગ્યાએ થતો વપરાશ આદિ નાની નાની વિગતો હરિયાના ધ્યાનમાં આવતી ગઈ તેમ તેમ તે ભાત ભાતનાં ફૉર્મ ભરતો ગયો. અંતે હરિયાએ પાંસઠ જાતનાં ફૉર્મ ભરી દીધાં.

### ભાષાકીય જ્ઞાન

ભાષાને વધુ સચોટ અને અસરકારક બનાવવા માટે રૂઢિપ્રયોગ કે કહેવતોનો ઉપયોગ ભાષામાં કરવામાં આવે છે. દા. ત., ફ્રેન્ચ સાહેબ ખૂબ જ માલદાર હતા તો 'માલદાર' અર્થ બતાવવા લેખકે 'પૈસાની કમી નહોતી' જેવો સરસ રૂઢિપ્રયોગ કર્યો છે તે સમજો.

આપને જ્યારે રૂઢિપ્રયોગ પુછાય ત્યારે તેનો અર્થ બતાવી વાક્યમાં પ્રયોગ કરો ત્યારે વાક્યમાં અર્થના શબ્દો નહીં મૂકતાં રૂઢિપ્રયોગના જ શબ્દો મૂકવાનું ખાસ ધ્યાન રાખજો.

દા. ત., પૈસાની કમી ન હોવી - ખૂબ જ ધનવાન હોવું
વાક્ય : ફ્રેન્ચ સાહેબને પૈસાની કમી નહોતી

### પ્રવૃત્તિ

'ઈંટોના સાત રંગ' નવલિકામાં આવા બીજા રૂઢિપ્રયોગો શોધી અર્થ બતાવી વાક્યમાં વાપરતાં શીખો.

**પ્રશ્નો :** (1) હરિયાની પાડોશમાં કોણ રહેતું હતું ?
(2) ફર્મમાં કઈ વિગતો ભરવાની હતી ?
(3) ખીમજીભાઈએ બીજાં ફૉર્મ શા માટે આપ્યાં ?
(4) ઈંટો ગણતા હરિયાના ધ્યાનમાં બીજું શું આવ્યું ?
(5) ખીમજીભાઈએ હરિયાના વખાણ કેમ કર્યા ?
(6) હરિયાએ કુલ કેટલી જાતનાં ફૉર્મ ભર્યા ?

## 28.6 ગ. સમજૂતી

ફ્રેન્ચ સાહેબ એક ધનિક વ્યક્તિ હતા. તેમને એક ધૂન હતી કે દુનિયાની તમામ ઈંટો ગણાઈ જાય તો બધી જ સમસ્યા દૂર થઈ જાય. આ માટે તેમણે આખી દુનિયાના ગામે ગામ ઈંટો ગણવા માટે માણસો રોક્યા હતા. હરિયો પણ ઈંટો ગણતો. તેને કામ મળ્યું; ઈંટો ગણવામાં મઝા પણ પડવા લાગી. આમ કરતાં કરતાં તે મોટો થયો, પરણ્યો અને હરિભાઈ કહેવાયો. ઈંટો ગણતાં ગણતાં હરિયાને ત્યાં છોકરાં થયાં અને તે પણ સ્કૂલ અને કૉલેજ જવા

લાગ્યા. ખીમજીભાઈએ હરિયાના છોકરાને પણ ઈંટો ગણવાના કામમાં લગાડી દીધા. હરિયાના છોકરાં પણ હોંશભેર ઈંટો ગણવાં લાગ્યાં. એમ કરતાં કરતાં હરિયાને બાવન વર્ષ થયાં. વાળ ધોળા થયા. એક દિવસ ભારતભરના બધા જ ઈંટ ગણકો મુંબઈ પહોંચી ત્યાંથી સ્ટીમરમાં બેસી ફ્રેન્ચ સાહેબને મળવા પેરિસ ઊપડ્યા.

## ભાષાકીય જ્ઞાન

આપણી ભાષામાં એવા અનેક શબ્દો છે જેનો એક જ અર્થ થાય. આ પ્રકારના શબ્દોને સમાનાર્થી–સમાન અર્થવાળા શબ્દો અથવા પર્યાયવાચી શબ્દો કહેવામાં આવે છે.

દા. ત. ઉદ્યમી - મહેનતુ
સમસ્યા - ગૂંચ
હરખ - હર્ષ - આનંદ - ખુશી
ફૂલ - કુસુમ - પુષ્પ - સુમન
રસ્તો - પથ - માર્ગ

આ પ્રકારના વિવિધ શબ્દોની જાણકારી ભાષાને વધુ સુંદરતા આપે છે.

**પ્રવૃત્તિ :** નીચે આપેલા શબ્દોના સમાનાર્થી શબ્દ શોધો.

જંગલ, આકાશ, નદી, પવન, વૃક્ષ, સાગર, દુનિયા, આંખ, કોમળ, ધરતી.

## પાઠ્ય પ્રશ્નો

(1) હરિયો હરિભાઈ ક્યારે થયો ?

(2) દુનિયામાં ઠેકાણે ઠેકાણે શું-શું બંધાતું હતું ?

(3) હરિયાના છોકરા ક્યા કામે લાગી ગયાં ?

(4) હરિયાના છોકરાં કેવી રીતે કામ કરતા હતા ?

(5) ઈંટો ગણતાં ગણતાં હરિયાને કેટલાં વરસ થયાં ?

(6) હરિયો બંડી-ટોપી પહેરી ક્યાં જવા નીકળ્યો ?

(7) બધા ઈંટ-ગણકો કોને મળવા જતા હતા ?

## 28.6 ઘ. એકમ 4

પેરિસના એફિલ ટાવર નીચે દુનિયાભરનાં ઈંટ ગણકો ભેગા થઈ મોટા મેદાનમાં ચૂપચાપ ગોઠવાતા જતા હોય છે. નાની ગુલાબી દાઢીવાળા ફ્રેન્ચ સાહેબ વિશ્વની સમસ્યાઓનો ઉકેલ સાંભળતા હતા. અંતે તેઓ દુનિયાના તમામ ઈંટ ગણકોનો આભાર માને છે અને કહે છે દુનિયાની બધી જ પ્રકારની ઈંટોની માહિતી પોતાની પાસે છે; પણ પોતાની ભૂલ કબૂલ કરતાં કહે છે કે તેમણે દુનિયાના અસંખ્ય માણસોની જિંદગીનાં અમૂલ્ય વર્ષો પોતાની ધૂન પાછળ વેડફી કાઢ્યાં છે. તે બદલ તેના પ્રાયશ્ચિત્ત રૂપે એફિલ ટાવર પરથી કૂદીને આત્મહત્યા કરવાની વાત કરે છે. ફ્રેન્ચ સાહેબની વાત સાંભળી હરિયો અચંબામાં પડી જાય છે અને એક બીજા ઈંટ ગણકને કહે છે કે 'ઈંટો ગણવામાં મને મજા પડતી. ઈંટોએ મારા જીવનમાં સાત રંગ પૂર્યા છે' આમ ઈંટો ગણવાનું કામ હરિયાને નિરર્થક નથી લાગતું. તેની જિંદગી વેડફાઈ ગઈ હોય તેમ નથી લાગતું. હરિયાને તો જિંદગીના બધા જ પ્રશ્નોનો જવાબ ઈંટોએ જ આપ્યા છે. હરિયાની વાત સાંભળી ફ્રેન્ચ સાહેબની આંખમાં ચમક દેખાય છે. હરિયો તેમને કહે છે : 'ફ્રેન્ચ સાહેબ કૂદશો નહીં, આ ટાવર ક્યાં ઈંટોનો બનેલો છે ?'

### ભાષાકીય જ્ઞાન :

ભાષામાં ચમત્કૃતિજન્ય ઉક્તિઓ ભાષાના સૌંદર્યને તો વધારે જ છે પણ પાત્ર અથવા પરિસ્થિતિને અસરકારક બનાવવામાં મહત્ત્વપૂર્ણ ભાગ ભજવે છે.

'ઈંટોના સાત રંગ'માં આ પ્રકારની ઘણી જ ઉક્તિઓ છે. આ ઉક્તિઓને આપણે તપાસીએ. ફ્રેન્ચ સાહેબ કહે છે કે ઈંટો ગણવા જેવી વાહિયાત પ્રવૃત્તિમાં મેં દુનિયાના અસંખ્ય માણસોની જિંદગીનાં અમૂલ્ય વર્ષો વેડફ્યાં છે ત્યારે હરિયાનું વાક્ય જુઓ :

'ઈંટોએ મારા જીવનમાં સાત રંગ પૂર્યા છે' આમ હરિયો આ વાક્ય (ઉક્તિ) દ્વારા આપણને જાણે એમ ના કહેતો હોય કે ઈંટોએ જ એની જિંદગીને સાર્થક બનાવી છે. રંગીન બનાવી છે. ઈંટો ગણતાં ગણતાં તેની જિંદગીના બધા જ પ્રશ્નો ઉકલી ગયા છે. ઈંટો એ જ જાણે એનું જીવન.

### પ્રવૃત્તિ :

'ઈંટોના સાત રંગ' નવલિકામાં આવી બીજી ઉક્તિઓ શોધી તેનો ભાવાર્થ લખો.

---

### પાઠ્ય પ્રશ્નો

---

(1) પેરિસમાં બધા ક્યા ભેગા થયા હતા ?

---

(2) ફ્રેન્ચ સાહેબ શું સાંભળવા બેઠા હતા ?

---

(3) ફ્રેન્ચ સાહેબની આંખ હરિયાને કેવી લાગી ?

---

(4) ફ્રેન્ચ સાહેબે ઈંટ-ગણકોનો આભાર કેમ માન્યો ?

---

(5) ફ્રેન્ચ સાહેબે પોતાની જાતને પામર કેમ કહી ?

(6) ફ્રેન્ચ સાહેબ કેવી રીતે પ્રાયશ્ચિત કરવા માંગતા હતા ?

(7) હરિયાએ આફ્રિકાના ઈંટ-ગણકને શું કહ્યું ?

(8) ઈંટોએ હરિયાના જીવનમાં શું પૂર્યું હતું ?

(9) હરિયો ભરી સભામાં શું બોલ્યો ?

## 28.7 આધુનિક ટૂંકી વાર્તાનું સ્વરૂપ

આધુનિક ટૂંકી વાર્તાનું રૂપ ડૉ. સુરેશ જોષીથી પ્રગટ્યું. ડૉ. સુરેશ જોષીએ નવલિકાના પરંપરિત સ્વરૂપમાં ઘણા ફેરફારો કર્યા. સૌથી મોટો ફેરફાર તે તેમણે ટૂંકી વાર્તામાંથી ઘટનાની પ્રધાનતા ઓગાળી નાંખી- ઓછી કરી નાંખી. કોઈપણ પ્રસંગ કે બનાવ કે ઘટનાનું આલેખન નહીં પણ ઘટનાની પાત્રના ચિત્ત પર કેવી અસર થઈ તેનું આલેખન આધુનિક વાર્તાનું મુખ્ય કેન્દ્ર બન્યું. નવાં નવાં પ્રતિકોનો ઉપયોગ કરી તે પાત્ર કે પરિસ્થિતિને વધુ પ્રભાવક રીતે ઉપસાવવાના પ્રયત્નો થયા. આધુનિક નવલિકાની ભાષાશૈલી નિપણ પદ્ધતિ પણ ગુજરાતી ગદ્ય જાણે પદ્યની સમીપ બેઠું હોય તેમ લાગે છે.

ગુજરાતી સાહિત્યની આધુનિક નવલિકાના લેખકોમાં ડૉ. સુરેશ જોષી, મધુ રાય, કિશોર જાધવ, રાધેશ્યામ શર્મા, ઇવા ડેવ, સરોજ પાઠક આદિને ગણાવી શકાય.

'ઈંટોના સાત રંગ'માં મધુરાયે હરિયાના પાત્રને કેન્દ્રમાં રાખી માનવજીવનની સાર્થકતા અને વ્યર્થતા અને તે પછી માનવીની આત્મવંચનાની (જાત સાથે છેતરપિંડીની) વૃત્તિ પર વેધક કટાક્ષ કર્યો છે.

### કથાવસ્તુ

નવલિકા માનવીના જીવનના એક વિશિષ્ટ ભાગને આલેખે છે. તેમાં જીવનના અમુક અંશનું ત્વરાથી, સુબદ્ધ અને સૂચનાત્મક રીતે આલેખન કરવામાં આવે છે. એક જ વિચાર, થોડાં પાત્રો, સ્થળકાળની એકસૂત્રતા જાળવી લેખક પોતાને જે કહેવાનું હોય તે સોંસરવું નીકળી જાય તેવી રીતે કરી નાંખે છે. વાર્તાના અંતે હેતુ સિદ્ધ થાય તે અતિ આવશ્યક બની રહે છે.

'ઈંટોના સાત રંગ' નવલિકામાં ઈંટો ગણવાની પ્રવૃત્તિ દ્વારા માનવજીવનની સમસ્યાનું સમાધાન શોધવાની વૃત્તિને કેન્દ્રમાં રાખી તેની નિરર્થકતાનું આલેખન કરી માર્મિક કટાક્ષ કરેલ છે.

## પાત્રાલેખન

નવલિકાનો ફલક નાનો હોવાથી તેમાં લેખકે થોડાંક જ પાત્રો દ્વારા પોતાનું લક્ષ્ય સાધવાનું હોય છે. આ પાત્રોને લેખકે પોતાની ઊંડી આંતરશક્તિ અને સર્જનશક્તિથી ચિરંજીવ બનાવવાનાં હોય છે. મોટે ભાગે તો ટૂંકીવાર્તામાં એકાદ પાત્રના જીવનમાં એકાદ બનાવથી કેવું પરિવર્તન આવે છે તે નાટ્યાત્મક રીતે દર્શાવવામાં આવે છે.

'ઈંટોના સાત રંગ' નવલિકામાં નાયક હરિયાના જીવનમાં ઈંટોએ કેવી રીતે સાત રંગ પૂર્યા તેનું સચોટ આલેખન કરેલ છે. હરિયાનું પાત્ર સમગ્ર નવલિકામાં ઉત્તરોત્તર વિકસતું જાય છે અને ફ્રેન્ચ સાહેબ, ખીમજીભાઈ, હરિયાનાં છોકરાં આદિ પાત્રો અને કથાવસ્તુને વિકસાવવામાં મદદરૂપ બની લેખકના કટાક્ષને વધુ ધારદાર બનાવે છે.

## સંવાદ

નવલિકામાં લેખક પાત્રોના સંવાદોનું આયોજન કરે છે. આ આયોજન એવું હોવું જોઈએ જે સાંભળનાર અથવા વાંચનાર ઉપર અમુક પ્રકારની અસર ઉપજાવી શકે. પાત્રના મુખમાં એવા સંવાદો મુકાવા જોઈએ જે પાત્રના વ્યક્તિત્વ, સ્વભાવ અને વિચારને સચોટ રીતે ઉપસાવી આપે.

"ઈંટો ગણવામાં મને ખૂબ મઝા પડતી હતી. ઈંટો ગણવાની પ્રવૃત્તિમાં મારું ચિત્ત ચોંટેલું હતું અને ખંતથી હું મારું કામ કરતો હતો. ઈંટોએ મારી જિંદગીમાં સાત રંગ પૂર્યા છે અને મારા બધા જ સવાલોના જવાબ ઈંટોએ આપ્યા છે."

હરિયાનો આ સંવાદ તેના પાત્રને સુરેખ રીતે ઉપસાવી લેખકના હેતુને સિદ્ધ કરવામાં ઉપયોગી બની રહે છે.

## ભાષાશૈલી

નવલિકામાં લેખકની શૈલી ખૂબ જ મહત્ત્વનો ભાગ ભજવે છે. વાર્તાને આકર્ષક અને યથાર્થ બનાવનારું તત્ત્વ ભાષાશૈલી છે. નવલિકામાં મનુષ્ય સ્વભાવનું અને માનવજીવનનું રહસ્યદર્શન કરાવવાનો લેખકનો હેતુ હોય છે.

'ઈંટોના સાત રંગ'માં લેખક મધુરાય મધ્યકાળનો વાર્તાકાર કથા કહેતો હોય અને સામે બેઠેલો ભાવક તેના હકાર સાથે ડોકું હલાવતો રહે ને પછી શું? પછી શું? ની આતુરતા બતાવી રહે તે રીતે આખી નવલિકા કથાનાત્મક રીતે આલેખાઈ છે. ટૂંકા વાક્યોનો યથાર્થ પ્રયોગ લેખકની શૈલીને વધુ અસરકારક બનાવે છે.

## ઉદ્દેશ્ય

નવલિકાના પ્રારંભથી અંત સુધીના સમગ્ર આલેખનમાં લેખકને પોતાનો ઉદ્દેશ્ય સિદ્ધ કરવાનો હોય છે. લેખક પોતે ક્યા ઉદ્દેશ્યને સિદ્ધ કરવા માંગે છે તે અંગે લેખક ખૂબ જ સ્પષ્ટ હોવો જોઈએ.

'ઈંટોના સાત રંગ'માં માનવીની આત્મવંચના કરવાની વૃત્તિ પર કટાક્ષ કરવાનો ઉદ્દેશ્ય સિદ્ધ થયેલો જોવા મળે છે. જીવનની સાર્થકતા અને નિરર્થકતા અંગેના માનવી-માનવી વચ્ચેના ભિન્ન-ભિન્ન વિચારો અને તે દ્વારા આત્મવંચના કરવાની વૃત્તિ પર લેખકે વેધક કટાક્ષ કરેલ છે.

## 28.7 (ખ) લેખક પરિચય

મધુરાય આધુનિક ગુજરાતી સાહિત્યના અગ્રગણ્ય લેખક છે. તેમણે નાટક, નવલિકા અને નવલકથાક્ષેત્રે નવા પ્રયોગો કરી એ દિશામાં નવી કેડી આંકી છે.

બાંશી નામની છોકરી, કાલસર્પ, રૂપકથા આદિ તેમના નવલિકા સંગ્રહો છે - જ્યારે ચહેરા, કામિની, સર્પગૃહ, સાપબાજી આદિ તેમની નવલિકાઓ છે.

મધુરાયે નાટ્યક્ષેત્રે અનેકવિધ પ્રયોગો કર્યા છે. કુમારની અગાશી, એક ફૂલનું નામ બોલો તો, અશ્વત્થામાં આદિ તેમનાં પ્રસિદ્ધ નાટકો છે.

## 28.8 તમે શું શીખ્યા

(1) ઈંટો ગણાવવા પાછળ ફ્રેન્ચ સાહેબની ધૂન
(2) ઈંટો ગણતા હરિયાના પાત્રનો વિકાસ
(3) ફ્રેન્ચ સાહેબને સમજાતી પોતાની ભૂલ
(4) ''ઈંટોએ મારા જીવનમાં સાત રંગ પૂર્યા છે'' વિધાનનો મર્મ
(5) લેખકની ભાષાશૈલી

## 28.9 વિશેષ પ્રવૃત્તિ

(1) હરિયાના પાત્રને કેન્દ્રમાં રાખી મધુરાયે લખેલી 'કાન' વાર્તા વાંચો
(2) હરિયાના પાત્રને એકપાત્રી અભિનય તરીકે ભજવો.

## 28.10 સ્વાધ્યાય

(1) હરિયાનું પાત્રાલેખન કરો
(2) ફ્રેન્ચ સાહેબને શી ધૂન લાગી હતી ? શાથી ?
(3) ઈંટો ગણતા ગણતા હરિયાના જીવનમાં શું પરિવર્તન આવ્યું ?
(4) ફ્રેન્ચ સાહેબે પોતાની ભૂલનું પ્રાયશ્ચિત કેવી રીતે કરવા કહ્યું ?
(5) 'ઈંટોના સાત રંગ' શીર્ષકની યથાર્થતા

---

## પાઠ્ય પ્રશ્નોના જવાબો

---

### એકમ - 1

**જવાબ :**

(1) ઠોઠ
(2) અમદાવાદ

(3) ખીમજીભાઈ
(4) છોકરા, કામ જોઈએ છે ?
(5) માસીને ઘેર, પાડા પોળમાં
(6) સત્તર એકા સુધી
(7) તેની પાડોશના મકાનની ઈંટો ગણવાનું
(8) ખાવા-પીવાનું; કપડાં-લત્તાં વગેરે
(9) ઈંટો વિશેની માહિતી
(10) દુનિયાની બધી ઈંટો ગણાઈ જાય તો દુનિયાની મુશ્કેલી દૂર કરવાનો ઇલાજ જડી જાય.

**28.11 ખ**

**એકમ - 2**

**જવાબ :**

(1) એક મા-દીકરી
(2) ઘરના માણસો વિશેની વિગતો ભરવાની હતી
(3) ઈંટો આખી છે કે અર્ધી કે થોડી તૂટેલી તે વિશેની વિગતો ભરવા
(4) બધી જ ઈંટો એક જ છાપની નથી તે
(5) હરિયાએ હૈયાસૂઝ વાપરી સરસ કામ કર્યું માટે
(6) પાંસઠ

**28.11 ગ**

**એકમ - 3**

**જવાબ :**

(1) પરણ્યો ત્યારે
(2) રૉકેટ સ્ટેશનો, પાવર-હાઉસ, રેડિયો-સ્ટેશનો, કો- ઓપરેટીવ સોસાયટી
(3) ઈંટો ગણવાના
(4) હરિયા જેવી જ હૈયાસૂઝથી
(5) બાવન
(6) પેરિસ
(7) ફ્રેન્ચ સાહેબને

**28.11 ઘ**

**એકમ - 4**

**જવાબ :**

(1) એફિલ ટાવર નીચેના મોટા મેદાનમાં
(2) વિશ્વની સમસ્યાઓના ઉકેલ

(3) આકાશના તારા જેવી
(4) કારણ કે બધા ઈંટના ગણકોએ જિંદગીનાં ઘણાં વર્ષો ઈંટો ગણવામાં કાઢ્યાં હતાં
(5) કારણ કે તેમણે ઈંટો ગણવા જેવી નિરર્થક બાબતમાં દુનિયાના અસંખ્ય લોકોના અમૂલ્ય વર્ષો વેડફી નાખ્યાં હતાં.
(6) એફિલ ટાવર પરથી કૂદકો મારીને આત્મહત્યા કરીને
(7) આપણું જીવન નષ્ટ ક્યાં થયું છે ?
(8) સાત રંગ પૂર્યા હતા
(9) 'ફ્રેન્ચ સાહેબ કૂદશો નહીં, આ ટાવર ક્યાં ઈંટોનો બનેલો છે ?'

નથી. મને લાગે છે કે તમારો વાળ સરખો વાંકો નથી થવાનો. હવે તો બધું શાંત છે, ગોરાઓ બધા વીખરાઈ ગયા છે. પણ ગમે તેમ હોય તોયે તમારાથી છૂપી રીતે તો પ્રવેશ ન જ થાય એવો મારો અભિપ્રાય છે.'

હું સંમત થયો. મારી ધર્મપત્ની ને બાળકો રુસ્તમજી શેઠને ત્યાં ગાડીમાં ગયાં ને સહીસલામત પહોંચ્યાં. હું કપ્તાનની રજા લઈ મિ. લૉટનની સાથે ઊતર્યો. રુસ્તમજી શેઠનું ઘર લગભગ બે માઈલ દૂર હશે.

અમે આગબોટમાંથી ઊતર્યા તેવા જ કેટલાક છોકરાઓએ મને ઓળખી કાઢ્યો, અને 'ગાંધી, ગાંધી,' એમ બૂમ પાડી. લાગલા જ બેચાર માણસો એકઠા થયા ને બૂમો વધી. મિ. લૉટને જોયું ટોળું વધી જશે, તેથી તેમણે રિક્ષા મંગાવી. મને તો તેમાં બેસવાનું કદી ન ગમતું. આ મારો પહેલો જ અનુભવ થવાનો હતો. પણ છોકરાઓ શાના બેસવા દે ? તેમણે રિક્ષાવાળાને ધમકી આપી એટલે તે નાઠો.

અમે આગળ ચાલ્યા, ટોળું પણ વધતું ગયું. સારી પેઠે ભીડ થઈ. સૌ પહેલાં તો ટોળાએ મને મિ. લૉટનથી નોખો પાડ્યો. પછી મારા ઉપર કાંકરાના, સડેલાં ઈંડાંના વરસાદ વરસ્યા. મારી પાઘડી કોઈએ ઉડાડી દીધી. લાતો શરૂ થઈ.

નોખા પડવું - જુદા પડવું

મને તમ્મર આવી. મેં પડખેના ઘરની જાળી પકડી શ્વાસ ખાધો. ત્યાં ઊભું રહેવાય એમ તો નહોતું જ. તમાચા પડવા લાગ્યા.

એટલામાં પોલીસના વડાની સ્ત્રી, જે મને ઓળખતી હતી, તે આ રસ્તે થઈને જતી હતી. મને જોતાં જ તે મારે પડખે ઊભી, ને જોકે તડકો નહોતો છતાં પોતાની છત્રી ઉઘાડી. આથી ટોળું કંઈક નમ્યું. હવે ઘા કરે તો મિસિસ અલૈકઝાંડરને બચાવીને જ કરવા રહ્યા.

દરમ્યાન કોઈ હિંદી જુવાન મારા ઉપર માર પડતો જોઈ પોલીસ થાણા પર દોડી ગયેલો. સુપરિન્ટેન્ડેન્ટ અલેકઝાંડરે એક ટુકડી મને ઘેરી વળીને બચાવી લેવા મોકલી. તે વેળાસર પહોંચી. મારો રસ્તો પોલીસ થાણા પાસે થઈને જ જતો હતો. સુપરિન્ટેન્ડેન્ટે મને થાણામાં આશ્રય લેવા સૂચવ્યું. મેં ના પાડી, ને કહ્યું, 'જ્યારે લોકો પોતાની ભૂલ જોશે ત્યારે શાંત થશે. મને તેમની ન્યાયબુદ્ધિમાં વિશ્વાસ છે.'

આશ્રય-આશરો

## એકમ : 2

ટુકડીની સાથે રહીને હું સહીસલામત પારસી રુસ્તમજીને ઘેર પહોંચ્યો. મને પીઠ ઉપર મૂઢ ઘા પડ્યા હતા. એક જ જગ્યાએ થોડો છૂંદાયો હતો. સ્ટીમરના દાક્તર દાદી બરજોર ત્યાં જ હાજર હતા. તેમણે મારી સારવાર સરસ કરી.

આમ અંદર શાંતિ હતી, પણ બહાર તો ગોરાઓએ ઘરને ઘેર્યું. સાંજ પડી ગઈ હતી. અંધારું થતું હતું. હજારો લોક બહાર કિકિયારીઓ કરતા હતા, ને 'અમને ગાંધી સોંપી દો' એવી બૂમો ચાલુ રહી હતી . સમય વરતીને સુપરિન્ટેન્ડેન્ટ અલેકઝાંડર ત્યાં પહોંચી ગયા હતા ને ટોળાને ધમકીથી નહીં પણ વિનોદથી વશ રાખી રહ્યા હતા.

કિકિયારી - મોટી બૂમ

છતાં તે ચિંતામુક્ત નહોતા. તેમણે મને આવી મતલબનો સંદેશો મોકલ્યો : 'જો તમે તમારા મિત્રના મકાનને તેમ જ માલને તથા તમારા કુટુંબને બચાવવા માગતા હો તો તમારે હું સૂચવું તે રીતે આ ઘરમાંથી છૂપી રીતે ભાગવું જોઈએ.'

એક જ દહાડે મારે એકબીજાથી ઊલટાં બે કામ કરવા વખત આવ્યો. જ્યારે જાનનો ભય માત્ર કાલ્પનિક લાગતો હતો ત્યારે મિ. લૉટને મને ઉઘાડી રીતે બહાર નીકળવાની સલાહ આપી ને મેં તે માની. જ્યારે જોખમ પ્રત્યક્ષ મારી સામે ઊભું થયું, ત્યારે બીજા મિત્રે એથી ઊલટી સલાહ આપી ને તે પણ મેં માન્ય રાખી ! કોણ કહી શકે કે, હું મારા જાનના જોખમથી ડર્યો, કે મિત્રના જાનમાલના જોખમથી, કે કુટુંબના, કે ત્રણેના ? કોણ નિશ્ચયપૂર્વક કહી શકે કે, મારું સ્ટીમર ઉપરથી હિંમત બતાવી ઊતરવું ને પછી જોખમની પ્રત્યક્ષ હસ્તી વેળાએ છૂપી રીતે ભાગી છૂટવું યોગ્ય હતું ? પણ બનેલા બનાવોને વિષે આવી ચર્ચા જ મિથ્યા છે. બનેલાને સમજી લઈએ. તેમાંથી શીખવાનું મળે તેટલું શીખી લઈએ, એટલું જ ઉપયોગી છે. અમુક પ્રસંગે અમુક મનુષ્ય શું કરશે એ નિર્ણયપૂર્વક કહી જ ન શકાય. તેમ જ મનુષ્યના બાહ્યાચાર ઉપરથી તેના ગુણની જે પરીક્ષા થાય છે તે અધૂરી હોઈ અનુમાનમાત્ર હોય છે, એમ પણ આપણે જોઈ શકીએ છીએ.

ગમે તેમ હો. ભાગવાના કાર્યમાં ગૂંથાતાં મારા જખમોને ભૂલી ગયો. મેં હિંદી સિપાઈનો પહેરવેશ પહેર્યો. માથે કદાચ માર પડે તો તેમાંથી બચવા સારુ એક પીતળની તાસક રાખી, તે ઉપર મદ્રાસીનો મોટો ફેંટો લપેટ્યો. સાથે બે ડિટેક્ટિવ હતા, તેમાંના એકે હિંદી વેપારીનો પોશાક પહેર્યો. પોતાનું મોઢું હિંદીના જેવું રંગ્યું. બીજાએ શું પહેર્યું એ હું ભૂલી ગયો છું. અમે પડખેની ગલીમાં થઈને પડોશની એક દુકાનમાં પહોંચ્યા, ને ગોદામમાં ખડકેલી ગૂણોની થપ્પીઓ અંધારામાં ટપીને દુકાનને દરવાજેથી ટોળામાં થઈ પસાર થયા. શેરીને નાકે ગાડી ઊભી હતી તેમાં બેસાડી મને પેલા થાણામાં, જ્યાં આશ્રય લેવાનું સુપરિન્ટેન્ડેન્ટ અલેક્ઝાંડરે સૂચવ્યું હતું તે જ થાણામાં, હવે લઈ ગયા. મેં સુપરિન્ટેન્ડેન્ટ અલેક્ઝાંડરનો તેમ જ છૂપી પોલીસના અમલદારનો ઉપકાર માન્યો.

પડખે-બાજુ

## એકમ - 3

આમ એક તરફ જ્યારે મને લઈ જતા હતા ત્યારે બીજી તરફ સુપરિન્ટેન્ડેન્ટ અલેક્ઝાંડર ટોળાને ગીત ગવડાવી રહ્યા હતા. તે ગીતનો તરજુમો આ છે :

ચાલો આપણે ગાંધીને પેલે
આમલીના ઝાડે ફાંસી લટકાવીએ.

જ્યારે હું સહીસલામત થાણે પહોંચ્યાની બાતમી સુપરિન્ટેન્ડેન્ટ અલેક્ઝાંડરને મળી ત્યારે ટોળાને કહ્યું : તમારો શિકાર તો આ દુકાનમાંથી સહીસલામત સટકી ગયેલ છે. ટોળામાંના કોઈ ગુસ્સે થયા, કોઈ હસ્યા. ઘણાએ આ વાત માનવા ના પાડી.

'ત્યારે તમારામાંથી જેને નીમો તેને હું અંદર લઈ જાઉં, ને તમે તપાસી જુઓ. જો તમે ગાંધીને શોધી કાઢો તો તેને તમારે હવાલે કરું, ન શોધી શકો તો તમારે વેરાઈ જવું. તમે પારસી રુસ્તમજીનું મકાન તો નહીં જ બાળો અને ગાંધીનાં બૈરાંછોકરાંને ઈજા નહીં કરો એ તો મારી ખાતરી જ છે.' આમ સુપરિન્ટેન્ડેન્ટ અલેક્ઝાંડર બોલ્યા.

બાતમી-માહિતી
સટકી જવું-છટકી જવું, નાસી જવું

ટોળાએ પ્રતિનિધિ નીમ્યા. પ્રતિનિધિઓએ ટોળાને નિરાશાજનક ખબર આપ્યા. સહુ સુપરિન્ટેન્ડેન્ટ અલેક્ઝાંડરની સમયસૂચકતા ને ચતુરાઈની સ્તુતિ કરતા, પણ કેટલાક ધૂંધવાતા વીખરાયા.

મરહૂમ મિ. ચેમ્બરલેને મારા ઉપર હુમલો કરનારાઓ પર કામ ચલાવવા ને મને ન્યાય મળે એમ થવા તાર કર્યો. મિ. એસ્કંબે મને પોતાની પાસે બોલાવ્યો. મને ઈજા થઈ તે માટે દિલગીરી બતાવીને કહ્યું, 'તમારો વાળ સરખો વાંકો થાય તેમાં હું રાજી ન જ હોઉં એ તો તમે માનશો જ મિ. લૉટનની સલાહ માની તમે તુરત ઊતરી જવાનું સાહસ કર્યું. તેમ કરવાનો તમને હક હતો. પણ મારા સંદેશાને માન આપ્યું હોત તો આ દુ:ખદ બનાવ ન બનત. હવે જો તમે હુમલો કરનારાઓને ઓળખી શકો તો તેમને પકડાવવા તથા તેમના ઉપર કામ ચલાવવા હું તૈયાર છું. મિ. ચેમ્બરલેન પણ તેવી માગણી કરે છે .

મેં જવાબ આપ્યો : મારે કોઈના ઉપર કામ ચલાવવું નથી. હુમલો કરનારાઓમાંથી એક-બેને કદાચ હું ઓળખું, પણ તેમને સજા કરાવવાથી મને શો લાભ ? વળી હું હુમલો કરનારાઓને દોષિત પણ નથી ગણતો. તેમને તો એમ કહેવામાં આવ્યું કે, મેં હિંદુસ્તાનમાં અતિશયોક્તિ કરી નાતાલના ગોરાઓને વગોવ્યા. આ વાત તેઓ માને ને ગુસ્સો કરે તેમાં નવાઈ શી? દોષ તો ઉપરીઓનો અને, મને કહેવા દો તો, તમારો ગણાય. તમે લોકોને સીધી રીતે દોરી શકતા હતા. પણ તમે સુધ્ધાં રોઈટરના તારને માન્યો ને મેં અતિશયોક્તિ કરી હશે એમ કલ્પી લીધું. મારે કોઈના ઉપર કામ ચલાવવું નથી. જ્યારે ખરી હકીકત જાહેર થશે ને લોકો જાણશે ત્યારે તેઓ પસ્તાશે.

વગોવવું - બદનામ કરવું

'ત્યારે તમે મને આ વાત લેખિતવાર આપશો ? મારે તેવો તાર મિ. ચેમ્બરલેનને મોકલવો પડશે. તમે ઉતાવળે કશું લખી આપો એમ હું નથી માગતો. તમે મિ. લૉટનને તથા તમારા બીજા મિત્રોને પૂછીને જે યોગ્ય લાગે તે કરો એમ હું ઇચ્છું છું. એટલું કબૂલ કરું છું કે, જો તમે હુમલો કરનારાઓના ઉપર કામ નહીં ચલાવો તો બધું શાંત પાડવામાં મને મદદ બહુ મળશે ને તમારી પ્રતિષ્ઠા તો અવશ્ય વધશે જ.' મેં જવાબ આપ્યો : 'આ બાબતમાં મારા વિચાર ઘડાઈ ગયેલા છે. મારે કોઈના ઉપર કામ નથી ચલાવવું એ નિશ્ચય છે, એટલે હું અહીં જ તમને લખી દેવા ધારું છું.'

પ્રતિષ્ઠા - ઇજ્જત

આમ કહી મેં ઘટતો કાગળ લખી આપ્યો.

---

**પાઠગત પ્રશ્નો**

1. ગાંધીજીને ટોળામાંથી કોણે બચાવ્યા ?

2. ગાંધીજીને તેમણે કેવી રીતે બચાવ્યા ?

---

**એકમ એક ફરીથી વાંચો :**

## 29.6 સમજૂતી

ગાંધીજી પોતાના કુટુંબ સાથે નાતાલ પહોંચે છે ત્યારે ત્યાંના ગોરાઓ તેમના પર ખૂબ જ ઉશ્કેરાયેલા હતા. પરિણામે મિ . એસ્કંબના સંદેશા પ્રમાણે તેમને સાંજે ઉતારવાના હતા. પરંતુ મિ. લૉટન નામના અંગ્રેજ અધિકારી કસ્તુરબા અને બાળકોને ગાડીમાં રુસ્તમજી શેઠને

ત્યાં મોકલી ગાંધીજીને પોતાની સાથે ચાલતા આવવાનો આગ્રહ કરે છે. ગાંધીજી તેમની સાથે જવા તૈયાર થાય છે, પણ ગાંધીજીને ગોરા છોકરાઓ ઓળખી જાય છે અને 'ગાંધી ગાંધી'ના નામની બૂમો પાડે છે.

ગોરા છોકરાઓની બૂમોથી ટોળું વધી જાય છે અને મિ. લૉટન અલગ પડી જાય છે. ગોરાઓ ગાંધીજીને પથ્થર, સડેલાં ઈંડાં, તમાચા મારે છે. ગાંધીજીની પાઘડી ઉછાળી કાઢે છે. ત્યાં પોલીસ સુપરિન્ટેન્ડેન્ટ મિ. અલેકઝાંડરની પત્ની તેમની મદદે આવે છે . પોલીસ ટુકડી આવી ગાંધીજીને થાણે લઈ જાય છે. ત્યાં તેમને આશ્રય લેવાનું કહે છે પણ ગાંધીજી ના પાડે છે અને કહે છે : 'લોકોને જ્યારે ભૂલ સમજાશે ત્યારે શાંત થઈ જશે.'

## ભાષાકીય જ્ઞાન

ગાંધીજીએ આ એકમમાં સરસ રૂઢિપ્રયોગોનો ઉપયોગ કર્યો છે. આપણે તે સમજીએ.

દા. ત., ઉશ્કેરાઈ જવું - ગુસ્સે થવું

હવે આ રૂઢિપ્રયોગને વાક્યમાં વાપરીએ.

વાક્ય : ગોરાઓ ગાંધીજી ઉપર ઉશ્કેરાઈ ગયા હતા.

## પ્રવૃત્તિ

નીચે આપેલા રૂઢિપ્રયોગોનો વાક્યમાં પ્રયોગ કરો.

(1) જાન જોખમમાં હોવો

(2) વાળ વાંકો ન થવો

(3) નોખા પડવું

## પાઠ્ય પ્રશ્નો

(1) આગબોટ ક્યાં આવી ?

(2) કમાનને ગાંધીજી માટે કોણે સંદેશ મોકલ્યો હતો ?

(3) ગાંધીજી પર કોણ ઉશ્કેરાઈ ગયા હતા ?

(4) મિ. લૉટન શું ઇચ્છતા હતા ?

(5) કસ્તુરબા અને બાળકો કોને ઘેર ગયાં ?

(6) ગોરા છોકરાઓએ કોના નામની બૂમો પાડી ?

(7) છોકરાઓએ કોને ધમકી આપી ? તેનું શું પરિણામ આવ્યું ?

(8) ગોરા છોકરાઓએ ગાંધીજીને શું શું માર્યું ?

(9) પોલીસ થાણે સમાચાર કોણે આપ્યા ?

(10) ગાંધીજીને ક્યાં આશ્રય લેવાનું સૂચવ્યું ?

(11) ગાંધીજીએ શો જવાબ આપ્યો ?

આપણે આગળ વધીએ તે પહેલાં એકમ-૨ ફરીથી વાંચો

## એકમ : 2 સમજૂતી

### 29.6 ખ

પોલીસના રક્ષણ હેઠળ ગાંધીજી રુસ્મતજી શેઠને ત્યાં પહોંચે છે. તેઓને મૂઢ ઘા પડેલા હોય છે. દાદી બરજોર નામના ડોક્ટર તેમની સારવાર કરે છે. ગાંધીજી રુસ્મતજી શેઠને ત્યાં હોવાથી ગોરાઓ રુસ્તમજીના ઘરને ઘેરી લે છે. 'ગાંધી અમને સોંપી દો' એવી કિકિયારીઓ પાડતા ગોરાઓને સુપરિટેન્ડેન્ટ અલેકઝાંડર ગંમત કરતાં કરતાં શાંત પાડે છે અને રુસ્તમજી શેઠના મકાનને, માલ-મિલકતને અને ગાંધીજીના કુટુંબને બચાવવા ગાંધીજીએ છૂપી રીતે નાસી જવું એવો સંદેશો મોકલે છે.

આ પ્રસંગે ગાંધીજી મનોમંથન અનુભવે છે. એક જ દિવસમાં બે ઊલટાં કામ કરવાની તેમને ફરજ પડી. આવા પ્રસંગોએ પણ માનવીએ કાંઈ શીખવું જોઈએ એમ ગાંધીજી માને છે. તેઓ હિંદી સિપાઈનો વેશ પહેરી ત્યાંથી નાસી પોલીસ થાણામાં આશરો લે છે. પોતાને મદદરૂપ બનેલા બે ડિટેક્ટિવ તથા સુપરિન્ટેન્ડેન્ટ અલેકઝાંડરનો તે આભાર માને છે.

### ભાષાકીય જ્ઞાન

નીચેના શબ્દો જુઓ. આ શબ્દો બે શબ્દો જોડાવવાથી બનેલા છે. બે શબ્દો જોડાવાથી બનેલા શબ્દને સંધિ કહેવામાં આવે છે.

દા. ત., પ્રત્યક્ષ : પ્રતિ + અક્ષ

બાહ્યાચાર : બાહ્ય + આચાર

ગુજરાતી ભાષામાં આવા અનેક શબ્દો છે જે આ રીતે જોડાઈને બનેલા છે.

## પ્રવૃત્તિ

નીચે આપેલા શબ્દોને છૂટા પાડી ફરી લખો.

(1) શિષ્ટાચાર

(2) ભ્રષ્ટાચાર

## પાઠ્ય પ્રશ્નો

(1) પોલીસની ટુકડી સાથે ગાંધીજી ક્યાં પહોંચ્યા ?

(2) ગાંધીજીની પીઠ પર શું થયું હતું ?

(3) રુસ્તમજીને ત્યાં કોણ હાજર હતું ?

(4) રુસ્તમજીના ઘરને કોણે ઘેર્યું હતું ?

(5) ગોરાઓ કિકિયારીઓ પાડીને શું કહી રહ્યા હતા ?

(6) અલેકઝાંડર ટોળાને કેવી રીતે વશ રાખતા હતા ?

(7) તેમણે ગાંધીજીને શો સંદેશ મોકલ્યો ?

(8) ગાંધીજીને કેવાં કામ કરવાનો વખત આવ્યો ?

(9) ગાંધીજીને કેવી પરીક્ષા અધૂરી લાગે છે ?

(10) ગાંધીજી કેવો વેશ પહેરીને ભાગી ગયા ?

(11) ગાંધીજીની સાથે બીજું કોણ હતું ?

(12) ગાંધીજી રુસ્તમજીને ત્યાંથી ભાગીને ક્યાં ગયા ? કેવી રીતે ?

(13) ગાંધીજીએ કોનો આભાર માન્યો ?

આપણે આગળ વધીએ તે પહેલાં એકમ 3 ફરીથી વાંચો.

## એકમ : 3 સમજૂતી

### 29.6 ગ

ગાંધીજી છૂપી રીતે નાસી જાય છે ત્યારે અલેકઝાંડર ટોળાને 'ગાંધીને ફાંસીએ લટકાવીએ' જેવું ગીત ગવડાવી રોકી રાખે છે. જ્યારે તેમને ખબર પડે છે ગાંધીજી પોલીસ થાણે પહોંચી ગયા છે ત્યારે તે ટોળાને કહે છે તમારો શિકાર તો જતો રહ્યો. ટોળાના પ્રતિનિધિ રુસ્તમજીના ઘરમાં તપાસ કરવા જાય છે પણ નિરાશ થઈ પાછા ફરે છે. અંતે

ટોળું વિખરાઈ જાય છે. મિ. ચેમ્બરલેન ગાંધીજી પર હુમલો કરનાર પર કામ ચલાવી ગાંધીજીને ન્યાય અપાવવાનો ફોન કરે છે. મિ. એસ્કંબ આ સમાચાર ગાંધીજીને આપે છે પણ ગાંધીજી કોઈના પર કામ ચલાવવા ના પાડે છે. તેઓ તો અધિકારીઓને જ દોષી ગણાવે છે કે અધિકારીઓએ જ ખોટા સમાચારને સાચા માની લોકોને અયોગ્ય માર્ગે દોર્યા. ગાંધીજી માને છે કે લોકોને જ્યારે સત્ય સમજાશે ત્યારે પસ્તાશે. મિ. એસ્કંબ તેઓ ગોરા પર કામ ચલાવવા નથી માંગતા એ વાત લેખિત માંગે છે. ગાંધીજી એ વાત તરત જ લખી આપે છે.

## પ્રવૃત્તિ :

નીચેનાં વાક્યો કોણ બોલે છે અને કોને સંબોધીને કહે છે તે બાજુના ખાનામાં લખો.

| | કોણ ? | કોને ? |
|---|---|---|
| (1) તમારો શિકાર તો આ દુકાનમાંથી સહી સલામત સટકી ગયેલ છે. | | |
| (2) તમારો વાળ વાંકો થાય તેમાં હું રાજી ન જ હોઉં. | | |
| (3) જો તમે ગાંધીને શોધી કાઢો તો તેને તમારે હવાલે કરું. | | |
| (4) મારે કોઈના પર કામ ચલાવવું નથી. | | |
| (5) જ્યારે ખરી હકીકત જાહેર થશે ને લોકો જાણશે ત્યારે તેઓ પસ્તાશે. | | |

## પાઠ્ય પ્રશ્નો

(1) અલેકઝાંડર ટોળાને શું ગવડાવતા હતા ?

(2) મિ. ચેમ્બરલેને શા માટે તાર કર્યો ?

(3) ગોરાઓ ગાંધીજી પર કેમ ગુસ્સે થયા હતા ?

(4) ગાંધીજી ગોરાઓ કરતાં વધારે દોષિત કોને માને છે ?

(5) હુમલાખોરો પર કામ ન ચલાવાય તો શું પરિણામ આવે ?

## 29.7 (ક) આત્મકથાનું સાહિત્ય સ્વરૂપ

- લેખક જ્યારે પોતાના જ જીવન વિશેની કથા આલેખે તેને આત્મકથા કહેવાય.
- આત્મકથાનો લેખક એ જ એનો નાયક હોય છે.
- આત્મકથામાં લેખક તેનું બાહ્ય તેમજ આંતર સ્વરૂપ પ્રગટ કરી શકતો હોય છે.

- આત્મકથામાં લેખકને પોતાનું જીવન-કાર્યો-હેતુઓ, પોતાનાં રહસ્યો આદિ સૂક્ષ્મ વિગતો પ્રમાણભૂત રીતે આલેખવાની હોય છે.
- Know thyself (તારી જાતને ઓળખ)નું સૂત્ર ધ્યાનમાં રાખીને પોતાની સિદ્ધિઓ અને મર્યાદાઓની વાત લખવાની હોય છે.
- સત્ય હકીકતોનું તટસ્થતાપૂર્વકનું આલેખન એ આત્મકથાનો પ્રાણ છે.

## ગાંધીજીની આત્મકથા : 'સત્યના પ્રયોગો'

ગાંધીજીએ પોતાની આત્મકથાને 'સત્યના પ્રયોગો' તરીકે ઓળખાવી છે. આ આત્મકથામાં ગાંધીજીએ જીવનમાં સત્યના જે પ્રયોગો કર્યા તેનું આલેખન કરવામાં આવ્યું છે. સત્યને પામવા અને સમજવા ગાંધીજીએ જે મનોમંથન કર્યું તેના ભિન્ન ભિન્ન પ્રસંગો આ આત્મકથામાં જોવા મળે છે. ટૂંકાં વાક્યો, સચોટ કથનરીતિ, સાદા શબ્દપ્રયોગ, અસરકારક વર્ણનશૈલી એ ગાંધીજીના ગદ્યની અને તેમની ભાષાશૈલીની વિશિષ્ટતા છે. 'સત્યના પ્રયોગો' વિશ્વસાહિત્યની શ્રેષ્ઠ આત્મકથાઓમાંની એક ગણાય છે .

તમારો 'કસોટી' પાઠ આ પુસ્તકમાંથી લેવામાં આવ્યો છે.

## 29.7 (ખ) મોહનદાસ કરમચંદ ગાંધી

- ગાંધીજી

(જન્મ : ઈ. સ. 1869)
(મૃત્યુ : ઈ. સ. 1948)

ગાંધીજીનો જન્મ પોરબંદરમાં થયો હતો. રાષ્ટ્રની આઝાદી તેમજ લોકકલ્યાણ અર્થે તેમણે સારુંયે જીવુન સેવાકાર્યમાં ગાળ્યું તેથી તેઓ 'રાષ્ટ્રપિતા' તરીકે યોગ્ય રીતે જ ઓળખાયા છે. તેઓ ઊંચી કોટિના સાહિત્યકાર હતા. વિશ્વભરના આત્મકથા સાહિત્યમાં નોંધપાત્ર સ્થાન ધરાવતી એમની આત્મકથા 'સત્યના પ્રયોગો' અથવા 'આત્મકથા'માં તેમનામાં રહેલો સત્યનો શોધક અને મહાત્મા દેખા દે છે. વિપુલ સંખ્યામાં લેખો, પત્રો, પ્રવચનોનું સાહિત્ય તેમણે આપ્યું છે અને તે દ્વારા પ્રજાશિક્ષણ તથા રાષ્ટ્રઘડતરનું ઉમદા કાર્ય બજાવ્યું છે. એમનાં બધાં જ લખાણો સંગ્રહાયાં છે. 'નવજીવન', 'યંગ ઇન્ડિયા' અને 'હરિજન' વિચારપત્રોના તેઓ તંત્રી હતા.

## 29.8 તમે શું શીખ્યા ?

(1) આત્મકથાના સ્વરૂપની જાણકારી
(2) મિ. લૌટન સાથે જિંદગીનો ડર રાખ્યા વિના ચાલતા ગાંધીજીનું વ્યક્તિત્વ
(3) ગાંધીજીનો સત્ય માટેનો અનન્ય પ્રેમ
(4) ગોરાઓના ઉપરી અધિકારીઓને દોષી ઠેરવતા ગાંધીજીની નિર્ભયતા

(5) એક જ દિવસે બે વિરોધી ઘટનામાંથી સત્ય પામવા મનોમંથન અનુભવતા ગાંધીજીનું વ્યક્તિત્વ
(6) પોતાને મારનાર ગોરાઓને માફ કરી દેવાની ગાંધીજીની ઉદારતા
(7) ગાંધીજીની ભાષાશૈલી

## 29.9 વિશેષ-પ્રવૃત્તિ

(1) 'સત્યના પ્રયોગો'માંથી ગાંધીજીના બાળપણના નીચેના પ્રસંગો વાંચો.
 (1) સોનાનું કડું ચોરવાનો પ્રસંગ
 (2) 'સત્યવાદી હરિશ્ચંદ્ર' નાટક જોવાનો પ્રસંગ

### સ્વાધ્યાય

(1) મિ. એસ્કંબે કપ્તાનને ગાંધીજી વિશે શો સંદેશો મોકલ્યો ? શા માટે ?
(2) મિ. લૉટને ગાંધીજી પાસે શું પ્રસ્તાવ મૂક્યો ?
(3) નાતાલના ગોરાઓએ ગાંધીજી સાથે કેવો વ્યવહાર કર્યો ?
(4) પારસી રુસ્તમજીને ત્યાં કેવી પરિસ્થિતિ હતી ?
(5) છૂપી રીતે ભાગી જવાના પ્રસંગે ગાંધીજીનું મનોમંથન.
(6) 'કસોટી' પાઠમાં ઊપસતું ગાંધીજીનું વ્યક્તિત્વ.

### પાઠ્ય પ્રશ્નોના જવાબો

**એકમ 1**

(1) ફુરજા પર
(2) મિ. એસ્કંબે
(3) ગોરાઓ
(4) જિંદગીનો ડર રાખ્યા વિના ગાંધીજી તેમની સાથે ચાલતા રુસ્તમજીને ત્યાં આવે
(5) પારસી રુસ્તમજીને ત્યાં
(6) ગાંધી, ગાંધી
(7) રિક્ષાવાળાને, તે નાસી ગયો
(8) કાંકરા, સડેલાં ઈંડાં, તમાચા
(9) એક હિંદી જવાને
(10) પોલીસ થાણામાં
(11) ગાંધીજીએ ના પાડી

**એકમ 2 :**

(1) પારસી રુસ્તમજીને ત્યાં
(2) મૂઢ ઘા

(3) સ્ટીમરના દાક્તર દાદી બરજોર
(4) ગોરાઓએ
(5) અમને ગાંધી સોંપી દો
(6) ટોળા સાથે વિનોદ-ગમ્મત કરીને
(7) છૂપી રીતે નાસી જવાનો
(8) એક જ દિવસમાં બે ઊલટા કામ કરવાનો.
(9) મનુષ્યના બાહ્યાચાર પરથી થતી પરીક્ષા
(10) હિંદી સિપાઈનો
(11) બે ડિટેક્ટિવ
(12) પોલીસ થાણામાં, ગાડીમાં બેસીને
(13) સુપરિટેન્ડેન્ટ અલેકઝાંડર તથા છૂપી પોલીસના અમલદારોનો

**એકમ 3 :**

(1) ગીત
(2) ગાંધીજીને ન્યાય અપાવવા
(3) નાતાલના ગોરાઓને ગાંધીજીએ હિંદુસ્તાનમાં વગોવ્યા હતા તે સમાચાર જાણી
(4) ઉપરી અધિકારીઓને
(5) શાંતિ વહેલી સ્થપાય અને ગાંધીજીની પ્રતિષ્ઠા વધે

# 30
# સૂર્યનું સેવન

**- સુરેશ જોશી**

## 30.1 પ્રાસ્તાવિક

આપણો ભારત દેશ એટલે ઋતુઓની વિવિધતા વાળો દેશ. કેમ, ખરું ને ? ભારતમાં મુખ્યત્વે શિયાળો, ઉનાળો અને ચોમાસું - એમ ઋતુઓનો ક્રમ ગોઠવાયેલો છે બરાબરને ? પણ ખરેખર જોઈએ તો આપણા ઋતુચક્રમાં ત્રણ નહિ, પરંતુ છ ઋતુઓ છે. પ્રત્યેક મુખ્ય ઋતુની બે પેટાઋતુ છે : હેમંત અને શિશિર (પાનખર) એટલે શિયાળો, વસંત અને ગ્રીષ્મ એટલે ઉનાળો તથા વર્ષા અને શરદ એટલે ચોમાસું. હેમંતનું હીર, વસંતનો વૈભવ, વર્ષાની હરિયાળી અને શરદની સૌમ્ય શીતળતા કુદરતનાં રમ્ય ને સુકુમાર સ્વરૂપો છે. દરેક ઋતુનું પરોઢ આમ તો પોતપોતાની રીતે સુંદર અને આહ્લાદક હોય છે; પરંતુ શિયાળાના પરોઢની નયનરમ્યતા, સૌમ્યતા, શીતળતા અને સ્વાભાવિકતા તો કંઈ ઓર જ હોય છે. આવે સમયે જ્યારે બાલરવિનો રથ સૂર્યોદયરૂપે નિરભ્ર આકાશના ખુલતા આસમાની રંગમાં સોનેરી કિરણો ફેલાવે છે અને ગગનને માંડવે ઉષાદેવી મોહક રંગોળી પૂરે છે ત્યારે ધરતી પર ઉષ્મા, હૂંફ અને ચેતનાનો પ્રાણસંચાર થાય છે. ચાલો, આપણે પણ ઉષ્મા , હૂંફ અને ચેતના આપતી, લેખક શ્રી સુરેશ જોશી કૃત 'સૂર્યનું સેવન' નિબંધ કૃતિનું રસપાન કરીએ.

## 30.2 હેતુઓ

આ નિબંધનો અભ્યાસ કરી તમે નીચે મુજબ કરી શકશો :

- લલિત નિબંધના સ્વરૂપ વિશે જાણકારી મેળવો.
- નિબંધમાં શિયાળાની ઋતુમાં પ્રગટતી સૂર્યનાં વિવિધ રૂપની લીલાને વર્ણવી શકો.
- નિબંધમાં આવતા કઠિન શબ્દાર્થ જાણી વાક્યમાં પ્રયોગ કરી શકો.
- સૂર્ય વિશે લેખકે આપેલાં વાક્યોની યાદી બનાવી શકો.
- પ્રકૃતિનાં તત્ત્વો અને માનવીના ભાવોનો ભેદ સ્પષ્ટ કરી શકો.
- લેખકની ભાષાશૈલી પર નોંધ તૈયાર કરી શકો.

## 30.3 પ્રવૃત્તિ

નીચે આપેલું ચિત્ર ધ્યાનથી જુઓ :



- સૂર્યોદય સમયનું દશ્ય
- આકાશમાં સૂર્ય ઊગી રહ્યો હોય
- ઘરની બારીમાં કોઈ વ્યક્તિ સૂર્યની હૂંફ મેળવતી હોય
- પક્ષીઓ ઊડા-ઊડ કરતાં હોય
- આસપાસ વૃક્ષો હોય

હવે નીચે આપેલા પ્રશ્નોના ઉત્તર લખો :

(1) ઉપરના ચિત્રમાં કયા સમયનું દશ્ય જોવા મળે છે ?

..........................................................

(2) ઉપરના ચિત્રમાં કુદરતનાં કયાં કયાં તત્ત્વો જોવા મળે છે ?

..........................................................

..........................................................

(3) ઘરમાં બારી પાસે રહેલ વ્યક્તિ શું કરી રહી છે ?

..........................................................

ખરી વાત છે, તમે ચિત્ર વિશે બરાબર માહિતી આપી. સૂર્યોદય સમયનું દશ્ય; સૂર્ય, પક્ષીઓ, વૃક્ષો વગેરે કુદરતી તત્ત્વો તથા ઘરમાં બારી પાસે ઊભા રહી સૂર્યની ગરમીની હૂંફ મેળવતી વ્યક્તિ.

## 30.4 મૂળ પાઠ

## સૂર્યનું સેવન

### એકમ : 1

હવે સૂર્ય સ્પૃહણીય બનતો જાય છે. એની સાથે દૃષ્ટોદૃષ્ટ મેળવી શકાતી નથી, છતાં એને માથા પર રાખીને ય ચાલી શકાય છે. ઘરમાં એને બધાં બારી-બારણાંમાંથી આવકાર મળે છે. એટલું જ નહીં, જ્યાં સૂર્યનો અણસાર વરતાય ત્યાં જઈને બેસવાનું મન થાય છે. સવારે આછા ધુમ્મસ વચ્ચેથી ઝંખાતી સૂર્યના ઈંગિતરૂપ અરુણાઈ જોઈને હર્ષથી પુલકિત થઈ જવાય છે.

સામેના શિરીષનાં સંધ્યા સમયે બિડાઈ ગયેલાં પાંદડાં સવાર થઈ ચૂક્યા પછી, સૂર્ય ઊગી ગયા પછી પણ તરત ઊઘડતાં નથી. શિયાળામાં એની નિદ્રા લાંબી ચાલે છે. એ શિરીષ શાં સ્વપ્નો જોતું હશે? એની ડાળ પર કેટલીક વાર નાનાશા સક્કરખોરને જોઉં છું. પ્રકૃતિનો એ નાનો સરખો મધુર ઉદ્ગાર લાગે છે. આકડાના નાના સરખા છોડ પર એ પોતાનો ભાર લાદ્યા વિના બેસે છે. કુંવારની પર હમણાં કેસરી રંગનાં ફૂલ બેઠાં છે. એ ફૂલનું મધ આ સક્કરખોર ચૂસવા આવે છે.

મોટાં વૃક્ષો વહેલી સવારે યોગીની જેમ પોતાની જાતને પોતાનામાં જ સંગોપીને અંતર્મુખ બનીને ઊભાં હોય છે. પરકીયાના આકસ્મિક સ્પર્શના જેવો પવન એકાએક આપણને ચોંકાવી દે છે. એનાથી બચીને ચાલવાનું મન થાય છે.

ઉગમણી બારી આગળથી પ્રભાત વેળાએ ખસવાનું મન થતું નથી. હુદહુદ બહુ વહેલું આવી ગયું હોય છે. કાબરબાઈ પણ ભારે ઉજમાળાં છે. આ સિવાય કિશોરો અને યુવાનોની દોડાદોડ પણ શરૂ થઈ ચૂકી હોય છે. ઘરમાં તો બધાં રજાઈની હૂંફ છોડીને એકદમ બેઠાં થઈ જતાં નથી. પણ વિદ્યાર્થીઓને સુખ ક્યાંથી? એમને તો વાંચવા ઊઠવું જ પડે છે!

એકમ 1
સ્પૃહણીય - સ્પૃહા કરવા યોગ્ય, ઇચ્છા કરવા યોગ્ય
દૃષ્ટોદૃષ્ટ - નજર સામે નજર મેળવવી
ઈંગિતરૂપ - સંકેત રૂપ, એંધાણીરૂપ
અરુણાઈ - લાલાશ
શિરીષ - વૃક્ષ (ઝાડ)નું નામ
સક્કરખોર - નાજુક પક્ષીનું નામ
કુંવારની - છોડનું નામ
સંગોપીને - ગુપ્ત રાખીને, સંતાડીને
પરકીયા - પારકાની સ્ત્રી
હુદહુદ - પક્ષીનું નામ

### એકમ 2

ધીમે ધીમે રસોડામાં સંચાર થતો સંભળાય છે, પ્યાલા-રકાબીનો ખખડાટ સંભળાય છે. સોનાની લગડી જેવા અંગારાથી ભરેલી સગડી પાસે બેસવાનું મન થાય છે. પણ અનેક કરવાનાં કામની યાદી આંખ સામે તરવરી રહે છે. માટે હૂંફની માયા છોડીને ઊભા થઈ જવું પડે છે. નિષ્કામ કે અકર્મણ્ય થવાની આપણને તો છૂટ નથી. કર્મ કરતો છતાં નિષ્કામ જે રહે તે એવું ગીતાવાક્ય યાદ આવે છે, પણ એનાથી આપણે કેટલા દૂર!

ભીરુ, સંકોચશીલ હૃદયને અવારિત કરીને સૂર્ય સમક્ષ ખુલ્લું મૂકી દેવાના આ દિવસો છે. કોઈ કવિએ કહ્યું કે મૂરખ પવન આંધળો તો છે જ, પણ એની સ્પર્શશક્તિ પર સુદ્ધાં વિશ્વાસ બેસતો નથી. જો એનામાં સ્પર્શથી બધું ઓળખવાની શક્તિ હોત તો મારા ઘાને એ ઓળખી શક્તો ન હોત? આ સૂર્યચન્દ્રનું પણ એવું જ છે. એ બંને આંધળાંની આંખો જેવા છે. બધું અજવાળે છે, પણ પ્રેમ મા . 'ીઠ ફેરવી દેનારની ઉદાસીનતાને એ અજવાળતાં

એકમ 2
નિષ્કામ - કામરહિત
અકર્મણ્ય - કામ ન કરવું તે
(બંને શબ્દો શ્રીમદ્ ભગવદ્ ગીતાના છે)

નથી. પણ એ કવિને કોણ સમજાવે કે માનવી પ્રકૃતિનું કેન્દ્ર નથી. આપણા સુખદુઃખ સાથે પ્રકૃતિને કશો સમ્બન્ધ નથી. માનવી જ એક પ્રેમઘેલો છે. એનું હૃદય પથ્થર પર પણ પોતાના સ્નેહને અંકિત કરવા મથે છે.

કોઈક વાર આજુબાજુનું બધું જ જાણે સહ્યું જતું નથી, સમુદ્ર એટલો તો ઊંડો કે એમાં ક્યાંય મારું સ્થાન દેખાતું નથી. શહેર એવું તો અટપટું ને ગૂંચવાયેલું ભાસે છે કે એની વચ્ચે ક્યાંય ઊભા રહી શકાતું નથી. ગામડું એટલું તો સ્થિર અને સ્થગિત લાગે છે કે આપણી બધી ચંચળતાને વારી લઈને ત્યાં રહી શકાતું નથી. કોઈકવાર અસ્તિત્વની આ સુરક્ષિતતા, એની સંકીર્ણતા, એની સીમા એ બધાંને ઉલ્લંઘી જઈને આપણે જ આકાશ, જળ, ભૂમિ બધું બની જઈએ છીએ. આપણા જીવનમાં પરસ્પર વિરુદ્ધ એવી આ અસીમતા અને સંકીર્ણતાના તાણાવાણા વણાયેલા છે. તેથી જ ઈશ્વર કરતાં માનવીનું જીવન ભારે અટપટું છે. ખૂબ જ અસહ્ય છે.

પ્રભાતના સૂર્યની ઉષ્મા પામીને હૃદય સૂરજમુખીની જેમ ખીલી ઊઠે છે ત્યારે ય વીતી ગયેલી રાતનું એકાદ આંસુ એની ઉઘાડી રહેલી પાંખડી પર ઝિલાયેલું તો હોય જ છે. પછી સૂર્ય એને વિખેરી નાખે ખરો, પણ તે પહેલાં એ આખા ય સૂર્યને પોતાની ભંગુર સીમાઓ વચ્ચે પૂરી દે છે ખરું ! આંસુ તથા સૂર્યને સહોદરની જેમ ઉછેરવા જેટલું શક્તિશાળી આપણું હૃદય હોવું જોઈએ.

હવે સૂર્ય ઉત્તરનો થયો. ભીષ્મ પિતામહની બાણશય્યાની યાતના હવે પૂરી થશે. શુભઅશુભનાં મુહૂર્તો સાથે આપણે સૂર્યચન્દ્ર ગ્રહોને સંડોવ્યા છે. એ રીતે એ આપણાં સુખદુઃખમાં કશોક ભાગ ભજવે છે. પણ ઘણે ભાગે તો ગ્રહોની દુષ્ટતાને જ આપણે સંભારીએ છીએ. એ આપણને પકડે છે એની દુષ્ટતાની પકડમાં. એમાંથી છુટકારો મેળવવા માટે વ્રત. એ જે હોય તે, અત્યારે તો રસોડામાં થતી તલસાંકળીની વાસ ઘ્રાણેન્દ્રિયને તૃપ્ત કરે છે. ગુપ્તદાનનો મહિમા સંક્રાંતિને દિવસે છે. બાળપણમાં મગના બનાવેલા લાડુની અંદર ચાર આની મૂકી દેતા તે ખાતી વખતે દાંત સાથે ટકરાતી તે યાદ આવે છે.

અવારિત - વારી ન શકાય તેવું (અહીં) ખુલ્લું કરીને, ઉદ્‌ઘાટિત કરીને
ઉદાસીનતા - ઉદાસપણાને, તટસ્થતાને, બેફિકરાઈને
સ્થગિત - થંભી ગયેલું
સંકીર્ણતા - વ્યાપકતા, મિશ્રણવાળું
સૂરજમુખી - ફૂલનું નામ. સૂર્યના ઉદયે ખીલે, સૂર્યાસ્ત થતા તે બીડાઈ જાય
સહોદર - એક માને પેટે જન્મેલાં
ભીષ્મ પિતામહ – 'મહાભારત' માં આવતું એક મહત્ત્વનું પૂજનીય પાત્ર, કૌરવો અને પાંડવોના દાદા
ઘ્રાણેન્દ્રિય - વાસ લેવાની ઇન્દ્રિય એટલે નાક

## એકમ 3

શબ્દના અન્તરાય વિના જેમ પ્રકૃતિના હાર્દ સુધી પહોંચી શકાય છે તેમ જો માનવીના હૃદય સુધી પહોંચી શકાતું હોય તો ? માનવીનું હૃદય માનવીની આંખોમાં આવીને વસે છે એવું કહેવાય છે, પણ મને એ પૂરું સાચું નથી લાગતું. આંખ પણ કેવી છેતરામણી હોય છે ! શબ્દોની પણ જાળ બની રહે છે. કેટલાકને એવી જાળ ગૂંથવામાં જ મજા આવે છે. છતાં આપણે શબ્દો પર જ ખૂબ આધાર રાખવાનો રહે છે. જે દૂર હોય તેનો શબ્દો સિવાય શેના વડે પહોંચી શકાય ? પણ શબ્દ જ દીવાલ ઊભી કરે અને તેને ઠેકી જવાનું ઘણી વાર અશક્ય બને. આથી જે શબ્દો વડે પારદર્શકતા સર્જે તે કવિ મોટો. શબ્દ અને તેના વડે વ્યંજિત થતો ભાવ કે પદાર્થ - આ બે વચ્ચેનો અવકાશ જે વિશાળ રાખી શકે તે કવિ મોટો. પણ સૌથી વિશેષ ભય પણ અવકાશનો જ લાગે છે. આથી એ અવકાશને શબ્દોથી ભરી દેવા માગે છે. આકાશ પણ જો તારા ગ્રહનક્ષત્ર વિનાનું હોય તો કેવું ભયંકર લાગતું હોત ! પણ કેવળ ભયથી જ તો વિશ્વ ચાલતું નથી. આથી જેને પામીએ તેને હ્રસ્વ કે સંકુચિત કરીને નહીં, પણ એની વિશાળતાના ગૌરવને અંખડિત રાખીને પામીએ તો જ સારું. પણ આપણું ગૌરવ

એકમ 3
પારદર્શક - જેની આરપાર જોઈ શકાય એવું
તદ્રુપતા - તેના જેવું થવું તે
સાર્ત્ર - તત્ત્વચિંતકનું નામ
આતપધારા - તાપનું પડવું તે
આતપ - તાપ
પ્રાશન - ખાવું, આરોગવું

જાળવવાની જ જો દરેક પળે ચિંતા કર્યા કરવી પડતી હોય તો એ ગૌરવનો ભાર જ આપણે વહોરવાનો રહે. જૂઈની નાજુક કળીનું ગૌરવ સૂર્ય જાળવે છે. એની ભયંકર ગરમીને એ જૂઈની કળી આગળ સાવ કૂણી બનાવી દે છે. આથી જ માનવીને પણ ઇતર સાથેના સમ્બન્ધમાં તદ્રુપતા કેળવવાનું આવડવું જોઈએ. નહીં તો સાર્ત્રે કહ્યું તેમ ઇતર તે જ આપણું નરક બની રહે.

અત્યારે તો સૂર્ય સુખથી સેવવા જેવો લાગે છે. આ લખી રહ્યો છું ત્યારે શિરીષનાં પાંદડાં ખૂબ ખૂલી ચૂક્યાં છે, અને સૂર્યની આતપધારા એ પ્રાશન કરી રહ્યાં છે. એથી આવતી કાલના ફૂલની આશા બંધાય છે.

## પાઠ્ય પ્રશ્નો

1. લેખકે આ નિબંધમાં કઈ ઋતુની તથા કયા સમયની ચર્ચા કરી છે ?

2. 'સૂર્યનું સેવન' નિબંધમાં લેખકે પ્રકૃતિનાં કયાં કયાં તત્ત્વોની વાત વર્ણવી છે ?

## 30.6 સમજૂતી : એકમ 1

આ પ્રથમ એકમમાં નિબંધકારે શિયાળાના પરોઢની, સૂર્યોદયની અને પંખીસૃષ્ટિની વાત કરી છે. તેની સાથે માનવજગતને પણ સાંકળી લીધું છે. શિયાળાનો સમય છે એટલે રાત્રી લાંબી હોય, દિવસ ટૂંકા હોય. પરોઢિયાનો અને પ્રભાતનો સૂર્ય આહ્લાદક લાગે. નાયક કહે છે કે હૂંફાળા સૂર્યનાં કિરણોમાં બેસવાનું તેમને ખૂબ ગમે છે.

(ગઈકાલે), સૂર્યાસ્ત થયા પછી, એટલે કે સંધ્યાકાળે શિરીષનાં પાંદડાં બિડાઈ ગયેલાં. શિયાળાની રાત્રી લાંબી એટલે સજીવારોપણ અલંકારનો ઉપયોગ કરી લેખક કહે છે કે તેની નિદ્રા ખૂબ લાંબી ચાલી. હવે તો નાનાંમોટાં રંગબેરંગી પક્ષીઓએ પોતાનું મનગમતું આસન શોધી લીધું છે. નાનકડો, પ્રકૃતિના મધુર ઉદ્ગાર સમો, નાજુક સક્કરખોર પણ ગોઠવાઈ ગયો છે.

વૃક્ષો પણ શાંત રીતે સ્વસ્થતાથી ઊભાં છે. નિબંધકારે તેમની આ મુદ્રાને (સ્થિતિને) અંતર્મુખ થયેલા ધ્યાનસ્થ યોગીની સાથે સરખાવી છે. (ઉપમા) અચાનક પવન ફૂંકાય છે. આપણે ચોંકી ઊઠીએ છીએ. પવનના આ અણધાર્યા આકસ્મિક સ્પર્શને કોઈ પરકીયા (પારકી સ્ત્રી)ના સ્પર્શ સાથે સરખાવ્યો છે. સૂર્યનાં કિરણો જે બારીમાંથી પ્રવેશ પામી રહ્યાં છે એ ઉગમણી બારીમાંથી નાયકને ખસવાનું મન થતું નથી. હવે તો અન્ય પક્ષી મહાશયો હુદહુદ, કાબર પણ આવી ગયા. (કાબર તેની ચીસાચીસ માટે જાણીતી. આમ તેના આગમને પ્રભાત પ્રસ્થાપિત થઈ ગયું.) શિયાળાની ઠંડીમાં રજાઈ નીચેથી કોઈને ઊઠવાનું મન થતું નથી. પણ સવારે બાળકો, વિદ્યાર્થીઓમાં - યુવાનોમાં દોડાદોડ શરૂ થાય છે. વિદ્યાર્થીઓ માટે તો આ જ સોનેરી સમય વાંચવા માટે.

## પાઠ્ય પ્રશ્નો

(1) નિબંધકારે આરંભમાં કોના-કોના વિશે વાત કરી છે ?

(2) કોની સામે આંખ મેળવી શકાતી નથી ?

(3) આપણે ક્યારે હર્ષથી પુલકિત થઈ જઈએ છીએ ?

(4) નિબંધકારે શિરીષની નિદ્રાને કેવી વર્ણવી છે ?

(5) સક્કરખોરના ઉદ્ગારને શેની સાથે સરખાવવામાં આવ્યો છે ?

(6) કેસરી રંગનાં ફૂલ ક્યાં જોવા મળે છે ? તેની પાસે કોણ, શા માટે આવે છે ?

(7) વૃક્ષોને કોની ઉપમા આપવામાં આવી છે ?

(8) પવનના આકસ્મિક સ્પર્શને શેની સાથે સરખાવવામાં આવ્યો છે ?

(9) નાયકને ક્યાં બેસી રહેવાનું મન થાય છે ?

(10) રજાઈની હૂંફનું સુખ કોને છોડવું પડે છે ? શા માટે ?

## 30.6 સમજૂતી : એકમ 2

આ દ્વિતીય એકમમાં નિબંધકારે પ્રકૃતિના (સૂર્યોદય વગેરે) સંદર્ભો સાથે પોતાની અંગત ઊર્મિના તેમ જ માનવજીવનના પ્રશ્નોને સાંકળી લીધા છે. હવે અહીંથી મનુષ્યજીવનના સંદર્ભો પ્રગટપણે વ્યક્ત થાય છે.

નાયકને કશું જ ન કરવાની અને માત્ર સગડીના તાપે તાપ્યા કરવાની, બેસી રહેવાની ઇચ્છા થાય છે. પણ દિવસભર જે કામો કરવાનાં છે તેની લાંબીલચક યાદી જોતાં 'કામ નહીં કરવાનો' ગીતાસંદર્ભ કામ લાગે તેવો નથી. નિબંધકારે 'સોનાની લગડી જેવા અંગારાથી ભરેલી સગડી' કહી. આમ તો 'અંગારો' દાહદાયક (પીડાદાયક), પણ અત્રે શિયાળાની સવારે તો શાતિદાયક લાગે છે. સોનાની લગડી દ્વારા અંગારો (1) કેટલો મૂલ્યવાન છે અને (2) સોનાને જેટલું તપાઈએ તેટલું તેનું શ્રેષ્ઠત્વ બહાર આવે– બંને સંદર્ભો આ અલંકારમાં સરસ રીતે પ્રયોજાયા છે.

હવે આ સૂર્ય સમક્ષ કશું જ ગુહ્ય રાખવા જેવું નથી. જે છે તે પ્રગટ કરી દેવાનું છે. પણ પ્રકૃતિનાં તત્ત્વો આપણા માનવભાવોને સમજે ખરાં ? નાયકના હૃદયમાં જે ઊંડા જખ્મો, ઘા પડ્યા છે તે આ આધળો (સંવેદનહીન, બધિર) પવન સ્પર્શ દ્વારા પણ પામી શકે છે

ખરો ? તેવું જ સૂર્યચન્દ્ર વગેરે વિષે કહી શકાય. જ્યાં જાય ત્યાં પોતાના પ્રકાશ દ્વારા બધું અજવાળે, ઉજમાળે. પણ ભલા જેઓ સંવેદનહીન બની, તટસ્થતા ધારણ કરી, ભર્યાભાદર્યા પ્રેમ સામે પીઠ ફેરવે છે, તેઓને તો તું તેના પર પ્રકાશ પાડી ખુલ્લાં કર. નિબંધકારનું ચિંતન આગળ ચાલે છે. પણ પ્રકૃતિ તો પોતાનામાં જ મસ્ત, વ્યસ્ત; પ્રકૃતિને માનવોના સુખદુઃખોની શી પડી હોય ?

નાયકને સમુદ્ર, શહેર, ગામડું ક્યાંય ઠરીઠામ થવાનું ગમતું નથી. કારણ કે બધે જ વિરોધી તત્ત્વોનું મિશ્રણ, બધું જ ગૂંચવાયેલું અને અટપટું. નિબંધકાર આથી કહે છે કે ઈશ્વર કરતાં માનવીનું જીવન વધુ અસહ્ય, અટપટું છે.

પ્રભાતના પ્રથમ કિરણે હૃદય સૂરજમુખીની જેમ ખીલ્યું, પણ અતીતનાં દુઃખોની છાયા તો અસ્તિત્વમાં છે જ. આ ધન્યક્ષણે સુખદ દિવસના આરંભની સાથે પેલી દુઃખદ પળો ગૂંથાઈ જાય છે. (ઉદા. સૂરજમુખીનું) આપણું હૃદય પણ બંનેને - સુખઃ સૂર્ય; દુઃખ : આંસુ - ને ઝીલવા સક્ષમ હોવું જોઈએ.

સૂર્ય માથે ચઢી રહ્યો છે. નિબંધકાર આપણા વહેમીલા માનસની ટીકા કરતાં ગ્રહદશાની અને તેની માન્યતાની ઠેકડી ઉડાડે છે. રસોડામાં આવતી તલસાંકળીની વાસ તેમને આકર્ષે છે. મકરસંક્રાંતિ એટલે ગુપ્તદાનનો મહિમા, લાડુની અંદર ચાર આની મુકાતી..... વગેરે શૈશવના દિવસો યાદ કરે છે.

## પાઠ્ય પ્રશ્નો

(11) નાયકને ક્યાં બેસવાનું મન થાય છે ?

(12) ગીતાનો કયો સંદર્ભ નાયકને કામ લાગે તેવો નથી ? શા માટે ?

(13) પવનને કેવો કહ્યો છે ? શા માટે ?

(14) સૂર્યચન્દ્રને કોની સાથે સરખાવ્યા છે ?

(15) મનુષ્યહૃદયને નાયકે કેવું વર્ણવ્યું છે ?

(16) નાયકને માનવજીવન કેવું લાગે છે ?

(17) નાયકની દૃષ્ટિએ આપણું હૃદય કેવું હોવું જોઈએ ?

(18) ઉત્તરાયણના (સંક્રાંતિના) દિવસ સાથે નાયકને શું શું યાદ આવે છે ?

## 30.6 (ગ) સમજૂતી : એકમ 3

આ તૃતીય એકમમાં નિબંધકારે માનવીના હૃદય સુધી કેવી રીતે પહોંચી શકાય, તેની મથામણ વ્યક્ત કરી છે. માનવીની આંખો, સર્જકના શબ્દો પણ છેતરામણા હોઈ શકે. જેના શબ્દોમાં પારદર્શકતા તે જ મોટો કવિ. પ્રકૃતિમાંથી આ પારદર્શકતાનો ગુણ શીખવા જેવો છે. મનુષ્ય પ્રકૃતિ પાસે સહજતાથી પહોંચી શકે છે. પણ માનવીના હૃદય સુધી પહોંચવું હોય તો ? આંખ દ્વારા પહોંચાયં. પણ આંખમાં ય તેનું સાચું પ્રતિબિંબ ના પણ હોય. શબ્દો દ્વારા પહોંચાય. પણ શબ્દો સાચા ના પણ હોય, છેતરામણા પણ હોઈ શકે. શબ્દો પણ સાચા, આડંબરરહિત અને પૂર્ણ તથા પારદર્શક હોવા જોઈએ. મોટા કવિઓ જ આ કરી શકે છે. કારણ તેમના શબ્દોમાં સચ્ચાઈ છે. અનુભૂતિની સચ્ચાઈ છે. શબ્દો બે સ્તરના (1) અભિધા જે કહેવાયું હોય ત મુખ્ય અર્થ (2) વ્યંજના (કે લક્ષણા) એ શબ્દ દ્વારા જે ભાવ વ્યંજિત કરવામાં આવ્યાં હોય તે. સમર્થ કવિ આ બે વચ્ચેનો અવકાશ ઉત્તમ રીતે સમૃદ્ધ કરી આપે છે - અવકાશને પણ સમૃદ્ધ કરવું જોઈએ. માનવીએ પ્રત્યેક પળે સામેની વ્યક્તિ નાની હોય કે મોટી, તેનું આત્મગૌરવ જળવાય તેવો વ્યવહાર કરવો જોઈએ. નિબંધકાર સૂર્ય અને જૂઈની કળીનું ઉદાહરણ આપતાં કહે છે કે સૂર્ય જૂઈની નાજુક કળીને સાચવવા, સંરક્ષવા તેની આગળ કેવો કૂણો બને છે ! પોતાની ગરમીથી તેને રંજાડતો નથી. તેમ માનવીએ પણ અન્ય સાથે સંબંધો જાળવવામાં દરેકનું આત્મગૌરવ સચવાય તેમ વર્તવું જોઈએ અને એવું પારદર્શી હૃદય કેળવવું જોઈએ કે સામાને આપણે 'ઇતર' ન લાગીએ, પોતાના જ લાગીએ. એવી તદ્રૂપતા કેળવવી જોઈએ.

નિબંધના અંતમાં પુનઃ નિબંધકાર સૂર્યની વર્તમાન સ્થિતિના વર્ણન પર આવે છે. સૂર્ય હવે ખીલી રહ્યો છે. શિરીષનાં પાંદડાં પણ ખૂબ ખીલી ચૂક્યાં છે. તે સૂર્યના તાપને પ્રેમથી આરોગી રહ્યા છે. આ કુદરતી ક્રમના કારણે કદાચ આવતીકાલે ત્યાં પુષ્પ પણ જોવા મળે.

### પાઠ્ય પ્રશ્નો

(19) માનવીની આંખને નાયકે કેવી કહી છે ?

(20) નાયકની દૃષ્ટિમાં મોટો કવિ કોણ છે ?

(21) વસ્તુ માત્રને કેવી રીતે પામવી જોઈએ ?

(22) સૂર્ય કોની પાસે નાજુક બની જાય છે ?

(23) સાર્ત્રના મતે મનુષ્યે કોની સાથે તદ્રુપતા કેળવવી જોઈએ ?

(24) અંતે નાયકને કઈ આશા બંધાય છે ?

## 30.6 (ઘ) પ્રવૃત્તિ : 1

નીચે આપેલા શબ્દોમાંથી પાઠમાં આવતા, કુદરતી તત્ત્વોનો અર્થ સ્પષ્ટ કરતા શબ્દો અલગ તારવી તેની યાદી કરો. મકાન, સૂર્ય , ધુમ્મસ, બારી-બારણાં, વૃક્ષ, પક્ષી, ફૂલ, રજાઈ, પવન, રસોડું, ચન્દ્ર, પથ્થર, સગડી, સમુદ્ર, પ્યાલા-રકાબી, આકાશ, જળ, ભૂમિ, બાણશય્યા, ગ્રહો, તલસાંકળી, લાડુ, નક્ષત્ર, દીવાલ, જાળ, કળી.

| | | | |
|---|---|---|---|
| 1. ......... | 2. ......... | 3. ......... | 4. ......... |
| 5. ......... | 6. ......... | 7. ......... | 8. ......... |
| 9. ......... | 10. ......... | 11. ......... | 12. ......... |
| 13. ......... | 14. ......... | 15. ......... | 16. ......... |

## પ્રવૃત્તિ : 2

કૌંસમાં આપેલા શબ્દોમાંથી ગમે તે એક શબ્દ પસંદ કરી, નીચેનાં વાક્યોમાંની ખાલી જગ્યા પૂરી, વાક્ય ફરીથી લખો.

(1) સૂર્યની.......જોઈને હર્ષથી પુલકિત થઈ જવાય છે. (ગુલાબી, લાલાશ)

(2) શિરીષનાં પાંદડાં.......સમયે બિડાઈ જાય છે. (સંધ્યા, ઉષા)

(3) મોટાં વૃક્ષો વહેલી સવારે યોગીની જેમ.......બનીને ઊભાં હોય છે. (બહિર્મુખ, અંતર્મુખ)

(4) મનુષ્યે.......ભક્તિ કરવી જોઈએ. (નિષ્કામ, સકામ)

(5) ઈશ્વર કરતાં માનવીનું જીવન ખૂબ જ......છે. (સહ્ય, અસહ્ય)

(6) .......ની પકડમાંથી છુટકારો મેળવવા આપણે વ્રત-ઉપાસના કરીએ છીએ. (ગ્રહો, ગૃહો)

(7) .......દાનનો મહિમા એટલે સંક્રાંતિનો દિવસ (પ્રગટ, ગુપ્ત)

(8) કેટલાકને શબ્દોની......ગૂંથવામાં જ મજા આવે છે. (જાળ, જળ)

(9) જૂઈની નાજુક કળીનું......સૂર્ય જાળવે છે. (ગર્વ, ગૌરવ)

(10) મનુષ્યે વસ્તુમાત્રની.......ના ભાવને અખંડિત રાખવો જોઈએ. (વિશાળતા, સંકુચિતતા)

## પ્રવૃત્તિ : 3

સૂર્ય વિશે લેખકે આપેલાં વાક્યોની યાદી કરો.

(1)
(2)
(3)
(4)
(5)
(6)
(7)

## પ્રવૃત્તિ : 4

નીચે (ક) વિભાગમાંના શબ્દોને (ખ) વિભાગના તેમના વિશેષ ભાવ સાથે યોગ્ય રીતે જોડો :

| (ક) | (ખ) |
|---|---|
| (1) સક્કરખોર | (1) પરકીયાનો આકસ્મિક સ્પર્શ |
| (2) કુંવારની | (2) પૂર્વ દિશા |
| (3) પવન | (3) પ્રકૃતિનો મધુર ઉદ્‌ગાર |
| (4) ઉત્તરાયણ | (4) આંધળાની આંખો |
| (5) સૂર્યચન્દ્ર | (5) કેસરી રંગનાં ફૂલ |
| | (6) ભીષ્મ પિતામહની બાણશય્યાની યાતનાના અંતનો દિવસ |

## 30.7 (ક) સાહિત્યસ્વરૂપ (લલિત નિબંધ)

લલિત નિબંધમાં લેખકની સંવેદના, ચિંતન અને કલ્પનાશીલતા મુખ્યત્વે જોવા મળે છે. આ પ્રકારના નિબંધો લેખકનાં પોતાનાં અંગત સંવેદન અને વ્યક્તિત્વથી રંગાયેલા હોય છે. નિબંધકાર પોતાની આસપાસ જે સૃષ્ટિને નિહાળતો હોય છે તેને પોતાની અંગત રુચિ અને દૃષ્ટિકોણથી જુદા જુદા અલંકારો, પ્રતીકો, કલ્પનો દ્વારા અભિવ્યક્ત કરતો હોય છે. કલ્પનાનું લાલિત્ય, ભાવનિરુપણની વેધકતા અને રમણીય-મનોહર ગદ્યશૈલી આ પ્રકારના નિબંધો ચિત્તાકર્ષક બની રહે છે.

'સૂર્યનું સેવન' એ લલિત પ્રકારનો સર્જનાત્મક નિબંધ છે. પ્રસ્તુત નિબંધમાં લેખકે પ્રકૃતિના (સૂર્યોદય વગેરે) સંદર્ભો સાથે પોતાની અંગત ઊર્મિના તેમ જ માનવજીવનના પ્રશ્નોને સાંકળી લીધા છે. શિયાળાનું પરોઢ, સૂર્યની ભિન્ન ભિન્ન લીલાઓ તથા પંખી-સૃષ્ટિનું અદ્‌ભુત વર્ણન આ નિબંધમાં આપણને માણવા મળે છે.

## 30.7 (ખ) લેખક પરિચય

સુરેશ હરિપ્રસાદ જોશી (જન્મ ઈ.સ. 1921-મૃત્યુ ઈ.સ. 1986) કવિ વાર્તાકાર, નવલકથાકાર, નિબંધકાર, સંપાદક, અનુવાદક. તેમનો જન્મ બારડોલી તાલુકાના વાલોડ ગામમાં થયો હતો. એમ. એસ . યુનિવર્સિટીમા ગુજરાતી વિષયના અધ્યાપક અને વિભાગીય વડા હતા. પ્રમુખ પ્રયોગશીલ સર્જક, 'ક્ષિતિજ', 'ઉહામોહ', 'એતદ્' વગેરે સામયિકોના તંત્રી. 'ગૃહપ્રવેશ', 'બીજી થોડીક', 'અપિચ', 'ન તત્તર સૂર્યો ભાતિ', 'એકદા નૈમિષારણ્યે' વગેરે તેમના વાર્તાસંગ્રહો છે. 'છિન્ન પત્ર' અને 'મરણોત્તર' તેમની પ્રયોગાત્મક નવલકથાઓ છે. 'ઉપજાતિ', 'પ્રત્યંચા', 'ઇતરા', 'તથાપિ' વગેરે તેમના કાવ્યસંગ્રહો છે. 'કિંચિત્', 'કથોપકથન', 'અરણ્યરુદન', 'ચિન્તયામિ મનસા', 'અષ્ટમોધ્યાય' વગેરે તેમના લાક્ષણિક વિવેચન સંગ્રહો છે. 'જનાન્તિકે', 'ઇદમ્ સર્વમ્', 'અહો બત્ કિમ્ આશ્ચર્યમ્' અને 'ઇતિ મે મતિ' વગેરે એમના લલિત નિબંધોના સંગ્રહો છે.

## 30.8 તમે શું શીખ્યા

- લલિત નિબંધના સ્વરૂપ વિશે જાણકારી મેળવી.
- શિયાળાની ઋતુમાં પ્રગટતી સૂર્યના વિવિધ રૂપની લીલાનું વર્ણન કરી શક્યા.
- કઠિન શબ્દોના અર્થ જાણી, તેનો વાક્યમાં પ્રયોગ કર્યો.
- સૂર્ય વિશે લેખકે આપેલાં વાક્યોની યાદી બનાવી.
- પ્રકૃતિનાં તત્ત્વો અને માનવીના ભાવોનો ભેદ તારવી શક્યા.
- લેખકની ભાષાશૈલીથી માહિતગાર થયા.

## 30.9 વિશેષ પ્રવૃત્તિ :

- શિયાળાની સવાર/ હેમંતનું પરોઢ/ પ્રભાતનું પ્રાકૃતિક સૌંદર્ય/ શિયાળો : સૌનો પ્યારો..... જેવા વિષય પર નિબંધ લખો .
- સુરેશ જોશીના 'જનાન્તિકે' કે 'ઇદમ્ સર્વમ્' નિબંધસંગ્રહ મેળવી. લલિત નિબંધ રચનાથી પરિચિત થાઓ.

## 30.10 સ્વાધ્યાય

(1) પાઠના આધારે શિયાળાની સવારનું વર્ણન કરો.

(2) પ્રકૃતિના સંદર્ભો સાથે સાંકળવામાં આવેલા માનવજીવનના પ્રશ્નો અંગેનું નિબંધકારનું ચિંતન સ્પષ્ટ કરો.

(3) નિબંધના આધારે ઉત્તરાયણ (સંક્રાંતિ)નું વર્ણન કરો.

(4) સૂર્ય અને જૂઈની કળીના ઉદાહરણ દ્વારા લેખક શું સમજાવે છે ?

## પાઠ્ય પ્રશ્નોના જવાબો

(1) શિયાળાના પરોઢની, સૂર્યોદયની અને પંખી સૃષ્ટિની

(2) સૂર્ય સામે

(3) સવારે આછા ધુમ્મસ વચ્ચેથી દેખાતી સૂર્યની લાલાશ જોઈને.

(4) શિયાળાની લાંબી રાત્રી જેવી

(5) પ્રકૃતિના નાના સરખા મધુર ઉદ્ગાર સાથે

(6) કુંવારની પર. તેની પાસે સક્કરખોર તેનું મધ ચૂસવા આવે છે.

(7) અંતર્મુખ બનેલા યોગીની

(8) પરકીયાના સ્પર્શ સાથે

(9) ઉગમણી બારીમાં (પૂર્વ દિશામાં)

(10) વિદ્યાર્થીઓએ. કારણ કે વાંચવા ઊઠવું પડે છે.

(11) અંગારાથી ભરેલી સગડી પાસે.

(12) નિષ્કામ કર્મનો. દિવસભર જે કામો કરવાનાં છે તેની લાંબીલચક યાદી જોતાં.

(13) મૂરખ અને આંધળો. કારણ કે તે નાયકના હૃદયમાં પડેલા ઊંડા જખ્મોને સ્પર્શ દ્વારા પામી શકતો નથી.

(14) આંધળાની આંખો સાથે.

(15) પથ્થર પર પણ પોતાના સ્નેહને અંકિત કરતું.

(16) અસહ્ય, અટપટું.

(17) સુખ : સૂર્ય; દુઃખ : આંસુને ઝીલવા સક્ષમ હોવું જોઈએ.

(18) તલસાંકળીની વાસ, ગુમદાનનો મહિમા, મગના લાડુ વગેરે

(19) છેતરામણી

(20) જે શબ્દો વડે પારદર્શકતા સર્જી શકે તથા શબ્દ અને તેના વડે વ્યંજિત થતો ભાવ કે પદાર્થ - આ બે વચ્ચેનો અવકાશ જે વિશાળ રાખી શકે તે કવિ મોટો.

(21) તેની વિશાળતાના ગૌરવને અખંડિત રાખીને.

(22) જૂઈની નાજુક કળી પાસે.

(23) ઇતર સાથેના સંબંધમાં

(24) શિરીષ પર ફૂલ ખીલવાની આશા.

# 31
# સારલેખન

## 31.1 પ્રાસ્તાવિક

ભાષાનું કાર્ય અદ્‌ભુત છે. ક્યારેક નાનકડી વાતને લંબાવીને વિસ્તારથી કહી શકાય છે તો ક્યારેક લાંબી વાતને ટૂંકાવીને સંક્ષેપમાં કહેવામાં આવે છે. જેમ વિસ્તારીને લખવું એ કળા છે તેમ ઓછા શબ્દોમાં વાત લખવાની પણ એક કળા છે. સિનેમા જોયા પછી ત્રણ કલાકની વાર્તા આપણે દસ મિનિટમાં કહી શકીએ છીએ, તેવી જ રીતે લાંબા લખાણને ટૂંકાવીને રજૂ કરી શકાય છે. સંક્ષેપમાં લખવાની અભિવ્યક્તિને સારલેખન કહેવામાં આવે છે . આવો, આપણે આ પાઠમાં સારલેખન શીખીએ.

## 31.2 હેતુઓ

આ એકમના અભ્યાસ પછી તમે આટલું કરી શકશો :

- સાર નો અર્થ અને તેની ઉપયોગિતા સમજી શકશો.
- સાર અને વિચાર-વિસ્તાર વચ્ચેનો તફાવત સ્પષ્ટ કરી શકશો.
- સારલેખન કરી શકશો.
- મૂળવિચારની લેખિત અભિવ્યક્તિ સંક્ષેપમાં અને મૌલિક રીતે કરી શકશો.
- સારનું મહત્ત્વ સમજી શકશો.

## 31.3. સારનો અર્થ અને ઉપયોગિતા

### અર્થ

કોઈ લેખિત વ્યાખ્યાન કે લેખને તેના મુખ્યભાવ જાળવીને ટૂંકાણમાં લખીએ તે સારલેખન છે. એને સંક્ષેપ લેખન પણ કહેવામાં આવે છે. વિશેષતઃ ગદ્ય સ્વરૂપોમાં સારલેખન શક્ય બને છે.

### ઉપયોગિતા

આપણે જાણીએ છીએ કે આજનો યુગ ઝડપનો છે. પ્રત્યેક વ્યક્તિ પોતાનું કામ જલદીથી કરવા ઇચ્છે છે અને એટલે જ ઓછા સમયમાં ઘણું જાણવાની ઉત્સુકતા રહે છે. ગામડામાં લોકો સારો લાંબો રસ્તો છોડીને ખેતરો વચ્ચેથી પસાર થતી નાની પગદંડી બનાવે છે જેથી સમયનો બચાવ થાય અને વધારે અંતર કાપી શકાય. સારલેખન દ્વારા સંક્ષેપમાં મૂળ ભાવાર્થ પમાય છે.

કાર્યાલયોમાં કેટલીક મોટી ફાઈલોનો સાર વાંચીને અધિકારી સંપૂર્ણ હકીકત સમજી જાય છે અને ઝડપથી નિર્ણય લઈ શકે છે. કેટલાક વાચકો પુસ્તકનો સાર વાંચ્યા પછી સમગ્ર કૃતિ વાંચવા યોગ્ય છે કે નહિ તે નક્કી કરે છે. જો પોતાના રસનું વાંચન એ પુસ્તકમાં ન હોય તો એને વાંચવાનો શ્રમ અને સમય બચાવે છે.

આમ, સારલેખન દ્વારા શ્રમ, સમય અને શક્તિના બચાવની સાથે સાથે લાંબાં લખાણોનો કેન્દ્રવર્તી વિચાર, થોડાં વાક્યોમાં રજૂ કરવાની ક્ષમતા કેળવી શકાય છે.

## 31.4. પ્રવૃત્તિ

સારલેખનના મહત્ત્વ વિશે ઉપરના અભ્યાસને આધારે ત્રણ વાક્ય લખો.

..........................................................

..........................................................

..........................................................

## 31.5 સારલેખન અને વિચાર-વિસ્તાર વચ્ચેનો તફાવત

આ મુદ્દો નીચેની આકૃતિઓ પરથી સમજી શકશો.




સારલેખનમાં લાંબું લખાણ ટૂંકું બને છે અને વિચાર-વિસ્તારમાં ટૂંકું લખાણ વિસ્તાર પામે છે. મૂળભાવને સમજવાની પ્રક્રિયા એ બન્નેમાં સમાન છે.

સારલેખનમાં જે મુદ્દા આપણે છોડીએ છીએ તેને વિચાર-વિસ્તારમાં અપનાવીએ છીએ. જેમકે સારલેખનમાં કહેવતો, મુહાવરા, ઉદાહરણો, અલંકારો વગેરેને છોડીને સંક્ષેપમાં લખવાનો પ્રયત્ન કરીએ છીએ. એ જ સામગ્રી વિચાર-વિસ્તાર અસરકારક બનાવવામાં મદદરૂપ બને છે. આમ, આ બંને એકબીજાથી તદ્દન ઊંધી પ્રક્રિયાઓ છે. બંનેમાં સમાનતા એ છે કે બંનેના ઉપયોગથી ભાષાવ્યવહાર કુશળતાપૂર્વક શીખી શકાય છે.

## 31.6 પ્રવૃત્તિ

સારલેખન અને વિચાર-વિસ્તાર વચ્ચેની બે અસમાનતાઓ દર્શાવો.

..........................................................

..........................................................

..........................................................

## 31.7 સારલેખનની પ્રક્રિયા

સાર લખતી વખતે નીચેના મુદ્દા ધ્યાનમાં રાખશો.

1. મૂળભાવ શોધી કાઢવો.
2. મૂળભાવને લગતા બીજા મુદ્દા શોધવા.

3. મૂળભાવ અને ગૌણભાવના મુદ્દાઓનો ક્રમ નક્કી કરવો.
4. બિનજરૂરી લખાણ છોડી દેવું.
5. ઓછામાં ઓછાં વાક્યોમાં સાર આપવો.

આવો, આપણે એક પછી એક મુદ્દા પર વિચાર કરીએ.

**(3) મૂળભાવ અને ગૌણભાવના મુદ્દાઓનો ક્રમ નક્કી કરવો.**

લેખક પોતાના લેખમાં અસરકારક અભિવ્યક્તિ કરવા અને મૂળભાવને સ્પષ્ટ કરવા માટે અનેક ઉદાહરણો આપીને વ્યાખ્યા રજૂ કરે છે. જરૂરિયાત લાગે તો એક જ વાતનું પુનરાવર્તન કરે છે. આ મૂળભાવને સમજવા માટે ફકરાને બે-ત્રણ વખત વાંચવો જોઈએ. મહત્ત્વના મુદ્દાને જાણ્યા પછી આપણે શોધવાનું છે કે લેખકે એની સ્પષ્ટતા માટે બીજી કઈ કઈ વિગતો ફકરામાં સમાવી છે. જેમકે -

(ક) વ્યાખ્યા
(ખ) ઉદાહરણ
(ગ) પુનરાવર્તન

આવો, એક ઉદાહરણ દ્વારા આપણે આ સમજવાનો પ્રયત્ન કરીએ.

સમયની મૂડી તો દરેક પાસે સરખી જ હોય છે. પણ તેને ખર્ચવામાં તફાવત હોય છે. એક વ્યક્તિ તેને કરકસરથી, યોજનાપૂર્વક, વ્યવસ્થિત રીત ખર્ચે છે; જ્યારે બીજી વ્યક્તિ તેને આડેધડ અને અવિચારીપણે વેડફી નાખે છે. પરિણામે એકને સંતોષ અને સફળતા મળે છે. બીજાને થાક અને નિષ્ફળતા. જે વ્યક્તિને પોતાનો સમય વાપરતાં આવડતું નથી, તેને કશું જ વાપરતાં આવડતું નથી. જો તમારી પાસે મર્યાદિત પ્રમાણમાં મૂડી હોય, તો તેમાં થતી બચત એ જ તમારી મિલકત ગણાય. સમયની બાબત પણ એવી જ છે. તેની બચત એ જ કમાણી છે. નવો સમય કોઈને મળી શકતો નથી. એટલે જે માનવ પોતાના સમયની વધુમાં વધુ બચત કરી શકે; તેની પાસે વધુમાં વધુ સમય જમા થઈ શકે અને જેની પાસે સમય જમા થાય તેની પાસે શક્તિ પણ જમા થાય. સમય અને શક્તિ ભેગાં થાય એ પછી શું ન કરી શકે? એ ધારે તે કરી શકે.

સૌ પ્રથમ આપણે ફકરાનો મૂળભાવ સમજવાનો પ્રયત્ન કરીએ. એ નીચે લખો.

.....................................................................................

.....................................................................................

ફકરાનો મૂળભાવ છે. સમયની કિંમત સમજવાની જરૂરિયાત.

આવી રીતે સમયને મિલકત ગણાવતા મુદ્દાઓ શોધીને ક્રમમાં લખી શકાય.

**(4) બિનજરૂરી લખાણ છોડી દેવું.**

ઉપરના ફકરામાં ક્યાં વાક્યો, વ્યાખ્યા, ઉદાહરણ અને પુનરાવર્તન દર્શાવે છે તે જોઈએ.

'સમયની મૂડી તો દરેક પાસે..... બીજી વ્યક્તિ તેને આડેધડ અને અવિચારીપણે વેડફી નાખે છે.' અહીં સુધી વ્યાખ્યા કરવામાં આવી છે કે સમય દરેકને સરખો મળે છે પણ એનો ઉપયોગ કરવાની રીત દરેકની જુદી છે.

બીજું, વાતની સ્પષ્ટતા માટે જેને આપણે સાચા અર્થમાં મિલકત કહીએ છીએ તેની વાત કરે છે. જો તમારી પાસે મર્યાદિત પ્રમાણમાં મૂડી હોય, તો તેમાં થતી બચત એ જ તમારી મિલકત ગણાય. સમયની બાબત પણ એવી જ છે. તમારી બચત એ જ કમાણી છે.

લેખકે સમયનું મહત્ત્વ સમજાવવા પુનરાવર્તન કર્યું છે. જેમકે 'જે માનવ પોતાના સમયની વધુમાં વધુ બચત કરી શકે, તેની પાસે વધુમાં વધુ સમય જમા થઈ શકે અને જેની પાસે સમય જમા થાય તેની પાસે શક્તિ પણ જમા થાય.' - આવા પુનરાવર્તન દર્શાવતા મુદ્દાઓ આપણે સારલેખનમાં છોડવા જોઈએ. રૂઢિપ્રયોગ, કહેવતો, મુહાવરા, અલંકારો વગેરેનો ઉપયોગ જો ફકરામાં થયો હોય અથવા ભાષાશૈલીના વિશિષ્ટ પ્રયોગો હોય તો તે સાર લેખનમાં ન લેવા.

વિવેકપૂર્વક જરૂરી મુદ્દા નોંધી લઈ બાકીના છોડવાના હોય છે. ધ્યાનમાં એ રાખવાનું છે કે સારલેખનમાં મૂળભાવ લેખકનો સાચવવાનો પરંતુ ભાષા આપણી પોતાની લખવાની.

બધા મુદ્દા સમજીને આપણે ઉપરના ફકરાનું સારલેખન કરીએ :

'સમયની મૂડી દરેક પાસે સરખી છે, જે એને આયોજનપૂર્વક, કરકસરતાથી ખર્ચી જાણે છે તે સંતોષ અને સફળતા પામે છે. સમયની બચત એ જ સાચી કમાણી છે.'

સારલેખન કર્યા પછી તપાસી લેવું કે કોઈ મહત્ત્વનો મુદ્દો છૂટી તો નથી ગયો ને ! કોઈ બિનજરૂરી વાત અંદર લખાઈ તો નથીને ! ઓછામાં ઓછા શબ્દોમાં ફકરાનો મધ્યવર્તી વિચાર 'સારલેખન' માં લખવો જોઈએ.

## 31.8 પ્રવૃત્તિ

(1) શું તમે બતાવી શકશો કે સાર લખતી વખતે આપણે કઈ વાતોનું ધ્યાન રાખ્યું?

..................................................................

..................................................................

..................................................................

..................................................................

(2) નીચેના ફકરાને ધ્યાનથી વાંચો.

એકાગ્રતાની શક્તિ જેમ વધુ ને વધુ કેળવાતી જશે, તેમ તેમ વધુ ને વધુ જ્ઞાનપ્રાપ્તિ થતી જશે. જ્ઞાનપ્રાપ્તિનો આ જ માત્ર ઉપાય છે. બૂટ પૉલિશવાળો પણ જેટલો વધારે એકાગ્ર થશે તેટલો તે જોડાને વધારે ચમકવાળા બનાવશે; એ જ રીતે એકાગ્રતાને લીધે રસોઈયો વધુ સારી રસોઈ બનાવશે. ધન મેળવવામાં; ઈશ્વરની આરાધના કરવામાં કે અન્ય કોઈ કાર્ય બજાવવામાં એકાગ્રતાની શક્તિ જેટલી વધારે તેટલું તે કાર્ય વધારે સારું થશે. માનવીની શક્તિઓને એકાગ્ર કર્યા સિવાય આ જગતમાંનું બધું જ્ઞાન ક્યાં મેળવાયું છે? આપણે એનાં દ્વાર કેમ ખખડાવવાં તે જાણીએ, યોગ્ય પ્રહાર કેવી રીતે કરવો તે પિછાનીએ તો જગત તેનાં રહસ્યો આપણી સમક્ષ ખુલ્લાં કરવા તૈયાર છે. એકાગ્રતામાંથી આ પ્રકારનું બળ અને શક્તિ આવે છે.

હવે નીચેના પ્રશ્નોના જવાબ આપો.

(ક) આ ફકરાનો મૂળભાવ શું છે ? સાચા મુદ્દા પર (✓) નિશાન કરો .

1. જ્ઞાનપ્રાપ્તિ
2. એકાગ્રતા
3. પાકશાસ્ત્રની કળા
4. માનવશક્તિ
5. જીવનનું રહસ્ય

(ખ) કયાં કયાં વાક્યોમાં વ્યાખ્યા રજૂ થઈ છે ? સાચા મુદ્દા પર (✓) નિશાન કરો.

1. એકાગ્રતાની શક્તિ જેમ વધુ તેમ જ્ઞાનપ્રાપ્તિ વધુ થશે.
2. એકાગ્રતાને લીધે રસોઈયો વધુ સારી રસોઈ બનાવી શકશે.
3. માનવીની શક્તિઓને એકાગ્ર કર્યા સિવાય આ જગતમાંનું બધું જ્ઞાન મેળવાતું નથી.
4. બૂટપૉલિશવાળો જેટલો એકાગ્ર થશે તેટલો તે જોડાને વધુ ચમકાવશે.

(ગ) કયાં વાક્યોમાં વિચારોનું પુનરાવર્તન થયું લાગે છે ?

1. ધન મેળવવામાં, ઈશ્વરની આરાધના કરવામાં કે અન્ય કોઈ કાર્ય બજાવવામાં એકાગ્રતાની શક્તિ જેટલી વધારે તેટલું કાર્ય વધારે સારું થશે.
2. એકાગ્રતાની શક્તિ જેમ વધુને વધુ કેળવાતી જશે તેમ તેમ વધુને વધુ જ્ઞાનપ્રાપ્તિ થતી જશે.
3. માનવીની શક્તિઓને એકાગ્ર કર્યા સિવાય આ જગતમાંનું બધું જ્ઞાન ક્યાં મેળવાયું છે ?

આવો, આપણે સારલેખનનાં કેટલાંક ઉદાહરણો જોઈએ.

## પરિચ્છેદ-1

વસંતમાં નિયમ નથી, ક્રમ નથી, સ્થિરતા નથી. વસંત મનમોજી છે, સ્વચ્છંદી છે, સ્વૈરવિહારી છે. શિયાળામાં ઠંડા પવન વાય, ઉત્તરથી પવન વાય. ઉનાળામાં ગરમ પવન વાય, દક્ષિણથી પવન વાય, ઘડીક ઉત્તરથી ને ઘડીક દક્ષિણથી. અરે, ચારે દિશાએથી વાય. એકધારો તાપ નથી, એકધારી ઠંડી નથી; એકધારો વરસાદ નથી, એકધારો તડકો નથી. કહેવાય નહિ. બંધાય નહિ. વસંત એ બે સ્થિર ઋતુ વચ્ચેનો સેતુ છે, કડી છે. માટે બન્નેનાં લક્ષણ એમાં આવે છે, મિશ્રિત થાય છે. યુવાની પણ સેતુ છે. બાળક ને પુરુષ વચ્ચે. બાળપણ ને પ્રૌઢતા વચ્ચે. તેથી એમાં બન્નેનાં લક્ષણ છે. શંભુમેળો છે. ઘડીક ઉલ્લાસ ને ઘડીક નિરાશા. ઘડીક છોકરવાદ ને ઘડીક ગંભીરતા. પવન ગમે ત્યાંથી વાય. લહેર ગમે ત્યાં ઊડે. ને યુવાન માણસ એની વચ્ચે અથડાય, કુટાય. હું કોણ ! હું કેવો ? ઘેર હજુ મને 'બાબો' કહે છે, પણ પોળમાં હું મંડળનો મંત્રી ચૂંટાયો છું. હોઠ ઉપર મૂછ નથી પણ દિલમાં પ્રબળ વાસના છે. ખિસ્સામાં પૈસા નથી પણ મનમાં ઉચ્ચ મહત્ત્વાકાંક્ષા છે. મોટેરાઓની વાતોમાં રસ પડે

છે, પણ છોકરાઓની રમતોમાં પણ રસ પડે છે. મિશ્રણ છે, અથડામણ છે, સંક્રાંતિ છે. હા યુવાની છે, પરિવર્તનનો કાળ છે. ચંચળતાની ઋતુ છે. આશ્વાસન એટલું જ કે વસંતની લહેર વિના ઉનાળાની સ્થિરતા ન આવે.

- ફાધર વાલેસ.

## સાર

વસંત અને યૌવન બંનેમાં સામ્ય છે. બન્ને ક્રમરહિત, મનમોજી અને સ્વૈરવિહારી છે. વસંત એ બે સ્થિર ઋતુઓ વચ્ચેનો સેતુ છે , તેથી બે ઋતુનાં લક્ષણ એમાં જોવા મળે છે. યુવાની, બાળપણ અને પ્રૌઢતા વચ્ચેનો સેતુ છે માટે એ પરિવર્તનનો કાળ છે, ચંચળતાની ઋતુ છે.

## પરિચ્છેદ- 2

વાદળાં અને સમુદ્ર બન્ને વિશાળ છે. બન્નેનો સહયોગ છે. વાદળાં વરસીને દુનિયાને પાણી આપે છે અને મોજાંઓ તપ તપીને વાદળાંને પુષ્ટ કરે છે. આમ તેઓ બન્ને સનાતન યજ્ઞ ચલાવે છે. છતાં દરેકનો સ્વભાવધર્મ જુદો તે જુદો જ. જો કોઈ વાદળાંને કહે કે સમુદ્ર જોડે સહકાર કરવા તમે સમુદ્રની અંદર આવી રહી જાઓ, તો તે શું બનવા જોગ છે ? તેથી શું દુનિયાને લાભ થશે ? વાદળાનું વાદળાપણું મટી જશે અને સમુદ્રને કશો જ લાભ નહિ થાય. દરેક પોતાને ઠેકાણે જ યોગ્ય છે. દરેક પોતાનો સ્વભાવધર્મ સાચવીને જ બીજાને મદદ કરી શકે છે. વિવેક ખાતર એકબીજાનું અનુકરણ ભલે કરે, સમુદ્ર કોક કોક વખત શાંત પડીને ભલે વાદળાંનું પ્રતિબિંબ દેખાડે અથવા તો ક્ષુબ્ધ થઈને ભલે વાદળાંનો રંગ ધારણ કરે. વાદળાંઓ પણ ભલે કોઈક કોઈક વાર સમુદ્રનાં મોજાં જેવો આકાર બનાવે પણ બન્ને જુદાં તે જુદાં જ. અને જુદાં છે માટે જ સહકાર કરી શકે છે. એક પાસે છે તે બીજા પાસે નથી એવી સ્થિતિ હોય અને બન્નેને એકબીજાની જરૂર હોય, ત્યારે જ પરસ્પર પોષક સહકાર થઈ શકે છે. કુદરતમાં સર્વત્ર એક જ નિયમ છે. માણસ સમજે તો મનુષ્ય-સમાજ માટે પણ એ જ નિયમ કરી શકે છે. પણ તેમ કર્યા પછી યુદ્ધો શી રીતે થાય ?

## સાર

સનાતન યજ્ઞ

અથવા

સ્વધર્મનું જતન

વાદળાં અને સમુદ્ર બન્ને જગતને ઉપયોગી છે. બન્નેના આકાર અને રંગમાં સમાનતા હોવા છતાં તેમના સ્વભાવધર્મ જુદા છે અને તેથી જ તેમની વચ્ચે સહકાર શક્ય બન્યો છે. સ્વભાવધર્મ ગુમાવનાર બીજાને ઉપયોગી બની શકતો નથી. કુદરતનો સર્વત્ર એક જ નિયમ છે. સૌ પોતપોતાના સ્થાને રહીજ સ્વધર્મ પ્રમાણે વર્તો તો વિશ્વમાંથી યુદ્ધો અટકી શકે.

## પરિચ્છેદ-3

મારામાં ત્રણ પ્રકારનું પાગલપણું છે : પહેલું પાગલપણું આ છે. મારો દૃઢ વિશ્વાસ છે કે ભગવાને જે કંઈ ગુણ, ઉચ્ચ સંસ્કારો, વિદ્યા અને ધન આપ્યું છે તે બધું ભગવાનનું જ છે. પોતાના કુટુંબના નિર્વાહ માટે તેમજ બીજી અત્યંત જરૂરી વસ્તુઓ માટે જેટલું જોઈએ તેટલું જ પોતાના અર્થે ખર્ચ કરવાનો માણસને અધિકાર છે. તે પછી જે બાકી રહે તે ભગવાનને પાછું સોંપી દેવું જોઈએ. હું જો બધું જ મારા માટે, મારા ભોગવિલાસ માટે વાપરી નાખું તો હું ચોર બનું. બીજું પાગલપણું મારામાં હમણાં પ્રવેશ્યું છે કે કોઈપણ રીતે ભગવાનનો સાક્ષાત્કાર કરવો. એ માર્ગ ગમે તેટલો દુર્ગમ હોય પણ એ માર્ગે જવાનો મેં સંકલ્પ કર્યો છે. ત્રીજું પાગલપણું આ છે. સામાન્ય લોકો સ્વદેશને એક જડ પદાર્થ - અમુક મેદાનો, ખેતરો, વનો, પર્વતો અને નદીઓનો બનેલો સમૂહ - સમજે છે. પણ હું સ્વદેશને માતારૂપે જોઉં છું; તેની ભક્તિ કરું છું. પૂજા કરું છું. હું જાણું છું કે આ પતિત દેશનો ઉદ્ધાર કરવાનું બળ મારામાં છે, શારીરિક બળ નહિ, પણ જ્ઞાનનું બળ.

- શ્રી અરવિંદ

### સાર

પાગલ હોવાનો આનંદ

અથવા

સાચું પાગલપણું

ઈશ્વરદત્ત જે કંઈ મળ્યું હોય એનો સ્વઅર્થે ખપ પૂરતો જ ઉપયોગ કરી વધે તે ઈશ્વરને પાછું સોંપવું. ઈશ્વરનો કોઈપણ ભોગે સાક્ષાત્કાર કરવો અને સ્વદેશને માતારૂપે જોઈ તેની ભક્તિ-પૂજા કરવી. આ ત્રણ શ્રી અરવિંદના પાગલપણાનાં લક્ષણો છે. તેઓ જ્ઞાનબળ વડે આ દેશનો ઉદ્ધાર કરવા જન્મ્યા છે.

## 31.9 તમે શું શીખ્યા

સારલેખનના મહત્ત્વના મુદ્દા

1. આપેલા ફકરાને ધ્યાનપૂર્વક બે-ત્રણ વાર વાંચવો.
2. મૂળભાવ શોધવો.
3. ગૌણભાવના મુદ્દાઓનો ક્રમ નક્કી કરવો.
4. બિનજરૂરી લખાણ છોડી દેવું.
5. ઓછામાં ઓછાં વાક્યોમાં સારલેખન કરવું.

## 31.10 સ્વાધ્યાય :

નીચે આપેલા ફકરાઓનો સાર લખો.

**(1)** મનુષ્યમાત્રની પ્રવૃત્તિનું પ્રેરકબળ આનંદ છે. આપણે ખાવું, પીવું, પહેરવું, ઓઢવું, હસવું, રમવું, ગાવું, બજાવવું જે કોઈ પ્રવૃત્તિ કરતા હોઈએ છીએ તે આનંદને ખાતર જ કરતા હોઈએ છીએ. અથવા એમ પણ કહેવું હોય તો કહી શકાય કે આનંદ થતો હોય

ત્યાં સુધી જ આપણે એ પ્રવૃત્તિઓ રાજીખુશીથી કરતા હોઈએ છીએ. અથવા એમ પણ કહેવું હોય તો કહી શકાય કે આનંદ થતો હોય ત્યાં સુધી આપણે એ પ્રવૃત્તિઓ રાજીખુશીથી કરતા હોઈએ છીએ. આનંદ મળતો અટક્યો એટલે એ પ્રવૃત્તિમાંથી આપણો રસ ઊડી જાય છે. મનુષ્યની પ્રવૃત્તિનું પ્રેરકબળ આમ આનંદ છે એ વાત ખરી; પણ બધા આનંદો એકસરખા જ નથી હોતા. સારું ખાવાપીવાથી કે સારું પહેરવા-ઓઢવાથી પણ આપણને આનંદ થતો હોય છે, અને સારું કાવ્ય વાંચવાથી કે સારું ચિત્ર જોવાથી પણ આપણને આનંદ થતો હોય છે. પણ આ બન્ને આનંદો એકસરખા જ છે એમ કહી શકાય નહિ. ખાવા-પીવા કે પહેરવા-ઓઢવાના આનંદની સાથોસાથ અસંતોષ રહ્યા કરતો હોય છે. એ આનંદો વધારે ભોગવી શકાયા હોત તો સારું એવું રહ્યા કરતું હોય છે; ત્યારે સારું કાવ્ય વાંચ્યા પછી કે ચિત્ર જોયા પછી એટલે કે કલાકૃતિનો રસાસ્વાદ લીધા પછી એવો અસંતોષ રહેતો નથી.

—મનસુખલાલ ઝવેરી

**(2)** આ માર્ગ જો કે ખાંડાની ધારે ચાલવા જેવો છે, છતાં મને એ સહેલામાં સહેલો લાગ્યો છે. એ માર્ગે જતાં મારી ભયંકર ભૂલો પણ મને નજીવી જેવી લાગી છે. કારણ કે એ ભૂલો કરતાં છતાં હું બચી ગયો છું. અને, મારી સમજણ પ્રમાણે, આગળ વધ્યો છું. સત્ય જ છે, એ સિવાય બીજું કાંઈ જ આ જગતમાં નથી, એવો મારો વિશ્વાસ દિનપ્રતિદિન વધતો જાય છે. એ કઈ રીતે વધતો ગયો છે એ મારું જગત એટલે 'નવજીવન' ઇત્યાદિના વાંચનાર જાણી ભલે મારા પ્રયોગોના ભાગીદાર બને અને તેની ઝાંખી પણ મારી સાથે કરે. વળી જેટલું મારે સારું શક્ય છે તેટલું એક બાળકને સારું પણ શક્ય છે એમ હું વધારે ને વધારે માનતો થયો છું, અને તેને સારું મારી પાસે સબળ કારણો છે. સત્યની શોધનાં સાધનો જેટલાં કઠણ છે તેટલાં જ સહેલાં છે. એ અભિમાનીને અશક્ય લાગે અને એક નિર્દોષ બાળકને તદ્દન શક્ય લાગે. સત્યના શોધકને રજકણથી પણ નીચે રહેવું પડે છે. જગત આખું રજકણને કચડે છે, પણ સત્યનો પૂજારી તો રજકણ સુધ્ધાં તેને કચડી શકે એવો અલ્પ ન બને ત્યાં સુધી તેને સ્વતંત્ર સત્યની ઝાંખી પણ દુર્લભ છે.

- ગાંધીજી

**(3)** જેમ હિમાલયનો પહાડ ટિબેટ અને ચીનથી હિંદુસ્તાનને જુદો પાડે છે તેવી જ રીતે આપણી આ નર્મદા નદી ઉત્તર ભારત અથવા હિંદુસ્તાન અને દક્ષિણ ભારત અથવા દખ્ખણ વચ્ચે આઠસો માઈલની ચળકતી નાચતી જીવતી દોડતી લીટી ખેંચે છે. અને રખેને કોઈ આ કુદરતી લીટી ભૂંસી નાખે એટલા માટે ભગવાને એ નદીને ઉત્તરે વિંધ્ય અને દક્ષિણે સાતપુડાના લાંબા લાંબા પહાડ ગોઠવ્યા છે. આવા ઉમદા ભાઈઓના રક્ષણ વચ્ચે નર્મદા દોડતી અને કૂદતી અનેક પ્રાંતો વચ્ચે થઈને પસાર થતી ભરૂચ પાસે સમુદ્રને જઈને મળે છે. અમરકંટક પાસેનો નર્મદાનો ઊગમ સમુદ્રની સપાટીથી પાંચ હજાર ફૂટની ઊંચાઈએ છે. હવે આઠસો માઈલની અંદર પાંચ હજાર ફૂટ ઊતરવું સહેલું તો નથી જ. એટલે આપણી નર્મદા ઠેકઠેકાણે નાના મોટા ભૂસકા મારે છે. એ ઉપરથી આપણા કવિપૂર્વજોએ નર્મદાને બીજું નામ આપ્યું રેવા (રેવ્ એટલે કૂદવું.)

- કાકાસાહેબ કાલેલકર

**(4)** આજે હવે અગ્નિ જોવા નથી મળતો. ગૅસની સગડીમાં આછી લાલભૂરી ઝીણકીક અગ્નિદેવતાની મૂછના ફરફરતા વાળ જેવડી જ્યોત જોવા મળે છે ખરી. ફાનસનો ભડકો જોવા ન મળે, કારણ વીજળી. જેમ વાઘ, સિંહ, ચિત્તાને જોવા માટે ઝૂ બનાવવામાં આવે છે તેમ શહેરમાં અગ્નિનાં વિવિધ સ્વરૂપોનું એક ઝૂ રાખવું જોઈએ. લગ્નોની ચોરીના અગ્નિ માંદલા હોય છે, અને તેનાં આપણને સુપેરે દર્શન થાય એ માટે પરણવું પડે આપણા સગાએ જ. કારણ સ્નેહીઓ તો માત્ર સાંજના સત્કાર સમારંભમાં જ આપણને બોલાવે છે. યજ્ઞમાં આહુતિ અપાતાં જ ચિત્તાની જેમ હવામાં ઊંચે લપકીને અગ્નિ એ આહુતિને ઝડપી લેતો હોય, એવો નવચંડીનો હવનકુંડ કેટલાય વખતથી જોયો નથી. હોલિકોત્સવની આજની નાનકી હોળી એ અગ્નિદેવતાની મશ્કરી છે. અમે તો હોળીના તડતડિયાને ઊંચે ઊડીને આકાશના તારા ભેગા ભળી જતા જોયા છે. આટલા બધા તારા નહીં તો હોય ક્યાંથી આકાશમાં ?

- બકુલ ત્રિપાઠી

# 32
# સારણી અને આલેખની રચના

## 32.1 : પ્રાસ્તાવિક

તમે ઘણાં પુસ્તકો, વર્તમાનપત્રો કે અભ્યાસના પાઠોમાં સારણી અને આલેખ જોયાં હશે. તમે ક્યારે ય વિચાર્યું છે કે સારણી અને આલેખનું મહત્ત્વ શું છે? તેનો ઉપયોગ કેવી રીતે કરવો? તેમાંથી શું મેળવવું? તેની રચના કેવી રીતે કરી શકાય? આ પાઠમાં તમે સારણી અને આલેખ અંગેનું જ્ઞાન મેળવશો.

## 32.2 હેતુઓ

આ પાઠના અંતે તમે નીચેની બાબતો કરી શકશો :

- સારણી, આલેખની અગત્યનો ઉલ્લેખ.
- સારણી, આલેખની રચનાનો અનુભવ.

## 32.3 સારણી શા માટે રચવામાં આવે છે ?

આપણી શીખવાની પ્રક્રિયામાં શબ્દોની સાથે સાથે દશ્ય વસ્તુઓ ખૂબ મહત્ત્વની ભૂમિકા ભજવે છે.

1. વ્યક્તિ, વૃક્ષ કે દશ્યને સાક્ષાત્ જોવાં.
2. વ્યક્તિ, વૃક્ષ કે દશ્યનું ચિત્ર જોવું.
3. વ્યક્તિ, વૃક્ષ કે દશ્યનું શબ્દો દ્વારા આપણા મનમાં ખડું થતું ચિત્ર જોવું, જેમકે કોઈ વ્યક્તિ, વૃક્ષ કે દશ્યનું વર્ણન વાંચીને આપણે આપણા મનમાં એક ચિત્ર ખડું કરી શકીએ છીએ.

તમે જાણો છો કે ઉપર જણાવેલ પ્રથમ પરિસ્થિતિમાં આપણે વસ્તુને સરળતાથી સમજીએ છીએ. ચિત્ર દ્વારા થતી બીજી અભિવ્યક્તિ પ્રથમ કરતાં થોડી ઓછી સરળતાથી સમજાય છે. અને ત્રીજી શબ્દચિત્ર દ્વારા થતી અભિવ્યક્તિ ઉપરની બન્ને કરતાં થોડી ઓછી સરળતાથી સમજી શકાય છે.

સારણી એ વસ્તુને સમજવા માટેની બીજી સ્થિતિ છે. શબ્દોની સરખામણીમાં તે આપણને કોઈ સંકલ્પના, વિગત, માહિતી વગેરે સમજવામાં વધુ મદદરૂપ થાય છે. આ જ કારણે લેખનને વધુ અસરકારક બનાવવા સારણી અને આલેખ વગેરેનો ઉપયોગ આપણે કરી શકીએ.

## 32.4 સારણી :

તમે તમારી શાળામાં સમયપત્રક તો જોયું જ હશે. આ પણ એક પ્રકારની સારણી છે. માની લો કે તમને નીચેના સ્વરૂપે સમયપત્રક લખેલું જોવા મળે.

સોમવારે પહેલા તાસમાં ગણિત ભણાવવામાં આવશે, બીજામાં અંગ્રેજી, ત્રીજામાં ભૂમિતિ અને ચોથામાં હિંદી એના પછી રિસેસ હશે. વગેરે વગેરે.....

તો આ વાંચીને તમને થશે કે આ વળી કેવું સમયપત્રક છે ? આ વિગતો સારણીમાં (કોઠામાં) આપી ન શકાય ?

આવો, જોઈએ સારણી રચના કેવી રીતે કરી શકાય. એમાં કેટલીક સૂચનાઓનો સમાન આધાર હોવો આવશ્યક છે. ઉદાહરણ તરીકે એક આધારની સૂચનાની સારણી તે આપણું કેલેન્ડર છે.

એપ્રિલ 1995

| રવિ | સોમ | મંગળ | બુધ | ગુરુ | શુક્ર | શનિ |
|---|---|---|---|---|---|---|
| - | - | - | - | - | - | - |
| 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 |
| 9 | 10 | 11 | 12 | 13 | 14 | 15 |
| 16 | 17 | 18 | 19 | 20 | 21 | 22 |
| 23 | 24 | 25 | 26 | 27 | 28 | 29 |
| 30 | | | | | | |

આમ મહિનામાં કઈ તારીખે ક્યો વાર આવે છે તેની જાણ ઉપરની સારણીમાંથી આપણે મેળવી શકીએ છીએ.

## 32.5 પ્રવૃત્તિ

1. એક શાળામાં દસમા ધોરણમાં 60 વિદ્યાર્થીઓ છે. અગિયારમા ધોરણમાં 65 અને બારમા ધોરણમાં 40 છે. તો આ વિગતોને સારણીમાં દર્શાવો.

| ધોરણ | | | |
|---|---|---|---|
| વિદ્યાર્થીઓ | | | |

2. નીચે આપેલ સારણીના સ્વરૂપને આધારે સમયપત્રક (ટાઈમ ટેબલ) બનાવી તેનો અમલ કરો.

| દિવસ તાસ | 1 | 2 | 3 | 4 | 5 |
|---|---|---|---|---|---|
| સોમવાર | | | | | |
| મંગળવાર | | | | | |
| બુધવાર | | | | | |
| ગુરુવાર | | | | | |
| શુક્રવાર | | | | | |
| શનિવાર | | | | | |

## 32.6 વૃક્ષ આલેખ

સામગ્રીને રજૂ કરવા માટે બીજી એક રીત છે 'વૃક્ષ આલેખ'. જેમ વૃક્ષની ડાળીઓમાંથી અનેક નાની ડાળીઓ ફૂટે છે અને બધી જ પરસ્પર સંબંધ ધરાવતી હોય છે. તેવી કેટલીક બાબતો વૃક્ષ આલેખ દ્વારા સમજાવી શકાય છે. પરિવારના સભ્યોની વિગતો આ પ્રકારના વૃક્ષ આલેખ દ્વારા વધુ સ્પષ્ટતાથી દર્શાવી શકાય છે, એને આપણે 'વંશવૃક્ષ'થી પણ ઓળખીએ છીએ.




ઉપરના વૃક્ષ આલેખ પરથી સમજાય છે કે દાદાના કુટુંબમાં બે પુત્ર અને એક પુત્રી છે. દાદાના એક પુત્રને ત્યાં એક પુત્ર અને બે પુત્રીઓ છે. અને તે પુત્રને ત્યાં એક પુત્ર અને એક પુત્રી છે. અને એક પુત્રીને ત્યાં પણ એક પુત્ર અને એક પુત્રી છે. બીજી પુત્રીને સંતાન નથી. વગેરે

## 32.7 પ્રવૃત્તિ

ગુજરાતીના અભ્યાસક્રમમાં તમે ચાર પ્રકારનાં કૌશલ્ય શીખ્યાં છો - શ્રવણ, કથન, વાચન અને લેખન કૌશલ. વાચન કૌશલના અભ્યાસ માટે ગદ્ય અને પદ્ય કૃતિઓનો સમાવેશ થયો છે જ્યારે લેખન કૌશલમાં સાર, પત્ર, વાર્તા અને નિબંધનો સમાવેશ કર્યો છે. આ વિગતોને વૃક્ષ આલેખના સ્વરૂપમાં રજૂ કરો.

## 32.8 ફ્લો ચાર્ટ

ફ્લો ચાર્ટ માહિતી રજૂ કરવાનું જુદું જ રૂપ છે. તેમાં રજૂ થયેલી વિગતો એક પ્રવાહમાં હોય છે. ઉદાહરણ તરીકે તમે જે રીતે પાઠ શીખો છો તેના મુખ્ય મુદ્દાઓ લઈ તે આ ક્રમમાં રજૂ કરી શકાય.

ભૂમિકા — હેતુ — પાઠના એકમો — પ્રવૃત્તિ — સ્વાધ્યાય

એવી જ રીતે જો અમારે રાષ્ટ્રીય ઓપન શાળામાં તમારા અભ્યાસની ગતિવિધિ જણાવવી હોય તો નીચેના ક્રમમાં દર્શાવી શકીએ.

પ્રવેશ — પુસ્તકપ્રાપ્તિ — સંપર્કકેન્દ્ર — પરીક્ષા

## 32.9 પ્રવૃત્તિ

તમે ગદ્ય અથવા પદ્યનો અભ્યાસ કરો છો ત્યારે નીચેના મુખ્ય મુદ્દાઓ ક્રમિક રીતે રજૂ થતા હોય છે. તો નીચે આપેલી જગ્યામાં સાંકળી (ફ્લો) આલેખમાં તે મુદ્દાઓને દર્શાવો.

ઉપરના આલેખ પરથી તારણ કરી શકાય કે સૌથી વધુ ચિત્રો ધરાવતી વાચનમાળા સાહિત્ય પાઠાવલી ધો. 5 ની છે. જ્યારે સૌથી ઓછાં ચિત્રો ધો. 7ની સાહિત્ય કિરણાવલીમાં છે. સાહિત્ય પાઠાવલીમાં ચિત્રોની સંખ્યાનું પ્રમાણ સાહિત્ય કિરણાવલી કરતાં વધારે જોવા મળે છે. આમ ઉપરના સ્તંભ આલેખ દ્વારા પ્રમાણની તુલના શકય બને છે. હવે તમે નીચે જણાવેલ વિગતોને આધારે સ્તંભ આલેખ દોરો.

## 32.13 પ્રવૃત્તિ

અનિકેત વિદ્યાલય અને વિશ્વંભર વિદ્યાલયમાં ધોરણ 5, 6 અને 7માં વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થિનીઓની સંખ્યા તુલનાત્મક રીતે દર્શાવો. (સંખ્યા ટકામાં આપેલી છે)

| 1. અનિકેત વિદ્યાલય | વિદ્યાર્થીઓની સંખ્યા (ટકામાં) | વિદ્યાર્થીઓની સંખ્યા |
|---|---|---|
| ધોરણ. 5 | 60 | 40 |
| ધોરણ. 6 | 50 | 50 |
| ધોરણ. 7 | 40 | 60 |
| **2. વિશ્વંભર વિદ્યાલય** | | |
| ધોરણ. 5 | 30 | 70 |
| ધોરણ. 6 | 25 | 75 |
| ધોરણ. 7 | 20 | 80 |

**ઉપરનો આલેખ પૂરો કરો અને કઈ શાળામાં વિદ્યાર્થીઓની સંખ્યા વધુ છે? સંખ્યામાં ઘટાડો ક્યાં જોવા મળે છે? કઈ શાળામાં પહેલેથી વિદ્યાર્થીઓની સંખ્યા વધુ પ્રમાણમાં છે ? આ બધાં તારણ, તુલના કરીને લખો.**

## 32.14 તમે શું શીખ્યા

આ પાઠના અંતે તમે શું શું શીખ્યા ? ચાલો તપાસીએ.

1. વિગતોને આપણે સારણી, આલેખમાં પણ રજૂ કરી શકીએ છીએ .
2. મુખ્ય આલેખ છે - સારણી, વૃક્ષ આલેખ ફ્લો ચાર્ટ, વર્તુળ આલેખ અને સ્તંભ આલેખ
3. આલેખ દ્વારા રજૂ થયેલી વિગતો અસરકારક બને છે અને યાદ રાખવામાં સરળતા રહે છે.

## 32.15 સ્વાધ્યાય

1. એક શાળામાં ધોરણ 9, 10, 11 અને 12ના ચાર વર્ગોના વિદ્યાર્થીઓએ અનુક્રમે ક્રિકેટ, હોકી, બેડમિંગ્ટન અને ટેબલ ટેનિસની રમતોમાં ભાગ લેવાનો છે. તો આ માટે

   ધોરણ 9માંથી ક્રમશઃ 4, 4, 2, 1 વિદ્યાર્થીઓ

   ધોરણ 10માંથી ક્રમશઃ 3, 4, 1, 2 વિદ્યાર્થીઓ

   ધોરણ 11માંથી ક્રમશઃ 1, 2, 1, 1 વિદ્યાર્થીઓ

   ધોરણ 12માંથી ક્રમશઃ 1, 1, 0, 0 વિદ્યાર્થીઓ રમતોમાં ભાગ લેશે. આ માહિતીની સારણીમાં ગોઠવો.

2. ગુજરાતી સાહિત્યમાં પ્રાચીન, મધ્યકાલીન અને અર્વાચીનકાળમાં વિવિધ ભાષાકીય સ્વરૂપોનો વિકાસ થયો. પદ્ય સ્વરૂપોમાં થયેલ વિકાસની વિગતો નીચે આપેલી છે. 'વૃક્ષ' આલેખમાં તે વિગતો દર્શાવો.

   પ્રાચીન : ફાગ, રાસ, પ્રબંધ

   મધ્યકાલીન : પ્રભાતિયાં, ભક્તિપદ, છપ્પા, આખ્યાન, ગરબી

   અર્વાચીન : ઊર્મિકાવ્ય, ખંડકાવ્ય, સૉનેટ, ગઝલ, મુક્તક, હાઈકુ

3. તમે દરજીની પાસે ખમીસ સિવડાવવા જાઓ છો. એ દરજી કપડા પર શી શી ક્રિયાઓ કરે છે તે ક્રમિક રીતે ફ્લો ચાર્ટમાં દર્શાવો.
4. એક કોલોનીમાં 400 વ્યક્તિઓ રહે છે. તેમાંથી 200 વ્યક્તિઓ નોકરી કરે છે, 100 વ્યક્તિઓ પોતાનો વ્યવસાય કરે છે, 50 નાના દુકાનદારો અને બાકી રહેલાં, રોજી પર જતાં મજૂરો છે. તો આ વર્ગીકરણને ટકાવારીમાં વર્તુળ આલેખ દ્વારા રજૂ કરો.

5. અમદાવાદ શહેરનું જાન્યુઆરીથી જૂન માસમાં અનુક્રમે સરેરાશ તાપમાન સેલ્સિયસમાં નીચે મુજબ હોય છે. નીચેની વિગતોને સ્તંભ આલેખ દ્વારા રજૂ કરી તાપમાનના પ્રમાણની તુલના કરો.

| માસ | સેલ્સિયસ |
|---|---|
| જાન્યુઆરી | 15 |
| ફેબ્રુઆરી | 18 |
| માર્ચ | 25 |
| એપ્રિલ | 38 |
| મે | 45 |
| જૂન | 35 |

# FUNDAMENTAL DUTIES

## *Part IV A (Article 51 A)*

It shall be the duty of every citizen of India -

(a) to abide by the Constitution and respect its ideals and institutions, the National Flag and the National Anthem;

(b) to cherish and follow the noble ideals which inspired our national struggle for freedom;

(c) to uphold and protect the sovereignty, unity and integrity of India;

(d) to defend the country and render national service when called upon to do so;

(e) to promote harmony and the spirit of common brotherhood amongst all the people of India transcending religious, linguistic and regional or sectional diversities; to renounce practices derogatory to the dignity of women;

(f) to value and preserve the rich heritage of our composite culture;

(g) to protect and improve the natural environment including forests, lakes, rivers and wild life, and to have compassion for living creatures;

(h) to develop the scientific tempre, humanism and the spirit of inquiry and reform;

(i) to safeguard public property and to abjure violence;

(j) to strive towards excellence in all spheres of individual and collective activity so that the nation constantly rises to higher levels of endeavour and achievement.

# A brief Guide to NIOS web site

The success of open learning and distance education very much depends upon the harnessing of the new and latest technology. The emerging Internet and Web technology help in effective dissemination of knowledge breaking all geographical boundaries. The web-site is a dynamic source of latest information and is also electronic information guide. The contents in the **NIOS** web site are open to all.

The learners can have an access to NIOS web-site at the following address:

**http:/www.nios.org**

Clicking this site address will bring the user to NIOS Home Page that will further guide them to visit different information pages of **NIOS**. NIOS is also developing a school network through Internet known as **Indian Open Schooling Network (IOSN)**. The network will provide a common communication platform for learners and educators. NIOS is offering **Certificate in Computer Application (CCA)** through selected AVI. This course is also offered through Internet on NIOS Web-Site.

**NOT FOR SALE**